પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૬
તા. 30-૭-૨૦૨૫, બુધવાર
વર્ષ: ૧૪, અંક : ૧૨૨

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
હૃદયથી સાફ રહેશો તો,
કેટલાય લોકોના ખાસ રહેશો.
સુવિચારો મહત્ત્વનાં નથી સુ(શું)
વિચારો છો? તે મહત્ત્વનું છે...

૭૧ વિધાનસભાના ધારાસભ્ય
## ‘ભાનુબેન બાબરિયા ગુમ થયેલ છે’: ત્રંબામાં પોસ્ટરો લાગ્યા
(વાંચો છેલ્લા પાને)

# રશિયાના ૮.૮ની તીવ્રતાનો વિનાશક ભૂકંપ: જાપાનથી અમેરિકા સુધી સુનામી

## વિશ્વનો છઠ્ઠો સૌથી મોટો ભૂકંપ, કામચાટકામાં ૧૩ ફૂટ ઊંચાં મોજાં ઊછળ્યાં જેના કારણે ઘણી ઈમારતોને નુકસાન થયું
## વિનાશક ભૂકંપ બાદ ૫ થી ૬ની તીવ્રતાના વધુ ૬ આંચકા અનુભવાયા: અંદાજે ૧૦ લાખ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું

### રશિયા, જાપાન, અમરિકા, ન્યુઝીલેન્ડ, ફિલિપાઈન્સ અને ઈન્ડોનેશિયા સહિતના પેસેફિક દેશોમાં એલર્ટ: જાપાને બે અણુ રીએક્ટર ખાલી કરાવ્યા: મોટી તારાજીની આશંકા

**અબતક, નવી દિલ્હી**

સમગ્ર વિશ્વને ધરતીકંપે જાણે બાનમાં લીધું હોય તેમ આજે સવારથી જ દુનિયાના ઘણાં બધાં દેશોમાં ભૂકંપનાં આંચકાં અનુભવાયા હતાં. જેમાં ખાસ તો રશિયાના કામચાટકામાં વિશ્વનો છઠ્ઠો



સૌથી મોટો ભૂકંપ આવ્યો છે. યુએસ જીઓલોજિકલ સર્વે અનુસાર ભૂકંપની તીવ્રતા ૮.૮ હતી. ભારતીય સમય મુજબ બુધવારે સવારે ૪:૫૪ વાગ્યે આ ભૂકંપ આવ્યો હતો.

કામચાટકામાં ૧૩ ફૂટ ઊંચાં મોજાં ઊછળ્યાં છે. આના કારણે ઘણી ઈમારતોને નુકસાન થયું છે.યુએસજીસીએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૯.૩ કિલોમીટરની ઊંડાઈએ હતું.

જાપાન હવામાન એજન્સીના અધિકારી કિયોમોટો માસાશીએ બુધવારે બપોરે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સુનામીના મોજાં હજુ પણ જોવા મળી રહ્યા છે.

સુનામી તરંગ ચક્ર લગભગ એક કલાક સુધી ચાલી શકે છે, અને આવા તરંગો એક દિવસ સુધી ચાલુ રહી શકે

(અનુ. આઠમા પાને)

### ૧૯૫૨ પછીનો સૌથી મોટો ભૂકંપ

જાપાન પેસિફિક રિંગ ઓફ ફાયર તરીકે ઓળખાતા પ્રદેશનો ભાગ છે. તે વિશ્વના સૌથી વધુ ભૂકંપગ્રસ્ત દેશોમાંનો એક છે. જુલાઈની શરૂઆતમાં, કામચટકા નજીક સમુદ્રમાં પાંચ શક્તિશાળી ભૂકંપ આવ્યા હતા, જેમાંથી સૌથી મોટો ભૂકંપ ૭.૪ ની તીવ્રતાનો હતો. સૌથી મોટો ભૂકંપ ૨૦ કિલોમીટરની ઊંડાઈએ અને પેટ્રોપાવલોવસ્ક-કામચટસ્કી શહેરથી ૧૪૪ કિલોમીટર પૂર્વમાં આવ્યો હતો, જેની વસ્તી લગભગ ૧.૮ લાખ છે. ૪ નવેમ્બર ૧૯૫૨ના રોજ, કામચાટકામાં ૯.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેના કારણે હવાઈમાં ૯.૧ મીટર ઊંચા મોજા ઉછળ્યા; જોકે કોઈ મૃત્યુ થયું ન હતું, પરંતુ નુકસાન થયું હતું.

### પેસિફિક મહાસાગરમાં ૩ મીટર ઉંચા મોજા ઉછળ્યાં

બુધવારે વહેલી સવારે રશિયાના દૂર પૂર્વમાં આવેલા ભૂકંપને કારણે ઉત્તર પેસિફિકમાં સુનામી આવી, જેના કારણે અલાસ્કા, હવાઈ અને દક્ષિણ ન્યુઝીલેન્ડ માટે સુનામીની ચેતવણી આપવામાં આવી. મંગળવારે હવાઈની રાજધાની હોનોલુલુમાં સુનામીની ચેતવણીના સાયરન વાગ્યા અને લોકોને ઊંચા સ્થાને ખસી જવા કહેવામાં આવ્યું. જાપાન હવામાન એજન્સીએ અહેવાલ આપ્યો છે કે લગભગ 30 સેન્ટિમીટર ઊંચા સુનામીના મોજા હોક્કાઈડોના પૂર્વ કિનારે નેમુરો સુધી પહોંચ્યા હતા.ભૂકંપના કેન્દ્ર, કામચાટકા દ્વીપકલ્પની નજીકના રશિયન પ્રદેશમાં નુકસાનના અહેવાલો છે અને લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. સ્થાનિક ગવર્નર વેલેરી લિમારેન્કોએ જણાવ્યું હતું કે, પ્રથમ સુનામીનું મોજું પેસિફિક મહાસાગરમાં રશિયાના કુરિલ ટાપુઓના મુખ્ય પ્રદેશ સેવેરો-કુરિલ્સ્કના દરિયાકાંઠાના વિસ્તાર સુધી પહોંચ્યું હતું.

### તિબેટમાં ચારની તીવ્રતાના બે ભૂકંપ સાથે અનેક વિસ્તારમાં પૂરની સ્થતિથી જનજીવન અસ્તવ્યસ્ત

ટિબેટમાં ટૂંકા ગાળામાં બે ભૂકંપના આંચકા અનુભવાયા છે, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦થી વધુ નોંધાઈ છે. આ ભૂકંપ એકબીજાથી માત્ર ૫ કલાકના અંતરે આવ્યા, જેના કારણે આ વિસ્તારમાં ચિંતાનું વાતાવરણ ફેલાયું છે. આ ઘટનાઓથી ટિબેટના અનેક ભાગોમાં લોકોમાં ભયનો માહોલ છે, ખાસ કરીને કારણ કે આ પ્રદેશ ભૂકંપની દૃષ્ટિએ સંવેદનશીલ ગણાય છે. પ્રથમ ભૂકંપનો આંચકો જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦થી વધુ હતી. આ આંચકા બાદ લગભગ ૫ કલાકની અંદર બીજો ભૂકંપ આવ્યો, જેની તીવ્રતા પણ ૪.૦થી વધુ હતી. બંને ભૂકંપના આંચકા ટિબેટના વિવિધ વિસ્તારોમાં અનુભવાયા, પરંતુ હજુ સુધી જાનહાનિ કે મોટા પાયે નુકસાનના કોઈ સમાચાર નથી. સ્થાનિક અધિકારીઓ અને બચાવ ટીમો સ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને કોઈપણ આફ્ટરશોકની સંભાવનાને ધ્યાનમાં રાખીને તૈયારીઓ કરી રહ્યા છે.ભૂકંપની સાથે સાથે ટિબેટના કેટલાક ભાગોમાં ભારે વરસાદે પણ હાલાતને વધુ જટિલ બનાવી છે. સતત વરસાદને કારણે નદીઓ અને ઝરણાં ઉભરાયા છે, જેના પરિણામે નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આ પૂરના કારણે ઘણા ગામડાઓ અને શહેરી વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું છે, જેનાથી રસ્તાઓ, ઘરો અને ખેતરોને નુકસાન થયું છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, અને બચાવ ટીમોને એલર્ટ પર રાખવામાં આવી છે.

### પ્રશાંત મહાસાગરમાં સુનામીનો ભય

* જાપાનના ઉત્તરી કિનારા પર ૪૦ સેમી ઊંચા મોજાં ઉછળ્યા.
* ટોક્યોમાં લગભગ ૨૦ લાખ લોકોને તેમના ઘર ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો.
* જાપાને કહ્યું છે કે સુનામીના મોજાં એક દિવસથી વધુ સમય માટે આવી શકે છે.
* ચીન, ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, ન્યૂઝીલેન્ડ, પેરુ અને મેક્સિકોએ પણ તેમના દરિયાકાંઠાના વિસ્તારોમાં સુનામી એલર્ટ જારી
* મોજાંઓથી બચવા માટે લોકો છત પર જોવા મળ્યા
* કેલિફોર્નિયાની ૨.૭ કરોડની દરિયાકાંઠાની વસતિ જોખમમાં

### જાપાનમાં સુનામીને કારણે, પૂર્વી હોન્શુ ટાપુના ચિબા પ્રીફેક્ચરના તાતેયામા શહેર નજીક ચાર વ્હેલ કિનારે તણાઈને આવી: અમેરિકાના મધ્ય કેલિફોર્નિયા કિનારે આવેલા પોર્ટ સાન લુઈસ ખાતે, દરિયાનું સ્તર લો ટાઈટથી હાઈ ટાઈડ સુધી પહોંચી ગયું

# ડોલર સામે રૂપિયો રાંક: ૮૭.૪૪ની નીચલી સપાટીએ ગરકાવ

## અમેરિકી દ્વારા ભારત પર ૨૫% ટેરિફ ઝીંકવામાં આવે તેવી દહેશત અને એફઆઈએ દ્વારા સતત વેચવાલીના કારણે રૂપિયામાં એકધારૂં ધોવાણ

**અબતક, રાજકોટ**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૫% ટેરિફ ઝીંકવામાં આવે તેવી દહેશત અને છેલ્લા ઘણા સમયથી વિદેશી રોકાણકારો દ્વારા એકધારી વેચવાલીના કારણે ભારતીય રૂપિયો અમેરિકા સામે સતત તૂટી રહ્યો છે. આજે ડોલર ૬૧ પૈસા મજબૂત બન્યો હતો. રૂપિયો ૮૭.૪૪ની સપાટીએ પહોંચી જતા ભારે અફરાતફરી જેવો માહોલ સર્જાઈ ગયો હતો. જો કે, આજે શેરબજારમાં એક જ દિવસમાં ૧૦ આઈપીઓ આવવાના કારણે બજારમાં તેજી જોવા મળી હતી. બૂલીયન બજારમાં બે તરફી માહોલ રહ્યો હતો. ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો જ્યારે સોનાના ભાવ ઉંચકાયા હતા.

અમેરિકા દ્વારા ભારત પર ટેરિફ ઝીંકવામાં આવે તેવી દહેશતના કારણે રૂપિયામાં એકધારૂં ધોવાણ થઈ રહ્યું છે. આજે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૬૧ પૈસા સુધી તૂટ્યો હતો અને દિવસ દરમિયાન ૮૭.૪૪ની નીચલી સપાટીએ પહોંચી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી મહિનામાં રૂપિયો ડોલર સામે ૮૭.૯૫ની નીચલી સપાટી સુધી સરકી ગયો હતો. જે અત્યાર સુધીની સૌથી નીચલી સપાટી છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી જે રીતે ડોલર સામે રૂપિયાનું ધોવાણ થઈ



રહ્યું છે તે જોતા એવું સ્પષ્ટ લાગી રહ્યું છે કે ટૂંક સમયમાં જ રૂપિયો ડોલર સામે ૮૮ની સપાટીએ પહોંચી જશે.

આજે ભારતીય શેરબજાર માટે ઐતિહાસિક દિવસ ગણાવી શકાય. કારણ કે આજે શેરબજારમાં મેઈન બોર્ડના પાંચ અને એસએમઈના પાંચ સહિત કુલ ૧૦ આઈપીઓ ઓપન થયા છે. જેના કારણે બજારમાં તેજી જળવાઈ રહી છે. મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સો ગ્રીન ઝોનમાં ખૂલ્યા હતા. દિવસ દરમિયાન તેજી જળવાઈ રહેવા પામી હતી. બૂલીયન બજારમાં મિશ્ર માહોલ જોવા મળ્યો હતો. સોનાના ભાવમાં ૪૦૦ રૂપિયાનો ઉછાળો રહ્યો હતો.

આજે સોનાનો ભાવ રૂ.૯૯૫૩૦ બોલાયા હતા. જ્યારે ચાંદીના ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો રહ્યો હતો. ચાંદીના પ્રતિકિલોના ભાવ ૧,૧૩,૭૦૦ બોલાયા હતા.

સેન્સેક્સે આજે ઈન્ટ્રાડેમાં ૮૧૧૮૭ની નીચલી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે ઉપલી સપાટી ૮૧૬૧૮ રહેવા પામી હતી. નિફ્ટીની સપાટી ૨૪૭૭૧ હતી જ્યારે ઉપલી સપાટી ૨૪૯૦૨ હતી. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૧૬૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧૪૯૯ અને નિફ્ટી ૩૫ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪૮૫૬ પર કામકાજ કરી રહી છે.

# કર્ણાટક કોંગ્રેસમાં કાળો કકળાટ: મુખ્યમંત્રી-ના.મુખ્યમંત્રી સામસામા

## ધારાસભ્યો સાથેની મુખ્યમંત્રી સિધ્ધાર મૈયાની બેઠકમાં નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર ગેરહાજર

**અબતક, રાજકોટ**

કર્ણાટકમાં કોંગ્રેસમાં કાળો કકળાટ જોવા મળી રહ્યો છે.પક્ષમાં આંતરિક જૂથવાદ ચરમસીમાએ પહોંચી ગયો છે.તાજેતરમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. જેમાં નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર ગેરહાજર રહ્યા હતા.એકમાત્ર મોટા રાજ્યમાં શાસન હોવા છતાં કોંગ્રેસ હાઈ કમાન્ડ સ્થાનિક નેતાઓએ સમજાવી સાથે રાખી શકાતી નથી.

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ તાજેતરમાં પક્ષના ધારાસભ્યો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી.જેનો ઉદ્દેશ્ય ધારાસભ્યોની ફરિયાદો સાંભળવાનો અને ૫૦ કરોડના વિશેષ વિકાસ અનુદાન માટે મંજૂરી પત્રોનું વિતરણ કરવાનો હતો. જોકે, આ બેઠકોથી



કોંગ્રેસ પક્ષમાં ચાલી રહેલો આંતરિક જૂથવાદ અને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા તથા નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર વચ્ચેનો સત્તા સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે.

ગઈકાલથી શરૂ થયેલી આ બેઠકોમાં ડી.કે. શિવકુમારને ઔપચારિક રીતે આમંત્રણ આપવામાં આવ્યું ન હતું, જે બે નેતાઓ વચ્ચેના તણાવને સ્પષ્ટપણે દર્શાવે છે. આ બેઠકો દરમિયાન સિદ્ધારમૈયાના વફાદાર ધારાસભ્યો અને શિવકુમારને ટેકો આપનારા ધારાસભ્યો વચ્ચે ખુલ્લેઆમ મતભેદો સપાટી પર આવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર કર્ણાટકના વિકાસ મંત્રી અને કેપીસીસી પ્રમુખ પણ છે, તેઓ ૪ ઓગસ્ટે બેંગલુરુમાં

(અનુ. આઠમા પાને)

**જોડે રે જો રાજ**

# વસુંધરાને ચૂંક ઉપડતા રાજસ્થાન સરકારનું નાવડું હાલક ડોલક!!

## વસુંધરા અને ભજનલાલની મોદી સાથેની ઓચિંતી મુલાકાતથી રાજસ્થાનમાં નેતૃત્વ પરિવર્તનની અટકળો

**અબતક, રાજકોટ**

રાજસ્થાનમાં નેતૃત્વ પરિવર્તનની અટકળોએ ફરી વેગ પકડ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજ અને મુખ્યમંત્રી ભજનલાલ શર્મા બે દિવસથી દિલ્હીમાં છે બન્ને નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે મેરેથોન બેઠક કરતા દેશભરમાં રાજકારણમાં આગામી દિવસોમાં મોટી ઉથલ પાથલના સંકેતો મળી રહ્યા છે.

લોકસભાની ગત ચુંટણીમાં રાજસ્થાનમાં ભાજપને મોટી નુકશાની થવા પામી છે. રાજસ્થાનમાં ગમે ત્યારે નેતૃત્વ પરિવર્તન થશે તેવી વાતો છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. દરમિયાન સરકારી શાળાની છત ધરાશાયી થવાની ઘટનામાં અનેક માસુમ બાળકોના મોત નિપજયાની ઘટના બાદ રાજસ્થાનની ભજનલાલ શર્માની સરકાર પર ભારે માછલા ધોવાય

(અનુ. આઠમા પાને)

# ભારતની ૧૫ ટકા સુધી ડ્યુટી રાખવાની માંગ સામે ટ્રમ્પે ૨૦થી ૨૫ ટકાની ઓફર આપી

## ૧ ઓગસ્ટથી બન્ને દેશો વચ્ચે નવો વેપાર કરાર લાગુ કરવા યુએસની કવાયત: યુએસએ બીજા દેશો સાથે ટેરિફ નક્કી કર્યા, પણ ભારત ઉપર કેટલો ટેરિફ નક્કી થાય છે તેના ઉપર વિશ્વભરની નજર

**અબતક, નવી દિલ્હી**



ભારત સાથે વેપાર કરાર પર ચાલી રહેલી વાટાઘાટો વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૦-૨૫% ટેરિફ લાદવાની ચેતવણી આપી છે. ટ્રમ્પે કહ્યું કે ભારત સાથેના વેપાર કરારને હજુ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આવી સ્થિતિમાં, તેમને લાગે છે કે ભારત પર ટેરિફ દરો લાગુ રહેશે.

એરફોર્સ વનમાં પત્રકારોએ ટ્રમ્પને પૂછ્યું કે શું ભારત સાથેના વેપાર કરારને હજુ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આવી સ્થિતિમાં, શું ભારત પર ૨૦-૨૫% ટેરિફ દરો લાગુ થશે? આના પર, ટ્રમ્પે જવાબ આપ્યો, ’હા, મને લાગે છે. ભારત અમારો મિત્ર છે. તેમણે મારી વિનંતી પર પાકિસ્તાન સાથે યુદ્ધ સમાપ્ત કર્યું... ભારત સાથેના કરારને હજુ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. મૂળભૂત રીતે તેઓએ અન્ય કોઈપણ દેશ કરતાં વધુ ટેરિફ લાદ્યા છે.’

જોકે, તેમણે


(અનુ. આઠમા પાને)

### કૃષિ અને ડેરી ક્ષેત્રે ભારત જરા પણ બાંધછોડ કરવા ઈચ્છતું નથી

આ વર્ષે અમેરિકા સાથે વેપાર વાટાઘાટો શરૂ કરવા છતાં, ભારતે તેના કૃષિ અને ડેરી ક્ષેત્રો અંગે મક્કમ વલણ જાળવી રાખ્યું છે. સરકાર આ મુદ્દા પર ઝૂકીને દેશના લાખો ખેડૂતોના હિત સાથે સમાધાન કરવા માંગતી નથી. જ્યારે અમેરિકા આ ક્ષેત્રને અમેરિકન ઉત્પાદનો માટે સંપૂર્ણપણે ખોલવાની માંગ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, બંને દેશો વચ્ચે કરાર પર પહોંચવાનો મુદ્દો હાલમાં અટવાયેલો છે.

### બન્ને દેશો વચ્ચે ટૂંક સમયમાં કરાર થશે: પિયુષ ગોયલ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૧ ઓગસ્ટ સુધીમાં વેપાર કરાર નહીં થાય તો ભારત પર ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં, દરેકના મનમાં પ્રશ્ન એ છે કે શું બંને દેશો નિર્ધારિત સમયમર્યાદામાં કોઈ કરાર પર પહોંચી શકશે. ભારતના વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં કરાર થશે. તેમણે સંકેત આપ્યો કે વેપાર કરાર માટેની વાટાઘાટો ઝડપથી આગળ વધી રહી છે, અને તેમણે એ પણ ભાર મૂક્યો કે આવી કોઈપણ ચર્ચામાં ભારતના રાષ્ટ્રીય હિતો સર્વોપરી છે.



એક બાઈટમાં ખુશીનો ધમાકો

# ઘાટે... ઘાટ...નું પાણી પાણીપૂરીમાં સમાણું

## એક પુરી અનેક સ્વાદનો સંગમ છે, તે દરેક ગુજરાતીનું ફેવરીટ સ્નેહ: તે ભારતીય ઉપખંડમાં ખુબ જ લોકપ્રિય સ્ટ્રીટ ફૂડ છે: તેના ઘણા ઘટકો સ્વાસ્થ્યને લાભ આપી શકે છે, પણ સ્વચ્છતા અને વેપરાયેલી સામગ્રીની ગુણવત્તા મહત્વપૂર્ણ છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

સમગ્ર ભારતમાં વિવિધ નામોથી પ્રચલિત પાણીપુરી ગુજરાતીઓની પ્રથમ પસંદગી છે. ઘરની આસપાસ કે શહેરમાં મળતી શ્રેષ્ઠ પાણીપુરી યુવા વર્ગની હોટ ફેવરીટ છે. પુરૂષો કરતા મહિલાઓ તે વધુ ખાતા જોવા મળે છે. આજે તો વિવિધ પાણીના સ્વાદ સાથે પાણીપુરીના ચટાકેદાર સ્વાદમાં પરિવર્તન આવી ગયું છે.

તેની એક બાઈટમાં સ્વર્ગ જેવી ખુશનો આનંદ મળતો હોવાથી તેનો વેચવાવાળા કોર્પોરેટ જગતના નોકરીયાત કરતાં વધુ કમાણી કરે છે. ચટાકેદાર પાણીપુરીના સ્વાદનો ચસ્કો ઘણાને ટેવમાં પણ બદલાયો છે. તેની અદભુત દુનિયા છે, અને રસપ્રદ ઈતિહાસ સાથે તેના પ્રારંભ વિશે ઘણી લોકવાયકા પણ જોવા મળે છે.



એક નાનકડી પાણીપુરી અનેક સ્વાદનો સંગમ છે. ભારતીય ઉપખંડમાં તે એક લોકપ્રિય સ્ટ્રીટ ફુડ છે. જે તેના અનોખા સ્વાદ મિશ્રણ માટે જાણીતી છે. તે એક ક્રિસ્પી, પોચીપુરી લોટ કે રવામાંથી બનેલી હોય છે. બટાકા, ચણા અને મસાલાના મિશ્રણથી ભરેલી હોય છે. ચણા, ડુંગળી, લસણ, ફુદીનાની ચણણી, તીખુ - પણ તેનું મૂળ ભારતના પ્રાચિન મગધ રાજય (આજનું બિહાર) માં હોવાનું મનાય છે. પ્રારંભમાં તેનું નામ 'ફૂલ્કી' હતું. મહાભારત સાથે પણ તેની લોકવાયકા જોડાયેલી છે., તેમાં દ્રૌપદીએ ઓછા સંસાધનોમાંથી પાંડવોને સંતોષવા આ વાનગી બનાવાય હોવાની વાત પ્રચલિત છે. સમય જતાં પાણીપુરી ભારતના વિવિધ પ્રાંતોમાં પ્રસરી અને તેને તેમાં પોતાની આગવી શૈલીથી સ્વાદ ઉમેર્યા હતા.



ભારતના વિવિધ રાજયોમાં તે અલગ અલગ નામથી ઓળખાય છે, જેમાં ઉત્તર ભારતમાં ગોલ ગપ્પા, પશ્ચિમ બંગાળમાં ફૂચકા કે ફુચકી, ઉત્તર પ્રદેશમાં પાની કે બતાશે, ઓડીશા અને ઝારખંડમાં ગુપ-ચુપ અને ગુજરાત - મહારાષ્ટ્રમાં તેને પાણીપુરી કહેવાય છે. આજની ૨૧મી સદીના યુગમાં તેમાં પણ ઘણા ફેરફારો કરીને નવા પ્રયોગોમાં દહીં પુરી, શેઝવાન પાનીપુરી, ચોકલેટ પાણીપુરી, ચીઝ બર્સ્ટ અને ફ્રુટ પંચ જેવી પાણીપુરી બજારોમાં જોવા મળે છે. પહેલા ભાવ સસ્તો હતો તો આજે કવોલીટી વાળી પુરીમાં છ કે સાત પાણીપુરી આવે છે. પાણીપુરી એ માત્ર એક નાસ્તો નથી પણ ભારતીય સ્ટ્રીટફુડ કલ્ચરનું એક અભિન્ન અંગ છે. તે તેના સ્વાદ, સુગંધ અને તેને ખાવાની અનોખી રીત માટે દુનિયાભરમાં લોકપ્રિય છે. બિહારમાંથી તેનો ઉદભવ થવાની લોક વાયકાને કારણે જ બિહારના ભૈયા ગુજરાતમાં આ વ્યવસાય સાથે વધુ જોવા મળે છે. ઘણા વર્ષોથી અહીં સ્થાયી થયેલા આ વેપારીને ગુજરાતી આવડતું હોવા છતાં આપણે તેની સાથે હિન્દીમાં વાત કરીએ છીએ - પાણીપુરીના ટેસ્ટ બાદ મસાલા પુરીની માંગણી બધા ગુજરાતીની ટેવ છે. પાણીપુરીમા ઘણા ઘટકો એવા છે, જે આપણા સ્વાસ્થ્યને ફાયદો કરી શકે છે, જો તે સ્વચ્છતા અને વપરાયેલી વસ્તુ કે પાણી ગુણવત્તા વાળું હોય તો બાકી પાણીપુરી નુકશાન કરી શકે છે.

તેમાં વિટામીન, ખનીજો સાથે આયર્ન, મેગ્યનેશિયમ, મેગેનીઝ, પોટેશિયમ, ફોલેટ, ઝીંક અને વિટામીન એ, બી-૬, બી-૧૨, સી અને ડી જેવા વિટામીન્સ અને ખનીજો મળે છે, આને કારણે આયર્ન તત્વ લોહીમાં ઓકિસજન જાળવી રાખવામાં મદદ કરે છે. પાણીમાં ફૂદિનો, આમલી, જીરૂ, ધાણા જેવા મસાલા પાચનમાં મદદ કરે અને અપચો, ગેસ અને એસીડીટી જેવી સમસ્યામાંથી રાહત આપે છે. જીલજીરા અને ફૂદીનાને કારણે પાણીપુરી મોઢામાં પડેલ ચાંદામાં રાહત આપે છે. તેનો તીખો અને વિવિધ સ્વાદ મૂડને તાજગી આપે છે, અને મનને સક્રિય અને પ્રફુલ્લિત કરે છે. તેનું પાણી મસાલા, આંબલી અને ફૂદીનાથી ભરેલું હોવાથી તે શરીરને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરે છે, ખાસ કરીને ઉનાળાની ગરમીમાં તે ઓછી કેલરીવાળી સામગ્રીમાંથી તૈયાર થતી હોવાથી વજન નિયંત્રણ માટે સારી છે. આપણે ધ્યાન એટલું જ રાખવું જરૂરી છે કે તેનો વધુ પડતો ઉપયોગ કે અસ્વચ્છ રીતે બનેલી હોય તો આપણાં શરીર માટે હાનીકારક છે. પુરી તળેલી હોવાથી તેમાં કાર્બોહાઈડ્રેટસનું પ્રમાણ વધુ હોય છે, અમુક મીઠી ચટણીમાં ખાંડનું પ્રમાણ પણ વધારે હોવાથી મર્યાદિત ખાવી જરુરી છે. તે સ્વાદિષ્ટ હોવા છતાં અસ્વચ્છ પાણીપુરી, ખરાબ પાણીથી કે તેની ખરાબ સામગ્રીથી ઝાડા, ઊલ્ટી, ફુડ પોઈઝનિંગ અને અન્ય પેટ સંબંધિત બિમારી થઈ શકે છે. ખુલ્લી જગ્યાએ વહેચાતી પાણીપુરીમાં ધૂળ - માખીઓ અને અન્ય જીવાણુંઓ પડવાની શકયતાઓ રહેલી હોવાથી આપણે સાવચેત રહેવું જોઈએ, તેના પાણીમાં અને ચટણીમાં મીઠાનું પ્રમાણ વધારે હોવાથી બ્લડપ્રેસર અને હૃદયરોગના દર્દીઓ માટે હાનીકારક થઈ શકે છે, પાણીપુરી તળવામાં વપરાતું ખરાબ તેલ અને અતિશય મસાલા એસીડીટી, છાતીમાં બળતરા કે અપચા જેવી સમસ્યા કરે છે.



તમે પાણીપુરીના શોખીન છો, તો સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખીને જ તેનો ટેસ્ટ કરવો. આજે તો જાગૃતિને કારણે પરિણામો પોતાના ઘેર જ પાણીપુરી બનાવીને આનંદોત્સવ માણે છે. અમુક મહિલાઓની માસ્ટરી હોવાથી પરિવાર તેના હાથની પાણીપુરીના દિવાના હોય છે.

### પ્રાચિન કાળની 'ફુલ્કી' જ આજની પાણીપુરી

સમગ્ર દેશમાં પાણીપુરી યુવા વર્ગ અને બાળથી મોટેરાની પ્રથમ પસંદ બની છે. પ્રાચિન કાળની ફુલ્કી એટલે જ આજની પાણીપુરી દેશના વિવિધ રાજયોમાં તેના નામ અલગ અલગ જોવા મળે છે. આધુનિક સમયમાં દહીપુરી, ચીઝ બર્સ્ટ, શેઝવાન, ચોકલેટ પાણીપુરી જેવી વિવિધ આઈટમમાં મળે છે. આજે વિવિધ પાણીમાં ફૂદીના, લસણ, આંબલી, જલજીરા, લીંબુનું ખાટુ, ખજુર વિગેરે સાથે પાંચથી સાત ટેસ્ટી પાણી સાથે પાણીપુરી મળી રહી છે, જે ટેસ્ટમાં બેસ્ટ હોય છે.

**ગોલગપ્પા, કુચકા, પાની કે બતાવશે, ગુપ-ચુપ અને કુલ્કી જેવા નામોથી પાણીપુરી ઓળખાય છે: તેમાં વિટામીન, ખનીજો જેવા વિવિધ તત્વો હોવાથી પાચનમાં મદદરૂપ, મોઢાના ચાંદામાં રાહત, મુડ તાજગી, હાઈડ્રેશન, વજન નિયંત્રણ જેવામાં રાહતરૂપ છે: તેનું વધુ પડતું સેવન અને અસ્વચ્છ રીતે બનેલી પાણીપુરી સ્વાસ્થ્ય માટે હાનીકારક છે**

# સફળતાની સીડીનાં ત્રણ પગથિયાં-પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રયાસ

## આ ત્રણેય ગુણો કોઈ પણ વ્યક્તિના વ્યક્તિતત્ત્વને ઘડવામાં અને તેના જીવનને નવી દિશા આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

માનવ જીવનમાં સફળતા મેળવવા માટે ઘણા ઘટકો જવાબદાર હોય છે,તેમાં પણ ત્રણ મહત્વનાં તત્ત્વો છે - પ્રેરણા (Inspiration),પ્રોત્સાહન (Encouragement) અને પ્રયાસ (Effort).આ ત્રણે શબ્દો જેટલા સરળ લાગે છે,તેટલાં જીવનના ઊંડાણમાં જઈને સફળતા તરફ દોરી જાય છે. આ ત્રણેય ગુણો કોઈ પણ વ્યક્તિના વ્યક્તિતત્ત્વને ઘડવામાં અને તેના જીવનને નવી દિશા આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

**પ્રેરણા:** પ્રેરણા એ એક એવી અંદરથી ઊગતી શક્તિ છે,જે કોઈ વ્યક્તિને ઊર્જાથી ભરપૂર બનાવી દે છે. જ્યારે કોઈ વ્યક્તિ જીવનમાં કંઈક મોટું કરવાનું વિચારે છે,ત્યારે તેનું મૂળ બિંદુ હોય છે,તેને મળેલી પ્રેરણા. આ પ્રેરણા ગ્રંથો વાંચવાથી,મહાન વ્યક્તિઓની આત્મકથા દ્વારા, ગુરુઓના ઉપદેશથી, કે જીવનમાં સંઘર્ષ કરતી વ્યક્તિઓને જોઈને પણ મળી શકે છે.ઉદાહરણ તરીકે,મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં પ્રિટોરિયા જતા હતા ત્યારે તેમની પાસે પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં રેલવેના ટીટી તેમને નીચે ઉતારી દે છે. સામાન ફેંકી દે છે. આ ગોરા કાળાના ભેદની ઘટના પછી ગાંધીજી ત્યારે જ મનોમન પ્રતિજ્ઞા કરે છે કે આ અન્યાય થતો અટકાવવા જરૂર મથામણ કરીશ.આ કાળા કાયદા સામે હું બંડ પોકારીશ. આ ઘટનામાંથી ગાંધીજીએ અંગ્રેજો સામે લડવાની પ્રેરણા મેળવી. એ પ્રેરણાએ જ તેમને સમગ્ર દેશના નેતા બનાવી દીધા.તેવી જ રીતે ડો. એ.પી.જે.અબ્દુલ કલામ પોતાના ગુરુ સુબ્રમણ્યમ ઐયર પાસેથી મળેલી પ્રેરણાથી વિજ્ઞાન ક્ષેત્રે એરોનોટિકલ એન્જિનિયર બન્યા.આગળ જઈને દેશના રાષ્ટ્રપતિ પણ બન્યા.સ્વામી વિવેકાનંદ બાળપણમાં જ્યારે રામકૃષ્ણ પરમહંસને મળ્યા, ત્યારે તેમની નિષ્કપટ ભક્તિ, જ્ઞાન અને સાધનાને જોઈને તેમણે ધાર્યું કે, 'મારું જીવન પણ સમાજ સેવા અને આત્મજ્ઞાન માટે સમર્પિત કરવું છે.' અંદરથી મળેલી આ પ્રેરણાએ વિવેકાનંદને એટલી ઊંચાઈએ પહોંચાડ્યા કે તેઓ સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિના આગવા પ્રતિનિધિ બની ગયા.૧૮૯૩ની શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં તેઓના ભાષણમાંથી પૂરી દુનિયાએ ભારતીય ચિંતનનું મહાત્મ્ય જાણ્યું. પ્રેરણા એ આંતરિક ચેતનાનું સૂત્ર છે. તે કોઈને કહ્યા વિના વ્યક્તિને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી શકે છે. પણ માત્ર પ્રેરણા પર્યાપ્ત નથી, તે આગળ જવા માટે દિશા સૂચક માઈલ સ્ટોન છે, માર્ગ નહીં !



**પ્રોત્સાહન - આત્મ વિશ્વાસનો આધારસ્તંભ:** પ્રેરણા જેટલી આંતરિક હોય છે,પ્રોત્સાહન તેટલું જ બાહ્ય હોય છે.પ્રોત્સાહન આપણે પરિવારજનો,મિત્રો,શિક્ષકો કે સમાજ તરફથી પ્રાપ્ત કરીએ છીએ.જ્યારે કોઈ યુવાન કે બાળક મોટું સપનું જોવે છે, ત્યારે તેના માતા-પિતા, શિક્ષકો અથવા મિત્રોએ તેને માર્ગદર્શન આપવું પડે છે, તેને ઊંડા ખાડામાં પડતાં પહેલા ચેતવવું પડે છે. એ હેતુ પૂરતું મળતું પ્રોત્સાહન એ બાળકને મજબૂત બનાવે છે. માણસ કઈક નવું શરૂ કરે ત્યારે પહેલા તબક્કે ઘણા પ્રશ્નો, ડર અને શંકાઓ હોય છે. તે સમયે કોઈ એક સાચો શબ્દ - 'તમે કરી શકો છો' ! 'આપનો પ્રયાસ સરાહનીય છે' ! 'હું છું ને તમારી સાથે! - વ્યકિતના આત્મવિશ્વાસને મજબૂત બનાવી શકે છે. પ્રોત્સાહન એ તોફાનમાં હાલક ડોલક થતી નૌકાનાં લંગર સમાન છે. શાબાશી આપતો કોઈ એક હાથ વ્યક્તિને નવી ઊંચાઈ સુધી લઈ જઈ શકે છે. ઘણી વખત કશું ન કરી શકનાર લોકો પણ માત્ર બીજાએ આપેલા પ્રોત્સાહનથી પહાડ પાર કરી શકે છે. હેલેન કેલર જન્મના થોડા સમય બાદ અંધ અને બહેરાં બની ગયાં હતાં. તેમ છતાં તેમની શિક્ષિકા એન સાલિવનના સતત પ્રોત્સાહન,સહાનુભૂતિ અને દ્રઢતાથી હેલેન કેલરે વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી,પુસ્તકો લખ્યાં અને દલિતો માટે કામ કર્યું.જો એન સાલિવનએ હેલેનનમાં આશા ન જન્માવી હોત કે આશીર્વાદ ન આપ્યા હોત તો કદાચ હેલેન કેલરને આખું જીવન સંકેતો વિના જીવવું પડ્યું હોત. પ્રોત્સાહનના આ એક સંઘર્ષમય ઉદાહરણ દ્વારા આપણે સમજી શકીએ કે પ્રોત્સાહનના શબ્દો જીવન બદલી શકે છે.

**પ્રયાસ:** કોઈ પણ પ્રકારની પ્રેરણા કે પ્રોત્સાહન વ્યર્થ છે,જો વ્યક્તિ તે દિશામાં પ્રયત્ન ન કરે તો ..! જીવનમાં સફળતા મેળવવી હોય તો પ્રયત્નો અનિવાર્ય છે. પ્રયત્ન એ સતત શ્રમ છે. એક દિવસનો નહીં પણ સતત પ્રયત્ન. ઘણાં મહાન વૈજ્ઞાનિકો, સર્જકો કે ઉદ્યોગપતિઓનું જીવન જોઈએ તો તેઓ અનેક નિષ્ફળતાઓ પછી પણ સતત પ્રયત્નશીલ રહ્યા છે. થોમસ એડિસન આલ્વા વીજળીનો બલ્બ શોધવા માટે એક હજાર વખત નિષ્ફળ રહ્યા હતા. તેઓએ ક્યારેય હાર માની નહોતી. તેઓ કહે છે, 'I have not failed 1000 times, I have successfully discovered 1000 ways that do not work.' તેઓના અવિરત પ્રયાસને લીધે આજે આખું વિશ્વ પ્રકાશિત છે. એડિસનનું જીવન આપણને શીખવે છે કે, ' સત્પ્રયાસો આગળ કોઈ અવરોધ ટકી શકતો નથી.' પ્રયાસ એ એવું શાક્તિશાળી યંત્ર છે, જેના વગર સફળતાનો દરવાજો ખૂલતો નથી. પ્રયત્ન વગર આપણું એક પગલું પણ આગળ વધતું નથી. માત્ર વિચારવાથી કશું થતું નથી, તેને હકીકતમાં બદલવા માટે પગ ઉપાડવા પડે. આમ, પ્રોત્સાહન એ પાંખો છે અને પ્રયત્ન એ પાયા છે. જો માત્ર પ્રેરણા હોય અને પ્રયત્ન ન હોય તો વિચાર અધૂરો રહે. જો પ્રયત્ન હોય પણ કોઈનો ટેકો કે પ્રોત્સાહન ન હોય તો માર્ગ કાપવો આકરો બને.અને જો પ્રયત્ન હોય પણ અંદરથી ચેતના જ જાગે નહીં તો સફર નિર્જીવ લાગે. આ રીતે ત્રણેય ગુણો મળીને વ્યક્તિના જીવનમાં સફળતાનું એક દ્રઢ ત્રિકોણ રચાય છે. જે વ્યક્તિને સચોટ દિશા આપે છે અને જીવનમાં કોઈ પણ ચીજને પ્રાપ્ત કરવાની શક્તિ આપે છે. જે વ્યક્તિએ આ ત્રણેય તત્વોને સમજી લીધાં છે અને જીવનમાં ઉતારી લીધાં છે, એ વ્યક્તિ કોઈ પણ બંધનો તોડી શકે છે, કોઈ પણ સપનાને સાકાર કરી શકે છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૦-૦૭-૨૦૨૫ બુધવાર**
- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અનોખી)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બેનામી ખીર)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુક્ષ્ભાઈ બન્યા દબંગ)
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૧-૦૭-૨૦૨૫ ગુરુવાર**
- ૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૩૧-૭-૨૦૨૫ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** અષાઢ શુદ સાતમ નાની શિતળા સાતમ
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** સાધ્ય **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૨૦ **સુર્યાસ્ત:** ૭.૨૭
**ચંદ્ર રાશી** કન્યા સવારે ૧૧.૧૭ થી તુલા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ/ર.ત.
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | ૬ | | | |
| | | | ૧ | ૮ | | | | |
| | ૬ | ૪ | | | | ૧ | | |
| ૩ | | ૫ | | | | | | |
| | ૪ | ૭ | | | | ૯ | | ૩ |
| | ૧ | ૬ | ૨ | | | | | ૭ |
| | | | ૫ | | | ૩ | ૯ | ૧ |
| | | | ૭ | | | ૫ | | ૨ |
| | ૯ | | ૬ | ૧ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૩ | ૯ | ૧ | ૮ | ૪ | ૭ | ૫ |
| ૪ | ૯ | ૧ | ૭ | ૫ | ૩ | ૨ | ૬ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૨ | ૪ | ૬ | ૧ | ૯ | ૩ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૮ | ૬ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૬ | ૨ | ૩ | ૪ | ૧ |
| ૮ | ૬ | ૪ | ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૨ |
| ૩ | ૭ | ૯ | ૬ | ૮ | ૧ | ૫ | ૨ | ૪ |
| ૨ | ૧ | ૮ | ૫ | ૭ | ૪ | ૬ | ૩ | ૯ |
| ૫ | ૪ | ૬ | ૩ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૩૧.૭.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, શ્રાવણ સુદ સાતમ, ચિત્રા નક્ષત્ર, સાધ્ય યોગ, ગર કરણ આજે સવારે ૧૧.૧૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે, એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
**વૃષભ (બ,વ,ઉ) :** કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.
**મિથુન (ક,છ,ઘ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યકત કરી શકો, શુભ દિન.
**કર્ક (ડ,હ) :** તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે, સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.
**સિંહ (મ,ટ) :** રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો, ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
**કન્યા (પ,ઠ,ણ) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.
**તુલા (ર,ત) :** તમારા વ્યકિતત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**વૃશ્ચિક (ન,ય) :** ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, અન્યની મદદથી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**મકર (ખ,જ) :** કામકાજમાં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
**કુંભ (ગ,સ,શ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, પ્રગતિ થાય.
**મીન (દ,ચ,ઝ,થ) :** માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

## કન્યાના મંગળ બીમારીમાંથી ફરી સ્વસ્થ થવાની ઉર્જા આપે છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ અત્રે લખ્યા મુજબ મોટી કંપનીઓ કર્મચારીઓને છુટ્ટા કરી રહી છે અને ટીસીએસ કંપનીએ પણ નવી ભરતી બંધ કરી જુના કર્મચારીઓને છુટા કરવાનું ચાલુ કર્યું છે તો આતંકી સામે કડક પગલાં સરકાર લઈ રહી છે અને પહેલગામના ગુનેગારોને સજા મળી છે જે વિષે અત્રે લખી ચુક્યો છું. પૃથ્વીતત્વની રાશિ જ ઘણી ઘટનાઓ એક મંગળ મહારાજ હીલિંગની જોવા મળે છે જે મિત્રોને હોય તેઓ આસાનીથી શકે છે અત્યારે કન્યામાં આપે છે ફરી સ્વસ્થ થવાની મંગળ મહારાજ કન્યામાં આવવા સાથે સાથે બની રહી છે અહીં ઉર્જા આપતા પણ છઠે કે કન્યાના મંગળ શત્રુ પર વિજય મેળવી મંગળ જે ઉર્જા તે બીમારીમાંથી ઉર્જા આપે છે કન્યા રાશિમાં પશુ ,પ્રાણી ,પાલતુ પ્રાણી જોવામાં આવે છે આ સમયમાં પશુ પાલન કે પશુઓની દવા સાથે સંકળાયેલી કંપનીઓ ચર્ચામાં આવે કે વેચાય કે વિલીનીકરણ થાય વળી પશુઓની દવા બાબતે પણ નવી જાગૃતિ આવે. કન્યામાં મંગળ મહારાજ સેનાપતિ નવી વ્યૂહ રચના વિચારતા જોવા મળે અને શત્રુઓને પરાસ્ત કરવા માટે નવી રણનીતિ આવે તો શનિ ની દ્રષ્ટિ મંગળ પર આવતા મશીનરી ક્ષેત્રે પણ ક્રાંતિ જોવા મળે કોઈ કોઈ જગ્યા એ વિદ્યુત અછત જોવા મળે અને પાવર સ્ટેશનમાં અને નુક્લિઅર સ્ટેશનમાં તકલીફ થતી જોવા મળે વળી રીઅલ એસ્ટેટમાં મંદી આવતી જોવા મળે અને વિદેશથી આવતી લક્સરીએસ કાર બાબતે નવા સમાચાર આવે તો કન્યાના મંગળ લોકોમાં સ્વાસ્થ્ય બાબતે વિશેષ જાગૃતિ દર્શાવે જો કે કોઈ દિગ્ગજ નેતા આ સમયમાં સ્વાસ્થ્ય કારણોથી થોડા દૂર જતા જોવા મળે!!!

# લાખાજીરાજ રોડ સહિતની બજારોમાં દબાણ હટાવવા સાંજથી જ મેગા ડ્રાઈવ: ધરણાં-બંધનું એલાન મોકૂફ

## વેપારીઓએ દુકાન પાસે ખડકેલા દબાણોને પણ દૂર કરવા સહમતી: સતત ૧૫ દિવસ સુધી મેગા ડ્રાઈવ હાથધરી લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, બંગડી બજાર સહિતની મુખ્ય બજારોને દબાણ મુક્ત કરાશે

**અબતક, રાજકોટ**

પાથરણાવાળાઓના દબાણથી ત્રાહિમામ પોકારી ગયેલા લાખાજીરાજ રોડ સહિતની મુખ્ય બજારોના વેપારીઓએ આગામી ગુરૂવારે બંધનું એલાન આપ્યું હતું. વેપારીઓના આ એલાનથી કોર્પોરેશનના ભાજપના શાસકો રિતસર હલબલી ગયા હતા. આજે બપોરે વેપારીઓ સાથે તાકીદની બેઠક યોજવામાં આવી હતી. જેમાં આજ સાંજથી મુખ્ય બજારોમાં દબાણ હટાવવા માટે મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. તેવી ખાતરી આપવામાં આવતા ધરણાં તથા બંધનું એલાન મૌકૂફ રાખવામાં આવ્યું હતું.





તસવીર: શૈલેષ વાડોલીયા



આજે બપોરે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડિયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા ઉપરાંત પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ લાખાજીરાજ રોડ વેપારી એસોસિએશનના હોદ્દેદારો સાથે કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે બેઠક યોજી હતી. જેમાં વેપારીઓની સમસ્યા સાંભળવામાં આવી હતી. આજ સાંજથી જ કોર્પોરેશનની દબાણ હટાવ શાખા દ્વારા પાટ પાથરણાના દબાણો દૂર કરવા માટે મેગા ઓપરેશન ડ્રાઈવ હાથ ધરવામાં આવશે. જેમાં વેપારી એસોસિએશનના હોદ્દેદારોને સાથે રાખવામાં આવશે અને તેઓ કહેશે ત્યાંથી દબાણો ઉપાડી લેવામાં આવશે. સામા પક્ષે વેપારીઓએ પણ મોટું મન રાખતા એવી તૈયારી દર્શાવી હતી કે જો અમારી દુકાન પાસે અમે પણ ફૂટપાથ કે રોડ પર દબાણો

(અનુ. આઠમા પાને)

# રોગચાળાને નાથવા 'વન ડે વન વોર્ડ' ઝુંબેશ: ૬૭૦ કર્મચારીઓની ફોજ ફિલ્ડમાં ઉતારાશે

## શુક્રવારથી વન ડે વન વોર્ડ અભિયાનનો આરંભ કરાવશે પદાધિકારીઓ: ઓગસ્ટ માસમાં ચાલશે ઝુંબેશ



**અબતક, રાજકોટ**

સતત વરસાદી વાતાવરણના કારણે શહેરમાં રોગચાળો સતત વકરી રહ્યો છે. માથું ઉંચકી રહેલા રોગચાળાને નાથવા માટે આગામી શુક્રવારથી કોર્પોરેશન દ્વારા વન ડે વન વોર્ડ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. જેમાં ૬૭૦ આરોગ્ય કર્મચારીઓની ફૌજ ફિલ્ડમાં ઉતારવામાં આવશે.

આ અંગે વધુ માહિતી આપતા કોર્પોરેશનના મેયર નયનાબેન પેઢડિયા, ડેપ્યૂટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા અને આરોગ્ય સમિતિના ચેરમેન કેતન પટેલે જણાવ્યું હતું કે ચોમાસાની સિઝન દરમિયાન ડેન્ગ્યૂ, મેલેરિયા, ચીકનગુનિયા સહિતના રોગનું પ્રમાણ સતત વધતું હોય છે. જેને કાબૂમાં લેવા માટે આગામી શુક્રવારથી કોર્પોરેશન દ્વારા વન ડે વન વોર્ડ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. જેમાં તમામ ૧૮ વોર્ડની મુખ્ય કચેરી ખાતે આ ઝુંબેશ શરૂ થશે. ત્યારબાદ નિયત કરાયેલા દિવસોએ એક વોર્ડમાં તમામ આરોગ્યની ટીમો મૂકી કામગીરી કરવામાં આવશે. આ ઝુંબેશમાં ૪૬૫ અર્બન આશાવર્કર, ૧૧૪ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, ૪૦ મેલેરિયા ફિલ્ડ વર્કર અને ૫૧ વેક્ટર કંટ્રોલની ટીમ દ્વારા વોર્ડમાં આરોગ્યલક્ષી ઝુંબેશ હાથ ધરવામાં આવશે. ૪-ઓગસ્ટના રોજ વોર્ડ નં.૧માં, પાંચમીએ વોર્ડ નં.૨માં, ૬ઠ્ઠીએ વોર્ડ નં.૪માં, સાતમીએ વોર્ડ નં.૮માં, આઠમીએ વોર્ડ નં.૩માં, ૧૧મીએ વોર્ડ નં.૫માં, ૧૨મીએ વોર્ડ નં.૯માં, ૧૩મીએ વોર્ડ નં.૭માં, ૧૪મીએ વોર્ડ નં.૬માં, ૧૮મીએ વોર્ડ નં.૧૦માં, ૧૯મીએ વોર્ડ નં.૧૩માં અને ૨૦મીએ વોર્ડ નં.૧૫માં ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જ્યારે ૨૧મી ઓગસ્ટે વોર્ડ નં.૧૧માં, ૨૨મીએ વોર્ડ નં.૧૪માં, ૨૫મીએ વોર્ડ નં.૧૬માં, ૨૬મીએ વોર્ડ નં.૧૨માં, ૨૮મીએ વોર્ડ નં.૧૭માં અને ૨૯મીએ વોર્ડ નં.૧૮માં આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

જે અંતર્ગત પોરાનાશક કામગીરી:- ઘરની અંદર તથા આસપાસ મચ્છર ઉત્પતિ સ્થાનો જેવા કે ટાંકા, ટાંકી, બેરલ, પાણીની કુંડી, પક્ષીકુંજ વગેરે જેવા પાત્રોને તપાસી લોકોને ઉત્પતિ અટકાયતીના પગલાં લેવા આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે તથા ભંગાર, બિનજરૂરી પાત્રો વગેરેનો નાશ કરાવવામાં આવશે તથા લાર્વીસાઇડ છંટકાવ કરવાની કામગીરી કરાવવામાં આવશે.

પેરાડોમેસ્ટિક કામગીરી :- વોર્ડમાં પાણી ભરાયેલ નાના - મોટા ખાડા - ખાબોચીયા કે જ્યાં મચ્છર ઉત્પતિ સ્થાન બની શકે છે ત્યાં પંપ દ્વારા દવા છંટકાવની કામગીરી કરવામાં આવશે.

બાયોલોજીકલ કંટ્રોલની કામગીરી :- મોટા ખુલ્લા રહેતા પાણી ભરેલા પાત્રો / સ્થળોએ પોરાભક્ષક માછલી મુકવામાં આવશે.

ફોગીંગ કામગીરી : વાહકજન્ય રોગ માટે પોઝિટીવ જણાયેલ કેસમાં આસપાસના વિસ્તારમાં ચેપી મચ્છરોનો નાશ માટે ઘરની અંદર ફોગીંગની કામગીરી કરાવવામાં આવશે.

કોર્મશીયલ પ્રિમાઈસીસની મુલાકાત :- રહેણાંકની સાથે શાળા, બાંધકામ સાઈટ, હોટલ, હોસ્પિટલ, સરકારી કચેરીવગેરે જેવી પ્રિમાઈસીસની મુલાકાત કરી વાહકનિયંત્રણની કામગીરી કરાવવામાં આવશે.

આરોગ્ય શિક્ષણ :- લોકોમાં મચ્છરજન્ય રોગો તથા મચ્છર ઉત્પતિ અટકાયતી વિશે સમજ મળી રહે તે હેતુસર પત્રિકા, પોસ્ટરના માધ્યમથી આરોગ્ય શિક્ષણ આપવાની કામગીરી કરવામાં આવશે.

### વિશ્વ હેપેટાઈટીસ દિવસ નિમિતે

# ડિવિઝનલ રેલવે હોસ્પિટલના જાગૃતિ કાર્યક્રમમાં ૧૨૫ કર્મચારીઓ-પરિવારજનોએ લીધો લાભ





**અબતક,રાજકોટ**

ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, રાજકોટ ખાતે તાજેતરમાં 'વિશ્વ હિપેટાઈટિસ દિવસ' નિમિત્તે જાગૃતતા કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૨૫ થી વધુ રેલવે કર્મચારીઓ અને તેમના પરિવાર જનો એ જાણકારી મેળવી હતી.

આ કાર્યક્રમ માં ડોક્ટર શ્રીકાંત દ્વારા હિપેટાઈટિસ એટલે શું? એના પ્રકારો, કારણો એ વિષય પર વિસ્તૃત માહિતી આપી હતી જેમાં યકૃત એ માનવ શરીર નું ખૂબ જ મહત્વ નુ ઓર્ગન છે અને તેમાં થતા વિવિધ વાઈરલ ઈન્ફેક્શન ને હિપેટાઈટિસ કહેવાય જેના વિવિધ કારણો દર્શાવ્યા હતા.

આ સાથે વિશ્વ હિપેટાઈટિસ દિવસ નિમિત્તે રેલવે હોસ્પિટલ ના અધિકારીઓ, ડોક્ટરો, ગૃપ સી અને ડી ના તમામ કર્મચારીઓ ને રસીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નું સફળ આયોજન અને રસીકરણ માટે ચીફ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો રાજકુમાર ના માર્ગદર્શન હેઠળ ડોક્ટર દિપિકા, ડો ક્રિષ્ના, એ જહેમત ઉઠાવી હતી.

# એસટીની વધુ ૧૫૧ બસોને મુખ્યમંત્રીની લીલીઝંડી

## આ વર્ષે ૧૦૦ નવી એસી બસ સહિત એસ.ટી. નિગમ દ્વારા વિવિધ પ્રકારની ૨૦૬૩ બસો મુસાફરોના પરિવહન માટે સેવામાં મુકાશે: એસ. ટી. નિગમ દરરોજ ૮ હજારથી વધુ બસોના સંચાલન દ્વારા ૨૭ લાખથી વધુ મુસાફરોને આવાગમન સેવાઓ પૂરી પાડે છે



રાજકોટને વધુ ૮ અને જામનગરમાં ૭ એસટી બસોનો ઉમેરો



**અબતક, રાજકોટ**


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના દરેક નાગરિકને ઉચ્ચ ગુણવત્તાની, સમયસર અને સુરક્ષિત પરિવહન સેવા મળી રહે તે માટે સતત નવીન ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને બસોના આધુનિકીકરણ માટે વાહન વ્યવહાર વિભાગનું દિશાદર્શન કર્યું છે.

મુખ્યમંત્રીએ નાગરિકો માટે બસ સેવાઓને વધુ સુવિધાસભર બનાવવાના હેતુથી એસ.ટી. નિગમની નવી ૧૫૧ સુપર એક્સપ્રેસ બસોને લીલી ઝંડી ફરકાવીને વિવિધ રૂટ માટે પ્રસ્થાન કરાવ્યું હતું.

વાહનવ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આ નવી બસોનો લોકાર્પણ સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા જાહેર પરિવહન અને રોડ ઈન્ફ્રાસ્ટ્રકચરના

(અનુ. આઠમા પાને)



**NATIONAL SECURITIES DEPOSITORY LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the red herring prospectus ("**RHP**") dated July 23, 2025 with RoC. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, website of the BSE Limited at www.bseindia.com, the website of the Company at www.nsdl.co.in and the websites of the BRLMs, i.e. ICICI Securities Limited, Axis Capital Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited, IDBI Capital Markets & Securities Limited, Motilal Oswal Investment Advisors Limited, SBI Capital Markets Limited and HDFC Bank Limited at www.icicisecurities.com, www.axiscapital.co.in, www.business.hsbc.co.in, www.idbicapital.com, www.motilaloswalgroup.com, www.sbicaps.com and www.hdfcbank.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section titled 'Risk Factors' on page 34 of the RHP. Potential investors should not rely on the draft red herring prospectus dated July 7, 2023 filed with SEBI for making any investment decision.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act. Accordingly, the Equity Shares are only being offered and sold (a) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) pursuant to Section 4(a) of the U.S. Securities Act and (b) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 298A/25

# સત્યમ, શિવમ અને સુંદરમ્ એકમાત્ર ભગવાન 'શિવ': ગુરૂમાઁ સમાનંદ સરસ્વતીજી

## રોટરી ક્લબ આયોજિત ''મહિમા મહાદેવનો'' પ્રવચન શૃંખલાનું ભક્તિમય વાતાવરણ વચ્ચે સમાપન, પાંચ દિવસીય પ્રવચનમાળામાં રાજકીય-સામાજિક આગેવાનો સહિત બહોળી સંખ્યામાં શિવભક્તો રહ્યા ઉપસ્થિત

**અબતક, રાજકોટ**

રાજકોટના પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ ખાતે તારીખ ૨૫ થી ૨૯ જુલાઈ દરમિયાન આયોજિત ''મહિમા મહાદેવનો'' પ્રવચન માળાનું પાંચમા દિવસે ભકિતમય વાતાવરણ વચ્ચે સફળતાપૂર્વક સમાપન થયું હતું. રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર, હોટલ ફર્ન સત્વ રીસોર્ટ્સ અને કોટેચા પરિવાર દ્વારા આયોજિત આ પાંચ-દિવસીય શૃંખલામાં સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ભાવિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમદર્શન આશ્રમ, ગાંધીનગરના પરમ શ્રદ્ધેય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ વ્યાસપીઠ પરથી પોતાની સૌમ્ય વાણીમાં શિવ મહિમ્ન સ્તોત્ર આધારિત મહાદેવના મહિમાનું ગુણગાન કર્યું હતું.





જેનાથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી ભરપૂર બન્યું હતું. પાંચમા અને અંતિમ દિવસે ગુરુમાએ શિવજીની લીલાઓ વિશે વાત કરતાં જીવનના ગહન સત્યો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જીવનની અનિશ્ચિતતા પર ભાર મૂક્યો, અને ''સત્યમ, શિવમ અને સુંદરમ'' માત્ર ભગવાન શિવમાં જ જણાવ્યું કે ''ઈશ્વરના નિયમ અફર છે, તેમાં શ્રદ્ધા રાખવી જ રહી. તે દરેક માટે સમાન રૂપે લાગુ પડે છે.'' તેમણે મૃત્યુની નિશ્ચિતતા અને છે તેમ સમજાવ્યું હતું. આધ્યાત્મિક યાત્રાને ''હું કંઈક છું'' થી શરૂ કરીને, પછી ''હું કશું નથી'' અને અંતે ''હું સર્વસ્વ છું'' તરફની ગતિ તરીકે વર્ણવવામાં આવી હતી તેમણે શ્રોતાઓને ઊંડાણપૂર્વક

(અનુ. આઠમા પાને)

### ''અબતક'' ડિજિટલ અને ચેનલના માધ્યમ થકી લાખો ભક્તોએ નિહાળ્યો શિવ મહિમા

રોટરી ક્લબ દ્વારા આયોજિત 'મહિમા મહાદેવ' પ્રવચનમાળા ભક્તિ ભાવપૂર્વક સંપન્ન થઈ ગઈ છે. જેનો લાખો ભક્તોએ અબતક ચેનલ અને ડિજિટલ માધ્યમો દ્વારા ઘરે બેઠા લાભ લીધો હતો. આ પ્રવચનમાળાએ શ્રદ્ધાળુઓને ધર્મ અને આધ્યાત્મિકતા સાથે જોડવાનો એક અનોખો અવસર પૂરો પાડ્યો હતો. ખાસ કરીને જે ભક્તો મંદિરોમાં જઈ શકતા ન હતા અથવા દૂર વસવાટ કરતા હતા તેઓ પણ ડિજિટલ માધ્યમથી મહાદેવની મહિમા અને ઉપદેશોથી પરિચિત થઈ શક્યા હતા. અબતક મીડિયાના ડિજિટલ પ્લેટફોર્મનો સદુપયોગ કરીને ધાર્મિક કાર્યક્રમોને વિશાળ જનસમુદાય સુધી પહોંચાડી શકાય છે તેનું આ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પહેલથી ભક્તોને તેમની આસ્થાને વધુ ગાઢ બનાવવામાં મદદ મળી અને તેઓએ પ્રવચનોનો લાભ લઈને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો. આ પ્રવચનમાળાએ ધાર્મિક જાગૃતિ ફેલાવવામાં અને ભક્તોને ધર્મ પ્રત્યે વધુ આકર્ષિત કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

### મહિમા મહાદેવનો પ્રવચનમાળા એક દિવ્ય અનુભવ: ડો. મોનપરા



અબતક સાથેની વાતચીતમાં શિવભક્ત ડો. મોનપરાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં યોજાયેલી શિવ મહિમા પ્રવચનમાળાનું આયોજન ખરેખર અદ્ભુત અને પ્રશંસનીય હતું. મારા માટે આ એક અત્યંત વિશેષ અવસર હતો કારણ કે ગુરુમા સાથે મારો સંબંધ ખૂબ ગાઢ છે. મારું સદભાગ્ય હતું કે મને તેમને મળવાનો મોકો મળ્યો હતો તે સમયે ભલે તેઓ ઈજાગ્રસ્ત હતા છતાં તેમની દિવ્યતા અકબંધ હતી. ગુરુમાના પ્રવચનો ખરેખર હૃદયસ્પર્શી હોય છે. તેમણે અત્યંત સરળ ભાષામાં કઠિન શાસ્ત્રો અને ગ્રંથોના ગહન રહસ્યોને એવી રીતે સમજાવ્યા કે સામાન્ય લોકો પણ તેને સરળતાથી સમજી અને આત્મસાત કરી શકે. તેમના પ્રવચનોએ ભગવાન શિવના મહિમાને ગાવામાં અમને ખૂબ પ્રેરણા આપી. આ સમગ્ર આયોજનને સફળ બનાવનાર તમામ મેનેજમેન્ટ ટીમના સભ્યોનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

### વિવિધ જ્યોતિર્લિંગાના પ્રસાદ પ્રાપ્ત કરવાનો સુભગ અવસર મળ્યો: બિંદુ રાયચુરા



અબતક સાથેની વાતચીતમાં શિવ ભક્ત બિંદુ રાયચુરાએ જણાવ્યું હતું કે, પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મને શિવ મહિમાનો સાક્ષાત શ્રવણ કરવાનો અદ્ભુત લ્હાવો મળ્યો હતો. આ મારા માટે ખૂબ જ ખાસ ક્ષણ હતી કારણ કે મેં ગુરુમાને પહેલીવાર રૂબરૂ સાંભળ્યા હતા. અત્યાર સુધી મેં તેમની વાણી અને પ્રવચનો ફક્ત ઑનલાઈન જ સાંભળ્યા હતા પરંતુ તેમને જીવંત સાંભળવાનો અનુભવ ખરેખર અવર્ણનીય અને અત્યંત આનંદદાયક હતો. તેમના શબ્દોમાં એક અલગ જ ઊર્જા અને પ્રેરણા હતી જે સીધી હૃદયને સ્પર્શી ગઈ. આ ભવ્ય આયોજન માટે હું રોટરી ક્લબના કાર્યને હૃદયપૂર્વક બિરદાવું છું. તેમણે ખરેખર એક ઉત્તમ કાર્ય કર્યું છે, જેનાથી અનેક ભક્તોને ધાર્મિક લાભ મળ્યો. આ કાર્યક્રમની વ્યવસ્થા અને આયોજન ખરેખર

(અનુ. આઠમા પાને)

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટની જળસંચય માટે નવી પહેલ પાણી બચાવોના અભિયાન સાથે ''બેન્ડ પાર્ટી''નો પ્રારંભ

## વરણા ગામના સામાજિક કાર્યકરો બેન્ડ પાર્ટી દ્વારા થનારી આવકના રૂપિયા જળસંચય માટે વાપરશે, નાના-મોટા સારા પ્રસંગોએ બેન્ડ પાર્ટીને બુક કરાવવા અનુરોધ

**અબતક, રાજકોટ**



ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચયના કાર્યને વધુ વેગ આપવા માટે એક અનોખી પહેલ કરવામાં આવી છે. ટ્રસ્ટે ''ગીરગંગા બેન્ડ પાર્ટી'' શરૂ કરી છે. જેનું લોકાર્પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે ગત તારીખ ૧૨ ના રોજ જળ સંમેલનમાં ૧૨ નવા હિટાચી મશીનના લોકાર્પણ પ્રસંગે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જળસંચયના કાર્યમાં આ નવા વિચારને બિરદાવ્યો હતો. આ બેન્ડ પાર્ટી દ્વારા થનારી આવકનો એકેએક પૈસો જળસંચયના કાર્યો માટે વાપરવામાં આવશે. જે પાણીની અછતની સમસ્યા સામે લડવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. ગીર ગંગા પરિવાર ટ્રસ્ટે પ્રેસ કોન્ફરન્સ યોજી વધુ માહિતી આપી હતી.

આ બેન્ડ પાર્ટી જામનગર જિલ્લાના જામનગર તાલુકાના વરણા ગામના યુવા-ઉદ્યોગપતિઓ અને સામાજિક કાર્યકરો દ્વારા ચલાવવામાં આવશે. ભૂતકાળમાં આ યુવાનો ગૌશાળાના લાભાર્થે બેન્ડ પાર્ટી ચલાવતા હતા પરંતુ સમય અને આર્થિક પડકારોને કારણે ગૌશાળાઓ ઓછી થતાં તેઓ રાજકોટ સ્થળાંતર થયા અને પોતાના વ્યવસાયમાં વ્યસ્ત બન્યા હતા. જોકે તેમનામાં સમાજસેવાનો ઉદ્દેશ્ય જીવંત રહ્યો હતો. આથી રાજકોટમાં વસેલા વરણા ગામના ચેતનભાઈ કોઠીયા, જયસુખભાઈ

(અનુ. આઠમા પાને)

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને ગ્રાન્ટેડ લો કોલેજ દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીનું સન્માન

## ગ્રાન્ટેડ કોલેજનું આર્થિક ભારણ ઘટાડી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ચૂકવવાની થતી ફી સરકારે મંજૂર કરી

**અબતક, રાજકોટ**

ગુજરાતની વિવિધ ગ્રાન્ટેડ લો કોલેજો દ્વારા ઓછી ફીમાં લોના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા હોય અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવતી ફી વધુ પડતી હોવા બાબતે આ ફી ગુજરાત સરકાર દ્વારા બીસીઆઈમાં ભરપાઈ કરી દેવામાં આવી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કાયદા મંત્રી ઋષીકેશભાઈ તથા શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા દ્વારા ગ્રાન્ટેડ કોલેજની દરખાસ્ત માન્ય રાખેલ અને તમામ



કોલેજોની બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં ભરવાની બાકી ફી અને ભરેલ ફીની ચકાસણી કરી ગુજરાત

(અનુ. આઠમા પાને)

# સાંસદ રામભાઈ મોકરિયાની રાજ્યસભાના સભ્ય કમલ હાસન સાથે શુભેચ્છા મુલાકાત




**અબતક, રાજકોટ:** સંસદના વર્તમાન સત્ર દરમિયાન આજે રાજ્યસભામાં રાજકીય અને કલા જગતની જાણીતી હસ્તીઓ વચ્ચે સુમેળભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા. રાજ્યસભાના સભ્ય રામભાઈ મોકરિયાએ રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ સિંહ, કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, તથા ફિલ્મ જગતના ખ્યાતનામ કલાકાર અને નવનિયુક્ત રાજ્યસભાના સભ્ય કમલ હાસન સાથે સૌહાર્દપૂર્ણ શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાતો દરમિયાન નેતાઓ

(અનુ. આઠમા પાને)

# તપસ્વી સ્કુલમાં છાત્રોના કૌશલ્યને બિરદાવવાં ઈન્વેસ્ટિચર સમારોહની ઉજવણી

## નવા નિયુકત થયેલા વિદ્યાર્થીઓએ નિતિ-નિયમોનું પાલન કરવા શપથ ગ્રહણ કર્યા









**અબતક, રાજકોટ**

તપાસવી સ્કૂલ, રાજકોટ માં નવા વિદ્યાર્થીઓના નેતૃત્વ ગોઠવણના ભાગરૂપે વિદ્યાર્થી પરિષદના ઈન્વેસ્ટિચર સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓ અને વાલીએ કાર્યક્રમ પ્રત્યક્ષ નિહાળયો હતો. સમારંભમાં હેડ બોય,, હેડ ગર્લ્સ, વાઈસ હેડ બોયઝ, વાઈસ હેડ ગર્લ્સ, કેપ્ટન , વાઈસ કેપ્ટનની નિમણુંક કરવામાં આવી. તેમજ શપથ વિધીનું આયોજન કરવામાં આવ્યું. કુલ ૩૦ વિદ્યાર્થીઓનો ને સ્ટુડન્ટ કાઉન્સિલમાં બિરદાવવામાં આવ્યા હતા.

શપથગ્રહણ વિધિ દરમિયાન નવા નિયુક્ત થયેલ વિદ્યાર્થીઓએ શાળાની નીતિ, સંસ્કાર અને નિયમોનુ પાલન રાખી, એક ઉત્તમ નેતા તરીકે સેવા આપવાનો સંકલ્પ કર્યો. શાળાના ટ્રસ્ટી અમીષભાઈ દેસાઈ, પ્રિન્સિપાલ દર્શિનીબેન કથરેચા તથા તમામ શિક્ષકમંડળે વિદ્યાર્થીઓને તેમની જવાબદારી નિભાવવા માટે પ્રોત્સાહન તથા અભિનંદન પાઠવ્યું હતું.કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા, જે સર્વેનું ધ્યાન ખેંચી ગયા.આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ કૌશલ્ય, જવાબદારીની ભાવના અને નૈતિક મૂલ્યોનો વિકાસ થાય છે.

વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહી છે.કાર્યક્રમના અંતે તમામ નવ દળ શાળાના વિકાસ અને શિસ્ત માટે સંકલ્પબદ્ધ બન્યું અને એક ઉત્સાહભેર નવી શરૂઆતની ઉજવણી કરવામાં આવી.

# મારા મત વિસ્તારના અનેક કામો કોર્પોરેશનમાં પેન્ડિંગ: ઉદય કાનગડે ધોકો પછાડયો

## ધારાસભ્ય ઉદય કાનગડે કોર્પોરેશન કચેરીમાં રિવ્યુ બેઠક યોજી: પડતર કામનું લીસ્ટ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મોકલ્યું

**અબતક,રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા ખાતે ધારાસભ્ય ઉદય કાનગડ અને શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયાની ઉપસ્થિતિમાં તેમજ મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ વિધાનસભા-૬૮ના વિવિધ વિકાસશીલ પ્રોજેકટો અંતર્ગત રીવ્યુ બેઠક યોજાઈ હતી.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાજનોને સહજ રીતે પ્રાથમિક સુવિધા પ્રાપ્ય થાય તે માટે સફાઈ,બાંધકામ સહીત તમામ શાખા દ્વારા ખુબ સારી કામગીરી કરવામાં આવતી હોય, મહાનગર પાલિકા દ્વારા બનાવવામાં આવેલ ડેશબોર્ડના માધ્યમથી આવતી રજુઆતોનો પણ સત્વરે નિકાલ થતો હોય પ્રજાના પ્રશ્નો-રજુઆતોનો સત્વરે પ્રત્યુતર મળે છે. તેમજ રાજકોટ મહાનગર પાલિકા દ્વારા સાંસદો અને ધારાસભ્યો માટે ઓનલાઈન પોર્ટલ / ડેશબોર્ડ પણ બનાવવામાં આવેલ છે જેમાં કોઈપણ સ્થળે બેઠા-બેઠા રાજકોટ મહાનગર પાલિકા લગત ફરિયાદ/પ્રશ્નો/રજુઆત કરી શકે છે સાથોસાથ ફોટા પણ અપલોડ કરી શકે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફરિયાદ/પ્રશ્ન/રજૂઆત અંગે થયેલ કામગીરીની વિગતવાર અહેવાલ તેમજ જરૂરી ફોટો પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે સાંસદો અને ધારાસભ્યોને યોગ્ય જાણકારી મળે રહે. ત્યારે પખવાડીયા પહેલા ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા વિધાનસભા-૬૮ વિસ્તારની જનતા જનાર્દન અને કોર્પોરેટરોની રાજકોટ મહાનગરપાલિકા લગત વિવિધ રજૂઆતો પરત્વે ગાંધીનગર ખાતે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે રૂબરૂ મુલાકાત કરી ઉંડાણપૂર્વક પરામર્શ કરવામાં આવેલ.

માળખાકીય વિકાસ એ કોઈપણ વિસ્તારમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ ચિહન હોય શહેરના ઉપલા કાંઠો વધતી જતી વસ્તીને કારણે સતત વિસ્તરી રહયો હોય, શહેરની પૂર્વ દિશામાં વિકાસના ધ્વાર વધુ ખુલ્યા હોય ઉપલા કાંઠાના વિકાસને વધુ વેગવંતો બનાવવા માટે અને વિધાનસભા-૬૮માં જનતા જનાર્દનને પ્રાથમિક સુવિધા અને માળખાકિય અને આંતર માળખાકિય સુવિધાઓ સરળ રીતે પ્રાપ્ય થાય અને સામા કાંઠાના વિકાસને વધુ વેગવંતો બનાવવા માટે, વિધાનસભા-૬૮ના પ્રજાજનો અને વોર્ડના કોર્પોરેટરો ધ્વારા આવેલ વિવિધ વિસ્તારોના પ્રશ્નો બાબતે પોતાના મત વિસ્તારના લોકોના હિતોનું પ્રતિનિધિત્વ કરવાના ભાગરૂપે ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાને લગત ૫૫થી વધુ રજુઆતો કરવામાં આવેલ હતી,

આ રજુઆતોમાં વિધાનસભા-૬૮ માં વિવિધ વિસ્તારોમાં લોકોને ભૂગર્ભ, રોડ,રસ્તા,પાણી,ડી.આઈ. પાઈપલાઈન, શિક્ષણ-આરોગ્ય, નવા કોમ્યુનીટી હોલ,

(અનુ. આઠમા પાને)

# ભાવનગર ભાજપમાં ભડકો: મેયરની આત્મવિલોપનની ચીમકીથી ખળભળાટ

## ''જો વધુ દબાવવામાં આવશે તો આત્મવિલોપન કરીશ, એ પહેલા ઘણા બધાના રાજ ખોલી નાખીશ'': મેયર ભરતભાઈ બારડ

**અબતક રાજકોટ**

કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભાવનગર શહેર ભાજપમાં આંતરિક વિખવાદો ચરમસીમાએ પહોંચ્યા છે. હવે હદ વટી ગઈ હોય તેમ, શહેરના મેયર ભરતભાઈ બારડે વોટ્સએપ ગ્રુપમાં પોતાની સાથે થતા અન્યાય અને તેમને નિશાન બનાવવામાં આવતા હોવા અંગે હૈયા વરાળ ઠાલવી હતી. તેમણે જો તેમને વધુ દબાવવામાં આવશે તો જાહેરમાં આત્મવિલોપન કરવા સુધીની ગંભીર ચીમકી ઉચ્ચારી છે, અને આ પહેલા ઘણા રાજ ખોલવાની પણ ધમકી આપી છે. મેયરની આ પોસ્ટથી ભાજપમાં ખળભળાટ મચી ગયો છે, ખાસ કરીને બુધવારે ભાજપના પ્રભારી રત્નાકરજી ભાવનગર આવી રહ્યા છે તે પહેલાં જ આ ભડકો થયો છે.

શહેર ભાજપ અને કોર્પોરેશનમાં છેલ્લા ઘણા સમયથી ગ્રુપિઝમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, જેમાં સંગઠન અને નગરસેવકો સામસામે આવી ગયા છે. ભૂતકાળમાં પણ સંગઠનથી નારાજ નગરસેવકોએ પ્રદેશ કક્ષા સુધી રજૂઆતો કરી હતી. હવે મેયર ભરતભાઈ બારડે ભાજપના સોશિયલ મીડિયા વોટ્સએપ ગ્રુપમાં પોતાની નારાજગી ઠાલવી હતી. તેમણે ૧૯૭૮થી જનસંઘ સાથે જોડાયા ત્યારથી લઈને અત્યાર સુધીની પોતાની નિષ્ઠાવાન કામગીરીનો ઉલ્લેખ



કર્યો હતો અને જણાવ્યું હતું કે તેમને કોઈની લાગવગથી નહીં, પરંતુ પોતાની મહેનતથી મેયરનું પદ મળ્યું છે. આ ઉપરાંત, તેમણે કેટલાક લોકો દ્વારા તેમને નિશાન બનાવવામાં આવતા હોવા અને સિનિયર કાર્યકર્તા સાથે અલગ પ્રકારનો વ્યવહાર થતો હોવાની પણ ફરિયાદ કરી હતી.

મેયરના મેસેજ પાછળ અનેક કારણો હોવાનું મનાય છે. તેમાં મુખ્યત્વે લારી-ગલ્લા વિભાગમાં એક ભ્રષ્ટ કર્મચારી સામે મેયરે ફરિયાદ કરતા વિવાદ વકર્યો હોવાનું કહેવાય છે. સામાન્ય પરિવારમાંથી આવતા મેયર ભ્રષ્ટાચાર ન થાય તેવા મતના છે. આ ઉપરાંત, સૌથી ચોંકાવનારી વાત એ છે કે ભાજપના જ એક વોર્ડ પ્રમુખ અને એક મહિલા હોદ્દેદાર દ્વારા મેયરને હનીટ્રેપમાં ફસાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, અને આ ષડયંત્ર પાછળ ભાજપના જ મોટામાથાઓ સામેલ હોવાનું બહાર આવતા મેયર વ્યથિત થયા છે. આ ઘટના બાદ ભાજપના પ્રભારી રત્નાકરજી સમક્ષ ફરિયાદ કરવાના હતા, તે પહેલા જ દબાણ થતા મેયરે આ આવેશપૂર્ણ પોસ્ટ મૂકી હતી. જોકે, રાત્રે ૧૧:૩૦ વાગ્યા આસપાસ આ તમામ પોસ્ટ ગ્રુપ એડમિન દ્વારા તાત્કાલિક ડિલીટ કરી દેવામાં આવી હતી.

મેયર ભરતભાઈ બારડ છેલ્લા ઘણા સમયથી ભાજપના એક ચોક્કસ જુથની નજરમાં ખટકી રહ્યા છે. બદલીઓ અને કોન્ટ્રાક્ટ સહિતની બાબતોમાં તેમની દખલગીરી એક જુથને નડતી હોવાથી પ્રથમ નાગરિક હોવા છતાં તેમનું વારંવાર અપમાન થતું હોવાનો તેમને અહેસાસ થઈ રહ્યો છે. કોર્પોરેશનની ચૂંટણીને હવે માત્ર છ મહિના જ બાકી છે ત્યારે, જો મેયર કોઈ મોટો ધડાકો કરશે તો અનેક રાજકીય કારકિર્દીને અસર થઈ શકે છે.

આ ઘટના ભાજપ માટે ચૂંટણી પહેલાં એક મોટો પડકાર બની શકે છે.

# રિલાયન્સ, ઓએનજીસી અને બીપી વચ્ચે સૌરાષ્ટ્રમાં તેલ-ગેસ શોધખોળ માટે કરાર

## કરાર હેઠળ, ત્રણેય કંપનીઓ સંશોધન અને ઉત્પાદન કામગીરી હાથ ધરશે: ઊર્જા સુરક્ષામાં વધારો થશે

**અબતક, રાજકોટ**

ભારતના ઊર્જા ક્ષેત્રમાં એક સીમાચિહ્નરૂપ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. દેશની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડએ જાહેર ક્ષેત્રની અગ્રણી ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ (ઓએનજીસી) અને આંતરરાષ્ટ્રીય ઊર્જા ક્ષેત્રની દિગ્ગજ કંપની બીપી એક્સપ્લોરેશન (આલ્ફા) લિમિટેડ સાથે એક મહત્વપૂર્ણ સંયુક્ત કાર્યકારી કરાર કર્યો છે. આ કરાર જીએસ-ઓએસએચપી-૨૦૨૨/૨ નામના એક ખાસ બ્લોકમાં તેલ અને કુદરતી ગેસની શોધખોળ અને ઉત્પાદન માટેનો છે. આ કરાર મુંબઈમાં સંપન્ન થયો હતો.

આ મહત્ત્વનો બ્લોક સૌરાષ્ટ્ર બેસિનમાં પશ્ચિમ દરિયાકાંઠે આવેલો છે. ભારત સરકારની હાઈડ્રોકાર્બન એક્સપ્લોરેશન અને લાઈસન્સિંગ પોલિસી (એચઈએલપી) ના ભાગરૂપે, આ બ્લોક રિલાયન્સ, ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ અને બીપી ને સંયુક્ત રીતે ફાળવવામાં આવ્યો છે. આ કરાર હેઠળ, ત્રણેય કંપનીઓ બ્લોકની ફાળવણીની શરતો અને નિયમો અનુસાર સંશોધન અને ઉત્પાદન કામગીરી હાથ ધરશે. આ સહયોગથી ભારતમાં, ખાસ કરીને ગુજરાતના સૌરાષ્ટ્ર દરિયાકાંઠાના વિસ્તારમાં, નવા હાઈડ્રોકાર્બન ભંડારો શોધી શકાય તેવી પ્રબળ સંભાવના છે, જે દેશની ઊર્જા સુરક્ષાને વધુ મજબૂત બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. આ કરાર ભારતના આત્મનિર્ભરતાના લક્ષ્યને પણ વેગ આપશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડએ ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની કંપની તરીકે જાણીતી છે. કંપનીની નાણાકીય સ્થિતિ ખૂબ જ મજબૂત છે, જેમાં ૩૧ માર્ચ, ૨૦૧૮ ના રોજ પૂરા થયેલા વર્ષ માટે તેની એકીકૃત આવક ₹૧૦,૭૧,૧૭૪ કરોડ અને ચોખ્ખો નફો ₹૮૧,૩૦૯ કરોડ હતો. રિલાયન્સ પેટ્રોલિયમ ઉત્પાદનોના શુદ્ધિકરણ અને માર્કેટિંગ, પેટ્રોકેમિકલ્સ, અદ્યતન સામગ્રી, મિશ્રણ, નવીનીકરણીય ઊર્જા (જેમ કે સૌર અને હાઈડ્રોજન), રિટેલ અને ડિજિટલ સેવાઓ જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. રિલાયન્સની વૈશ્વિક સ્તરે પણ ઓળખ છે. ૨૦૨૪ માં, તે ફોર્ચ્યુનની ગ્લોબલ ૫૦૦ ની 'વિશ્વની સૌથી મોટી કંપનીઓ'ની યાદીમાં ૮૬મા ક્રમે હતી, જે આ યાદીમાં દર્શાવવામાં આવેલી ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની કંપની છે. આ ઉપરાંત, રિલાયન્સ ૨૦૨૪ ની ૧૦૦ સૌથી પ્રભાવશાળી કંપનીઓની ટાઈમની યાદીમાં બે વખત આ સન્માન પ્રાપ્ત કરનાર એકમાત્ર ભારતીય કંપની પણ છે, જે તેની વૈશ્વિક પ્રતિષ્ઠા અને પ્રભાવ દર્શાવે છે. આ સહયોગ રિલાયન્સની ઊર્જા ક્ષેત્રેની આગેકૂચને વધુ મજબૂત બનાવશે.

# અરવિંદભાઈ મણિયાર ટ્રસ્ટ દ્વારા શુક્રવારે નિદાન - સારવાર કેમ્પ

**અબતક, રાજકોટ**

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના માધ્યમથી તારીખ ૧લી ઓગસ્ટ, શુક્રવાર સવારે ૯:૦૦ થી ૧:૦૦, હોટલ પેટ્રીયા સ્યુટસ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં દંતવેધ ભરતભાઈ વ્યાસ દ્વારા પૌરાણિક જલંધરબંધ યોગ પદ્ધતિ દ્વારા દંતને લગતી સમસ્યાઓનું નિદાન અને સારવાર કરવામાં આવશે. આ ઉપરાંત ડો.મહેશભાઈ ચાવડા સુજોક થેરાપી દ્વારા સાંધાના દુઃખાવા અને સ્નાયુના દુઃખાવા હાથના પંજામાં ચોક્કસ જગ્યાએ દબાણ આપી શરીરના દુઃખાવા દૂર કરશે. આ ઉપરાંત ટીમેક્ષ ફાઉન્ડેશન દ્વારા કાસ્ય મસાજ થેરાપી મનસુખભાઈ સરવૈયા આપશે. અરવિંદભાઈ વાળા દ્વારા ફિઝિયોથેરાપી સારવાર આપવામાં આવશે. બી.પી, ડાયાબિટીસનો રિપોર્ટ સેલસ હોસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવશે. સાઈટીકા, ગોઠણના દુઃખાવા, સર્વાઈકલ સ્પોનડીલાઈટીસ વગેરે સ્નાયુના દુઃખાવાની સારવાર સુજોક થેરાપી દ્વારા કાજલબેન હરીયા આપશે. આ ઉપરાંત ચિંતા, તણાવ, ડિપ્રેશન, પર્સનાલિટી જેવી મેન્ટલ હેલ્થને લગતી બાબતોના નિદાન માટે ડો.કર્તવી ભટ્ટ સેવા આપશે.

આ કેમ્પનો લાભ લોકો બહોળી સંખ્યામાં લે. તેમ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો.વલ્લભભાઈ કથીરિયા તેમજ ટ્રસ્ટી મંડળ અને ટ્રસ્ટના કાર્યકર્તાઓએ અપીલ કરી છે. આ નિઃશુલ્ક કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળ સાથે ટ્રસ્ટનાં કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.


ન.મજસ/કેસ.નં.૯૬/૨૦૨૫
તા.૨૯/૦૭/૨૦૨૫

કણઝરીયા કાળુભાઈ દેવાભાઈ ..........અરજદાર
રહે:- વઢવાણ ઠે,શીયાણીની પોળ બહાર, સતવારાપરા, ઉગમણીશેરી નં-૪.
તા.વઢવાણ જી.સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
મેડીકલ ઓફીસરશ્રી હેલ્થ (M.O.H) સુરેન્દ્રનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
તા.વઢવાણ સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષય:- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને આ નોટીશથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી કણઝરીયા કાળુભાઈ દેવાભાઈ ના બહેનશ્રી જમકુબેન દેવાભાઈ કણઝરીયા નો જન્મ તા.૦૫/૦૨/૧૯૬૫ ના રોજ મોજે-વઢવાણ તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ ની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીશ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવું.વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ.અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજરોજ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી થી આ પ્રેસ નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

કોર્ટનો સીકકો
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**



ન. મજસ/કેસ નં. ૧૧૮/૨૦૨૪
તા.૨૧/૧૧/૨૦૨૪

ગિરધરભાઈ શંકરભાઈ વસવેલીયા ..........અરજદાર
રહે.નગરા તા વઢવાણ જી. સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી નગરા
તા. વઢવાણ સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષય:- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને આ નોટીશથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ગિરધરભાઈ શંકરભાઈ વસવેલીયા ના પુત્રશ્રી સંજયકુમાર ગિરધરભાઈ વસવેલીયા જન્મ તા.૦૫/૦૨/૧૯૯૯ ના રોજ નગરા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર મુકામે થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મ ની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે.જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીશ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવું વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ.અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજરોજ તા. ૨૧/૧૧/૨૦૨૪ ના મારી સહી કરી પ્રેસ નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

કોર્ટનો સીકકો
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**



**જાહેર નોટીસ**

બી. એન્ડ ડી. રજી નં.૧૨૮/૨૦૨૫

શ્રી અબ્દુલ રશીદ ટ્રફેલએહમદખાન કાદરી
રહે. સિપાઈવાડા, પાલીતાણા ..........અપીલવાળા

**વિરૂધ્ધ**

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા
તા.પાલીતાણા, જિ ભાવનગર ...........સામાવાળા

**વિષય:-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી અબ્દુલ રશીદ ટ્રફેલએહમદખાન કાદરીના પુત્રી ખાન ફાતેમાં અબ્દુલરશીદનો જન્મ તા ૧૮/૧૧/૧૯૯૯ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના પુત્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો

**સ્થળ:-** પાલીતાણા
**તારીખ:-** ૨૯/૭/૨૦૨૫

કોર્ટનો સીકકો
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**પાલીતાણા**



# જાહેર નોટીસ કમ ચેતવણી

## અયોધ્યા ચોકમાં આવેલ ધી પેલેસ બિલ્ડીંગના પહેલા માળ પર આવેલ ફલેટમાં થયેલ કરારના આધારે સુચિત ખરીદનાર દ્વારા હાલના માલીકનો દસ્તાવેજ રદ કરવા કોર્ટમાં દાવો દાખલ કરેલ હોય જેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસથી સુચીત કરવામાં આવે છે કે, રાજકોટ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર અયોધ્યા ચોક પાસે આવેલ માધાપરના માધાપરના રેવન્યુ સર્વે નં.૪૧ પૈકીની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૪,૧૯,૨૦,૨૧ની કુલ જમીન ચો.મી.આ. ૧૧૯૫-૦૬ તેમજ માધાપરના રેવન્યુ સર્વે નં.૪૧ પૈકી તથા રેવન્યુ સર્વે નં.૪૨ પૈકી રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧+૨+૩+૪+૫+૬+ ૨૬+૨૭+૨૮+૨૯/એ ની જમીન ચો.મી.આ. ૨૨૨૧-૬૫ એમ બન્ને જમીન ચો.મી.આ. ૩૪૧૬-૭૧નું એકત્રીકરણ થયા બાદના સબ પ્લોટ નં. (૪+૧૯+૨૦+૨૧) + (૧+૨+૩+૪+૫+૬+૨૬+૨૭+૨૮+૨૯/એ)/૨ ની ખુલ્લી જમીન ચો.મી.આ. ૧૮૩૫-૯૫ ઉપર રહેણાંકના હેતુ માટે બાંધવામાં આવેલ 'ધી પેલેસ'ના નામથી ઓળખાતા બિલ્ડીંગના પહેલા માળે આવેલ ફલેટ નં.૧૦૧ના માલીક ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીને તેમની માલીકીનો ફલેટ વેચાણ કરવા મારા અસીલ જય ગીરીશભાઈ ખારાનો સાથે સંપર્ક થયેલ, ત્યારબાદ મારા અસીલ જયભાઈ ખારાએ ઉપરોકત ફલેટ જોઈ તપાસી કિંમત નકકી કરી ફલેટ ખરીદ કરવાનુ નકકી કરી, ઉપરોકત ફલેટ રૂા.૨૫,૦૦,૦૦૦/- અંકે રૂપીયા પચ્ચીસ લાખ પુરા વેચાણ રાખેલ છે, મારા અસીલ જય ગીરીશભાઈ ખારા દ્વારા સુથી તથા અશતઃ અવેજ પેટે રકમ રૂા.૫,૦૦,૦૦૦/- અંકે રૂપીયા પાચ લાખ પુરાનો એચ.ડી.એફ.સી. બેંક રાજકોટનો ચેક ફલેટના વેચનારને આપેલ, જે ચેકથી ફલેટના માલીકએ નાણાં મેળવી લીધેલ, પરંતુ ફલેટના માલીકએ બેંકમાંથી લીધેલ લોન ભરપાઈ કરવા ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીને વધુ નાણાંની જરૂરીયાત હોય તેથી ફલેટના માલીક ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીએ મારા અસીલ પાસેથી વધુ નાણાંની માંગણી કરેલ, તેથી મારા અસીલ જય ગીરીશભાઈ ખારાએ વધુ રૂા.૧૦,૦૦,૦૦૦/- અંકે રૂપીયા દસ લાખ પુરાનો એચ.ડી.એફ.સી. બેંક રાજકોટનો ચેક ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીને આપી તેમની પાસેથી સાટાખત કરાર તથા પહોંચ કમ કબુલાતનુ લખાણ કરાવેલ છે.

ત્યારબાદ ફલેટના માલીક ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીએ તેમની માલીકીનો ફલેટની લોન ભરપાઈ કરી ફલેટની વધુ કિંમત મળતા ફલેટ રકમ રૂા.૫૧,૦૦,૦૦૦/- અંકે રૂપીયા એકાવન લાખ પુરામાં મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયરી બ્રોકર પ્રા.લી.ના ઓર્થોરાઈઝ ડાયરેકટર શ્રી જીતેન્દ્ર અમૃતલાલ ચંદારાણાને મારા અસીલની જાણ બહાર વેચાણ આપી દીધેલ છે, જે બાબતે આ કામના મુળ માલીક ક્રિષ્નાબેન પરેશભાઈ જોશીએ સુચિત ખરીદનાર જય ગીરીશભાઈ ખારા એટલે કે મારા અસીલને કોઈ લેખીત કે મૌખીક જાણ ન કરતા તેમજ તેમની પાસેથી લીધેલ સુથી પેટેની રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/- પરત ન આપતા તેમજ મારા અસીલનું મીલ્કતમાં આવેલ હીત જાળવવા મારા અસીલએ અમારા મારફત જરૂરી પક્ષકારોને લીગલ નોટીસો આપેલ છે, જે નોટીસો ફલેટના માલીકને મળવા છતા ક્રિષ્નાબેન પરેશભાઈ જોષીએ આ સાટાખત અને પહોંચ કમ કબુલાત બાબતે કોઈ યોગ્ય કાર્યવાહી ન થતા મારા અસીલ દ્વારા ક્રિષ્નાબેન જોષી તથા મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયરી બ્રોકર પ્રા.લી.ના ઓર્થોરાઈઝ ડાયરેકટર શ્રી જીતેન્દ્ર અમૃતલાલ ચંદારાણા વિરૂધ્ધ સીવીલ કોર્ટમાં નવા ફલેટ ખરીદનાર પક્ષકારનો દસ્તાવેજ અનુ.નં.૧૦૭૧૯/૨૪ તા.૩૦/૧૧/૨૦૨૪ વાળો વેચાણ દસ્તાવેજ રદ કરવાનો તથા કાયમી મનાઈ હુકમ મેળવવાનો દાવો દાખલ કરવામાં આવેલ છે. જે દાવો ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ છે.

સદરહું દાવાનો નીકાલ કરવામાં સમય લાગે તેમ હોય તે દરમ્યાન હાલના માલીક મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયરી બ્રોકર પ્રા.લી.ના ઓથોરાઈઝ ડાયરેકટર શ્રી જીતેન્દ્ર અમૃતલાલ ચંદારાણાએ બિલ્ડીંગ પાડવાની કાર્યવાહી ચાલુ કરી દીધેલ છે, તેથી મારા અસીલએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી, ઝોન-૩માં મીલ્કતનો રજી.અનુ.નં.૫૬૧૬ તા.૨૧/૦૬/૨૦૨૫ના રોજ થી લીઝ પેન્ડન્સ (ડેકલેરેશન નોટીસ) દસ્તાવેજ નોંધાવેલ છે.

આથી આ જાહેર નોટીસ કમ ચેતવણીથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે માધાપરના રેવન્યુ સર્વે નં.૪૧ તથા ૪૨ પૈકીની ખુલ્લી જમીન ચો.મી.આ. ૧૮૩૫-૯૫ ઉપર રહેણાંકના હેતુ માટે બાંધવામાં આવેલ ''ધી પેલેસ'' ના નામથી ઓળખાતા બહુમાળી બિલ્ડીંગમાં ઉપરોકત વિગતએ આવેલ મીલકત બાબતે કોર્ટમાં કાર્યવાહી ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ હોય તેથી તેમના માલીક, એજન્ટ, મુખત્યાર સાથે કોઈએ કોઈ પ્રકારનો વ્યય, વ્યવહાર, ખરીદ-વેચાણ, કાર્યવાહી કે મીલ્કત તબદલીલ થાય તેવો કે ગીરો-બોજો ઉભો થાય તેવો કોઈ વ્યવહાર કરવો નહી, તેમ છતાં આ નોટીસમાં જણાવ્યા મુજબનો કોઈ વ્યવહાર અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આ જાહેર નોટીસ કમ ચેતવણીથી સર્વે પક્ષકારો સ્પષ્ટ નોંધ લેશો.

રાજકોટ
તા.૨૯/૦૭/૨૦૨૫

**અમારી સુચનાથી:-**
**જય ગીરીશભાઈ ખારા**

**મીતુલ જે.આચાર્ય**
**એડવોકેટ**

**ઓફીસ:-**
**''આશીર્વાદ'', પ્લોટ નં.૨, શેરી નં.૧, રૂડા નગર-૩,**
**ઈસ્કોન મંદિરની બાજુમાં, રાજકોટ મો. ૯૮૨૪૨ ૨૩૫૫૧**

તંત્રી લેખ

# ઓપરેશન સિંદૂર ભારતીયોની એકતા, ઈચ્છાશક્તિ અને જીદ્નો વિજયોત્સવ

જમ્મુ-કાશ્મિરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા ધર્મ પૂછીને નિર્દોષ પ્રવાસીઓ પર ચલાવવામાં આવેલી ગોળીઓનો બદલો લેવા માટે ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. મંગળવારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઓપરેશન સિંદૂર અંગે સંસદમાં ૯૦ મિનિટ સુધી નિવેદન આપ્યું હતું. ૧૪૦ કરોડ ભારતીયોની એકતા, ઈચ્છાશક્તિ અને અપ્રિતમ જીદ્નો આ વિજયોત્સવ હોવાનું તેઓએ કહ્યું હતું. સંસદના ચોમાસું સત્રને તેઓએ ભારતના વિજયોત્સવનું સત્ર ગણાવ્યું હતું. વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવી રહેલા એક-એક સવાલનો તેઓએ વિસ્તૃત અને જડબાતોડ જવાબ આપ્યો હતો. સાથોસાથ એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે કોઈપણ તાકાત સામે વશ થઈને ઓપરેશન સિંદૂર બંધ કરવામાં આવ્યું ન હતું. આતંકીઓને ઝેર કરવા માટે આ ઓપરેશન હજુ ચાલુ છે. ૨૨ મિનિટમાં જ ભારતીય સેનાએ ૨૨મી એપ્રિલના રોજ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાનો બદલો લઈ લીધો હતો. પાકિસ્તાનના ખૂણેખૂણે રહેલા આતંકી સેન્ટરોનો સફાયો કરી દેવામાં આવ્યો હતો. પાક.ની ન્યૂક્લિયર ધમકી પણ ખોટી સાબિત થઈ છે. આ ઓપરેશન થકી દુનિયાએ આત્મનિર્ભર ભારતની તાકાત જોઈ લીધી છે. નેવી, આર્મી અને એરફોર્સના સંયુક્ત ઓપરેશનથી પાકિસ્તાનને છઠ્ઠીના ધાવણ યાદ કરાવી દીધા છે. સિંદૂરથી લઈ સિંધુ સુધી આતંકી દેશ સામે કાર્યવાહી કરવામાં આવી છે. હવે જો કોઈપણ દેશ ભારત પર આતંકી હુમલો કરવાનો પ્રયાસ કરશે તો આવો જ જવાબ આપવામાં આવશે. દુનિયાના કોઈપણ દેશે ભારતને તેની સુરક્ષામાં કાર્યવાહી કરતા રોક્યું નથી. માત્ર ત્રણ દેશોએ ઓપરેશન સિંદૂર વિરૂધ્ધ નિવેદનો આપ્યા હતા. જ્યારે વિશ્વના બાકીના તમામ દેશોએ ભારતના વીર જવાનોના સાહસની સરાહના કરી હતી. ભારતની મિસાઈલોએ પાકિસ્તાનના એરબેઈઝ તબાહ કરી નાંખ્યા હતા. અમે ગોળીઓનો જવાબ ગોળાથી આપ્યો છે. આ નવું ભારત છે. જે કોઈ સામે ઝુંકશે નહિં. તેવો સ્પષ્ટ સંદેશો વડાપ્રધાને પોતાના ભાષણમાં આપી દીધો છે.

(હસ્તાક્ષર)

## શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયાનો આજે જન્મ દિવસ



રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અને પૂર્વ ડેપ્યુટી મેયર અશ્વિનભાઈ મોલીયાનો આજે તા. ૩૦/૭ ના શુભ દિવસે જન્મ દિવસ છે ત્યારે તેઓને ઠેર-ઠેરથી શુભેચ્છા મળી રહી છે.

અશ્વિનભાઈ મોલીયા હાલ રાજકોટ મહાનગરમાં મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવી રહયા છે તેઓ ભુતકાળમાં પૂર્વ ડેપ્યુટી મેયર રહી ચુક્યા છે. વર્ષોથી ભાજપની વિચારધારા સાથે સંકળાયેલા અશ્વિનભાઈ મોલીયા યુવાવસ્થાએથી જ ભાજપ પાર્ટીમાં વોર્ડમાં પ્રમુખ, વોર્ડ પ્રભારી, શહેર ભાજપ સંગઠનમાં એક ટર્મ મંત્રી અને એક ટર્મ ઉપપ્રમુખ તરીકે જવાબદારી નિભાવી ચુક્યા છે. રાજકોટ મહાનગરપાલિકામાં ૨ ટર્મ સુધી કોર્પોરેટર તરીકે જવાબદારી નિભાવી જેમાં ડેપ્યુટી મેયર તરીકે પણ બખુબી કામગીરી સંભાળી હતી. રાજકોટ મહાનગરમાં વિધાનસભા-૬૮ માં સામાજીક સંસ્થાઓ તેમજ વિવિધ એસોશીએશન સાથે વર્ષોથી સંકળાયેલા છે. અશ્વિનભાઈ મોલીયા સ્વભાવે અને વ્યક્તિત્વે એકદમ સરળ અને નિખાલસ છે તેઓ હંમેશા જરૂરીયાત મંદને મદદ કરવા તત્પર અને રાજી રહે છે. આજે તેમનો જન્મ દિવસ છે ત્યારે શહેર ભાજપ અગ્રણીઓ, પરિવારજનો, મિત્રવર્તૃળ, શુભેચ્છકો ારા તેમના મો. નં. ૯૮૨૫૦ ૭૪૭૨૭ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે.

## કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે કાલે પુજા, ધ્વજારોહણ સાથે ઉજવણી

**અબતક, રાજકોટ**

કોઠારીયા કોલોનીના આસ્થાના પ્રતિક સમા કોટેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ સુદ સાતમને ગુરુવારે નાની શીતળ સાતમ ધામધુમથી ઉજવાશે. કોટેશ્વર મંદિરમાં માં શીતળામાં મંદિરે સવારે મંગળા આરતી ધ્વજારોહણ કરવામાં આવશે.

સમગ્ર મંદિર શીતળામાના ગગનચૂંબી નાદ થી ગુંજી ઉઠશે. ધર્મપ્રેમી ભાવિકોને શીતળા સાતમના દર્શન તેમજ મહાઆરતીનો લાભ લેવા કોટેશ્વર પરિવારના વિક્રમસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જાડેજા, તથા મંદિરના પુજારી રસીકગીરી બાપુ સહીતનાએ અનુરોધ કર્યો છે તેવું યાદીમાં જણાવ્યું હતું.

## લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે સોમવારે ‘ઈકો ફ્રેન્ડલી રાખડી’ સ્પર્ધા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તથા સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલીત અને ગુજકોસ્ટ માન્ય ઓ.વે.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્સ, રાજકોટ ખાતે કાર્યરત વુમન સાયન્સ કલબની અનેક વિધ પ્રવૃતિઓ અન્વયે બહેનો માટે આગામી સોમવારના રોજ બપોરે ૩ થી ૫ કલાકે દરમિયાન ઈકો ફ્રેન્ડલી રાખડી બનાવટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર અને વિજેતાઓને આકર્ષક પુરસ્કાર આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા દરેકે ઓ.વે.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ મો. નં. ૯૯૭૮૮ ૨૫૮૨૯ પર નામ નોંધણી કરાવી દેવાની રહેશે.

## સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મંડળ દ્વારા સમુહ જનોઈ બદલવાનો કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિધા પ્રસારક મંડળ દ્વારા આગામી તા. ૯-૮ ને શનિવારે સવારના ૬.૩૦ કલાક થી ધુમકેતુ હોલ, હરિગંગા હોલ, રોયલ પાર્ક-૪ કલાવાડ રોડ ખાતે રક્ષાબંધનને દિવસે શ્રવણ નક્ષત્રમાં શાસ્ત્રોકતવિધીવત જયોતિભાઈ ખંભોળીયાના આચાર્ય પદેથી સમુહ જનોઈ બદલાવવાની વિધી રાખેલ હોય અને આ શુભ કાર્યમાં જોડાઈને આ પવિત્ર તહેવારને દિવાળીની જેમ ઉજવવા માટે તમામ જ્ઞાતિજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

પુજાપાના સામગ્રી અને ફલાહારના યજમાનઓ મુળ બરવાળા બાવીસીના વતની મહેતા પરિવાર છે.

માનવતાનો મહા યજ્ઞ

# જૈન સોશિયલ ગ્રુપ એલીટ અને એલીટ સંગીની રવિવારે છઠ્ઠો રક્તદાન કેમ્પ

### લક્કી ડ્રો દ્વારા ૧૧ ભાગ્યશાળી રક્તદાતાઓને ૨ સોનાની અને ૯ ચાંદીની ગીની ભેટ

**અબતક, રાજકોટ**

જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ એલીટ તથા એલીટ સંગીની દ્વારા એક ભગીરથ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટ. ફેડરેશન-સૌરાષ્ટ્ર રીજીયન આયોજિત અને રાજકોટ ઝોન પરિવાર સંકલિત, આ સંસ્થાઓ છઠ્ઠા મહા રક્તદાન કેમ્પનું આયોજન કરી રહી છે. આ કેમ્પ ૩ ઓગસ્ટ, ૨૦૨૪, શનિવારના રોજ સવારે ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી જનકલ્યાણ કોમ્યુનિટી હોલ, મહાવીર સ્વામી ચોક (એસ્ટ્રોન ચોક), રાજકોટ ખાતે યોજાશે.

આ રકતદાન કેમ્પ દ્વારા થેલેસેમિયા પીડિત બાળકો, નાના-મોટા અકસ્માતોમાં ઘવાયેલા વ્યક્તિઓ તેમજ પ્રસુતા બહેનોના જીવન બચાવવામાં મદદરૂપ થવાનો ઉમદા હેતુ છે. આશા છે કે રાજકોટના પરિવારજનો, મિત્રો અને સહકર્મીઓ આ માનવતાના કાર્યમાં જોડાઈને રાજકોટ સિવિલ બ્લડ બેંક, રેડક્રોસ બ્લડ બેંક તેમજ સૌરાષ્ટ્ર વોલેન્ટરી બ્લડ બેંકના સહયોગથી આગળ આવશે.

આ ભવ્ય આયોજનના પ્રોજેક્ટ ચેરમેન તરીકે જીગ્નેશ બોરડીયા, જીતુ પંચમીયા અને ધવલ સંઘવી સેવા આપી રહ્યા છે. શ મનીષ દોશી ઉપાધ્યક્ષ, અને સેજલ કોઠારી રીજીયન ચેરમેનનું માર્ગદર્શન પણ પ્રાપ્ત થઈ રહ્યું છે. રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે, લક્કી ડ્રો દ્વારા ૧૧ ભાગ્યશાળી રક્તદાતાઓને ૨ સોનાની અને ૯ ચાંદીની ગીની આપવામાં આવશે.

તેમજ લકી ડ્રો દ્વારા ૪૩ એ જ એલઈડી અને ૩૨ ઈંચ એલઈડી ૫૦ લિટર ઓફિસ ફ્રીઝ પેનસેટ, સિમપોઈ એર કુલર વીઆઈપી ટ્રોલી બેગ સેટ, ઉષા રાઈસ કુકર ,સાઈકલ તથા સ્માર્ટ વોચ આપવામાં આવશે

આ માનવ કલ્યાણના કાર્યમાં JSG રાજકોટ મેઈન, વેસ્ટ, મીડટાઉન, ડાઉનટાઉન, રોયલ, યુવા, સેન્ટ્રલ, પ્રાઈમ, જેમ, મીડટાઉન લેડીઝ વિંગ, ડાઉનટાઉન સંગીની, દિગંબર જૈન સોશ્યલ ગ્રુપ, જૈન યુવાગ્રુપ, જૈન યુવા જુનિયર, જૈન જાગૃતિ સેન્ટર, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન, અને જૈન ફોર યુ જેવી અનેક સહયોગી સંસ્થાઓ પણ જોડાઈ છે.

વધુ માહિતી માટે તમે ૯૮૨૫૦ ૭૮૩૦૨ પર સંપર્ક કરી શકો છો.

## જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા ધર્મયાત્રાના અધ્યક્ષપદે ગૌતમભાઈ ધમસાણીયાની વરણી

**અબતક, રાજકોટ**

ભગવાન શ્રીકૃષ્ણના પાવન અવતરણ દિવસે દેશભરમાં ઉજવાતી જન્માષ્ટમી આપણા સંસ્કૃતિના ઉજ્જ્વલ પરંપરાનો મહામહોત્સવ છે.

ભગવાન શ્રીકૃષ્ણનું જીવન ઉપદેશ, કર્તવ્ય, પ્રેમ અને પરમાર્થની અનંત કથા છે, જે આજે પણ સમગ્ર માનવજાતને માર્ગદર્શન આપે છે.આવા મહાન પર્વની જોશ ભેર ઉજવણી કરવા સમાજના અનેકવિધ આગેવાનોને સાથે લઈ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. તેના ભાગરૂપે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિની માર્ગદર્શક સમીતીના માવજીભાઈ ડોડિયાં,



નરેન્દ્રભાઈ દવે, હસુભાઈ ભગદે, હસુભાઈ ચંદારાણા, શાંતુંભાઈ રૂપારેલીયાની બેઠકમા સર્વાનુમતે નક્કી થયા મુજબ આગામી જન્માષ્ટમી મહોત્સવ સમીતી દ્વારા યોજાનરી ધર્મયાત્રા ના અધ્યક્ષ તરીકે અગ્રણી ઉદ્યોગપતિ,પાટીદાર આગેવાન,સમાજ સેવી ગૌતમભાઈ ધમસાણીયા ની વરણી કરવામાં આવી છે. આ વખતની શોભાયાત્રા મા સમાજમા સંગઠન, એકતા, સમરસતા અને રાષ્ટ્ર ભક્તી નો સંદેશો જાય તેવા પ્રયત્નો કરવામા આવશે તેવુ ગૌતમભાઈ એ જણાવ્યુ હતુ. ગૌતમભાઈ ધમસાણીયા ની ધર્મયાત્રા અધ્યક્ષ તરીકે વરણી થતા તેમના સંપર્ક ન.(૯૮૨૪૪૫૫૫૦૦) ઉપર રાજકોટના વિવિધ ક્ષેત્રોમાંથી શુભેચ્છાઓ અને આશીર્વાદના ધોધ વહી રહયા છે. તેઓ નિઃસ્વાર્થ સેવા અને કુશળ સંચાલન માટે જાણીતા છે. તેમના નેત્રુત્વમા આ વર્ષે શોભાયાત્રામા અનેક નવિનતા જોવા મળશે.

શ્રાવણ માસમાં આસ્થામાં ભળ્યો પ્રકૃતિનો રંગ

## ઘેલા સોમનાથના મીનળદેવી મંદિરમાં ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર

**અબતક, રાજકોટ**

ચોમાસામાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. ચોતરફ આંખને ઠંડક આપતી હરિયાળી દ્રશ્યમાન થતી જોવા મળે છે. રાજકોટ જિલ્લામાં આવેલું શંકર ભગવાનનું ઘેલા સોમનાથ સૌરાષ્ટ્રના લોકોનું આસ્થાનું પ્રતીક છે. ભગવાન ભોલેનાથના સાનિધ્યમાં અહીં શ્રાવણીયો મેળો ભરાય છે. જેમાં મોટી સંખ્યામાં મહાલવા આસપાસથી લોકો આવે છે.



જસદણના ઘેલા સોમનાથ મંદિર સામે જ ટેકરી પર માતા મીનળદેવીનું મંદિર છે. અહીં પટાંગણમાં ચોતરફ હરિયાળી છવાઈ જાય, તે માટે વન વિભાગ દ્વારા ખાસ અડધા હેકટરમાં વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ૫૦૦૦ વૃક્ષ ઉછેરના સંકલ્પ સાથે ઘનિષ્ઠ વનીકરણ હાથ ધરવામાં આવ્યું છે.

“એક પેડ, મા કે નામ - ૨.૦“ કાર્યક્રમ અન્વયે મીનળદેવી મંદિરના પટાંગણમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. મીનળદેવી મંદિરના પટાંગણમાં ૦.૫ હેકટરમાં “વન કવચ “મોડેલ તૈયાર કરવામાં આવેલ છે, જેમાં ફળ, ઔષધિ, સુશોભન અને છાંયડો આપતાં જુદી-જુદી જાતના ૫૦ પ્રકારના એક સાથે ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

આ વિસ્તિરને હરિયાળો બનાવવા આસપાસના ગામના આગેવાનો, સરપંચો, પદાધિકારીઓ, જસદણ તથા વિંછીયાના તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ તથા આસ્થા સ્કૂલના બાળકો, ક્રિષ્ના સ્કૂલના બાળકો જસદણ તથા વિંછીયા પંથકના ૫૫૦ જેટલા પર્યાવરણ પ્રેમીઓ હાજર રહ્યા હતા.

## ગીતા વિદ્યાલય ટ્રસ્ટના રામેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસની ભવ્ય ઉજવણી

**અબતક, રાજકોટ**

જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવાસંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટના ગીતામંદિર પરિસરમાં પ્રાણપ્રતિષ્ઠાસહ બિરાજમાન રામેશ્રૂર મહાદેવના સાન્નિધ્યમાં ભાવસભર વાતાવરણમાં ભક્તિભાવપૂર્વક શ્રાવણ માસની ઉજવણી થઈ રહી છે. દર સોમવારે પુષ્પશૃંગાર અને ઈલેક્ટ્રિક લાઈટ ડેકોરેશનથી શિવમંદિરની દર્શનીય શોભા સાથે પ્રતિદિન સવારે ૮ થી ૧૧ સુધી વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શિવપૂજન રુદ્રાભિષેક થાય છે. દરરોજ શિવજીને બિલીપત્ર, જળ,પુષ્પો તથા વિવિધ ધાન્યોનો અભિષેક દ્વારા મહાદેવજીની સામૂહિક ભાવવંદના થાય છે. દર્શનનો સમય સવારે ૬-૦૦ થી બપોરે ૧૨-૩૦ અને સાંજે ૪-૩૦થી રાત્રિના ૯-૦૦ સુધીનો રાખેલ છે. ધૂપ-દિપ અને પુષ્પોની સુવાસથી મહેંકતા ગીતા મંદિરમાં મહિલા સત્સંગ મંડળના બહેનોના પ્રતિદિન સાંજે ૫-૩૦ થી ૭-૦૦ ભજન-સત્સંગ થાય છે.રાજકોટ શહેરમાં અજોડ એવી ઓમકાર આકારની ૧૦૮ દીપમાળા સાથે આરતી થાય છે.

ગીતા વિદ્યાલય ટ્રસ્ટ-ગીતા મંદિરમાં શ્રાવણ માસમાં પૂજા,આરતી,દર્શનનો ધર્મલાભ લેવા સર્વે ભાવિકોને ગીતા વિદ્યાલય પરિવારે હાર્દિક અનુરોધ કરેલ છે.

## કષ્ટભંજનદેવ મંદિરે સેંકડો ભકતોએ કર્યા સુંદરકાંડના પાઠ

### હનુમાનજીને શ્રીનાથજીની થીમવાળા વાઘાનો શ્રૃંગાર



**અબતક, રાજકોટ**

વડતાલધામના ઉપક્રમે સ્વામિ નારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસના મંગળવારના રોજ શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને શ્રીનાથજીની થીમવાળા વાઘા પહેરાવ્યા, સિંહાસને હવેલીનો વિશેષ શણગાર કરાયો છે. મંદિરના પરિસરમાં યજ્ઞશાળામા મારુતિ યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ અનેરા દર્શનનો લાભ અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન દાદાના દરબારમાં દર મંગળવારે સવારે અને સાંજે સંગીતમય સુંદરરકાંડ પાઠ - વિભિન્ન સુંદરકાંડ મંડળો દ્વારા પાઠનું ભકિત-ભાવપૂર્વક શ્રીહરિ મંદિરમાં આયોજન કરવામાં આવ્યા હતા. જેમાં મંદિર તરફથી સંપૂર્ણ સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

આજે ૧૦૦ જેટલા ભક્તોના દ્વારા સુંદરકાંડના પાઠ કરવામાં આવ્યો હતો. જેથી ભકતજનો ભકિતમાં તલ્લીન થઈ ગયા હતા.ભકતજનોના શ્રદ્ધા ભાવની ઉપસ્થિતિએ સમગ્ર વાતાવરણને દિવ્ય અને શાંતિમય બનાવી દીધું હતું.

## સાહિત્ય સેતુના પ્રયાસથી કસ્તુરબા વિદ્યાલયમાં ૩૨૦ છાત્રાઓનો સામુહિક વાંચન યજ્ઞ

**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા પ્રવર્તમાન ડીજીટલ યુગમાં નાના મોટા સૌ કોઈ વાંચનથી વિમુખ થઈ રહ્યા છે. ત્યારે વાંચન પ્રવૃતિને વેગ મળે, શહેરીજનો તેમજ દેશના આવતીકાલના નાગરિકો એવા છાત્રો વાંચતા થાય તેવા શુભાશયથી વાંચન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત શહેરના માસ્તર સોસાયટી વિસ્તારમાં આવેલ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત છ દાયકા જૂની કસ્તુરબા વિદ્યાલયમાં સમૂહ વાંચન કાર્યક્રમ યોજવામ આવેલ જેમાં ૩૨૦ થી વધુ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લઈ પોતાને મનગમતું પુસ્તકનું એક કલાક સુધી રસપૂર્વક વાંચન કરેલ.

પુસ્તક વાંચન બાદ તમામ ભાગ લેનાર દીકરીઓએ પોતે વ્યક્તિગત જીવનમાંથી સમય કાઢી નિત્ય પુસ્તકનું વાંચન કરશે તેવો સ્વૈચ્છિક સામૂહિક સંકલ્પ કરેલ.

સાહિત્ય સેતુના સંયોજક અનુપમ દોશીએ વિદ્યાર્થીની બહેનોને જીવનમાં વાંચનનું મહત્વ વાંચનની ઉપયોગિતા વાંચનથી થતા ફાયદા વિશે વાત કરી દરેક બહેનોને નિત્ય અવશ્ય વાંચન કરવા જણાવેલ. કસ્તુરબા વિદ્યાલયના ટ્રસ્ટી હેલીબેન ત્રિવેદીએ વાંચન જાગૃતિ અભિયાનને બિરદાવી શુભકામનાઓ પાઠવેલ. આ કાર્યક્રમમાં નિવૃત શિક્ષક મહમદ હુસૈન કડીવાર, દિનેશભાઈ ગોવાણી, રમેશ શિશાંગીયા, સોનલબેન સોમૈયા ઉપસ્થિત રહેલ.

શાળાના પ્રિન્સીપાલ જાનકીબેન જોશીએ સૌને આવકારી નિત્ય વાંચનની ટેવ પાડવા જણાવેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રંજનબેન જાદવે કરેલ.

## ચક્ષુદાન થકી બે દ્રષ્ટિ હિન વ્યકિતઓને મળી નવી રોશની

### બિમલબેન મહેતાનું અવસાન થતાં પરિવાર દ્વારા ચક્ષુદાન કર્યુ

**અબતક, રાજકોટ**

રાજકોટ જૈન સમાજ ધર્મપરાયણ સ્વ. બિમલબેન અરવિંદભાઈ મહેતાનું દુઃખદ અવસાન થતા સદગતના ભાઈ સંદીપભાઈ અને પરિવારજનોએ ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન સમિતિના સક્રિય કાર્યકર્તા હિતેશભાઈ વાય શાહની પ્રેરણાથી ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને



સમાજને નવો રાહ ચીંધેલ છે. બિમલબેન મહેતાના ચક્ષુનું દાન વિવેકાનંદ યુથ ક્લબના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને ચક્ષુદાન અભિયાન ના અનુપમ દોશી તથા ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ. આ માટે મહેતા પરિવાર નો સંસ્થા દ્વારા આભાર માનેલ. સંસ્થાનું આ ૧૬૧ મુ ચક્ષુદાન હતું. ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬નો સંપર્ક સાધવા યાદીમાં જણાવ્યું હતું.

## ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા શનિવારથી શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

કબીર આશ્રમ પરિવાર પાલનપુર દ્વારા ગુજરાતની કરુણ વિમાની દુર્ઘટનાના તથા સાંપ્રત રાષ્ટ્રીય આપદાઓના દિવંગતોના મોક્ષાર્થે તેમજ વિશ્વશાંતિ હેતુ પવિત્ર શ્રાવણ માસમાં તા.૨ થી ૮ ઓગષ્ટ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું પાવન આયોજન થયું છે. સદગુરુ કબીર, શાન્તીદાસજી બાપુ અને રામસ્વરૂપદાસજી બાપુના શુભાશિષથી કુંવરબા કન્યા વિદ્યાલય પાલનપુરના પ્રાંગણમાં આયોજિત આ ભાગવત કથામાં વક્તાપદે બ્રહ્મલીન ભાગવતાચાર્ય મનહરલાલજી મહારાજના પુત્ર શાસ્ત્રી ડો.કૃષ્ણકુમાર મહેતા સંગીતમય શૈલીમાં કથામૃતનું રસપાન કરાવશે.

કથાશ્રવણનો સમય પ્રતિદિન સાંજે ૪-૦૦ થી ૭-૦૦ નો રહેશે. તા.૨ ઓગષ્ટને શનિવારે બપોરે ૩-૩૦ કલાકે શ્રીમતી માલતીબેન દીપકભાઈ શાહના નિવાસેથી પોથીયાત્રા સાથે કથાનો પ્રારંભ થશે.

ભાગવત કથામાં તા.૩ના રોજ સતીચરિત્ર, તા.૪ના રોજ નૃસિંહપ્રાકટ્ય, તા.૫ના વામનજન્મ, રામજન્મ, કૃષ્ણજન્મ,ભવ્ય નંદમહોત્સવ, તા.૬ના રોજ ગિરીરાજ ઉત્સવ,રુકિમણી વિવાહ વગેરે પ્રસંગો ભાવભેર ઉજવાશે. તા.૮ ઓગષ્ટના રોજ કથાની પૂર્ણાહુતિ થશે.સર્વે ભાવિકોને કથાશ્રવણનો ધર્મલાભ લેવા કબીર આશ્રમ પરિવારના સરલાબેન સત્યેશ્વરી તથા ટ્રસ્ટીઓએ હાર્દિક અનુરોધ કર્યો છે.

## કાલે નાની શિતળા સાતમ

**અબતક, રાજકોટ**

શ્રાવણ સુદ સાતમને ગુરૂવાર તા. ૩૧-૭ ના દિવસે નાની શિતળા સાતમ છે ખાસ કરી સૌરાષ્ટ્રના ગ્રામીણ વિસ્તારમાં આ સાતમનું મહત્વ વધારે છે. લોકવાયકા પ્રમાણે શ્રાવણ વદ સાતમને મોટી શિતળા સામત કહેવાય છે.

નાની શિતળા સાતમના દિવસે બહેનો શિતળા માતાજીનું પુજન કરશે કુલેર ધરશે નાગલા ચુંદળી ચડાવશે શ્રીફળ વધેરશે અને આગલા દિવસે બનાવેલ ટાઢુ ભોજન લેશે.

### શીતળા સાતમના (નાની શાતમના) કાલે મેળો

શીતળા માતાજીના મંદિરે તા. ૩૧ને ગુરૂવારે શીતળા સાતમના મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની નોંધ તથા તમામ શ્રધ્ધાળુને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યું છે.

## પ્રોજેકટ લાઈફ દ્વારા શનિવારે યોગ વર્કશોપ

**અબતક, રાજકોટ**

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ લાઈફ દ્વારા ડાયાબિટીસ માટે યોગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૨ ઓગસ્ટ ૨૦૨૫ શનિવારના રોજ સવારે ૭ થી ૮ અને સાંજે ૫ થી ૬.૩૦ ના રોજ થનાર છે. આ શિબિરમાં યોગના માધ્યમથી ડાયાબીટીસ પર નિયંત્રણ મેળવવા માટે વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ કરાવવામાં આવશે.

આ અંગે વધુ વિગત મેળવવા માટે પ્રોજેકટ લાઈફ બિલ્ડીંગ રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ ખાતે મુલકાત લેવા અથવા મો. નં. ૮૫૧૧૩ ૩૧૧૩૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## બજરંગ ગ્રુપ દ્વારા નિઃશુલ્ક ચકલીના માળાનું વિતરણ

**અબતક, રાજકોટ**

બજરંગ ગ્રુપ રાજકોટ દ્વારા દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન સંસ્થાના કાર્યાલય પંચમુખી હનુમાનજી મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ, રાજકોટ ખાતે યોથાના નિઃશુલ્ક ચકલીના માટીના માળા, કુંડા, રોપા, છોડનું વિતરણ કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, હસુભાઈ ગણાત્રા, દિનેશભાઈ તન્ના ના હસ્તે કરવામાં આવે છે.

નિશુલ્ક રોપા, છોડ, ચકલીના માટીના માળા, કુંડાના વિતરણ પ્રસંગે મનુભાઈ મકવાણા, ભગીરથસિંહ જાડેજા, વિજયભાઈ ભટ્ટ, જયોતિબેન ભટ્ટ, મુન્નાભાઈ રાજા, વસંતભાઈ બુધ્ધદેવ સેવાકીય યોગદાન આપવામાં આવે છે.

# ગુણવત્તાયુકત કામો કરવા જિલ્લા કલેકટરોને સીએમની ટકોર

## લોકોને સારી સેવા-સુવિધાની ટેવ પડી ગઈ છે તેને જાળવી રાખવાની જવાબદારી વહીવટી તંત્રની: મુખ્યમંત્રી

**અબતક, રાજકોટ**

લોકોને સારી સેવા અને સુવિધાની ટેવ પડી ગઈ છે. તેને જાળવી રાખવા ગુણવતાસભર કામો આપવાનું દાયિત્વ જિલ્લા તાલુકા વહીવટી તંત્રએ નિભાવવાનું છે. રાજયના તમામ જિલ્લા કલેકટરોને ગુણવતાયુકત કામો કરવાની ટકોર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એસ્પિરેશનલ જિલ્લા અને એસ્પિરેશનલ તાલુકા(બ્લોક)માં સર્વાંગી વિકાસ કાર્યક્રમોમાં ઉત્કૃષ્ટતા માટેના સંપૂર્ણતા અભિયાન સન્માન સમારોહમાં આહવાન કર્યું કે, રાજ્યના બધા જિલ્લા-તાલુકાઓમાં આવા સંપૂર્ણતા અભિયાન સમારોહ થાય તેવા ગુણવત્તાયુક્ત કામો અને યોજનાઓમાં ૧૦૦ ટકા લાભાર્થી કવરેજ સુનિશ્ચિત કરવું છે.

વ્યવસ્થાઓ ટેકનોલોજીના વિનિયોગથી વિકસી છે તેને કારણે હવે લોકોની અપેક્ષા અને જાગૃતિ વધ્યાં છે. લોકોને સારી સુવિધાઓની ટેવ પડી ગઈ છે તે જળવાઈ રહે તેવી તેમની અપેક્ષાને આપણે સાકાર કરવી પડશે.

મુખ્યમંત્રીએ નીતિ આયોગ દ્વારા જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૨૪ દરમિયાન યોજાયેલા દેશવ્યાપી સંપૂર્ણતા અભિયાનમાં રાજ્યના જે જિલ્લા અને તાલુકાઓએ સંપૂર્ણતા હાંસલ કરવાની સિદ્ધિઓ મેળવી છે તેવા જિલ્લા તાલુકાઓને



એવોર્ડ્સ અને પ્રમાણપત્રથી ગાંધીનગરના મહાત્મા મંદિરમાં સન્માનિત કર્યા હતા.

મુખ્યમંત્રી અને વિધાનસભા અધ્યક્ષએ નીતિ આયોગ દ્વારા નિર્ધારિત તમામ છ ઈંડિકેટર્સમાં સેચ્યુરેશન પ્રાપ્ત કરનારા જિલ્લાઓને ગોલ્ડ, પાંચમાં સેચ્યુરેશન પ્રાપ્ત કરનારા જિલ્લાને સિલ્વર અને ચારમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરનારાને બ્રોન્ઝ એમ કુલ ૧૩ મેડલ સંબંધિત જિલ્લાના તત્કાલિન કલેક્ટરોને એનાયત કર્યા હતા.

યુવા અધિકારીઓની શક્તિ અને લોકહિત કાર્યો માટેની ધગશ જોતાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો ધ્યેય પાર પડશે જ. એટલું જ નહિ, જે કંઈ કામ થશે તે પૂરેપૂરી ગુણવત્તા સાથે થશે.

આપણે વ્યવસ્થાઓને સુદ્રઢ કરીને નીચે સુધી પહોંચાડીને નાનામાં નાના માનવીને મુખ્ય પ્રવાહમાં લાવવો છે. આ માટે ઘણું કામ થયું છે તેને હજુ વેગવંતુ બનાવવું છે.

તેમણે ઉમેર્યું કે યોજનાઓના આયોજન કે અમલમાં નાણાંની પણ કોઈ તંગી નથી તેવું સંગીન ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ રાજ્યમાં છે ત્યારે ગુણવત્તાસભર કામો થાય અને યોજનાઓના ૧૦૦ ટકા લાભ જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી પહોંચે તેવી જિલ્લાઓના વહીવટી વડાઓ પાસે અપેક્ષા છે.

એસ્પિરેશનલ બ્લોક અંતર્ગત લખપત, રાપર, કુકરમુંડા, નિઝર, થરાદ, ઘોઘંબા તથા સાયલા એમ ૭ (સાત) તાલુકાએ તમામ છ(૬) ઈન્ડીકેટર્સમાં સંપૂર્ણતા હાંસલ કરી છે, તે માટે ગોલ્ડ એવોર્ડ, તથા ગરબાડા, નાંદોદ તથા સાંતલપુર તાલુકાએ ૫(પાંચ) ઈન્ડીકેટર્સમાં સંપૂર્ણતા હાંસલ કરવા બદલ સિલ્વર એવોર્ડ તથા ડાંગના સુબીર તાલુકાને ૪(ચાર) ઈન્ડીકેટર્સમાં સંપૂર્ણતા હાંસલ કરવા માટે કાંસ્ય એવોર્ડ પ્રાપ્ત થયા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ ૧૦ જિલ્લામાં 'આકાંક્ષાહાટ'નું ઈ-લોકાર્પણ કર્યુ હતું. આ 'આકાંક્ષા હાટ' થકી 'વોકલ ફોર લોકલ'ને વધુ વેગવાન બનાવવા જિલ્લાની સ્થાનિક અને વિશેષ બનાવટોને પ્રદર્શિત કરાશે.

વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સૌને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, વિકાસના ફળ પહોંચાડવામાં અજાણતા ક્યાંય ત્રુટિ રહી ગઈ હોય તેવા તાલુકા-જિલ્લાના સર્વગ્રાહી વિકાસ પર વિશેષ ધ્યાન આપવું તેવો મુખ્યમંત્રીનો હરહંમેશ અભિગમ રહ્યો છે. ગુજરાતના આવા એસ્પિરેશનલ જિલ્લા અને તાલુકાના વિકાસ પર રાજ્ય સરકાર ઉપરાંત નીતિ આયોગ દ્વારા પણ ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

જેના પરિણામ સ્વરૂપે આજે ગુજરાતના આવા જિલ્લા-તાલુકા નીતિ આયોગના માપદંડો પર ખરા ઉતર્યા છે.

# હવે સીએ ૬૦થી વધુ ઓડિટ નહિ કરી શકે: આઈસીએઆઈ

## આઈસીએઆઈએ જાહેર કરેલી આ નવી માર્ગદર્શિકા એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવશે

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા એ મંગળવારે નવી માર્ગદર્શિકા જાહેર કરી, જે એક એકાઉન્ટિંગ ફર્મના પાર્ટનર દ્વારા એક વર્ષમાં લઈ શકાય તેવા ટેક્સ ઓડિટની સંખ્યાને ૬૦ સુધી મર્યાદિત કરે છે. આ નવી માર્ગદર્શિકા એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવશે.

હાલની માર્ગદર્શિકા મુજબ, એકલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જે સ્વતંત્ર રીતે કામ કરે છે, તે એક નાણાકીય વર્ષમાં ૬૦ ટેક્સ ઓડિટ કરી શકે છે, જ્યારે પાર્ટનરશિપ ફર્મ તેના તમામ પાર્ટનર્સની સંયુક્ત મર્યાદા સુધી ઓડિટ કરી શકે છે. આનાથી ઘણીવાર વરિષ્ઠ પાર્ટનર્સ પોતાની વ્યકિતગત મર્યાદા પૂરી થયા બાદ તેમના જુનિયર સાથીઓનો ક્વોટા વાપરે છે. ઈટીએ ૧૮ જૂને અહેવાલ આપ્યો હતો કે આઈસીએઆઈ આ મર્યાદા લાદશે જેથી એકાઉન્ટિંગ ફર્મ્સમાં થોડા વરિષ્ઠ પાર્ટનર્સ પાસે ઓડિટના કામનું કેન્દ્રીકરણ ન થાય અને અસ્પર્ધાત્મક વર્તનને અંકુશમાં લેવાય.'ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (ટેક્સ ઓડિટની સંખ્યા પર મર્યાદા) માર્ગદર્શિકા, ૨૦૨૫', જે મંગળવારે જાહેર કરવામાં આવી, તેમાં જણાવાયું છે કે એક એન્ટિટીના મુખ્ય કાર્યાલય અને શાખા કાર્યાલયોનું ઓડિટ એક જ ટેક્સ ઓડિટ ગણાશે.એક જ એન્ટિટીની એક કે વધુ શાખાઓનું એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવેલું ઓડિટ એક જ ટેક્સ ઓડિટ ગણાશે, એમ તેમાં ઉમેરાયું છે.''અંશકાલિક પ્રેક્ટિસ કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાર્ટનરને ફર્મના ટેક્સ ઓડિટ અસાઈનમેન્ટની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં નહીં આવે,'' નોટિફિકેશનમાં જણાવાયું છે.

# પડવલા ગામે રૂ.૨.૪૩ કરોડની સરકારી જમીન ખૂલ્લી કરાવાઈ

## કોટડાસાંગાણી તાલુકાના પડવલા ગામે ૧૧ વ્યકિતએ કરેલા દબાણને હટાવતું જિલ્લા વહીવટી તંત્ર

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના પડવલા ગામે ૧૧ વ્યક્તિઓએ ૩૯૬૦ ચોરસ મીટર સરકારી જમીન પર કરેલા દબાણ હટાવીને રૂ. ૨.૪૩ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ હતી

જિલ્લા કલેકટર ઓમ પ્રકાશના આદેશથી આસિસ્ટન્ટ કલેકટર મહક જૈનના માર્ગદર્શન હેઠળ કોટડાસાંગાણીના મામલતદાર ગુમાનસિંહ જાડેજા, પોલીસ ઈન્સ્પેકટર આર.બી.રાણા, સર્કલ ઓફીસર સંજયભાઈ રૈયાણી, રેવન્યુ તલાટી એ.બી.બાવળીયા તથા પોલીસ, પી.જી.વી.સી.એલ. સ્ટાફ તથા બે જે.સી.બી. દ્વારા આ કામગીરી કરાઈ હતી.



તેમ છતાં આસામીઓએ દબાણ દૂર કરેલ ન હોવાથી આજ રોજ તમામ ૧૧ વ્યકિતઓએ કરેલું દબાણ દૂર કરવામાં આવેલ છે. આ દબાણવાળી જગ્યામાં શૈલેષભાઈ તથા જૈનિશભાઈ વણપરિયા, ધાર્મિકભાઈ વણપરિયા, જૈમીનભાઈ પટેલ, ભરતભાઈ તાલપરા, સંજયભાઈ લીંબાસીયા, ભાવેશભાઈ લીંબાસીયા, મનોજભાઈ ગામી, હર્ષિલભાઈ મહેતા, જયેશભાઈ શેખલીયા, સહદેવસિંહ જાડેજા તથા રમેશભાઈ ટારીયાએ દબાણ કરેલ હતું. જેનું ક્ષેત્રફળ આશરે ૩૯૬૦ ચો.મી. થાય છે, આ દબાણવાળી જમીનની આશરે કુલ બજાર કિંમત રૂપિયા ૨.૪૩ કરોડ ની હોવાનું મામલતદાર ગુમાનસિંહ જાડેજાની યાદીમાં જણાવાયું છે.

# હરણી હોનારતના પીડિતોને રૂ.૧.૨ કરોડ ચૂકવવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

## કોર્ટે વડોદરા ડેપ્યુટી કલેક્ટરને ૬ અઠવાડિયામાં રકમ ચૂકવવા સૂચન કર્યું

**અબતક, રાજકોટ**

વડોદરાની હરણી તળાવ ખાતેની હોનારતને મામલે સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સોમવારે આદેશ આપ્યો કે તળાવના સંચાલન માટે જવાબદાર કોન્ટ્રાક્ટર કંપની મેસર્સ કોટિયા પ્રોજેક્ટ્સે જે રૂ.૧.૨ કરોડથી વધુની વળતર રકમ જમા કરાવી છે, તે રકમ તળાવમાં ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ થયેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનાર બાર બાળકો અને બે શિક્ષકોના પરિવારજનોને આપી દેવાશે. અરજદાર તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલે જણાવ્યું હતું કે રૂ.૮૧,૯૯,૬૬૪ અને રૂ.૩૦,૭૪,૮૮૦ ની રકમ ડેપ્યુટી કલેક્ટર વડોદરા પાસે જમા કરાવાઈ છે અને તે રકમ પીડિત પરિવારજનોને આપી દેવાથી કોઈ વાંધો નથી. આ નિવેદનના આધારે ન્યાયમૂર્તિ બી.વી. નાગરત્ન અને ન્યાયમૂર્તિ કે.વી. વિશ્વનાથનની બેન્ચે વડોદરા ડેપ્યુટી કલેકટરને છ અઠવાડિયામાં આ રકમ ચૂકવવાનું સૂચન કર્યું છે. કોર્ટે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ આદેશ અંગે પણ નોંધ લીધી છે. હાઈકોર્ટ દ્વારા કોન્ટ્રાક્ટર પેઢીને લગભગ રૂ.૪ કરોડ વળતર ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આના વીરુદ્ધ પેઢીએ સુપ્રીમ કોર્ટમાં ખાસ અનુમતિ



અરજી દાખલ કરી હતી. ગુજરાત હાઈકોર્ટમાં કોટિયા પ્રોજેક્ટ્સે દલીલ કરી હતી કે તળાવ માટે વીમો લેવામાં આવ્યો છે અને વીમા કંપનીને પણ કેસમાં સામેલ કરવી જોઈએ. જોકે, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટે આ વિનંતી નામંજૂર કરી હતી અને હાઈકોર્ટે પણ સ્પષ્ટ કર્યું હતું કે આંતરિક વિવાદો કે વીમા કવરેજ પેઢીની જવાબદારીથી મુક્તિ આપી શકતા નથી. હાઈકોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૫માં આપેલા આદેશમાં પેઢીને રૂ.૩.૫ કરોડથી વધુની રકમ ચાર હપ્તામાં જમા કરાવવાનો આદેશ આપ્યો હતો. પ્રથમ ૨૫% હપ્તો ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી જમા કરાવવાનો હતો.

આ નિર્ણય સામે પેઢીએ સમીક્ષા અરજી કરી હતી અને દાવો કર્યો હતો કે તેમના અગાઉના વકીલને વધુ જવાબદારી સ્વીકારવાનો અધિકાર ન હોતો. સમીક્ષા અરજી પણ ૯ મે, ૨૦૨૫ના રોજ હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યું કે પહેલા આપેલો આદેશ માત્ર વકીલના નિવેદન પર આધારિત નહોતો અને કોર્ટે તમામ પાસાંઓનું સ્વતંત્ર મૂલ્યાંકન કર્યા બાદ પેઢીને જવાબદાર ઠેરવી હતી. સુપ્રીમ કોર્ટે હવે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ડેપ્યુટી કલેક્ટર, વડોદરા પેઢીની જમા કરેલી રકમ પીડિત બાળકોના માતાપિતા અને શિક્ષકોના પરિવારજનોને વહેંચી આપે. ઉપરાંત, સુપ્રીમ કોર્ટે પેઢીને હાઈકોર્ટમાં પેન્ડિંગ પીઆઈએલમાં તેના ભાગીદારો અને વીમા કંપનીને પક્ષકાર બનાવવા માટે સ્વતંત્રતા આપી છે.

# હેલ્મેટના કાળા કાયદામાંથી પ્રજાને મુક્તિ આપો : 'આપ'ની પો.કમિશનર સમક્ષ માંગ

## હેલમેટની ફરજીયાત અમલવારી થાય તો સવિનય કાનૂન ભંગ સહિતના વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી

**અબતક,રાજકોટ**

આમ આદમી પાર્ટી દ્વારા શહેરી વિસ્તારમાં ફરજીયાત હેલ્મેટના કાયદામાંથી મુક્તિ આપવા પોલીસ કમિશ્નરને રજુઆત કરવામાં આવી હતી. શહેરી વિસ્તારમાં વાહનોની ગતિ મર્યાદિત હોય હેલ્મેટ પહેરવાની જરૂરિયાત રહેતી નથી. હેલ્મેટના કાયદા હેઠળ ફકત સામાન્ય લોકો જ દંડાશે અને પ્રજાની મુશ્કેલીઓમાં વધારો થશે



તેથી હેલ્મેટના કાયદામાંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. જો કાયદાની ફરજીયાત અમલવારી કરવામાં આવશે તો આમ આદમી પાર્ટી સવિનય કાનૂન ભંગ સહિતના કાર્યક્રમો યોજી વિરોધ નોંધાવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

રાજકોટ શહેરમાં હેલ્મેટ પહેરવાના ફરજિયાત કાયદા સામે આમ આદમી પાર્ટીએ બાયો ચડાવી છે. 'અબતક' કાર્યાલયની શુભેચ્છા મુલાકાતમાં આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ દિનેશભાઈ જોષી, મહિલા પ્રમુખ રાજલબેન ગઢવી, ઈન્દુભા રાઓલ, પિયુષ ભંડેરી શુભમ જોષીએ જણાવ્યું હતું કે, હેલ્મેટનો નિયમ ''અન્યાયી અને કાળા કાયદો'' સમાન છે. આમ આદમી પાર્ટીનું કહેવું છે કે કાયદો લોકોની સુખાકારી માટે હોવો જોઈએ, પરંતુ હેલ્મેટનો આ કાયદો સામાન્ય મજૂર વર્ગ સહિત સૌ કોઈ માટે મુશ્કેલી ઊભી કરશે. પોલીસ દ્વારા હેલ્મેટ ન પહેરવા બદલ દંડ વસૂલવાની નીતિને પાર્ટીએ ગેરવાજબી ઠેરવી છે. તેઓએ ભારપૂર્વક જણાવ્યું કે શહેરી વિસ્તારોમાં જ્યાં વાહનોની ગતિ મર્યાદિત હોય છે, ત્યાં હેલ્મેટની ફરજિયાત જરૂર નથી. તેના બદલે, શહેરમાં ટ્રાફિક જામ અને અકસ્માતોનું મુખ્ય કારણ ભારે વાહનોનો અનિયંત્રિત પ્રવેશ અને અયોગ્ય પાર્કિંગ છે. જેના પર પોલીસ ધ્યાન આપતી નથી.

ટ્રાફિક પોલીસ ટ્રાફિક નિયમન કરવાને બદલે દંડ ઉઘરાવવામાં વ્યસ્ત છે.

આમ આદમી પાર્ટીનો આક્ષેપ છે કે, આ કાયદા પાછળ ભાજપ સરકારની તિજોરી ભરવાનો ઉદ્દેશ્ય છુપાયેલો છે. આ કાયદા અંગે પોલીસ કમિશનરને પણ રજૂઆત કરવામાં આવી છે તેમજ જો આ ''કાળો કાયદો'' ફરજિયાતપણે લાગુ કરવામાં આવશે, તો આમ આદમી પાર્ટી દ્વારા સવિનય કાનૂન ભંગ સહિતના કાર્યક્રમો દ્વારા સખ્ત વિરોધ કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# પૂરતા પુરાવાના અભાવે ગોધરાકાંડ પછીના રમખાણોના ત્રણ આરોપી નિર્દોષ જાહેર

## આગચંપી, તોડફોડ, ગેરકાયદે સભામાં આરોપીઓની ભૂમિકા હોવાનું સાબિત થઈ રહ્યું નથી: ટ્રાયલ કોર્ટનાં આદેશને પલટાવી નાખતી હાઈકોર્ટ

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૨ના ગોધરાકાંડ પછીના રમખાણોના કેસમાં કથિત સંડોવણી બદલ ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા દોષિત ઠેરવવામાં આવેલા અને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવેલા ત્રણ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે, કારણ કે તેમની સજા વિશ્વસનીય પુરાવા પર આધારિત નહોતી.

પ્રાપ્ત વિગત અનુસાર ન્યાયાધીશ ગીતા ગોપીની હાઈકોર્ટ બેન્ચે સચિન પટેલ, અશોક પટેલ અને અશોક ગુપ્તા દ્વારા દાખલ કરાયેલી અપીલ મંજૂર કરી હતી.જેમણે આણંદની ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા તેમની સજા અને ૨૯ મે, ૨૦૦૬ ના રોજ સંભળાવવામાં આવેલા સજાના આદેશને પડકાર્યો હતો.વિદ્વાન ટ્રાયલ કોર્ટના ન્યાયાધીશે પુરાવાઓની પ્રશંસા કરવામાં ભૂલ કરી હતી. દોષિત ઠેરવવામાં આવેલી સજા વિશ્વસનીય અને સમર્થન પુરાવા પર આધારિત નથી તેવી દલીલ હાઈકોર્ટમાં કરવામાં આવી હતી.ટ્રાયલ દરમિયાન આરોપીઓની ઓળખ સાબિત થઈ નથી, તેવું હાઈકોર્ટે તેના સોમવારના આદેશમાં જણાવ્યું હતું.

આ કેસમાં મૂળ નવ વ્યક્તિઓ સામેલ હતા. જેમાં ચારને રમખાણો, આગચંપી અને ગેરકાયદેસર સભા માટે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. એક અપીલકર્તાનું ૨૦૦૯ માં અવસાન થયું હતું.

ફરિયાદી પક્ષના જણાવ્યા મુજબ, ત્રણ દોષિતો ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ ગોધરા સ્ટેશન પર સાબરમતી એક્સપ્રેસ ટ્રેન ઘટનાના એક દિવસ પછી આણંદમાં ભેગા થયેલા ટોળાનો ભાગ હતા.

બોમ્બે પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશનું ઉલ્લંઘન કરીને ભીડે કથિત રીતે દુકાનોને નુકસાન પહોંચાડ્યું હતું અને આગ લગાવી હતી.

હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયો કે અપીલકર્તાઓ ગેરકાયદેસર સભાના સભ્યો હતા કે નહીં અને આગચંપીમાં તેમની સંડોવણી હતી. સામાન્ય ઉદ્દેશ્ય - વસ્તુઓને આગ લગાડવા અને ખાનગી અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવામાં તેમની ભૂમિકા ટ્રાયલ દરમિયાન સાબિત થઈ નથી તેવું હાઈકોર્ટએ નોંધ્યું હતું.

આ કેસ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ ના રોજ ગોધરામાં સાબરમતી એક્સપ્રેસના એસ-૬ કોચને સળગાવી દેવામાં આવ્યા બાદ ૫૯ લોકોના મોતથી ઉદભવ્યો હતો. જેના કારણે ગુજરાતમાં રમખાણો ફાટી નીકળ્યા હતા.

### આઈ.સી.એ.આઈ. ના સંયુકત ઉપક્રમે

# ગ્રેટર ચેમ્બર દ્વારા એક્સપોર્ટ સેમિનાર તથા ગ્રેટર બિઝનેસ આઈકોન એવોર્ડનું આયોજન

## ધારાસભ્ય: કલેકટર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે

**અબતક, રાજકોટ**

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વેપારીઓને સમયાંતરે થતી મુશ્કેલીઓ અને તેના નિવારણ અર્થેની કામગીરીમાં હરહંમેશ અગ્રેસર રહીને કાર્યક્રમો કરતી આવતી હોય છે. જેને ધ્યાને રાખીને આગામી તા. ૬-૮ ના સાંજના ૪.૩૦ કલાકે સ્થળ આઈસીએઆઈ ભવન, ગીરીરાજનગર મેઈન રોડ, રૈયા ચોકડી પાસે, રૈયા રોડ, રાજકોટ ખાતે રાજકોટ બ્રાંચ ઓફ ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે એમ.એસએસઈ અને એક્ષપોર્ટ સેમીનાર તથા ગ્રેટર બિઝનેશ આઈકોન એવોર્ડ નું આયોજન થનાર છે.જેના મુખ્ય મહેમાનપદે ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલારા, રાજકોટ દક્ષિણ અતિથિ વિશેષપદે ડો. ઓમપ્રકાશ, આઈએએસ રાજકોટ જીલ્લા કલેકટર જેમાં ગુજરાત રાજયની એમ.એસ.એમ.ઈ. ના વિકાસ માટેની વિવિધ પ્રોત્સાહન યોજના જેવી કે, ઈન્ટરેસ્ટ સબસીડી, ઈલેકટ્રીક ડયુટીમાંથી રાહત, ફોરેન ટ્રાવેલીંગ વિગેરે યોજનાઓની વિસ્તૃત માહીતી એમ.કે. લાડાણી, જનરલ મેનેજર ડી.આઈ.સી. રાજકોટ સહિત એકપર્ટ દ્વારા માહીતી આપવામાં આવશે. અશોકભાઈ એમ. ઝીંઝુવાડીયા રાધીકા જવેલર્સને ગ્રેટર બિઝનેસ આઈકોન એવોર્ડથી સન્માનીત કરવાના છીએ.આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે કોઈ ફી નથી. પરંતુ રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. જે માટે મો. નં. ૯૦૮૧૭ ૦૯૪૧૦ પર યાદીમાં જણાવ્યું હતું.

# જિયોપીસી ભારતની ડિજિટલ સફરમાં એક પરિવર્તનકારી છલાંગ


## મહિના ૪૦૦ શરૂ થતા પ્લાન્સ અને કોઈપણ લોક ઈન વિના કોઈપણ સ્ક્રીનને કમ્પ્યુટરમાં પરિવર્તિત કરે છે

**અબતક,રાજકોટ**

રિલાયન્સ જિયોએ આજે જિયોપીસીના લોન્ચની જાહેરાત કરી છે, જે એક ક્રાંતિકારી ક્લાઉડ-આધારિત વર્ચ્યુઅલ ડેસ્કટોપ પ્લેટફોર્મ છે.

આ પ્લેટફોર્મ દરેક ભારતીય પરિવાર માટે એઆઈ-રેડી અને સિક્યોર કમ્પ્યુટિંગ લાવશે. ભારતમાં કમ્પ્યુટિંગમાં ક્રાંતિ લાવવા માટે ડિઝાઈન કરાયેલું જિયોપીસી પ્રથમ પે-એઝ-યુ-ગો મોડેલ સાથે આવી રહ્યું છે, જેમાં કોઈ લોક-ઈન નથી અને ઝીરો મેઈન્ટેનન્સ છે. જિયોપીસી ભારતની ડિજિટલ સફરમાં એક પરિવર્તનકારી છલાંગ લગાવવાનું સીમાચિન્હ અંકિત કરે છે.

કોઈપણ પ્રારંભિક રોકાણ વગર ઓછામાં ઓછા રૂ.૫૦,૦૦૦ની કિંમતના હાઈ-એન્ડ પીસીની તમામ કાર્યક્ષમતા અને સુવિધાઓ મેળવો. જિયોપીસી ₹૪૦૦/મહિનાથી શરૂ થતા પ્લાન્સ અને કોઈપણ લોક-ઈન વિના કોઈપણ સ્ક્રીનને સંપૂર્ણ કમ્પ્યુટરમાં પરિવર્તિત કરે છે. આ માટે કોઈ ખર્ચાળ હાર્ડવેર અથવા અપગ્રેડની જરૂર નથી. બસ પ્લગ ઈન કરો, સાઈન અપ




કરો અને કમ્પ્યુટિંગ શરૂ કરો.

કોઈપણ રિપેર, કોઈ ડેપ્રિસિયેશન અને કોઈપણ પ્રકારના વન-સાઈઝ-ફિટ્સ-ઓલ હાર્ડવેર વિના, જિયોપીસી ભારતની સતત વિકસિત થઈ રહેલી જરૂરિયાતોને અનુરૂપ બનાવવામાં આવ્યું છે, જે વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો, નાના બિઝનેસીસ અને વિકસતા પરિવારો - સૌને સમાન રીતે સુવિધાઓ પૂરી પાડે છે.

જિયોપીસી દેશભરના તમામ હાલના અને નવા જિયોફાઈબર અને જિયો એરફાઈબર ગ્રાહકો માટે ઉપલબ્ધ છે. નવા યુઝર્સ એક મહિના માટે આ સેવાનો મફતમાં લાભ લઈ શકે છે.

જિયોપીસી કમ્પ્યુટિંગને વધુ સ્માર્ટ, સુરક્ષિત અને ભવિષ્ય માટે સજ્જ બનાવે છે, જેમાં માલિકીનો કોઈ બોજ નથી. તે તમારી સાથે વિકસે છે, તમારી સાથે શીખે છે અને તમારી જરૂરિયાતોને અનુરૂપ વૃદ્ધિ પામે છે. ક્લાસરૂમથી લઈને નાની દુકાનો સુધી, હોમ ઓફિસથી લઈને ક્રિએટિવ સ્ટુડિયો સુધી - જિયોપીસી ભારતમાં ''કમ્પ્યુટર-એઝ-એ-સર્વિસ''ના સ્વરૂપની ક્રાંતિ છે.

**(પહેલા પાનાનું ચાલું)**

**રશિયા ભૂકંપ...**

છે.તેમણે કહ્યું કે આના કારણે હજુ પણ ઊંચા મોજાં અને નુકસાનની શક્યતા છે.

જાપાનના ઈશિનોમાકી પોર્ટ પર ૫૦ સેમી (૧.૬ ફૂટ) ઊંચાઈની સુનામી નોંધાઈ હતી, જે અત્યાર સુધીની સૌથી ઊંચી સુનામી છે. જાપાન સરકારે દરિયાકાંઠાના શહેરોમાંથી ૯ લાખ લોકોને સ્થળાંતર કરવાની નોટિસ જારી કરી છે. સુનામીની ચેતવણીને કારણે હવાઈના હોનોલુલુમાં ટ્રાફિક જામ થઈ ગયો છે. ચેતવણીના સાયરન વાગવા લાગ્યા છે અને લોકો ઊંચા સ્થળોએ જઈ રહ્યા છે. હવાઈમાં શાળાઓ પણ બંધ કરી દેવામાં આવી છે.

**કર્ણાટક કોંગ્રેસમાં કકળાટ...**

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન અંગે ચર્ચા કરવા માટે ધારાસભ્યોને મળી રહ્યા હતા, ત્યારે તેઓ ટૂંક સમય માટે મુખ્યમંત્રીની બેઠકમાં હાજર રહ્યા હતા અને સિદ્ધારમૈયા સાથે ચર્ચા કરી હતી. આ વિરોધ પ્રદર્શનનો હેતુ બેંગલુરુ સેન્ટ્રલ અને બેંગલુરુ ગ્રામીણ લોકસભા મતવિસ્તારમાં કથિત મતદાન છેતરપિંડી પર ધ્યાન દોરવાનો છે.આ ઘટનાક્રમ વચ્ચે, ડીકે શિવકુમારે બેંગલુરુ સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને ધારાસભ્યો સાથે એક અલગ બેઠક બોલાવવાની યોજના જાહેર કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે, ''મુખ્યમંત્રી દ્વારા ધારાસભ્યોને મળવાથી મને કોઈ વાંધો નથી. હું ધારાસભ્યો સાથે એક અલગ બેઠક યોજીશ...'' કર્ણાટક કોંગ્રેસમાં આંતરિક અશાંતિ અને જૂથવાદ ચરમસીમા પર છે, જે આગામી સમયમાં પક્ષ માટે પડકારરૂપ બની શકે છે.

**રાજસ્થાન...**

રહ્યા છે. હાઈકમાન્ડે પણ રાજસ્થાનમા નેતૃત્વ પરિવર્તન કરવાનો મુડ બનાવી લીધો હોય તેવું લાગી રહ્યું છે. બે દિવસ પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના કદાવર નેતા વસુંધરા રાજેને હાઈકમાન્ડે દિલ્હી બોલાવ્યા હતા. તેઓની સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦ મીનીટ સુધી બંધ બારણે બેઠક યોજી હતી.

ત્યારબાદ રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે પણ વડાપ્રધાને બેઠક કરી હોવાનું ચર્ચાય રહ્યું છે. આગામી દિવસોમાં રાજસ્થાનમાં નેતૃત્વ પરિવર્તન અંગે મોટો નિર્ણય ભાજપ હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવી શકે છે. વસુંધરા રાજેને ફરી રાજસ્થાનની ગાદી સોંપી દેવામાં આવે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

**ટ્રમ્પ...**

સ્પષ્ટતા કરી કે ટેરિફ દરો હજુ નક્કી થયા નથી કારણ કે વાતચીત ચાલી રહી છે. ટ્રમ્પની ટિપ્પણી ૧ ઓગસ્ટ, ૨૦૨૫ ની પારસ્પરિક ટેરિફ સમયમર્યાદાના બે દિવસ પહેલા આવી હતી. થોડા સમય પહેલા, ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ભારત સાથે કરારની 'નજીક' થઈ રહ્યું છે. જોકે, સમયમર્યાદા પહેલાં વચગાળાના વેપાર કરારની જાહેરાત થવાની શક્યતા હાલમાં અશક્ય લાગે છે.

અગાઉ, અહેવાલ આવ્યો હતો કે ભારત ૨૦-૨૫% ના કામચલાઉ પારસ્પરિક ટેરિફ દરનો સામનો કરવાની તૈયારી કરી રહ્યું છે. ભારતીય સરકારી અધિકારીઓને ટાંકીને, સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે વચગાળાની વ્યવસ્થા તરીકે, ભારતને કેટલાક માલની નિકાસ પર અમેરિકા દ્વારા વધારાવામાં આવેલા ટેરિફનો સામનો કરવો પડી શકે છે. આનો સીધો અર્થ એ છે કે ભારત હવે યુએસ ટેરિફની અસરનો સામનો કરવા માટે પોતાને તૈયાર કરી રહ્યું છે.

જોકે, બંને દેશો આ ખરાબ પરિસ્થિતિને ટાળવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે વેપાર વાટાઘાટો સતત આગળ વધી રહી છે. ઓગસ્ટના મધ્ય સુધીમાં એક પ્રતિનિધિમંડળ દિલ્હી પહોંચવાની અપેક્ષા છે. વાટાઘાટો સાથે સંકળાયેલા એક સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર, 'અત્યાર સુધી યોજાયેલી વેપાર વાટાઘાટોના પાંચ રાઉન્ડને જોતાં, અમે માનીએ છીએ કે આ એક કામચલાઉ પગલું હશે. ટૂંક સમયમાં કામચલાઉ કરારની અપેક્ષા છે.

**(ત્રીજા પાનાનું ચાલું)**

**મેગાડ્રાઈવ...**

કર્યા હોય તો તેને પણ જો ઉપાડી લેવામાં આવશે તો અમે તેમાં તંત્રને સાથ આપીશું. કોઈપણ જાતનો વિરોધ કરવામાં આવશે નહિં. શહેરની મુખ્ય બજારને પાથરણાવાળાઓના દબાણથી મુક્ત રાખવા માટે સતત ૧૫ દિવસ સુધી ડ્રાઈવ હાથ ધરવામાં આવશે. ત્યારબાદ પણ જો વેપારીઓ દબાણથી પરેશાન હશે તો ચેકીંગ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે. ભાજપના ધારાસભ્યો અને કોર્પોરેશનના પદાધિકારીઓની ખાતરી બાદ ઘીના ઠામમાં ઘી પડી ગયું છે. લાખાજીરાજ રોડ વેપારી એસોસિએશન દ્વારા આવતીકાલે ગુરૂવારે આપવામાં આવેલું બંધ એલાન અને ધરણાં કાર્યક્રમ હાલ મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

**મુખ્યમંત્રી...**

સશકિતકરણને વિકાસનો આધારસ્તંભ ગણાવ્યો છે. તેને અનુસરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છેવાડાના માનવી સુધી અસરકારક પરિવહન સેવાઓ સાથે સૌને સુગમ-સુખદ સફરની અનુભૂતિ કરાવવાની દિશામાં સતત આગળ વધતા આજે એસ.ટી.ની વધુ ૧૫૧ બસોનો પ્રારંભ કરાવ્યો હતો.

આ વર્ષના બજેટમાં રાજ્ય સરકારે કુલ ૧૯૬૩ નવી બસોની ખરીદીની મંજૂરી આપી છે તેમજ પીપીપી મોડલ અંતર્ગત ૧૦૦ આધુનિક એસી બસોના સંચાલનનું આયોજન પણ હાથ ધરીને સમગ્રતયા ૨૦૬૩ બસો લોકોની સેવામાં મૂકવાનું પ્રાવધાન કર્યું છે.

આ પૈકી ૧૫૧ સુપર એક્સપ્રેસ બસો રૂ. ૫૨.૬૩ કરોડના ખર્ચે જનસેવામાં મૂકવામાં આવી છે. નાગરિકોને વધુ આરામદાયક, સુરક્ષિત અને ઝડપી મુસાફરીની સુવિધા મળી રહે તે માટે આ બસો રાજ્યના તમામ જિલ્લાઓમાં ફાળવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત એસ.ટી.નિગમ દૈનિક ૮ હજારથી વધુ બસો દ્વારા દરરોજ ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરીને ૨૭ લાખથી વધુ મુસાફરોને તેમની ગંતવ્યસ્થાને પહોંચાડે છે. તહેવારો અને વિશિષ્ટ અવસરો પર વધારાની બસોનું સંચાલન કરીને નિગમ અવિરત સેવાથી સમગ્ર સમાજને જોડતું રહ્યું છે.

**(ચોથા પાનાનું ચાલુ)**

**ગુરુમાઁ સમાનંદ સરસ્વતીજી...**

વિચારવા પ્રેર્યા હતા. આ પ્રવચન માળાના સમાપન દિવસે રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના દંડક અને કોર્પોરેટર મનિષભાઈ રાડીયા, લોહાણા મહાજનના ટ્રસ્ટી હિરેન ખખ્ખર, બિલ્ડર્સ પરેશ પારેખ, રાજકોટની અન્ય રોટરી કલબના પ્રેસિડેન્ટ, સેક્રેટરી અને રોટેરીયન સહિત સૌરાષ્ટ્રભરના અનેક મહાનુભાવો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તરકાશીથી ઓનલાઈન પ્રવચન માળા સાંભળતા સ્વામી પૂ. અક્ષયાનંદજીએ પણ રાજકોટ ખાતેના આ સુંદર આયોજન બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ પ્રવચન માળા દરમિયાન મેહુલભાઈ નથવાણી અને તેમની ટીમે પાંચેય દિવસ કાર્યક્રમની શરૂઆતમાં ભગવાન શિવજીના ભજનોથી શ્રોતાઓને ભાવવિભોર કર્યા હતા. પ્રવચન માળાના સમાપન સમયે રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના પ્રેસિડેન્ટ જયદેવ શાહે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે ''પૂ. ગુરુમા, આપની વાણીમાં માત્ર શબ્દો નહીં, ઊર્જા હતી. આપના એક એક વાક્યે અમારા હૃદયને સ્પર્શ્યું, વિચારને સ્પર્શ્યો અને અંતઃકરણમાં શિવત્વને જગાડ્યું.'' આભાર વિધિ કરતા કિશન કોટેચાએ ''મહિમા મહાદેવનો'' પ્રવચન માળાના આયોજન માટે સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર માન્યો. તેમણે પ્રિન્ટ મીડિયાનો ખાસ આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે રાજકોટના તમામ સાંધ્ય દૈનિકે આ પ્રવચન માળાને ખૂબ જ સુંદર કવરેજ આપીને શિવજીની લીલાઓની વાત લોકો સુધી પહોંચાડી હતી.

પ્રવચન પૂર્ણ થયા બાદ, પૂ. ગુરુમાએ પોતાના વરદ હસ્તે જ્યોતિર્લિંગ કેદારનાથ મહાદેવની પ્રસાદીનું વિતરણ કરીને તમામ સાધકોને ઉપકૃત કર્યા હતા. આ ભવ્ય અને સફળ પ્રવચન માળાના આયોજનમાં રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર, ફર્ન સત્વ રીસોટ્ર્સ અને કોટેચા પરિવાર દ્વારા અથાગ પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજી અને સમદર્શન આશ્રમ ગાંધીનગરના સત્સંગીઓએ મળીને એક વોટ્સએપ સત્સંગ ગ્રુપ બનાવ્યું છે. જેમાં ગુરુમાના સત્સંગના ઓડિયો/વીડિયો ઉપલબ્ધ થશે. આ ગ્રુપમાં જોડાવા માટે મોબાઈલ નંબર ૯૮૨૪૦૬૨૦૬૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

**બિંદુ રાયચુરા...**

પ્રશંસનીય હતા. આ ઉપરાંત મને વિવિધ જ્યોતિર્લિંગોના પ્રસાદ પ્રાપ્ત કરવાનો પણ સુભગ અવસર મળ્યો હતો. આ એક દિવ્ય અનુભવ હતો, જાણે કે હું સાક્ષાત એ પવિત્ર સ્થાનોની મુલાકાત લઈ રહી હોઉં. સૌથી આનંદની વાત એ હતી કે મારી દીકરીને ભભૂતની પ્રસાદી મેળવવાની ખૂબ ઈચ્છા હતી અને તે પણ આ કાર્યક્રમમાં પૂરી થઈ હતી.

**ગીરગંગા પરિવાર ટ્રસ્ટ...**

કોઠીયા, સંજયભાઈ સંઘાણી, સંદીપભાઈ કોઠીયા, હાર્દિકભાઈ ચાંગાણી, કમલેશભાઈ સંઘાણી જેવા યુવાનોએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા સમક્ષ જળસંચયના કાર્યોમાં આર્થિક મદદરૂપ થવા માટે બેન્ડ પાર્ટી શરૂ કરવાની દરખાસ્ત રજૂ કરી હતી. આ યુવાનો માત્ર સ્વૈચ્છિક રીતે બેન્ડ માસ્ટર તરીકે જોડાયા નથી પરંતુ બેન્ડ પાર્ટી માટેના સાધનોનો ખર્ચ પણ તેમણે પોતે ઉઠાવ્યો છે જે તેમની સેવાભાવી ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.

આપણે ત્યાં પુષ્કળ વરસાદ પડે છે પરંતુ જળસંચયના અભાવે મોટાભાગનું પાણી દરિયામાં વહી જાય છે જેના પરિણામે આપણે નર્મદાના નીર પર નિર્ભર રહેવું પડે છે અને ભૂગર્ભ જળ સ્તર પણ ૨૫-૫૦ ફૂટથી ૫૦૦-૨૫૦૦ ફૂટ ઊંડે જતા રહ્યા છે. આ સમસ્યાના નિવારણ માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ચેકડેમ રીપેરીંગ, નવા ચેકડેમ બનાવવા, બોર-કુવા રિચાર્જ, ખેત તલાવડી જેવા ૧,૧૧,૧૧૧ સ્ટ્રક્ચરોના કાર્યો પૂર્ણ કરવાનો સંકલ્પ લીધો છે. આવા વિરાટ કાર્ય માટે સ્વાભાવિક રીતે જ મોટા પ્રમાણમાં આર્થિક અનુદાનની જરૂર પડે છે. આ જરૂરિયાતને પહોંચી વળવા માટે ગીરગંગા બેન્ડ પાર્ટી એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. લગ્ન જેવા શુભ પ્રસંગોએ બેન્ડવાજાનું ખૂબ ચલણ છે. ત્યારે આ યુવાનો દ્વારા સંચાલિત બેન્ડ પાર્ટીની આવક સીધી જ જળસંચયના કાર્યોમાં ઉપયોગી થશે. જે જનભાગીદારી દ્વારા આત્મનિર્ભરતાનું એક શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ સમાજને અપીલ કરી છે કે, પરિવારના નાના-મોટા શુભ પ્રસંગોએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટની બેન્ડ પાર્ટીને બુક કરાવીને જળસંચયના આ મહાન કાર્યમાં પોતાનો ફાળો આપે. આ પહેલ માત્ર આર્થિક મદદ જ નહીં પરંતુ નવી પેઢીમાં પાણી બચાવવા માટે જાગૃતિ લાવવાના ઉમદા હેતુને પણ સિદ્ધ કરશે. ભારતના વિઝનરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પાણી બચાવવાના આહવાનનો ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અદભુત પડઘો પાડી રહ્યું છે. આ રીતે દરેક ગામના લોકો પોતાના વિચાર બદલે અને વતનપ્રેમ માટે આવા કાર્યમાં જોડાય તો પાણીનો પ્રશ્ન ચોક્કસપણે હલ થઈ શકે છે. બેન્ડ પાર્ટીની સેવાનો લાભ લેવા અને જળસંચયના કાર્યમાં સહભાગી થવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના મોબાઈલ નંબર ૯૪૦૯૬ ૯૨૬૯૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

**બાર કાઉન્સિલ ઓફ ગુજરાત...**

સરકારે તમામ કોલેજના વિદ્યાર્થીઓના અભ્યાસને ધ્યાને રાખી અને ૭,૮૧,૩૨,૫૦૦ મંજુર કરેલ હતા.બી.સી.આઈ. દ્વારા લેવામાં આવતી ફી અને નિરીક્ષણ ફી વધારા સામે કોર્ટમાં કરેલ કેસના ચુકાદાને આધીન ગ્રાન્ટેડ કોલેજની રકમ મંજુર કરેલ હતી. આ અંગે ગ્રાન્ટેડ કોલેજના પિન્સિપાલોએ મુખ્યમંત્રી, કાયદા મંત્રી તથા શિક્ષણમંત્રી પાનસેરીયાનું સ્મૃતિ ભેટ તથા બુકે આપી આભાર સન્માન કરેલ હતું. આ ઉપરાંત ગુજરાત બાર કાઉન્સીલના ચેરમેન જે.જે. પટેલ તથા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહ ચેરમેન દિલીપ પટેલે સહકાર આપ્યો હોવા બાબતે તેમનું પણ ગોંડલ સુરેન્દ્રનગર જામનગરની લોકોને પ્રિન્સિપાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

**રામભાઈ મોકરિયા...**

અને કલાકાર વચ્ચે હળવી પળોમાં વિવિધ વિષયો પર ચર્ચા થઈ હતી. સંસદના ગતિશીલ વાતાવરણ વચ્ચે આ પ્રકારની અનૌપચારિક મુલાકાતો સાંસદો વચ્ચેના વ્યક્તિગત સંબંધોને મજબૂત બનાવે છે અને સકારાત્મક વાતાવરણનું નિર્માણ કરે છે. આ પ્રસંગે સંસદ ભવનમાં એક સુખદ દ્રશ્ય સર્જાયું હતું, જ્યાં ગંભીર રાજકીય ચર્ચાઓની સાથે સાથે માનવીય સંબંધોની હૂંફ પણ અનુભવાઈ હતી.

**ઉદય કાનગડ...**

સહિતની સુવિધા સહિત સામા કાંઠે પ્રધ્યુમન પાર્ક ઝૂ પાસે આવેલ લાલપરી તળાવ અને રાંદરડા તળાવ કે જે કુદરતી દ્રષ્ટિએ એક અલૌકિક શાંતિ અને સૌંદર્ય ધરાવતા સ્થળો છે. આ બંને તળાવો અને તળાવોની પાસે આવેલ લાખેશ્વર મહાદેવ મંદિર એટલે શહેરની દિનચર્યાથી દૂર કુદરતી સાનિધ્યમાં રમણીય વાતાવરણની અનુભૂતિ કરાવે છે.આ બંને તળાવનું ડેવલોપમેન્ટ કરવું.

આ તકે રાજકોટ મહાનગર પાલિકા સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ આ સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, નાયબ મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, ચેતન નંદાણી, હર્ષદ પટેલ તેમજ તમામ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.તેમજ ઉપરોક્ત રજુઆતો બાબતે રાજકોટ મહાનગર પાલિકાના પદાધિકારીઓ સાથે આ બાબતે સંકલન કરેલ હતું.

**પાના નં. ૧૩નું ચાલું**

**ઓનલાઈન વેપારના પડકાર**

ફાઈનલ સ્ટેટમેનઈન્ફિલ્ટ્રેશન દ્વારા દરેક ડિસ્ટ્રિબ્યુટરોના એરિયા ફિક્સ હોય છે. બિલ કટ/ખોટી દુકાનોઃ કંપની દ્વારા ડિસ્ટ્રિબ્યુટરને બિલિંગ સોફ્ટવેર આપવામાં આવે છે. દરેક દુકાનનું કેવાયસી હ મેળવીને જ દુકાન ખોલવામાં આવે. કંપનીના ઓડિટર્સ દ્વારા માર્કેટનું કવરેજ બતાવવા માટે ખોટા બિલો બનાવવાનું અને ખોટી દુકાન બતાવવાનું બંધ કરે,હ ડિસ્ટ્રિબ્યુટરને પહેલા ૨૪% છ્યઈ (રોકાણ પર વળતર) બતાવવામાં આવતી હતી એક રાષ્ટ્ર, એક માર્કેટ, એક ભાવ જનરલ ટ્રેડ એટલે કે નાના વેપારીઓ અને હોલસેલરો કરતાં ઈ-કોમર્સ, ક્વિક કોમર્સ અને મોટા મોલ વગેરેને કંપનીઓ દ્વારા વધુ ડિસ્કાઉન્ટ અને માર્જિન આપવામાં આવે છે, આ ઉપરાંત, બધી કંપનીઓ દ્વારા મોટા પેક અને નાના પેકની પર ગ્રામ વેલ્યુમાં ગ્રાહકોને છેતરવામાં આવે છે. રિટેલમાં વેચાતા નાના પેકની પર ગ્રામ વેલ્યુ ઓછી હોય છે, ગ્રાહકને એવું લાગે છે કે તેને મોટું પેક સસ્તું પડ્યું, પરંતુ પર ગ્રામ વેલ્યુ જ્યારે તે જોશે ત્યારે તેને ખ્યાલ આવશે કે તે તેને રિટેલમાં વેચાતા નાના પેક કરતાં મોંઘું પડી રહ્યું છે.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**ભાનુબેન બાબરિયા ગુમ થયેલ છે**

સરકાર અને ભાજપના નેતાઓ સમક્ષ કરવામાં આવી છે. છતા કોઈ કામગીરી કરવામાં આવતી નથી રોષે ભરાયેલા ગ્રામજનોએ આજે ૭૧ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ભાનુબેન બાબરિયા ગુમ થયા હોવાના પોસ્ટરો લગાવ્યા છે. ભાનુબેનને શોધી આપનારને રૂ.૨૧ હજારનું ઈનામ આપવામાં આવશે. તેવી પણ જાહેરાત કરવામાં આવી છે.

આ ઉપરાંત ત્રંબા ગામના પાદરમાં આવેલા બસ સ્ટેશનમાં એવા પોસ્ટરો લગાવવામાં આવ્યા છે કે ભાજપના એકપણ નેતાએ ગામમાં પગ મૂકવા નહી ગ્રામજનોએ ખાતરના ભાવમાં કરવામાં આવેલા તોતીંગ ભાવ વધારાનો પણ વિરોધ નોંધાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા સામે ભાજપના કાર્યકરોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. વિધાનસભા વિસ્તારમાં ભાનુબેને પોતાનું જન કાર્યાલય ખોલ્યું નથી અને જો કોઈ પ્રશ્નોને લઈ ગાંધીનગર રજૂઆત કરવા જાય તો કાર્યકરોનું અપમાન કરવામાં આવે છે. તેવી પણ ફરિયાદો ઉઠી રહી છે.

આ ઘટના અંગે રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાના બચાવમાં એવું નિવેદન આપ્યું હતું કે વિરોધ પક્ષ દ્વારા ખોટા મુદ્દાઓ ઉભા કરવામાં આવી રહ્યા છે.તાજેતરમાં સરધાર ખાતે સૌની યોજનાનું ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ભાનુબેન બાબરીયા હાજર રહ્યા હતા.આ વિસ્તારની દરેક સમસ્યાના નિકાલ માટે ભાજપના નેતાઓ અને કાર્યકરો સતત સક્રિય છે.અમુક લોકો દ્વારા ખોટી રીતે ધારાસભ્ય અને ભાજપને બદનામ કરવા માટે આવા નાટકો કરવામાં આવી રહ્યા છે.

**અલકાયદાની મહિલા**

અલ-કાયદાની વિચારધારાને પ્રોત્સાહન આપતા પાંચ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ સક્રિય છે. આ માહિતીના આધારે એટીએસએ ટેકનિકલ ટીમ બનાવી અને આ એકાઉન્ટ્સનું વિશ્લેષણ કર્યું. આ દરમિયાન, ચાર વ્યકિતઓ - ફરદીન શેખ (અમદાવાદ), મોહમ્મદ ફૈક (દિલ્હી), ઝીશાન અલી (નોઈડા), અને સૈફુલ્લા કુરેશી (મોદાસા, ગુજરાત) - ની ૨૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આ ચારેય વ્યકિતઓ અલ-કાયદા સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું હતું, અને તેઓ સોશિયલ મીડિયા દ્વારા આતંકવાદી વિચારધારાનો પ્રચાર કરતા હતા.

આ ઓપરેશનના ભાગરૂપે, એટીએસએ સમા પરવીનની શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખી. તપાસમાં જાણવા

મળ્યું કે સમા પરવીન, જે મૂળ જારખંડની રહેવાસી છે, છેલ્લા ત્રણ વર્ષથી બેંગલુરુમાં તેના નાના ભાઈ સાથે રહેતી હતી. તે અપરિણીત અને બેરોજગાર હતી, અને તેની મુખ્ય પ્રવૃત્તિ સોશિયલ મીડિયા પર કટ્ટરવાદી સામગ્રી શેર કરવાની હતી. તેણી ઈન્સ્ટાગ્રામ પર આતંકવાદી સંગઠનોની વિચારધારાને પ્રોત્સાહન આપતી હતી, જેમાં અફઘાનિસ્તાનમાં માર્યા ગયેલા આતંકવાદી નેતા અસીમ ઉમરના ભાષણોનો પણ સમાવેશ થતો હતો.

માત્ર એટલું જ નહીં તેઓ જેહાદ અંગે લિટરેચર ગ્રુપમાં પોસ્ટ કરતા હતા. ઓપરેશન સિંદૂર સમયની કેટલીક પોસ્ટ મળી હતી. ગુજરાત એટીએસએ દિલ્હી, ગુજરાતમાં અરવલ્લી અને ઉત્તર પ્રદેશમાં સક્રિય થયેલા આતંકવાદી પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકો પર બાજ નજર રાખી હતી. લાંબા સમયથી એટીએસની રડારમાં હતાં. તપાસ દરમિયાન ગુજરાતના અરવલ્લીમાંથી બે અને દિલ્હીના નોઈડા અને ઉત્તર પ્રદેશથી એક-એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે.

**જમ્મુ-કાશ્મીર**

દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો, જેના જવાબમાં સેનાએ બે આતંકવાદીઓને ઠાર કર્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, માર્યા ગયેલા આતંકવાદીઓ પાકિસ્તાનથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અથડામણ પછી આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન વધુ તેજ કરવામાં આવ્યું છે, જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે કોઈ અન્ય આતંકવાદી આ વિસ્તારમાં છુપાયેલો ન હોય.

**છેતરપિંડી...**

કરવા માટે જણાવેલ હતું. તેમને ઉંચું વળતર આપવાનું પાકુ આશ્વાસન આપેલ જેથી તેમની સાથે ગત તા.૦૬/૦૫/૨૦૨૪ ના સાંજના સમયે ઘર પાસે મુલાકાત કરેલ હતી. ત્યારબાદ સારા વળતરની લાલચ, પ્રલોભન આપીને સંપુર્ણ વિશ્વાસમાં લઈ લેતા તેઓએ તા.૦૯/૦૫/૨૦૨૪ ના રોજ નેટ બેંકિંગથી રૂ.૪૮૫૦૦ આરોપીના ખાતામાં આપેલા હતા.

ત્યારબાદ રોહિતને તા. ૨૮/૦૫/૨૦૨૪ ના રૂ.૨૦,૨૫૦ નેટ બેંકિંગથી આપેલા હતા. જેથી તેઓએ તા.૨૨/૦૬/૨૦૨૪ના રૂ.૮૦,૫૦૦ મુળ રકમ અને નફા સાથે પરત આપીને વિશ્વાસમાં લઈ લેતા તેઓના ખાતામાં કુલ મળી રૂ.૧૫,૨૧,૨૫૦ બેંક મારફતે તેના ખાતામાં ટ્રાંસફર કરી જમા કરેલ હતા. તેમજ તેમને કટકે કટકે રોકડા રૂ.૧૧,૬૪,૦૦૦ તેમની પુરેપેરી કમાણીના રૂપીયા તેઓને આપી દિધેલ હતા, જેના બદલામાં આરોપીએ કુલ રૂ.૧૪.૫૨ લાખ પરત બેંક મારફત આપેલ હતા, તે સિવાયના મુળ રકમ જમા કરેલ તે પૈકીના બાકી કુલ રૂ. ૧૨,૩૩,૨૫૦ આજ સુધી પરત આપેલ નથી.

તેમજ નફાની નિકળી રકમના રૂપીયા પણ પરત આપેલ નથી, ફરીયાદીએ તેમના પત્નિ કવિતાબેન કલ્પેશભાઈ બુસાને પણ આ બાબતે સમજાવી નફો મળશે તેવું આશ્વાસન મળેલ હોય, જેથી તેઓએ પત્નિની મંજુરીથી તેના બેંક ખાતામાંથી રૂ.૧૨.૦૫ લાખ રોહીત રોરીયાના ખાતામાં જમાં કરાવેલ હતા, જેના બદલામાં રૂ.૭.૩૩ લાખ પરત બેંક મારફત આપેલ હતા, તે સિવાયના મુળ રકમ જમા કરેલ તે પૈકીના બાકી રહેલ રકમ કુલ રૂ.૪,૭૨,૨૦૦ આજ સુધી પરત આપેલ નથી, તેમજ નફાની નિકળી રકમના રૂપીયા પણ તેમના પત્નિને પરત આપેલ ન હતી.

જે બાબતે રોહીત રોરીયાનો ચાલુ વર્ષના ફેબ્રુઆરી માસમાં કોઈ કોન્ટેક્ટ ન થતા અને તેઓ ફોન પણ રીસીવ ન કરતા હોય, જેથી કૌશિકભાઈ સોનેજીને ફોન કરતા તેઓએ પણ જણાવેલ કે, આ રોહીત રોરીયા તમારી તથા મારા જેવા ઘણા બધા લોકોના આવી રીતે આઈપીઓ ભરવાના નામે રોકાણ કરવાના બહાને સૌપ્રથમ ધવલભાઈ મહેતાના કોન્ટેક્ટમાં આવતા તેઓએ તા.૩૧/૦૧/૨૦૨૩ ના રોજ ટ્રાંજેક્શન રૂ.૫૦ હજારનું કરેલ હતું, તેમજ છેલ્લે તા.૩૧/૦૧/૨૦૨૫ ના દલસુખભાઈ ગોંડલીયાએ નેટ બેકીંગથી પેમેન્ટ કરેલ હતું, તેમ જાણવા મળેલ છે. ત્યારબાદ દલસુખભાઈ ગોંડલીયા સાથે તા.૦૪/૦૨/૨૦૨૫ ના રોજ છેલ્લે ફોનથી વાતચીત થયેલ હતી, ત્યારબાદ ઘણા બધા માણસોએ તેમનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતા તે નાશી જતા ઘણી બધી રકમ લઈને ફરાર થઈ ગયેલ છે.

જેથી આરોપીએ ફરીયાદી અને અન્ય ૪૮ લોકો સાથે આઈપીઓ ભરવાના બહાને રોકાણ કરવાનું કહીને સારૂ એવું વળતર મળશે તેવો વિશ્વાસ આપીને બેંક મારફતે તથા રોકડા રૂપીયા લઈ રોકાણકારોને અમુક વળતર પેટે રૂપીયા પરત આપીને રોકાણકારોને વધુ નફો આપશે તેવું કહી રોકાણકારો સાથે રૂ. ૪,૪૬,૮૫,૦૨૮ જેટલી મોટી રકમની છેતરપીંડી કરી નાના રોકાણાકારોને મોટું આર્થિક નુકશાન કરી રૂપીયા ઓળવી જતા ફરીયાદ નોંધાવી હતી.

બના અંગેની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસની ટીમે ગુનો નોંધી પીઆઈ એચ.એન.પટેલ અને ટીમે તપાસ હાથ ધરી હતી.

**રોકાણકારો...**

(રહે. અમદાવાદ) ના રૂ.૪૭,૭૧,૫૩૫, શ્વેતાબેન રૂતુલભાઈલ શાહ, (રહે.અમદાવાદ) ના રૂ. ૫૩,૪૪,૫૦૦, મુકેશભાઈ ગોવિંદભાઈ ભાલાળા (રહે.અમદાવાદ) ના રૂ. ૧૧,૦૨,૨૫૦, મનિષાબેન મુકેશભાઈ ભાલાળા, (રહે.અમદાવાદ) ના રૂ. ૧.૩૮ લાખ, સુર્યા ઓમપ્રકાશ છાબરીયા (રહે.અમદાવાદ) ના રૂ. ૧૪,૦૧,૫૦૦, હેમાંલીબેન જીજ્ઞેશભાઈ મનહરલાલ શાહ (રહે.અમદાવાદ) ના રૂ. ૨૬,૧૧,૫૪૦, દેવ જીજ્ઞેશભાઈ શાહના ૧,૧૩,૨૯૦, જીનલબેન જીજ્ઞેશભાઈ શાહ, (રહે. અમદાવાદ)ના ૪,૨૯,૦૭૫, મુકેશભાઈ જયંતીલાલ શાહ(અમદાવાદ)ના ૭,૫૮,૫૦૦, તરૂણભાઈ હસમુખરાય શાહ(અમદાવાદ)ના ૫૮ હજાર, મિશિતભાઈ શાહ (રહે. અમદાવાદ)ના ૧,૬૭,૫૦૦, તનયભાઈ અશ્વિનભાઈ શાહ, (રહે. ભીવંડી, મુંબઈ)ના ૫,૭૦,૮૦૦, અશ્વિનભાઈ વિરચંદભાઈ શાહ (રહે.મુંબઈ)ના ૩.૯૦ લાખ, દક્ષેશભાઈ અરવિંદભાઈ મણીયાર(રહે.અમદાવાદ)ના ૧.૪૫ લાખ, ચિંતનભાઈ ઘનશ્યામભાઈ પટેલ, (રહે અમદાવાદ)ના રૂ.૭,૦૨,૭૫૦, ગૌતમભાઈ લાલજીભાઈ કાસુંદ્રા (રહે, અમદાવાદ)ના રૂ. ૩,૧૬,૭૫૦, પાયલબેન ધનવંતરાય વાલેરા (રહે. જામનગર)ના રૂ. ૩૧,૧૬,૬૨૫, હિમાંશુભાઈ રાજેન્દ્રભાઈ જાદવ (રહે. ગોંડલ) ના ૯૭,૫૦૦, દિપકભાઈ કલાભાઈ વાવડીયા (રહે. નારણકા ગામ, કોટડા સાંગાણી)ના રૂ. ૧,૨૭,૩૭૫, હરીકિશનભાઈ મધુકરભાઈ ગરાચ, ( રહે. બોટાદ)ના રૂ. ૨૭,૮૦,૬૨૫, રણજીતભાઈ શક્તિદાન ગઢવી, (રહે.રાજકોટ)ના રૂ. ૫.૦૫ લાખ, ગીરીશભાઈ નટવરલાલ કોટક (રહે.રાજકોટ)ના રૂ. ૨,૨૪,૭૫૦, વીણાબેન ગીરીશભાઈ કોટક,( રહે. રાજકોટ)ના રૂ. ૨,૨૩,૭૫૦ અને ભીમશીભાઈ નથુભાઈ ચંદ્રાવાડીયા (રહે. જુનાગઢ) રૂ. ૩.૭૮ લાખ ફસાયા છે.

**ડુપ્લીકેટ સ્પુરીયસ દવાઓ...**

અમરાઈવાડી, અમદાવાદ વટવા, અમદાવાદ ખાતેથી રૂ. ૧૨ લાખની કિંમતનો સ્પુરીયસ-ડુપ્લિકેટ દવાનો જથ્થો તેમજ પાર્થ જગદીશભાઈ જોષીની મે. પારસ કેમિસ્ટ, દુકાન નં-૫, પ્રથમ માળ, કાંતા એસ્ટેટ, ધાર્મિક એપાર્ટમેન્ટની સામે, ચાંમુડાનગર નજીક, બાપુનગર, અમદાવાદ ખાતેથી સ્પુરીયસ-ડુપ્લિકેટ દવાઓ પકડી પાડવામાં આવી હતી.

કમિશનર ડો. એચ. જી. કોશીયાએ ઉમેર્યુ કે, વડોદરા ખાતે ઓલકેર મેડિસિન્સના માલિક કિરણ ઠક્કરની દુકાનમાંથી વડોદરાની ટીમ દ્વારા ૧૧૫ સ્ટ્રીપ દવાઓ, સુરત ખાતે શીવાય મેડીકો, કતારગામના માલિક પ્રજાપતિ ગૌરવ બાબુલાલને ત્યાંથી ૧૩૬ ડુપ્લિકેટ દવાઓની સ્ટ્રીપ તેમજ રાજકોટ ખાતે મે. નિર્મલ મેડિકલ એજન્સી, મોટી ટાંકી ચોક, રાજકોટની પેઢીના માલિક જીગ્નેશ વઘાસીયાને ત્યાંથી ૩૨ ડુપ્લિકેટ દવાઓની સ્ટ્રીપ પકડવામાં આવી હતી.

આ ઉપરાંત અમદાવાદ શહેરની અન્ય જગ્યાઓ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતેથી વેચાણ થયેલ જગ્યાઓએ પણ દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું કે, એફડીસીએ તંત્ર દ્વારા ટોરેન્ટ ફાર્માની લીડીંગ પ્રોડક્ટ કાયમોરલ ફોર્ટ, ગ્લેક્સો કંપનીની ઓગમેન્ટીન, ઈપ્કા કંપનીની ઝેરોડોલ એસપી, બાયોસ્વીફ્ટ કંપનીની સીફીક્ઝેમ, પ્રીવોક્સો કંપનીની ડાયક્લો પેરા અન્ય રાજ્યોમાંથી આવતી સ્પુરીયસ-ડુપ્લિકેટ દવાઓ પકડી પાડવામાં આવી હતી, આ દવાઓમાં પ્રાથમિક દ્રષ્ટીએ ચોકનો પાવડર હોવાનું તેમજ વગર બીલે ૫૦ ટકા ભાવમાં અન્ય રાજ્યમાંથી રોકડેથી ખરીદ કરી માર્કેટમાં વેચતાં હોવાનું માલૂમ પડ્યું હતું, જેની વધુ તપાસ ચાલી રહી છે.

અત્રે નોંધનીય છે કે, રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તાજેતરમાં સુરત ખાતે ઓનલાઈન મીસો પર વેચાણ કરતી નકલી બનાવટી કોસ્મેટિક ઉત્પાદન કરતી પેઢી દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ ખાતે સન ફાર્માની ડુપ્લિકેટ લેવીપીલ ૫૦૦ ટેબલેટનું વેચાણ પણ અગાઉ પકડી પડ્યું હતું. આમ, વિવિધ પેઢીઓ પર પાડેલ દરોડાથી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર અને ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા ઈસમોમાં ફફડાટ ફેલાઈ રહ્યો છે.

**વરસાદ...**

એમસીએફટી પાણી સંગ્રહિત છે. ૪૫૪.૯૮ ફૂટની ઉંડાઈ ધરાવતા ડેમની સપાટી હાલ ૪૧૬.૭૬ ફૂટે પહોચી જવા પામી છે. ડેમમાં ૧૪૭૯૪૯ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ૩૫૨૨૨ ક્યુસેક પાણીની જાવક થઈ રહી છે. જયારે રાજયના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩૬૧૭૭૮ એમસીએફટી પાણી સંગ્રહિત છે જે કુલ સંગ્રહ શકિતના ૬૪.૮૨ ટકા જેવી થવા પામે છે. ૫૧ ડેમો હા, એલર્ટ પર છે.

સૌરાષ્ટ્રમાં હવે વરસાદની ખેંચ વર્તાય રહી છે. જો મેઘરાજા મહેર નહી કરે તો વાવણી નિષ્ફળ જવાની પણ ભીતિ રહેલી છે.

**જય-વિરૂ...**

વિરતાપૂર્ણ લડાઈ બાદ, જય પણ આપણને છોડીને જતો રહ્યો. જય-વીરૂની અદ્ભૂત જોડીની હાજરી જેણે માણી છે કે તેમના લગાવની વાતો સાંભળી છે તે દરેક વન્યજીવ પ્રેમી માટે આ વ્યકિતગત ખોટ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમની તાજેતરની ગીર મુલાકાત દરમિયાન જય અને વીરૂની રાજસ્વી જોડીને નિહાળી હતી. તેમની ગેરહાજરીમાં ગીર હવે પહેલાં જેવું નહીં રહે. લીજેન્ડ્સ વિસરાઈ જાય, પરંતુ તેમણે જ્યાં સાથે મળીને રાજ કર્યું હતું તે જંગમાં તેમના આત્માનો અવાજ સદા ગૂંજતો રહેશે.

ગીરના હૃદયમાં, જય અને વીરુની વાતોએ તમામને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમની જોડી હિન્દી સિનેમા જગતની મશહૂર ફિલ્મ શોલેની આઈકોનિક જોડી સાથે સરખામણી પામે તેવી છે.

આ ફિલ્મના પાત્રોની જેમ જ આ વાસ્તવિક જોડીએ પણ એક-મેકથી અલગ નહીં થવાની અને સદાય સાથે રહેવાની ભાવના દર્શાવતી હતી. ગીરના વન્યજીવ પ્રેમીઓ ગીરના જંગલની અજેય અને નિર્ભય જોડી જય અને વીરુના સાહસોની અનેક કથાઓ વાગોળે છે. ક્યારેક થતાં પ્રાસંગિક નાનાં-અમથાં ઝગડાઓ કે હૂંસાતૂંસીને બાદ કરતાં, તેમની જોડી અતૂટ રહી, જે તેમની એકબીજા પ્રત્યેની વફાદારીને દર્શાવે છે જેના કારણે તેઓ મલાણકા, કેનેડીપુર, નતળિયા, ઈટાડી, લીમધ્રા અને કાસીયામાં પોતાનું સામ્રાજ્ય ફેલાવી શક્યા.

તેમની રહસ્યમયી ડણક દોસ્તીના શાશ્વત પ્રતિજ્ઞાનાં પ્રતિક સમા સ્તુતિગાન યે દોસ્તી હમ નહીં તોડેગેં છોડેગેં દમ મગર તેરા સાથ ન છોડેગેંને પ્રતિબિંબિત કરતી હતી. જો તમે ગીરમાં ગયા હોય અને જય-વીરુને ન જોયા હોય તો તમે જંગલના આત્માને ચૂકી ગયા કહેવાય? ગિરમાં જય-વિરૂને નથી જોયા તો કશું નથી જોયું.

ગીર હંમેશા દંતકથારૂપ જોડીનું અભયારણ્ય રહ્યું છે. જય અને વીરૂ પહેલાં, આ જંગલમાં ધરમ-વીરની જોડી હતી, જેની ભાઈબંધીની ગાથા આજે પણ ગવાય છે.

## પૂર્વ ડિસ્ટ્રિક્ટ જજ એસ. બી. ટોળીયાના પત્નીનું નિધન



**રાજકોટઃ** મુળ અમરેલી જિલ્લાના ધારી હાલ અમદાવાદ શિરીષભાઈ બેચરદાસ ટોળીયા (રાજકોટના પૂર્વ ડિસ્ટ્રિક્ટ જજ, હાલ હાઈકોર્ટ એડવોકેટ)ના પત્ની જ્યોતિબેન (ઉ.વ. ૭૫) તે હર્ષિતભાઈ (એડવોકેટ) અને પાર્થભાઈના માતૃશ્રી તે નેહાબેન અને જીજ્ઞાબેનના સાસુમા તે હર્ષવી, યશ, જીલ અને જૈનમના દાદીમાનું અવસાન થયું છે. સદગતની અંતિમ યાત્રા આજે સવારે ૧૧:૦૦ વાગે નીકળી હતી.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** ટંકારાવાળા સ્વ. શાંતિલાલ લક્ષ્મીચંદ પારેખના પુત્ર પ્રવિણભાઈ શાંતિલાલ પારેખ (ઉ.વ.૬૪) તે નગીનભાઈ, કિશોરભાઈના નાનાભાઈ, રસીલાબેન, સ્વ. ચંદ્રીકાબેનના ભાઈ, મોહિત, મિલન, પ્રિયંકાના પિતા, વાંકાનેર વાળા સોની રમણીકલાલ મોહનલાલ પાટડીયાના જમાઈનું તા. ૩૦ ને બુધવારના રોજ અવસાન પામેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૩૧ ને ગુરુવારે બપોરે ૩.૩૦ થી ૫ દરમિયાન સોની સમાજની વાડી ખીજડા શેરી, યુનિટ નં.૨ કોઠારીયા નાકા, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટઃ** મૂળ ટંકારા નિવાસી હાલ રાજકોટ ગુણવંતરાય ઉમિયાશંકર જાની (ઉ.વ. ૯૫) તે સ્વ.સૂર્યશંક, સ્વ જયંતીલાલ, સ્વ ધીરજલાલ, સ્વ હસમુખરાય, રમણીક લાલના બંધુ, આશિષકુમાર પંડ્યા ના સસરા, પરેશ, નિતીન, ચેતન ના પિતાનું તા.૨૮ ના રોજ અવસાન પામેલ છે. તેઓનું બેસણું તા. ૩૧/૭ ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ જાગૃતિ હોલ ભોમેશ્વર મહાદેવ મંદિર પાસે જામનગર રોડ રાજકોટ મુકામે રાખેલ છે.

**કુવાડવાઃ** સ્વ. કંચનબેન તથા સ્વ. છેલશંકર ઘેલારામ પંડયાના પુત્ર, પ્રફુલભાઈ, અરૂણભાઈ, જયોત્સનાબેન, કુંદનબેન, પરેશભાઈના ભાઈ, સુરેશભાઈ છેલશંકર પંડયા (ઉ.વ.૫૯) નું તા. ૨૯ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૧ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ દરમિયાન લોહાણા મહાજન વાડી કુવાડવા ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગુર્જર સુથાર વાસંતીબેન (ઉ.વ.૮૦) તે અનંતરાય જમનાદાસ સાંકડેચા (મોટા ડેલાવાળા)ના પત્ની, ધર્મેશભાઈ, પ્રજ્ઞેશભાઈ, હેમાક્ષીબેન મહેન્દ્રકુમાર બદ્રકિયાના માતાનું તા. ૨૭ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બન્ને પક્ષનું બેસણું તા. ૩૧ ને ગુરુવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ સુધી વિશ્વકર્મા કેળવણી મંડળ, ભકિતનગર સ્ટેશન પ્લોટ નં. ૭/૧૦ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ઈલાબેન ભગવાનજીભાઈ સંઘરાજકા (ઉ.વ.૬૯) તે સ્વ. ભગવાનજીભાઈ મકનજીભાઈ સંઘરાજકાની પુત્રી, સ્વ. જયોત્સનાબેન બી. દેસાઈ, વિદ્યુતબેન પી. કોટેચા, સ્વ. હીનાબેન એસ. મહેતા, ભરતભાઈ બી. સંઘરાજકાના બહેનનું તા. ૨૯ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૩૧ ને ગુરુવારને રોજ સવારે ૧૧ વાગ્યે દિગંબર જૈન મંદિર, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મુળ ટંકારા નિવાસી હાલ રાજકોટ ગુણવંતરાય ઉમિયાશંકર જાની (ઉ.વ.૯૫) તે સ્વ. સૂર્યશંકર યુ. જાની, સ્વ. જયંતિલાલ યુ. જાની, સ્વ. ધીરજલાલ યુ. જાની, સ્વ. હસમુખરાય યુ.જાની, રમણીકલાલ યુ. જાનીના ભાઈ, આશિષકુમાર પંડયાના સસરા, પરેશ, નીતીન, ચેતનના પિતાનું તા ૨૮ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૧ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬ જાગૃતિ હોલ ભોમેશ્વર મહાદેવ મંદિર પાસે જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** લોહાણા મહિલા વિકાસ ગૃહના નિવૃત શિક્ષિકા અનસુયાબેન જોષી (ઉ.વ.૭૫ નવદૂર્ગા ગરબી મંડળ, કોલેજવાડીના પુર્વ સંચાલક)તે શ્રીનાથભાઈ એન. જોષીના પુત્રી તે મહેશભાઈ જોષી (અધિક સરકારી વકીલ), મનિષભાઈ તથા દુષ્યંતભાઈ જોષીના ફૈબાનું તા.૨૯/૭ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૩૧/૭ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૦૦ તેમના નિવાસસ્થાન સુશીલ નિવાસ, ૧- કોલેજવાડી, કોટક ગર્લ્સ સ્કૂલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.


**પોરબંદરઃ**ધ્વનીબેન શરદભાઈ મહુધિયા (ઉ.વ.૩૧) મૂળ માંગરોળ હાલ પોરબંદર, તે શરદભાઈ ભાસ્કરભાઈ મહુધિયા, નિશાબેન (નલિનીબેન) ના પુત્રી, માર્ગી શરદભાઈ મહુધિયાના બહેન, પ્રીતિબેન સુનિલભાઈ વોરા(અમદાવાદ) ના ભત્રીજી, કૌમુદીબેન જગદીશભાઈ વસાવડા, મંજરીબેન હેમેન્દ્રભાઈ માંકડ ના ભાણેજનું તા.૨૬ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. જેમની પ્રાર્થના સભા તા. ૧-૮ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ બજરંગ વાડી માંગરોળ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ઔ. ખરેડી બ્રા. (મુ. માંડણકુંડલા) હાલ રાજકોટ નિવાસી કાંતાબેન માણેકલાલ ભટ્ટ તે ગીરધરલાલ એમ. ભટ્ટના ભાભી, નીતીનભાઈ ભટ્ટ, પરેશભાઈ ભટ્ટના માતા, દિવ્યાબેન, પ્રવિણાબેન, તૃપ્તિબેનના સાસુ, રાજુભાઈ ભટ્ટના ભાભુ, ખુશ્બુ જયકુમાર ભટ્ટ, રોહિન, જીત, આયુપનીસ્તા, દેવાંશીના દાદીમાનું તા. ૨૯ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૩૧ ને ગુરુવારના સાંજે ૪.૩૦ થી ૬ સ્વામીનારાયણ ગુરૂકુલ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

## ઓપરેશન 'સિંદૂરે' જગત જમાદારના પટ્ટા ઉતારી લીધા

# અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ કહ્યું પાક. મોટો હુમલો કરશે, મેં કહ્યું ગોળીનો જવાબ ગોળાથી મળશે: મોદી



**અબતક,રાજકોટ**
જમ્મુ-કાશ્મીરનાં પહલગામમાં પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા નિર્દોષ પ્રવાસીઓ પર કરવામાં આવેલા હુમલા બાદ આતંકવાદીઓને ઝેર કરવા માટે ભારત દ્વારા ઓપરેશન સિંદુર શરૂ કરવામાં આવ્યું હતુ. છે અમે આતંકીઓનો નાશ કરીને રહીશું આ મે જાહેરમા કહ્યુ હતું, ઘટનાની સજા તેમના આકાઓને પણ મળશે. કલ્પનાથી પણ મોટી સજા મળી છે,૨૨ એપ્રિલે હું વિદેશ હતો કશુ કરી ન શક્યુ. ૨૨ મિનિટમા ૨૨ એપ્રિલનો બદલો નિર્ધારીત લક્ષ્ય સાથે અમારી સેનાએ બદલો લીધો

પાકિસ્તાનના ખૂણે ખૂણે રહેલા આતંકી સેન્ટરોનો સફાયો કર્યો

પાકિસ્તાનની ન્યુકલીયર ધમકીને ખોટી સાબિત કરી દીધી

ભારતે સાબિત કર્યુ કે ન્યુકલીયર બ્લેકમેલિંગ હવે નહી ચાલે અને આવી ધમકી સામે ભારત નમશે નહી

ભારતે તેની ટેકનિકલ ક્ષમતા બતાવ,પાકિસ્તાનની છાતી પર સચોટ પ્રહાર કર્યો પાકિસ્તાન એરબેસને નુકશાન પહોંચાડ્યુ અને આજે પણ તેમના ઘણા એરબેસ આઈસીયુમા છે. પાછલા દસ વર્ષમા ભારતે જે તૈયારી કરી હતી જો તે ન થઈ હોત તો આ ટેકનિકલ યુગમા આપણને કેટલુ નુકશાન ભારતમા આંતકી હુમલાથી તેમના આકા અને પાકિસ્તાનને ભારી કિમંત ચુકવવી પડશે જો ભારત પર આતંકી હુમલો થયો તો ભારત તેની રીતે તેના સમયે તેની શરતે જવાબ આપીને રહેશે બીજુ કોઈ પણ ન્યુકલીયર બ્લેકમેલ નહી ચાલે

ત્રીજુ અમે આતંકના આકાઓ અને તેમની સરકારને અલગ નહી જોઈએ દુનિયામા કોઈ પણ દેશે ભારતને સુરક્ષામા કાર્યવાહી કરવામાં રોક્યુ નથી ફકત ૩ દેશોએ ઓપરેશન સિંદુર વિરુદ્ધ નિવેદન આપ્યુ હતું બાકી સમગ્ર દેશોએ ભારતને સમર્થન આપ્યું આપણને દુનિયાના દેશોનુ સમર્થન મળ્યુ પણ દુરભાગ્ય છે કે દેશના વિરોના પરાક્રમને કોંગ્રેસનુ સમર્થન ન મળ્યું.

૨૨ એપ્રિલ પછી ત્રણ ચાર સેનાએ લક્ષ્ય નક્કી કર્યુ હતું કે આતંકીઓના લોન્ચિંગ પેડ નષ્ટ કરીશુ અને સેનાએ કામ સફળતા પુર્વક કર્યુ બાલાકોટ એરસ્ટ્રાઈક વખતે લક્ષ્ય નકીક હતુ કે આતંકીઓના ટ્રેનિગ સેન્ટર નાશ કરીશુ અને તે પણ કર્યુ ઓપરેશન સિંદર સમયે લક્ષ્ય નક્કી હતુ કે આતંકીઓના એપી સેન્ટર અને પહલગામના આતંકીઓને ટ્રેનિગ સેન્ટર પર હુમલો કર્યો

કેટલાક લોકો હાથેકરી કેટલીક વાતો ભુલવામા રસ રાખે છે દેશ ભુલતો નથી તેને યાદ હોય છે.

ભારતનું લક્ષ્ય હતું આતંકીઓના સેન્ટરને નાશ કરવાનું

પાકિસ્તાને આંતકીઓની મદદ કરવાની હિંમત કરી તો તેને વર્ષો સુધી યાદ રહેશે તેવો જવાબ આપ્યો કે ઓપરેશન સિંદુર ચાલુ છે. પાકિસ્તાને દુશાહસની કલ્પના કરી તો તેને જવાબ અપાશે આજનુ ભારત આત્મવિશ્વાસ થી ભરેલુ છે આજનુ ભારત આત્મનિર્ભરતાના મંત્રથી શકિતથી આગળ વધી રહ્યુ છે દુર્ભાગ્યથી કોંગ્રેસ અને તેની સહયોગી પાર્ટીઓ પાકિસ્તાનના પ્રોપોગેન્ડાના પ્રવકતા બની ગયા છે.

દેશની સેનાએ સર્જીકલ સ્ટ્રાઈક કરી તો તરત કોંગ્રેસે સેના પાસેથી સબુત માગ્યા હતા

બાલાકોટમા સેનાએ એરસ્ટ્રાઈક કરી તેમા કોંગ્રેસે ન કહ્યુ કે અમે પણ કરી હતી પણ ફોટા માગ્યા હતા

આતંકવાદીઓના આકા અને આતંકીઓને રોતા જોઈ અંહી પણ કેટલાક લોકો રોહી રહ્યા છે. કરે છે તો શું તેમના માટે શ્રાવણ મહિનાનો સોમવારની રાહ જોવાઈ

હતાશા અને નિરાશા આટલા બધી

જયારે સિમા પર સેના મજબૂત હોય ત્યારે જ લોકતંત્ર મજબૂત બને

ઓપરેશન સિંદુર પાછલા વર્ષોમા ભારતની સેનાનુ સશક્તિકરણનુ પરિણામ છે

કોંગ્રેસના સાશન દરમિયાન સેનાને આત્મનિર્ભર બનાવવાનુ વિચારપણ કરવામા નોતો આવતો

હર રક્ષા સોદામા કોંગ્રેસ તેની તક જોતી હતી

નાના હથિયારોમા વિદેશ પર નિર્ભરતા રહેતી સેના

અમારી સેનાએ આધુનિક છે કે ખૂન અને પાણી સાથે નહી વહે

આતંકવાદ પર લાબી વાતો કરે છે સત્તામા હતા ત્યારે દેશની સ્થિતિ શુ હતી તે આજે પણ દેશ ભુલ્યો નથી ૨૦૧૪ પહેલા દેશમા અસુરક્ષાનુ વાતાવરણ હતુ તે આજે યાદ કરે છે તોલોકો ડરી જાય છે નવી પેઢીના બાળકોને ખબર નથી બધે જાહેરાતો થતી કે કોઈ લાવારીઝ વસ્તુ દેખાય તો અડવુ નહી તે બોમ્બ હોય શકે

આતંકવાદ પર રોક લાગવી શકાત અમારી સરકારે ૧૧ વર્ષમા કરી બતાવ્યુ તે સબુત છે

૨૦૦૪ થી ૨૦૧૪ સુધી આતંકવાદની ઘટન ઓછી થઈ છે

અમારી સરકાર આતંકવાદ

## ભારતે આકાશમાં એકજ દિવસમાં પાકિસ્તાનના ૧૦૦૦ ડ્રોન નષ્ટ કરી દીધા: આ નવુ આત્મનિર્ભર ભારત છે કોઈ સામે ઝુકશે નહીં: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં ઓપરેશન 'સિંદુર' અંગે સતત ૯૦ મિનિટ સુધી નિવેદન આપી વિપક્ષની બોલતી બંધ કરી દીધી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગઈકાલે સંસદમાં સતત ૯૦ મિનિટ સુધી ઓપરેશન સિંદુર અંગે નિવેદન આપ્યું હતુ,. તેઓએ એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે ઓપરેશન સિંદુર હજી ચાલુ છે. ભારતને સુરક્ષામાં કાર્યવાહી કરવામાં કોઈએ રોકયું નથી.

ઓપરેશન સિંદુર દરમિયાન જે પ્રકારે દેશના લોકોએ મારો સાથ આપ્યો,મને આશિર્વાદ આપ્યા એટલે જનતાનો રૂણ મારા પર છે. હું દેશવાસીઓનો આભાર વ્યક્ત કરુ છું દેશવાસીઓને અભિનંદન પાઠવું છું.

૨૨ એપ્રિલે પહલગામમાં જે પ્રકારે ક્રુર ઘટના ઘટી, જે પ્રકારે આંતવાદીઓએ નિર્દોષ લોકોને તેમનો ધર્મ પુછીને ગોળી મારી તે ક્રુરતની પરાકાષ્ઠા હતી.

ભારતને હિંસાની આગમા ધકેલવાનું એક સુઆયોજીત પ્રયાસ હતો. ૨૨ એપ્રિલ પછી અંગ્રેજીમા પણ કહ્યુ હતું કે આ અમારો સંકલ્પ તાત્કાલિક આવ્યો અને આવ્યા પછી બેઠક બોલાવી તેમા મે સ્પષ્ટ નિર્દેશ કર્યો કે આતંકવાને મુહ તોડ જવાબ આપવો પડશે અને આ અમારો રાષ્ટ્રીય સંકલ્પ છે.

સેનાને કાર્યવાહી કરવાનો છુટો દોર આપવામાં આવ્યો અને કહ્યુ કે સેના નક્કી કરે કે ક્યારે અને ક્યા કેવી રીતે કઈ રીતે આ બધી વાતો મીટીગમા કહી દેવામાં આવી હતી

અમને ગર્વ છે કે આતંકીઓને તે સજા આપી કે આજે પણ આતંકના આકાઓની ઉંઘ હરામ થઈ છે.

અમારી સેનાની સફળતા અને તેમના પક્ષને સંસદના માધ્યમથી દેશવાસીઓ સામે રાખવા માંગુ છું.

પહેલા તો પહલગામા હુમલા પછી તરત પાકિસ્તાની સેનાને અંદાજો લાગી ગયો હતો કે ભારત મોટી કાર્યવાહી કરશે તેમના તરફથી ન્યકલીયરની ધમકીના નિવેદન આવવા લાગ્યા હતા ભારતે ૬ મેની રાત અને ૭ મેની સવારે જે રીતે આયોજન કર્યુ હતું તે રીતે જ કાર્યવાહી કરી અને પાકિસ્તાન થઈ શકત તેનો અંદાજ લગાવી શકો છો.

ઓપરેશન દરમ્યાન પહેલી વખત આત્મનિરભર ભારતની તાકાતને દુનિયાએ જોઈ મેડ ઈન ઈન્ડિયા ડ્રોન,મિસાઈલે પાકિસ્તાનના હથિયારોની પોલ ખોલી નાખી

ઓપરેશના સમયે નેવી,આર્મી,એરફોર્સ ત્રણેય સેનાનુ જોઈન્ટ એકશને પાકિસ્તાનને છઠ્ઠી યાદ કરાવી દીધી.

આતંકી ઘટના પહેલા પણ દેશમા થતી હતી પણ પહેલા આતંકવાદના માસ્ટર માઈન્ડ નિશ્ચિત રહેતા હતા તેમને ખબર હતી કે કઈ નહી થાય અને તેઓ આગળની કાર્યવાહીમા લાગી જતા પણ હવે સ્થિતિ બદલાઈ છે હવે હુમલા પછી માસ્ટર માઈન્ડને ઉઘ નથી આવતી તેમને ખબર છે કે ભારત આવશે અને મારીને જશે . દુનિયાએ જોયુ કે આપણી કાર્યવાહીનો સ્કેલ કેટલો મોટો છે સિંદુરથી લઈ સિધુ સુધી પાકિસ્તાન પર કાર્યવાહી કરી છે.

ઓપરેશન સિંદુરે બતાવ્યુ કે દિવસમા વિપક્ષ ઉછળી રહ્યુ હતુ અને કહેતા હતા કે ક્યા ગઈ ૫૬ ઈંચની છાતી કયા ખોવાઈ ગયા મોદી મોદી તો ફેલ થયા શુ મજા લઈ રહ્યા હતા તેમને લાગતુ હતુ કે બાજી મારી લીધી પરંતુ પહેલાગામના નિર્દોષ લોકોની હત્યામા પણ રાજનીતી કરતા હતા

સ્વાર્થની રાજનીતી માટે મારા પર નિવેદન કરી રહ્યા હતા

ઓપરેશન સિદુંરનો વિરોધ કરી વિપક્ષ મીડિયામા હેડલાઈનમા રહી શકશે પરંતુ દેશવાસીઓના દિલમા જગ્યા નહી બનાવી શકે.

૧૦ મેએ ભારતે ઓપરેશન સિંદરુ હેઠળ ચાલી રહેલ એકશનને રોકવાની જાહેરાત કરી તેને લઈ ભાત ભાતની વાતો કરવામાં આવી આ એજ પ્રોપોગેન્ડા છે જે સિમાપારથી કરવામા આવે છે.

કેટલાક લોકો સેના દ્વારા કરેલ કાર્યવાહીની જગ્યાએ પાકિસ્તાનના ખોટા પ્રચારને ફેલાવવાના પ્રયાસમા લાગી ગયા હતા.

સર્જીકલ સ્ટ્રાઈક થઈ ત્યારે ભારતની મિસાઈલે પાકિસ્તાનમા પ્રચંડ પ્રહાર કર્યો તેની પાકિસ્તાને કલ્પના પણ નહોતી કરી અને તેને નતમસ્તક થવા મજબૂર કર્યુ ટીવીમા દેશની જનતાએ જોયુ પાકિસ્તાનથી કેવા નિવેદન આવાત હતા દુનિયાના કોઈ પણ નેતાએ ભારતના ઓપરેશનને રોકવા વાત કરી નથી ૯ તારીખે રાતે અમેરિકાના ઉપરાષ્ટ્રપતીજીએ મારી સાથે વાત કરવા પ્રયાસ કર્યો પણ હુ મારી સેના સાથે મીટીગમા હતો

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ મને ફોનમા કહ્યુ કે પાકિસ્તાન બહુ મોટો હુમલો કરવાના છે મારો જવાબ હતો કે અગર પાકિસ્તાનો આ ઈરાદો છે તો તેને બહુ મોંઘુ પડશે જો પાકિસ્તાન હુમલો કરશે તો અમે મોટો હુમલો કરી જવાબ આપીશું અમે ગોળીનો જવાબ ગોલાથી આપીશું આ ૯ તારીખની વાત છે પાકિસ્તાન જાણી ગયુ છે કે ભારતનો જવાબ પહેલાથી મોટો હોય છે

લોકતંત્રના મંદિરમા કહેવા માગુછુ સેના પ્રત્યે નેગેટેવીટી કોંગ્રેસનો જુનો રિવાજ છે

કારગીલ વિજયદિવસને કોંગ્રેસે સ્વીકાર્યુ નથી દેશની જનતા નવાઈ લાગે છે કે પાકિસ્તાનને કોંગ્રેસે કલીન ચીટ આપી દીધી પહલગામમા આતંકી ઘટનાના આંતકીઓ પાકિસ્તાનના છે તેના સબુત માગવાની કોંગ્રેસની હુમંત જુઓ આજે સબુતોની કમી નથી બધુ દેખાય છે ત્યારે આ સ્થિતિ છે જો સબુત ન હોત તો આ વિપક્ષ શું કરત વિચારો એર ડિફેન્સ સિસ્ટમની દુનિયામા ચર્ચા થઈ રહી છે

૯ મેના રોજ પાકિસ્તાને ૧ હજાર મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કર્યો અને ભારતે તેના આકાશમા જ નષ્ટ કરી દીધુ કોગ્રેસનો વિશ્વાસ પાકિસ્તાનના રિમોટ કંન્ટ્રોલથી ચાલે છે અને બદલાય છે

પહલગામના હુમલાવરોને સુરક્ષાબળોએ ઓપરેશન મહાદેવ થકી ઢાર કર્યા

વિપક્ષ પુછે છે કે કાલે જ કેમ કરવામા આવ્યુ તેમ વિપક્ષ સવાલ હથિયાર માટે વર્ષો સુધી રાહ જોઈ

મેક ઈન ઈન્ડિયા હથિયાર સેનાને મળ્યા જેને આ ઓપરેશનમા મહત્વની ભુમિકા નિભાવી છે

ડિફેન્સ માટે પ્રાઈવેટ સેકટરને આગલ લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ડ્રોન ની ટેકનોલોજી ઓપરેશન સિંદુરમા ઘણી કામ લાગી

ડિફેન્સ સેકટરમા મેક ઈન ઈન્ડિયા નારો નોતો બજેટ રજુ કર્યુ અને વિઝન સાથે દેશમા આગળ વધી રહ્યા છીએ ડિફેન્સનુ બજેટ પહેલા એક દશકમા પહેલા કરતા ૩ ગણુ વધ્યુ છે કોની સરકારે પીઓકે પર પાકિસ્તાનને કબ્જો કરવાની તક આપી જવાબ સિધો છે જયારે પણ નહેરૂજીની વાત કરુ તો કોંગ્રેસ અકળાઈ જાય છે ભારતે પુરાની ભુલોને સુધારી કઠોર નિર્ણય લઈ રહ્યુ છે ભારત નહેરૂ દ્વારા કરાયેલી ભુલ સિધુ જળકરારને દેશ હિતમા ખેડૂતોના હિતમા એબેન્સમા રાખ્યુ છે

દેશનુ અહિત કરાનાર કરાર આગળ નહી વધે ભારતે નક્કી કર્યુ સામે કામ કરી શકે તો કોંગ્રેસ ની સરકારની શી મજબૂરી હતી કે આંતકવાદને પ્રોત્સાહન આપતી

કોંગ્રેસની તૃષ્ટીકરણ અને વોટબેંકની રાજનીતી ના કારણે આંતકી ઘટના વઘતી

૨૬-૧૧ નો હુમલામા પાકિસ્તાની આતકી પકડાયો અને પાકી મીડિયાએ સ્વીકાર્યુ પણ કોંગ્રેસ પાર્ટી ભગવા આતકી જાહેર કરવા લાગી ગઈ હતી

કોંગ્રેસ દુનિયાને હિન્દુ આતંકવાદી જાહેર કરવા લાગીહતી

ોંગ્રેસના એક નેતાએ અમેરિકાના રાજનાયને કહી દીધુ હતુ કે લશ્કરએ તૌયબાથી મોટો ખતરો હિન્દુ ગ્રુપથી છે તેમ કહ્યુ હતું

બાબા સાહેબના સંવિધાનને જમ્મુકાશ્મિરમા લાગુ કોંગ્રેસે ન કરવા દીધુ

વોટબેક અને તૃષ્ટીકરણ માટે દેશની સુરક્ષા સાથે ખિલવાડ કરતી રહી અને તેની સાથેના કાયદાને નબળા કર્યા હતા.

## ભારત વિશ્વના સૌથી ઝડપથી આર્થિક ક્ષેત્રે પ્રગતિ કરતો દેશ: આઈએમએફ

### ૨૦૨૫-૨૬ માટે ભારતની આર્થિક વૃદ્ધિના અંદાજને સુધારીને ૬.૪% નક્કી કરાયો

**અબતક, નવી દિલ્હી**
આંતરરાષ્ટ્રીય નાણાકીય ફંડ (આઈએમએફ)એ તેના તાજેતરના વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂકમાં ભારતની આર્થિક વૃદ્ધિના અંદાજને સુધારીને ૨૦૨૫ અને ૨૦૨૬ માટે ૬.૪% નક્કી કર્યો છે, જે અગાઉના અનુમાન ૬.૨% અને ૬.૩% કરતાં વધુ છે. આની સાથે ભારત વિશ્વની સૌથી ઝડપી વિકસતી મોટી અર્થવ્યવસ્થા તરીકે પોતાનું સ્થાન જાળવી રહ્યું છે.

આઈએમએફના અહેવાલમાં જણાવાયું છે કે ભારતની આર્થિક વૃદ્ધિનું સુધારેલું અનુમાન વધુ સાનુકૂળ બાહ્ય વાતાવરણને કારણે છે. નાણાકીય વર્ષના આધારે ભારતની વૃદ્ધિ ૨૦૨૫માં ૬.૭% અને ૨૦૨૬માં ૬.૪% રહેવાની અપેક્ષા છે. ચીનની વૃદ્ધિ ૨૦૨૫માં ૪.૮% અને ૨૦૨૬માં ૪.૨% જ્યારે અમેરિકાની વૃદ્ધિ ૨૦૨૫માં ૧.૯% અને ૨૦૨૬માં ૨.૦% રહેવાનો અંદાજ છે.

વૈશ્વિક આર્થિક વૃદ્ધિનો અંદાજ પણ આઈએમએફએ ૨૦૨૫ માટે ૩.૦% અને ૨૦૨૬ માટે ૩.૧% કર્યો છે, જેમાં ટેરિફની ઓછી અસર, નબળું અમેરિકી ડોલર અને સુધરેલી નાણાકીય પરિસ્થિતિઓનો ફાળો છે. જોકે, આઈએમએફએ ચેતવણી આપી છે કે ટેરિફમાં વધારો અને અનિશ્ચિતતા વૈશ્વિક વૃદ્ધિને અસર કરી શકે છે. વૈશ્વિક મોંઘવારી ૨૦૨૫માં ૪.૨% અને ૨૦૨૬માં ૩.૬% રહેવાની ધારણા છે, જેમાં અમેરિકામાં મોંઘવારી લક્ષ્યથી ઉપર રહેશે, જ્યારે અન્ય મોટી અર્થવ્યવસ્થાઓમાં તે નિયંત્રણમાં રહેશે. વૈશ્વિક વેપારનું પ્રમાણ ૨૦૨૫માં ૦.૯% વધશે, પરંતુ ૨૦૨૬માં ૦.૬% ઘટશે.

આઈએમએફના જણાવ્યા મુજબ, ભારત, ચીન અને ઈન્ડોનેશિયા જેવી મોટી ઉભરતી અર્થવ્યવસ્થાઓ મજબૂત પ્રદર્શન કરી રહી છે. ભારતની વૃદ્ધિમાં બાહ્ય સ્થિરતાનો મોટો ફાળો છે. આઈએમએફએ ઉમેર્યું કે વેપાર વાટાઘાટો અને નીતિઓ વધુ આત્મવિશ્વાસ, પારદર્શકતા અને ટકાઉપણું લાવી શકે તો વૈશ્વિક અર્થવ્યવસ્થાને વધુ ફાયદો થઈ શકે છે. આ અહેવાલ ભારતની આર્થિક પ્રગતિ અને વૈશ્વિક સ્તરે તેની મજબૂત સ્થિતિને રેખાંકિત કરે છે.

## રાજ્યની સરકારી યુનિ.ઓમાં ૧૯ રાઉન્ડ પછી બેઠકો ખાલી: વધુ એક રાઉન્ડ કરવા માંગ

### મોટાભાગની યુનિવર્સિટીની બેઠકો ખાલી પડતાં જીકાસ સામે સંચાલકો, વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ સાથે નારાજગી

**અબતક, રાજકોટ**
રાજયમાં સરકારી યુનિવર્સિટીઓમાં જીકાસના માધ્યમથી પ્રવેશ કાર્યવાહી ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૧૯ રાઉન્ડ પુરા કર્યા પછી પણ મોટાભાગની યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં બેઠકો ખાલી પડી છે ત્યારે હવે યુનિવર્સિટીએ જીકાસમાં રજિસ્ટ્રેશન સાથે ફરીવાર એક રાઉન્ડ કરવાની માંગણી કરી હોવાની વિગતો બહાર આવી છે. આમ, ૧૯-૨૦ રાઉન્ડ પછી પણ મોટાભાગની યુનિવર્સિટીની બેઠકો ખાલી પડતાં જીકાસ સામે સંચાલકો, વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ સાથે નારાજગી જોવા મળી રહી છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિતની તમામ સરકારી યુનિવર્સિટીઓ અત્યાર સુધી પોતાની રીતે આર્ટસ,કોમર્સ અને સાયન્સ સહિતના કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા કરતી હતી. બે વર્ષથી સરકાર દ્વારા જીકાસના માધ્યમથી રજિસ્ટ્રેશન અને પ્રવેશ ફાળવણી કરવાનું શરૂ કર્યું છે. ચાલુવર્ષે જીકાસના માધ્યમથી ૧૯ રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. આટલા બધા રાઉન્ડ કરવા છતાં ગુજરાત યુનિવર્સિટી સહિતની અનેક યુનિવર્સિટીઓમાં બેઠકો ખાલી પડી છે. બીજીબાજુ ઓછી ટકાવારી ધરાવતાં અસંખ્ય વિદ્યાર્થીઓએ વારંવાર કોલેજોની ચોઈસ આપવા છતાં પ્રવેશ ફાળવવામાં આવતો નથી. આમ, જીકાસના માધ્યમથી થતી પ્રવેશ કાર્યવાહીમાં હાલમાં ૪૦થી ૫૦ ટકા વચ્ચેની ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓ પ્રવેશ માટે રીતસરનો રઝળપાટ કરી રહ્યા છે. જુદી જુદી કોલેજના પ્રિન્સિપાલ કહે છે કે, સામાન્ય રીતે યુનિવર્સિટી દ્વારા પ્રવેશ કાર્યવાહી કરવામાં આવતી હતી ત્યારે ઓનલાઈનમાં બેથી ત્રણ રાઉન્ડ અને એક ઓફ લાઈન રાઉન્ડ કરવામાં આવે તો તમામ બેઠકો ફુલ થઈ જતી હતી. આ ઉપરાંત નીચી ટકાવારીથી લઈને ઉંચી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓને પણ કોઈને કોઈ કોલેજમાં પ્રવેશ મળી જતો હતો. જીકાસના માધ્યમથી હાલમાં ૧૯ રાઉન્ડ પુરા કર્યા પછી પણ ગુજરાત યુનિવર્સિટીની કોલેજોમાં પણ મોટભાગની બેઠકો ખાલી પડી છે. હાલમાં ૨૦મો રાઉન્ડ ચાલી રહ્યો છે ત્યારે હવે રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓએ સરકારમાં એટલે કે જીકાસમાં એવી લેખિતમાં રજૂઆત કરી છે કે, ખાલી બેઠકોની સંખ્યા જોતાં ફરી એકવાર જીકાસના માધ્યમથી રજિસ્ટ્રેશન શરૂ કરીને નવો રાઉન્ડ કરવો જોઈએ.

### રૂ.૨૨૫ કરોડની કેનાલમાં પાણી છોડાય તે વહેલા ભ્રષ્ટાચારના ગાબડા

## કેનાલોના નબળા કામ કરનારા બે કોન્ટ્રાકટરોએ ભાજપને ફંડ આપ્યું

### શિવાલય ઈન્ફ્રા પ્રોજેકટે રૂ. ૩૮.૫૦ લાખ અને એસ.વી. પટેલ એજન્સીએ રૂ. ૬.૭૦ લાખનું ફંડ જમ કરાવ્યું: કોંગ્રેસ

**અબતક, રાજકોટ**
છોટા ઉદેપુર જીલ્લાના ત્રણ તાલુકામાં સુખી જળાશય યોજના હેઠળ સિંચાઈના લાભ માટે રૂ. ૨૨૫ કરોડના ખર્ચે કેનાલોની ફાળવણી જે પૈકી રૂ ૧૧૭ કરોડના ખર્ચે બનતી કેનાલોના કામમાં મોટા પાયે ભ્રષ્ટાચારના મસમોટા ગાબડા સામે આવ્યા છે. આ કેનાલોના નબળા બાંધકામ કરનાર શિવાલય ઈન્ફ્રા પ્રોજેક્ટએ ૩૮ લાખ રૂપિયા અને એસ.બી.પટેલ એજન્સીએ ૭ લાખ રૂપિયા જેટલું ફંડ ભાજપાને જમા કરાવ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સુખી જળાશય યોજનામાં સિંચાઈ વિભાગના એક્ઝિક્યુટીવ એન્જિનિયરની કચેરીને તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૩ના ઓજ સિંચાઈ વિભાગના સચિવ દ્વારા રૂ. ૨૨૫ કરોડના કામો માટેની વહીવટી મંજુરી આપવામાં આવી હતી. જેમાં રૂ. ૧૧૭ કરોડના બે પેકેજ કેનાલો બનાવવા માટે તૈયાર કરી ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતા. વડોદરાની શિવાલય ઈન્ફ્રા નામની એજન્સીને તા. ૧૫ માર્ચ ૨૦૨૪ના રોજ રૂ. ૭૦ કરોડના કામોનો વર્કઓર્ડર ૨૧ કી.મી. કેનાલો બનાવવા માટે આપ્યો હતો. અને રૂ. ૬૮ કરોડનું ચુકવણું પણ કરી દેવાયું હતું. આ ઉપરાંત બીજા પેકેજમાં વડોદરાની એસ.બી.પટેલ નામની એજન્સીને રૂ ૪૭ કરોડનો વર્ક ઓર્ડર તા. ૩ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ અપાયો છે. જેને તા. ૦૨ ડીસેમ્બર ૨૦૨૫ સુધી કામ પૂર્ણ કરવાની મુદત અપાઈ છે અને તેને રૂ. ૧૮ કરોડ પણ ચૂકવી દેવાયા છે. બંને એજન્સીઓ દ્વારા કરાયેલા કામોમાં યોગ્ય કામ નહિ થતા કેનાલોમાં મોટા ગાબડા પડતા ભ્રષ્ટાચાર ખુલ્લો પડી ગયો છે. ગુણવત્તા નિયમનની કચેરીના એન્જીનીયરોને ભ્રષ્ટાચારની તપાસ સોંપવામાં આવી છે અને છોટા ઉદેપુર જીલ્લાના ત્રણ તાલુકામાં બનેલી કેનાલો તેમજ પંચમહાલ જીલ્લાના જામ્બુઘોડા તાલુકામાં બનેલી કેનાલોના કોન્ક્રીટના સેમ્પલો ટેસ્ટીંગ માટે લીધા છે. ૪૦ વર્ષ પછી કેનાલોના કામો હાથ ધરવામાં આવ્યા અને તેમાં પણ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યા હોવાનું ખુલ્લું થયું છે. કેનાલના કામો દરમિયાન કોન્ક્રીટના કામ દરમિયાન માટીપુરાણ અને પાણી છાંટવાની કામગીરી યોગ્ય રીતે નહિ થતા કેનાલમાં પાણી છોડતા પહેલા જ કેનાલમાં ગાબડા પડવાનું શરુ થઈ ગયું છે. કૌભાંડની તટસ્થ તપાસની માંગ કોંગ્રેસે કરી છે.

## શ્વાન પાળવા હોય તો પાડોશીની મંજૂરી લેવી પડશે: ટૂંકમાં સતાવાર જાહેરાત

### પ્રાણીઓ પાળવા માટે ફરજિયાત રજિસ્ટ્રેશન કરવાનું પડશે

**અબતક, રાજકોટ**
સુરતમાં તાજેતરમાં પાલતુ શ્વાને એક બાળકીનો ભોગ લેતા રાજ્યભરમાં શહેરી વિસ્તારોમાં શ્વાન પાળનાર માલિકો સામે ફરજિયાત રજિસ્ટ્રેશનનો નિર્ણય લેવામાં આવી રહ્યો છે.રાજકોટમાં પણ હવે કૂતરા પાળવા માટે પડોશીની મંજૂરી લેવી ફરજિયાત કરવામાં આવશે.

અમદાવાદ, મોરબી અને સુરત મહાનગરપાલિકાએ શરૂ કર્યા બાદ હવે રાજકોટ મનપા પણ આ મુદે તમામ પાલતુ શ્વાનોના રજિસ્ટ્રેશનન અને નિયમો માટે તૈયારીઓ શરૂ કરી અમદાવાદ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી કામગીરીના નિયમોનુ લિસ્ટ મંગાવવામાં આવ્યુ હોવાનુ અને ટૂંક સમયમાં રાજકોટમાં પણ તેની અમલવારી શરૂ કરવામાં આવશે પ્રાણી રંજાડ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત મુજબ પેટડોગના રજિસ્ટ્રેશન અને પાળના માલિકોએ નિયમોની અમલવારી કરવા સહિતના મુદે તૈયારીઓ આરંભી છે.

સુરતની ઘટના બાદ અમદાવાદ અને મોરબી મહાનગરપાલિકાએ પાલુત શ્વાન અંતર્ગત નિયમોની અમલવારી શરૂ કરી છે. જેમાં ખાસ કરીને શ્વાન પાળનાર માલિકે પોતાની અને શ્વાનની તમામ વિગતો આપવાની સાથોસાથ રજિસ્ટ્રેશનન સમયે પોતાના રહેણાંકની આસપાસના પાડોશીઓની મંજૂરી આપતો લેટર પણ રજિસ્ટ્રેશનમાં સામેલ કરવાનો રહેશે અને માલિક પાસે કેટલા સમયથી શ્વાન છે. તેમજ પાડોશીઓના મંજૂરી લેટરમાં ઉપરોક્ત શ્વાન દ્વારા કોઈજાતનો ત્રાસ અનુભવતા નથી આ શ્વાન હિંસક પ્રજાતીનો ન હોવા સહિતની વિગતો લખવાની રહેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જાહેર અપીલ કરી ટૂંક સમયમા પાલતુ ડોગ નોંધણીની કામગીરી શરૂ કરવામાં આવશે.

## સુરત : રૂ.૧૫૫૦ કરોડના સાયબર ફ્રોડમાં બેંક મેનેજર સહિત આઠની ધરપકડ

### મસમોટા સાયબર રેકેટમાં ખોટી રીતે કરન્ટ એકાઉન્ટ ખોલી દઈ મદદગારી કરવા મામલે એસઆઈટીની કાર્યવાહી

**અબતક, રાજકોટ**
સુરતમાં સાયબર ફ્રોડની તપાસમાં મોટા ખુલાસા કરવામાં આવ્યો છે. આ મામલે આરબીએલ બેંક કર્મી અને મેનેજરની પણ સંડોવણી સામે આવી છે. જેને લઈને મહત્વની જાણકારી મળી છે કે, કુલ ૧૫૫૦ કરોડનું સાયબર ફ્રોડ કર્યુ હોવાનો ખુલાસો થયો છે. ઉધના પોલીસે બેંક મેનેજર સહીત ૮ કર્મીની ધરપકડ કરી લીધી છે. જેઓ ખોટી રીતે કરંટ એન્કાઉન્ટ ખોલી આપતા હતા. જેમાં નાણાની ખોટી રીતે લેવડદેવડ થઈ શકે. સમગ્ર મામલે એસઆઈટી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસમાં વધુ મોટા ખુલાસા થઈ શકે છે.

ઉધના પોલીસ દ્વારા સાયબર ફ્રોડ ઝડપી પાડવાનો મામલો બહુ ચર્ચામાં છે. પોલીસ તપાસમાં વધુ મોટા ખુલાસા થયા છે. કુલ ૧૫૫૦ કરોડનું સાયબર ફ્રોડ કર્યુ હોવાનો ખુલાસો થયો છે. ફ્રોડ મામલે આરબીએલ બેન્ક કર્મચારી અને મેનેજરની પણ સંડોવણી બહાર આવી છે. પોલીસે બેંક મેનેજર સહીત ૮ કર્મચારીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



સાયબર ફ્રોડ માટે અન્યના નામના ખોટી રીતે કરંટ એન્કાઉન્ટ ખોલી આપતા હતા. અગાવ પકડાયેલા આરોપીની તપાસમાં સમગ્ર મામલાનો ખુલાસો થયો છે. કિરાત જાદવાણી અને દિવ્યેશ ચક્રાણી સાથે મળી ફ્રોડ બેંક એકાઉન્ટ ખોલતા હતા. સમગ્ર મામલે એસઆઈટી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. સાયબર ફ્રોડના તપાસમાં એક બાદ એક મોટા ખુલાસા થઈ રહ્યા છે.

આ પહેલા પણ સુરત શહેર પોલીસે સાઈબર ફ્રોડનાં એક સાથે ૨૦૦ ગુના ડિટેકટ કરવાનો દેશમાં પ્રથમ કેસ કર્યો હતો અને રેકોર્ડ બનાવ્યો હતો, સુરતનો મિલન વાઘેલા અને કેતન વેકરિયા ચાઈનીઝ સાયબર માફિયા ઓ માટે કામ કરતી ટોળકીનાં સૂત્રધાર હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો, ભાડે લેવાયેલા બેંક એકાઉન્ટનાં ડેબિટ કાર્ડ દુબઈ મોકલી ત્યાં રૂપિયા વિથડ્રો કરી ચાઈનીઝ ગેંગને આપી દેવાતા હતાં.

# સારા સંસ્કાર બાળકોને માનવતાના રક્ષક અને રાષ્ટ્રના ઘડવૈયા બનાવશે: રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## ગાંધીનગર ટાઉનહોલ ખાતે 'ધન્યોગૃહસ્થાશ્રમ'-યુગલ માર્ગદર્શન કાર્યક્રમમાં નવદંપતીઓ, સગર્ભાઓ, ડોક્ટર્સ, શિક્ષણ અને મનોવિજ્ઞાન સંબંધિત નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

''માનવ નિર્માણ માટેની પ્રથમ પ્રયોગશાળા પરિવાર છે અને માતા-પિતા તે પ્રયોગશાળાના વૈજ્ઞાનિકો છે. જો ભાવી પેઢીને આ પ્રયોગશાળામાં સંસ્કારોથી સિંચવામાં આવે, તો તે બાળક ભવિષ્યમાં સમાજ, રાષ્ટ્ર અને માનવતાના કલ્યાણનો આધાર બની શકે છે.'' આ પ્રેરણાદાયી લાગણી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગાંધીનગર ટાઉનહોલ ખાતે 'ધન્યોગૃહસ્થાશ્રમ' - યુગલ માર્ગદર્શન કાર્યક્રમમાં વ્યક્ત કરી હતી.આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા, ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબેન પટેલ, ગાંધીનગર(ઉત્તર)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગૌ વિશ્વ વિદ્યાપીઠમના કુલગુરુ ડો. હિતેશ જાની અને શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો, શિક્ષકો અને યુવા દંપતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા., એક જ ગોત્રમાં લગ્ન કરવા એ વૈજ્ઞાનિક રીતે અયોગ્ય છે. ગોત્ર ફક્ત ધર્મ સાથે જ નહીં, પણ વિજ્ઞાન સાથે પણ સંબંધિત છે. તેથી, દરેક વ્યક્તિએ પોતાના ગોત્ર વિશે જાણવું જોઈએ.કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સગર્ભા સ્ત્રીઓ માટે ખાસ તૈયાર કરાયેલ કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નવદંપતીઓ, સગર્ભા સ્ત્રીઓ, ડોક્ટર્સ, શિક્ષણ અને મનોવિજ્ઞાન સંબંધિત નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

# કોંગ્રેસ દ્વારા ૧૦મી સુધીમાં તમામ ૧૮ વોર્ડના પ્રમુખો જાહેર કરી દેવાશે

## પ્રદેશમાંથી નિરીક્ષકો આવશે:વોર્ડના વર્તમાન હોદેદારો સાથે સાંજે પ્રમુખ રાજદીપસિંહ જાડેજાની મહત્વપૂર્ણ બેઠક



**અબતક, રાજકોટ**

સંગઠન સુજન અભિયાન અંતર્ગત રાજકોટ શહેર કોંગ્રેસમાં નવું સંગઠન માળખું રચાવામા આવશે. સંગઠન માળખાની રચના માટે પ્રદેશ કોંગ્રેસ દ્વારા ટૂંક સમયમાં નિરીક્ષકો રાજકોટ આવશે.તેમ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, એઆઈસીસી દ્વારા વર્ષ ૨૦૨૫ ને સંગઠન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે તેના અનુસંધાનમાં સંગઠન સુજન અભિયાન ની શરૂઆત ગુજરાત થી કરવામાં આવી છે અને સફળતાપૂર્વક ૨૧ જૂન ૨૦૨૫ ના રોજ શહેર જિલ્લા પ્રમુખોની નિયુક્તિ કરવામાં આવી આજ રીતે દરેક શહેરમાં વોર્ડ પ્રમુખોની પસંદગીની પ્રક્રિયા સંગઠનની સમીક્ષા અર્થે શહેરમાં સંગઠન સુજન અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજવાનું નક્કી કરાયું છે.

જે પગલે રાજકોટ શહેરમાં પણ આગામી દિવસોમાં પ્રદેશ કોંગ્રેસમાંથી બે નિરીક્ષકો જોડાઈ વોર્ડ દીઠ આગેવાનો તેમજ કાર્યકરો એમ સૌને સાથે પરામર્શ કરશે વોર્ડ પ્રમુખની નિયુક્તિ માટે પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આગામી ૨ થી ૧૦ ઓગસ્ટ પહેલા તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવશે.આજે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના વોર્ડ પ્રમુખો અને વિધાનસભા અને વોર્ડ પ્રભારીઓ સાથે શહેર કોંગ્રેસ સમિતિ ખાતે સાંજે ૫ કલાકે અગત્યની બેઠક રાખવામાં આવી છે જે બેઠકમાં સર કોંગ્રેસ પ્રમુખ માર્ગદર્શન આપશે.

# મૂળ ગુજરાતી, પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને પદ્મ ભૂષણ વિજેતા મેઘનાદ દેસાઈનું લંડનમાં નિધન

## પીએમ મોદી સહિત અનેક મહાનુભાવોએ શોક વ્યક્ત કર્યો



**અબતક, રાજકોટ**

ભારતીય મૂળના પ્રખ્યાત અર્થશાસ્ત્રી, લેખક અને બ્રિટિશ લેબર પાર્ટીના પ્રથમ ભારતીય પીઅર લોર્ડ મેઘનાદ દેસાઈ નું નિધન થયું છે. તેમનું નિધન અર્થશાસ્ત્ર, શિક્ષણ અને રાજકારણના ક્ષેત્રે એક મોટી ખોટ છે. લોર્ડ મેઘનાદ દેસાઈનો જન્મ ૧૦ જુલાઈ, ૧૯૪૦ ના રોજ વડોદરામાં થયો હતો. તેમણે ૧૯૫૮ માં બી.એ. અને ૧૯૬૦ માં મુંબઈ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં એમ.એ.ની ડિગ્રી મેળવી. ત્યારબાદ તેમને યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયામાં શિષ્યવૃત્તિ મળી, જ્યાં તેમણે ૧૯૬૩ માં અર્થશાસ્ત્રમાં પીએચ.ડી. પૂર્ણ કર્યું. તેમને તેમના ઉત્કૃષ્ટ કાર્યો અને યોગદાન બદલ ભારત સરકાર દ્વારા પદ્મ ભૂષણ થી નવાજવામાં આવ્યા હતા. બ્રિટિશ લેબર પાર્ટીના પીઅર તરીકે, તેમણે હાઉસ ઓફ લોર્ડ્સમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને યુકે-ભારત સંબંધોને મજબૂત કરવા માટે સતત પ્રયાસશીલ રહ્યા હતા. લોર્ડ મેઘનાદ દેસાઈના નિધન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ શોક વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શોક વ્યક્ત કરતા જણાવ્યું કે, દેસાઈ એક વિશિષ્ટ ચિંતક, લેખક અને અર્થશાસ્ત્રી હતા અને તેઓ હંમેશા ભારત અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહ્યા. તેમણે ભારત-યુકે સંબંધોને ગાઢ બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ભારતમાં બ્રિટિશ હાઈ કમિશનના ડેપ્યુટી હાઈ કમિશનર ક્રિસ્ટીના સ્કોટે પણ શોક વ્યક્ત કરતા જણાવ્યું કે, દેસાઈ ''યુકે-ભારત સંબંધોના પ્રખર હિમાયતી'' હતા.

### નિયામક વિકસતી જાતી કલ્યાણ દ્વારા

# ધો.૧૧-૧૨ના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ સહાય યોજના અમલી

## ડિપ્લોમાં, આઈ.ટી.આઈ., સ્નાતક, વિવિધ અભ્યાસક્રમો સરકારી અને ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીને સહાય

**અબતક, રાજકોટ**

નિયામક વિકસતી જાતી કલ્યાણ ગુજરાત રાજયની કચેરીઓમાં પોસ્ટ મેટ્રીક યોજના હેઠળ ધો.૧૧-૧૨ના વિવિધ અભ્યાસ ક્રમોમાટે સરકારી શાળા અને ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓને સરકાર દ્વારા ટ્યુશન ફી પેટે શિષ્યવૃત્તિ ૫૦૦૦થી ૨૦૦૦૦ સુધીની સહાય આપવા માટે ડિઝીટલ ગુજરાત પોટલ મારફતે ઓન ફોમ ભરવાની શરૂઆત કરવાની હતી.

ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીને શિષ્યવૃત્તી પેટે સહાયની અનેક યોજના હાલ ચાલુ છે.જેમાં ધો.૧૧-૧૨ના ડિપ્લોમાં આઈ.ટીઆઈ, સ્નાતક, અનુસ્નાતક, એમફીલ, પી.એચ.ડી. સુધીના સરકાર માન્ય વિવિધ અભ્યાસ ક્રમોમાં સરકારી શાળા અને ગ્રાન્ટઈન એડ સ્વનિભર કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પોસ્ટ મેટ્રીક યોજના તા.૧૭-૭ થી ૩૦-૯ સુધી ડિજિટલ ગુજરાત પોટલ દ્વારા ઓનલાઈન ફોમ ભરવા માટે કામગીરી શરૂ કરાઈ હતી.

નિયામક વિકસતિ જાતી દ્વારા વિવિધ યોજના અમલીકરણ ચાલુ છે. પી.એમ. યશસ્વી પોસ્ટ મેટ્રીક યોજના ઓબીસી , ઈબીસી, ડિએન્ડટ્રીના વિદ્યાર્થી માટેની યોજના, મેડિકલ એન્જિનિયરીંગ ડિપ્લોમાં વિદ્યાર્થી માટે ઈન્યુમેન્ટલ સહાય યોજના મેડિકલ એન્જિનીયરીંગ વિદ્યાર્થી માટે ફુડ બિલ સહાય એસ.ઈ.વી.સી. માટે યોજના મેડિકલ એન્જિનિયરીંગ વિદ્યાર્થી માટે ફુડ બિલ યોજના એન.ટી. ડિટી, ના વર્ગો માટે યોજના, એસ.ઈ.બી.સી. વર્ગ માટે યોજના ડો.આંબેડકર અને ઈન્દિરા ગાંધી યુનિવર્સિટીમાં ઓપન અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે શિષ્યવૃત્તિ યોજના એસ.ઈ.બી.સી. વર્ગ માટે યોજના ધો.૧૧-૧૨ વિદ્યાર્થી માટે ખાનગી ટયુશન કોચીંગ સહાય એસ.ઈ.બી.સી. વર્ગ માટે યોજના, સ્વ નાણાકીય શિક્ષણ સહાય યોજના એન.ટી.ડી.એન.ટી. વર્ગ માટે યોજના હાલ ચાલુ છે. જે યોજના લાગુ પડતી જ્ઞાતી માટે ડિજીટલ ગુજરાત પોટલ પર અરજદારે ઓનલાઈન ફોમ ભરવા માટે ઓપન છે.

પ્રધાન મંત્રી યશસ્વી પોસ્ટ મેટ્રીક યોજના હેઠળ વિવિધ વર્ગ માટે વિવિધ સહાય ચુકવામાં આવનાર છે. જેના ઓનલાઈન ફોર્મદ્વારા લાભાથીની પસંદગી કરવામાં આવશે. જેમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે સહાય મળશે જેમાં ગ્રુપ એમાં ૧૦,૦૦૦ મીનીમન સહાયથી વધુ ૨૦,૦૦૦ની સહાય મળવા પાત્ર છે. ગ્રુપ બી ૮૦૦૦ થી વધુમાં વધુ ૧૩૦૦૦ની સહાય મળવા પાત્ર છે ગ્રુપ સી.માં ૫૦૦૦થી વધુમાં વધુ ૮૦૦૦ની સહાય મળવા પાત્ર છે. ગ્રુપ ડીમાં ૫૦૦૦થક્ષ વધુમાં વધુ ૫૦૦૦ ની સહાય મળવા પાત્ર છે.

પ્રધાનમંત્રી યશસ્વી પોસ્ટ મેટ્રીક યોજના લાભ લેવા માગતા વિદ્યાર્થી ડિઝીટલ ગુજરાત પોટલ પર ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી શરૂ થઈ ચુકી છે. વધુ વિગત માટે જિલ્લાની નાયબ નિયામક વિકસતી જાતીની કચેરી સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતુ.

# મોરબી રોડ પરની ટીપી સ્કિમ નં.૧૪ (રાજકોટ)ના રોડના કબ્જા સંભાળી સુવિધાઓ આપો

## ૨૦૦૫માં ખેડૂતોએ જમીન સોંપી દીધી હોવા છતાં કોર્પોરેશન દ્વારા હજુ સુધી રોડનો કબ્જો લેવા માટે રોજકામ કરાયું નથી: શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયાની આગેવાનીમાં મેયરને રજૂઆત


તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

શહેરના સામાકાંઠા વિસ્તારમાં મોરબી રોડ પરની ટીપી સ્કિમ નં.૧૪ (રાજકોટ) ડ્રાફ્ટ મંજૂર થયાના ૨૪ વર્ષ પછી પણ કોર્પોરેશન દ્વારા ટીપીના રોડનો કબ્જો સંભાળવામાં આવ્યો ન હોવાના કારણે વિસ્તારનો વિકાસ અટકી ગયો છે. ખેડૂતોએ ૨૦૦૫માં જમીનના કબ્જા સોંપી દીધા છે. તાત્કાલીક અસરથી ટીપી રોડના કબ્જા લઈ સુવિધાઓ આપવાની માંગણી સાથે આજે શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયાની આગેવાનીમાં ખેડૂત ખાતેદારો દ્વારા મેયર નયનાબેન પેઢડિયાને રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતમાં ખેડૂતો ખાતેદારોએ એવું જણાવ્યું હતું કે ટીપી સ્કિમ નં.૧૪ (રાજકોટ) ડ્રાફટને રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૧માં મંજૂરી આપી દેવામાં આવી છે. ટીપી સ્કિમમાં ટીપીના રોડનો કબ્જો ખેડૂતોએ નવેમ્બર-૨૦૦૫માં સોંપી દીધો છે. ત્યારે આ વિસ્તારના વિકાસ માટે તાત્કાલીક ધોરણે કોર્પોરેશન દ્વારા કબ્જા રોજકામ કરી ટીપીના રોડને ડામરથી મઢી દેવા, તમામ રસ્તાઓ પર સ્ટ્રીટલાઈટ નાંખવા, વૃક્ષારોપણ કરવા અને ટીપી સ્કિમમાં આવતા બાગ-બગીચા થતાં ભુર્ગભ ગટરના કામ અને પીવાના પાણી માટે નળ લાઈન આપવા સહિતની પાયાની સુવિધાઓ ડેવલપ કરવા માટે માંગણી કરવામાં આવી છે.

# ટીપરવાનના ધાંધીયા બદલ એજન્સીનો સ્ટાફ ટર્મિનેટ

## એજન્સીને રૂ.૧૪,૦૦૦ની પેનલ્ટી ફટકારાઈ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર મનીષ ગુરવાનીએ આજે વોર્ડ નં.૬માં સફાઈ કામગીરીનું મોનીટરીંગ કર્યું હતું. નાગરિકો દ્વારા કોલ સેન્ટરમાં આવતી ફરિયાદોનો રીવ્યુ કર્યો હતો. વોર્ડ નં.૬માં સફાઈ કામદારોની હાજરીની સમીક્ષા કરી તેમજ આ જ વોર્ડમાં ટીપરવાનની અનિયમિતતા બદલ એજન્સીના સ્ટાફને ટર્મિનેટ કરી એજન્સીને રૂ.૧૪,૦૦૦ની પેનલ્ટી કરી હતી. નાયબ મ્યુનિસિપલ કમિશનરે વોર્ડ નં.૬ની વિઝીટ દરમ્યાન રહેવાસીઓ સાથે સંવાદ કર્યો હતો તેમજ નાગરિકો દ્વારા કોલ સેન્ટરમાં કરવામાં આવતી ફરિયાદોનો રીવ્યુ કર્યો હતો. આ જ વોર્ડમાં સફાઈ કામગીરી કરતા સફાઈ કામદારોની હાજરીની ચકાસણી કરી હતી તેમજ આજ વોર્ડમાં શિવમ પાર્ક સોસાયટી વિસ્તારમાં ટીપરવાનની અનિયમિતતા બાબતે ફરિયાદ મળતાં ફરિયાદ અંગેના તથ્યો તપાસી એજન્સીના સ્ટાફને ટર્મિનેટ કરવામાં આવેલ તથા એજન્સીને રૂ.૧૪,૦૦૦ની પેનલ્ટી કરવામાં આવેલ.

# એર ઈન્ડિયાની સલામતી પર સવાલ: તપાસમાં ૧૦૦ થી વધુ ખામીઓ, ૭ ગંભીર જોખમો

## અમદાવાદ વિમાન દુર્ઘટના પછી ડીજીસીએ દ્વારા સઘન તપાસ બાદ રિપોર્ટમાં ખુલાસો

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં ૧૨ જૂને થયેલી ભયાનક વિમાન દુર્ઘટના, જેમાં ૨૪૧ લોકોના કરુણ મોત થયા હતા, તે પછી દેશની અગ્રણી એરલાઈન એર ઈન્ડિયા મુશ્કેલીમાં મુકાઈ છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) દ્વારા ૧ થી ૪ જુલાઈ દરમિયાન હાથ ધરવામાં આવેલા ઓડિટમાં એર ઈન્ડિયાની સુરક્ષા પ્રણાલીમાં ૧૦૦ થી વધુ ખામીઓ મળી આવી છે. આમાંથી ૭ ખામીઓ 'લેવલ-૧' ની છે, જેને સુરક્ષા માટે સૌથી ગંભીર ખતરો માનવામાં આવે છે. આ તારણોએ એર ઈન્ડિયાની સલામતી પ્રણાલીઓ પર ગંભીર પ્રશ્નાર્થ ઊભા કર્યા છે, અને ડીજીસીએ એ સુધારા માટે કડક સમયમર્યાદા પણ નિર્ધારિત કરી છે.

ડીજીસીએ દ્વારા ગુરુગ્રામમાં એર ઈન્ડિયાના મુખ્ય કેન્દ્ર પર હાથ ધરાયેલા આ મુખ્ય ઓડિટમાં ફ્લાઈટ ઓપરેશન્સ, શેડ્યુલિંગ, રોસ્ટરિંગ, પાઈલટ્સ અને કેબિન ક્રૂની તાલીમ, તેમના આરામ અને ફરજ સમયગાળાના ધોરણો, અને એરફિલ્ડ લાયકાત સંબંધિત મુદ્દાઓ સહિત અનેક પાસાઓની તપાસ કરવામાં આવી હતી. ડીજીસીએ ને ૧૦૦ થી વધુ ખામીઓ મળી છે, જેમાંથી ૭ ખામીઓ 'લેવલ-૧' ની છે. 'લેવલ-૧' ખામીઓ સુરક્ષાના દ્રષ્ટિકોણથી અત્યંત જોખમી ગણાય છે. એરલાઇનને આ ૭ ગંભીર ખામીઓને તત્કાલીક સુધારવા માટે કડક અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે, જ્યારે બાકીની ખામીઓને ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં સુધારવાનો સમય અપાયો છે. જોકે, આ ખામીઓની સંપૂર્ણ યાદી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ ઓડિટ ૧૨ જૂનના રોજ અમદાવાદમાં થયેલી એર ઈન્ડિયાની વિમાન દુર્ઘટના બાદ શરૂ કરવામાં આવ્યું હતું. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી) આ દુર્ઘટનાની તપાસ કરી રહ્યું છે અને ૧૨ જુલાઈએ એક પ્રારંભિક અહેવાલ પણ બહાર પાડ્યો હતો. આ દુર્ઘટના પછી, એર ઈન્ડિયાની સલામતી પ્રણાલીઓ પર ગંભીર પ્રશ્નો ઊભા થયા હતા. એર ઈન્ડિયાએ એક નિવેદનમાં ડીજીસીએ ના આ ઓડિટ પરિણામોનો સ્વીકાર કર્યો છે અને જણાવ્યું છે કે તેઓ નિર્ધારિત સમયમાં પોતાનો જવાબ આપશે. એરલાઈને એમ પણ કહ્યું છે કે આવા ઓડિટ નિયમિત પ્રક્રિયાનો ભાગ છે અને તેઓ પોતાની સુવિધાઓ અને પ્રક્રિયાઓમાં સુધારો કરવા માટે પ્રતિબદ્ધ છે. જોકે, અમદાવાદ દુર્ઘટના અને ત્યારબાદ સામે આવેલી આ ગંભીર ખામીઓએ એર ઈન્ડિયાની સુરક્ષા પ્રણાલી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે, જેના જવાબો આપવા અને સુધારા કરવા માટે એરલાઈન પર મોટું દબાણ છે.

# કુપોષિત બાળકોને પોષણ કીટનું કરાયું વિતરણ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા આઈ.સી.ડી.એસ. ઘટક-૨ વેસ્ટ ઝોનમાં સરકારના મિશન ''પોષણ સંગમ'' અંતર્ગત અતિ કુપોષિત બાળકોનુ સ્ક્રીનીંગ અને શેર વિથ સ્માઈલ એન.જી.ઓ દ્વારા પોષણ કીટ વિતરણ કરાયું હતું.

જેમાં પ્રોગ્રામ ઓફીસર શારદાબેન દેસાઈ, સી.ડી.પી.ઓ અનસુયાબેન ભટાશણા, શેર વિથ સ્માઈલ એન.જી.ઓના કપિલભાઈ પંડ્યા, દાતા જયશ્રીબેન દવે, આંબેડકર આરોગ્ય કેન્દ્ર અને મવડી આરોગ્ય કેન્દ્રમાંથી આર.બી.એસ.કે. ડોકટર, આઈ.સી.ડી.એસ સ્ટાફ, આંગણવાડી વર્કર અને બાળકોના વાલીઓ હાજર રહ્યા હતા.

# ન હોય... ફક્ત એક જ દિવસમાં રૂ.૫૦ હજાર કરોડની ઓનલાઇન બઠ્ઠાંતરી!!

## મેક્સિકન ઉદ્યોગપતિની ૧૬ અબજ ડોલર સંપત્તિનો ત્રીજો હિસ્સો સાયબર ગઠીયા ઉસેડી ગયા

**અબતક, રાજકોટ**


હું પોતાની જાતને મૂર્ખ સમજુ છું... શબ્દો છે મેકિસકન અબજપતિ અને ગ્રુપો સેલિનાસના માલિક રિકાર્ડો સેલિનાસ પ્લિગોના છે. કારણ કે, ટેલિકોમ્યુનિકેશન્સ સમૂહ ગ્રુપો સેલિનાસના માલિકે તેમની કુલ સંપત્તિ ૧૬ અબજ ડોલરનો લગભગ ત્રીજો હિસ્સો સાયબર ઠગાઈમાં એક જ ઝાટકે ગુમાવી દીધી હતી.

સાયબર ઠગાઈની વિગતો મુજબ વર્ષ ૨૦૨૧ માં સેલિનાસ પ્લિગોએ ૧૯૫૦ માં તેમના પિતા દ્વારા સ્થાપિત રિટેલ અને બેંકિંગ સામ્રાજ્ય ગ્રુપો એલેક્ટ્રામાં તેમના શેર સામે ૪૦૦ મિલિયન ડોલર ઉધાર લઈને બિટકોઈન રોકાણ માટે નાણાં પૂરા પાડવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે સ્વિસ નાણાકીય સલાહકાર દ્વારા એસ્ટર કેપિટલ ફંડ સાથે જોડાણ કર્યું હતું. તેઓ એવું માનતા કે તે એસ્ટર વારસા સાથે જોડાયેલી એક પ્રતિષ્ઠિત પેઢી છે. ''થોમસ એસ્ટર મેલોન'' હોવાનો દાવો કરતા એક શખ્સના કહેવાથી કંપનીએ ૧.૧૫% વ્યાજની લોન ઓફર કરી અને પોલિશ્ડ સામગ્રી રજૂ કરી હતી. જેમાં સિંહ સીલવાળી વેબસાઈટ અને બ્રાન્ડેડ ઓફિસો દર્શાવતો પ્રમોશનલ વિડિઓનો સમાવેશ થાય છે. જોકે, આ તમામ બાબતો ફક્ત જુઠાણાં સિવાય કશું જ ન હતું. થોમસ એસ્ટર મેલોન તરીકે ઓળખ આપતો શખ્સ જ્યોર્જિયાનો એલેક્સી સ્કાચકોવ હતો જે બનાવટી દસ્તાવેજ અને દાગીનાની ચોરીનો ગુનાહિત ઈતિહાસ ધરાવતો હતો. જ્યારે માસ્ટરમાઈન્ડ યુક્રેનમાં જન્મેલા અમેરિકન વ્લાદિમીર સ્કલારોવ, ''ગ્રેગરી મિશેલ'' તરીકે ઓળખાતો હતો. ''માર્ક સિમોન બેન્ટલી'' જેવા ઉપનામોનો ઉપયોગ કરનાર સ્કલારોવ વર્ષ ૧૯૯૦માં ૧૮ મિલિયન ડોલરના મેડિકેર કૌભાંડમાં પણ શામેલ હતો.

અહેવાલ મુજબ સ્કલારોવના જૂથે સેલિનાસ પ્લિગોના ૪૦૦ મિલિયન ડોલરના ગ્રુપો ઈલેક્ટ્રા શેર વેચી દીધા હતા. જેના કારણે જુલાઈ ૨૦૨૪ માં શેરમાં ૭૧% ઘટાડો થયો હતો, તેની સંપત્તિમાંથી ૫.૫ બિલિયન ડોલર અને ઈલેક્ટ્રાનું બજાર મૂલ્ય ૪ બિલિયન ડોલર ઘટી ગયું હતું. મારી સાથે આટલી મોટી ઠગાઈ થઈ અને મને સહેજ શંકા પણ ન ઉદ્દભવી તેના માટે હું મારી જાતને મૂર્ખ ગણું છું તેવું ૬૯ વર્ષીય સેલિનાસ પ્લિગોએ જણાવ્યું હતું.

કરન્સી દ્વારા ટાંકવામાં આવેલા પ્રોપર્ટી રેકોર્ડ્સ અનુસાર આ ઠગાઈમાંથી મેળવવામાં આવેલી રકમનો લક્ઝરી રિયલ એસ્ટેટમાં ભંડોળ તરીકે ઉપયોગ કરાયો હતો. જેમાં ૬.૪૫ મિલિયન ડોલરનું ન્યૂ યોર્ક પેન્ટહાઉસ, ૨.૬૭ મિલિયન ડોલરનું વર્જિનિયા મેન્શન, ૬ મિલિયન ડોલરનું ફ્રેન્ચ શેટો અને ગ્રીક વિલાનો સમાવેશ થાય છે. ૨૦૨૧ માં જ્યારે સેલિનાસ પ્લિગોની ટીમે ઈલેક્ટ્રા શેરમાં અસામાન્ય ટ્રેડિંગ જોયું ત્યારે ચેતવણીના સંકેતો ઉભરી આવ્યા હતા પરંતુ એસ્ટર કેપિટલ તરફથી મળેલી ખાતરી, જેમાં કાયદેસર દેખાતી ન્યૂ યોર્ક ઓફિસોની મુલાકાતોનો સમાવેશ થાય છે, તેના કારણે કાર્યવાહીમાં વિલંબ થયો હતો. જુલાઈ ૨૦૨૪ માં જ્યારે સેલિનાસ પ્લિગોએ લોન પ્રીપે કરવાનો પ્રયાસ કર્યો ત્યારે એસ્ટર કેપિટલે ડિફોલ્ટ નોટિસ જારી કરી હતી.

સેલિનાસ પ્લિગો એક વ્યાપક કૌભાંડના ભોગ બનનાર પીડિતો પૈકી એક હતા. જેમાં સ્કલારોવ કથિત રીતે યુ.એસ., યુકે અને એશિયામાં દેવાદારો પાસેથી ૭૫૦ મિલિયન ડોલરના સ્ટોકને નિયંત્રિત કરતો હતો.




# નેશનલ સિકયોરિટીઝ ડિપોઝીટર લિમિટેડનો આઈપીઓ ખૂલ્યો

**અબતક, રાજકોટ**

નેશનલ સિકયોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ અથવા કંપની) તેના ઈક્વિટી શેર્સના આઈપીઓના સંદર્ભમાં તેની બિડ/ઓફર બુધવાર, ૩૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ ખોલશે. આઈપીઓમાં વેચાણકર્તા શેરધારકો દ્વારા ૫,૦૧,૪૫,૦૦૧ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે ઓફર માટેની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૭૬૦થી રૂ. ૮૦૦ની છે . બિડ્સ પ્રત્યેક રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા લઘુતમ ૧૮ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૮ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

૫,૦૧,૪૫,૦૦૧ સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરમાં આઈડીબીઆઈ બેંક લિમિટેડ દ્વારા ૨,૨૨,૨૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા દ્વારા ૧,૮૦,૦૦,૦૦૧ સુધીના ઈક્વિટી શેર્સ, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ૫,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ૪૦,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ, એચડીએફસી બેંક લિમિટેડ દ્વારા ૨૦,૧૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ અને યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના એડિમિનિસ્ટ્રેટર ઓફ સ્પેસિફાઈડ અંડરટેકિંગ દ્વારા ૩૪,૧૫,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે

ઈક્વિટી શેર્સ ૨૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ મુંબઈ ખાતે મહારાષ્ટ્રની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝમાં ફાઈલ કરેલા કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે.

આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરાયેલા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ પર લિસ્ટ કરવાની યોજના છે. ઓફરના હેતુઓ માટે બીએસઈ નિયુક્ત શેરબજાર રહેશે.

# બિગ બજાર નજીક નશામાં ધૂત કાર ચાલકે મહિલા તબીબ-બાળકીને અડફેટે લીધા

## સ્કૂટર સહિત અનેક વાહનોને ટક્કર મારતા રાહદારીઓ વિફર્યા : કાર પર પથ્થરમારો

## અકસ્માત સર્જનાર શખ્સ તાલાલાથી દારૂ ઢીંચી મિત્રની કાર લઈને ઘરે જતો'તો

**અબતક, રાજકોટ**

શહેરમાં નશાની હાલતમાં વાહન હંકારી અકસ્માત સર્જવાની ઘટનાઓમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં ગઈકાલે સમી સાંજના વધુ એક આવી ઘટના બની હતી. ટ્રાફિકથી ધમધમતા એવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બિગ બજાર પાસે નશામાં ધૂત કારચાલકે અકસ્માતની હારમાળા સર્જી હતી. જેમાં સ્કૂટરને હડફેટે લેતા સ્કૂટર પર સવાર મહિલા તબીબ અને તેની આઠ વર્ષની પુત્રીને ઈજા પહોંચી હતી.

અકસ્માતની આ ઘટના બાદ રોષે ભરાયેલા લોકોએ કાર પર પથ્થરમારો કરી તેનો કાચ ફોડી નાખ્યો હતો. બનાવની જાણ થતા માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કારચાલકને ઝડપી લઈ તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, દોઢસો ફૂટ રીંગ રોડ પર બિગ બજાર પાસે ગઈકાલ સમી સાંજના અકસ્માતની ઘટના બની હતી. જે અંગે માલવયાવીયાનગર પોલીસ મથકમાં અનંત વિવંતા એપાર્ટમેન્ટ ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર રહેતા મહિલા તબીબ મીરાબેન વિમલભાઈ ઠોરીયા(ઉ.વ ૩૫) દ્વારા કાર





નંબર જીજે ૩ ઈસી ૬૧૫૪ ના ચાલક કેતન ગોવર્ધનભાઈ ઠુંમર (ઉ.વ ૩૨ રહે. રિદ્ધિ સિદ્ધિ પાર્ક-૧ રૈયારોડ, રાજકોટ, મૂળ તાલાલા) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.મહિલા તબીબે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રાજકોટમાં ડોક્ટર મીરાબેન ક્લિનિક નામે દવાખાનુ ચલાવે છે.મહિલા તબીબી પુત્રી અરીતા (ઉ.વ ૮ ) ને લઈ સ્કૂટર પર ક્લિનિકથી ઘરે જઈ રહ્યા હતા ત્યારે બિગ બજાર પાસે પૂરપાટ ઝડપે ધસી આવેલી કારે તેમના સ્કૂટરને હડફેટે લેતા માતા-પુત્રી બંનેને ઈજા પહોંચી હતી જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની આ ઘટના બાદ રોષે ભરાયેલા લોકોએ કાર પર પથ્થરમારો કર્યો હતો અને તેનો કાચ ફોડી નાખ્યો હતો. ઘટનાની જાણ થતા માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ અહીં દોડી આવ્યો હતો અને કારચાલકને ઝડપી લઈ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. કારચાલક કે કેતન ઠુંમર મૂળ તાલાલાનો વતની હોવાનું માલુમ પડ્યું હતું અને તેણે ચિક્કાર દારૂ પીધો હોવાનું જણાયું હતું આ બાબતે પૂછતાકેતન મિત્રની કાર લઈ તલાલા તરફથી દારૂ પી આવી રહ્યાનું રટણ કર્યું હતું. જે અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી છે.

# કોઠારીયા રોડના આધેડ પાસે બળજબરીપૂર્વક ચાર લાખ પડાવી લઈ વ્યાજખોરે માર માર્યો

## રૂ.૧ લાખની સામે ત્રણ વર્ષ સુધી દર મહિને કમ્મરતોડ ૧૦ % વ્યાજ વસુલ્યું : વધુ રૂ. ૨.૬૫ લાખની પઠાણી ઉઘરાણી

### ફોર વ્હીલ લઈ ઘરે ધસી જઈ ઢીકાપાટુનો માર માર્યો, ધક્કો મારતા આધેડનું માથું ફૂટી ગયું

### ભક્તિનગર પોલીસમાં વ્યાજખોર વિરુદ્ધ મની લેન્ડ એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ વિસ્તારમાં રહેતા આધેડ પાસે વ્યાજની પઠાણી ઉઘરાણી કરી વ્યાજખોરે ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્રણ વર્ષથી રૂ. ૧ લાખની સામે દર મહિને રૂ. ૧૦ હજાર વ્યાજ ભરતા આધેડ પાસેથી વધુ રૂ. ૨.૬૫ લાખની ઉઘરાણી કરી બળજબરીપૂર્વક રૂ. ૪ લાખ પડાવી લેનાર વ્યાજંવાદી વિરુદ્ધ ભક્તિનગર પોલીસમાં ગુનો નોંધાયો છે.

કોઠારીયા રોડ પર વિવેકાનંદ સોસાયટી શેરી નંબર-૧ માં રહેતા અને ડ્રાયવિંગનો વ્યવસાય કરતા ૪૯ વર્ષીય આધેડ કીરણભાઈ કાંતીભાઈ ચૌહાણે ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં વ્યાજખોર તરીકે વિનોદ કાંબલિયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે પત્ની સાથે અણબનાવ હોય તે બાળકો સાથે પાંચ વર્ષથી અમદાવાદ ખાતે રહે છે અને હું કોઠારીયા વિસ્તારમાં એકલો રહું છું.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ચારેક વર્ષ પહેલા હુ મોરબી રોડ ઉપર જુના જકાતનાકા પાસે બેસતો હતો. ત્યારે મોરબી રોડ પર જકાતનાકા નજીક ઈમિટેશનનું કારખાનું ધરાવતા વિનોદ કાંબલીયા સાથે મારે ચાની હોટલ ઉપર ઓળખાણ થયેલી હતી. બાદ અમે અવારનવાર ચા પીવા આવતા ત્યારે ભેગા થતાં હતા. જેથી મે તેમના મોબાઈલ નંબર લીધેલ હતા. ત્રણેક વર્ષ પહેલા મારે એક લાખ રૂપીયાની જરૂરીયાત હોય જેથી મે વિનોદ કાંબલિયાને વાત કરેલ હતી. જેથી તેણે મને કહેલ કે, હું પૈસા આપીશ પણ તારે મને માસિક રૂ. ૧૦ હજાર વ્યાજ પેટે ચૂકવવા પડશે. જેથી મે હા પાડતા તેણે મને સંત કબીર રોડ પર પાણીના ઘોડા નજીક બોલાવી વ્યાજ કપાત કરી રૂ. ૯૦ હજાર રોકડા આપેલ હતા. બાદ હું આજ સુધી દરરોજ દર મહિને રૂ. ૧૦ હજાર વ્યાજ પેટે ચૂકવતો હતો. ઉલ્લેખનીય છે કે, વિનોદ કાંબલિયાએ સિક્યુરિટી પેટે મારા એસબીઆઈ બેંકના બે કોરા ચેક લઈ લીધેલ હતા.

બાદ ગત તા. ૨૯/૦૭/૨૦૨૫ ના સાંજના આશરે છ વાગ્યાની આસપાસ વિનુભાઈ તેની ફોરવ્હીલ ગાડી લઈ મારા ઘરે આવેલ હતા. ત્યારે વિનુભાઈએ મને કહેલ કે, તારે મને હજુ રૂ. ૨.૬૫ લાખ આપવાના છે. જેથી મે તેમને કહેલ કે, મે તમારી પાસેથી રૂ. ૧ લાખ જ લીધેલ છે અને તેના પણ હું તમને દર મહીને રૂ. ૧૦ હજાર વ્યાજ આપુ છુ. જેથી વિનુભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મને કહેલ કે, તારી પાસે કેટલા રૂપિયા પડેલ છે જેથી મારી પાસે રહેલ રોકડ રૂપીયા આશરે ચારેક લાખ મારી પાસેથી બળજબરી થી કઢાવી લીધેલ હતા અને મને ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતા. મને ધકો મારતા હુ નીચે પડી ગયેલ અને મને કપાળના ઉપરના ભાગે માથા પાસે ઈજા પહોંચી હતી. બાદ મે ૧૦૮ એમ્બયુલન્સને ફોન કરતા એમ્બયલન્સ આવી ગઈ હતી. જેથી હું તેમાં બેસી સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ થયો હતો.

મામલામાં આધેડની ફરિયાદ લઈ ભક્તિનગર પોલીસે વ્યાજની પઠાણી ઉઘરાણી કરી હુમલો કરનાર વ્યાજખોર વિનોદ કાંબલિયા વિરુદ્ધ બીએનએસની કલમ ૧૧૫(૨), ૩૦૮(૨) અને મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# ચેનનું ટચ નીચું આવ્યાનું કહી વૃદ્ધ સાથે બેંકના વેલ્યુઅરની રૂ.૯૪,૮૭૦ ની છેતરપિંડી

## ચેન વેંચી વિજય કોર્મશીયલ બેંકની લોન ભરપાઈ કરવા ઈચ્છતા વૃદ્ધ પાસેથી વેલ્યુઅરે ચેઈન ખરીદયો : લોન ભરી દીધા બાદ બાકીના નાણાં ચૂકવ્યા જ નહિ

**અબતક, રાજકોટ**

શહેરના ઢેબર રોડ પર ગોપાલનગરમાં રહેતા વૃધ્ધે વિજય કોર્મશીયલ બેંકના વેલ્યુઅરે તેમની સાથે રૂ.૯૪,૮૭૦ ની ઠગાઈ કરી હોવાની એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગોલ્ડ લોન માટે મૂકેલો ચેન ખરીદી લોન ભરપાઈ થયા બાદની રકમ વૃધ્ધને ન આપી વિશ્વાઘાત કર્યા અંગે ગુનો નોંધાયો હતો.

ઢેબર રોડ પર સ્વામિનારાયણ ગુરુકુળ પાછળ ગોપાલનગર ૩ માં આમંત્રણ ફ્લેટ નં.૧૦૧ માં રહેતા પ્રતાપસિંહ રામસિંહ ચૌહાણ (ઉ.વ ૬૦) નામના વૃદ્ધે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વિજય કોમર્શિયલ બેંકના વેલ્યુઅર જગદીશ મનહરલાલ ગેરીયા (ઉ.વ ૬૨ રહે. ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, હેમુ ગઢવી હોલની પાસે, ટાગર રોડ, રાજકોટ) નું નામ આપ્યું છે.

પ્રતાપસિંહે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે હાલ નિવૃત જીવન પસાર કરે છે. તેમને પૈસાની જરૂરિયાત હોય જેથી તેમના પુત્ર કેવલસિંહનું વિજય કોમર્શિયલ બેંકમાં ખાતું હોય જેથી તેમણે પોતાની સોનાનો ચેન ૨૮ ગ્રામનો હતો. તેના ઉપર તા. ૧/૨/૨૦૨૪ ના વિજય કોમર્શિયલ બેંક કનક રોડ બ્રાન્ચમાં ગોલ્ડ લોન કરાવી હતી. ચેનના બદલામાં જે તે વખતે બેંકના મેનેજરે ૯૧,૨૫૬ ની લોન મંજૂર કરી હતી અને ચેન બેંકમાં રાખી હતી. બાદમાં ફરિયાદી પાસે પૈસાની સગવડ ન થતા બેંક તરફથી લોનના હપ્તા ભરવા માટે નોટિસ આવી હતી. પરંતુ પૈસા ન ભરી શકતા તા. ૧૬/૫/ ૨૦૨૫ ના રોજ ફરિયાદીએ બેંકે જઈ મેનેજરને વાત કરી હતી કે, તમે મારી સોનાની ચેન વેચી લોનની જે રકમ છે તે વસૂલ કરી અને વધારાની રકમ પરત આપી દો.

બેંક મેનેજરે સોનાની ચેન લોકરમાંથી કાઢ્યો હતો. દરમિયાન વેલ્યુઅર જગદીશ ત્યાં બાજુમાં બેઠો હોય તેણે આ ચેન આપતા તેમણે ચેન કવરમાંથી બહાર કાઢી વજન કરી ટચ કાઢી ચેનના રૂપિયા બે લાખ આવશે તેમ વાત કરી હતી. બાદમાં આ જગદીશે ફરિયાદીને કહ્યું હતું કે, આ ચેન હું ખરીદવા માંગુ છું તમને કોઈ વાંધો ન હોય તો જેથી ફરિયાદી એ કહ્યું હતું કે, મને કોઈ વાંધો નથી બાદમાં બેંક મેનેજરે એક ચિઠ્ઠી કરી આપેલ અને ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, તમારા સોનાના રૂપિયા બે લાખ કિંમત થાય છે અને તમારી લોનની રકમ રૂપિયા ૧,૦૫, ૧૩૦ બાદ તમારે ૯૪,૮૭૦ તમારા બેંક ખાતામાં જગદીશભાઈ જમા કરાવી દેશે તેવી ચિઠ્ઠી કરી આપી હતી. જેથી ફરિયાદી અહીં બેંકેથી ઘરે જતા રહ્યા હતા.બાદમાં ૩:૩૦ વાગ્યા આસપાસ જગદીશભાઈનો ફોન આવ્યો હતો અને વાત કરી હતી કે, તમે બેંકે આવો જેથી ફરિયાદી બેંકે ગયા હતા અને જગદીશભાઈને મળતા તેણે વાત કરી હતી કે, મારી પાસે પૈસાની સગવડ થઈ નથી અને તમે તમારા લોન ના પૈસા ભરી દો અને તમારી ચેન પરત લઈ લોન ભરી આપો. જેથી ફરિયાદીએ કહ્યું હતું કે મારી પાસે પૈસાની સગવડ થાય એમ નથી જેથી બેંકના અધિકારીએ કહ્યું હતુ કે, તમે ધરમ કાંટે જઈ આવો જેથી ફરિયાદી તથા જગદીશભાઈ તથા બેંકના બે માણસોસોની હાજરીમાં ધરમ કાંટે ગયા હતા ત્યાં ટચ કઢાવી પરત બેંકે આવતા બેંકે આવી જગદીશભાઈએ બેંકના અધિકારીને કહ્યું હતું કે, ચેનનું ટચ નીચું આવ્યું છે તેમ વાત કરી હતી બેંકના અધિકારીએ કહ્યું હતું કે, ચેન લોકરમાંથી નીકળી ગઈ છે જેથી હવે લોન પૂરી કરવી પડશે તેમ જણાવી બેંકે જગદીશભાઈના ખાતામાંથી રૂપિયા ૨૬,૦૦૦ લોન એકાઉન્ટમાં જમા કરી દીધેલ અને બેંક મેનેજરે કહ્યું હતું કે કાલે ૧૧:૦૦ વાગ્યે આવજો. જેથી તારીખ ૧૭/૫ ના ૧૧:૦૦ વાગ્યા આસપાસ જગદીશભાઈ ફરિયાદીની ભક્તિનગર સર્કલ પાસે આવેલી અંજલી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ ઓફિસે આવ્યા હતા. બાદમાં બંને વિજય કોમર્શિયલ બેંક કનક રોડ બ્રાન્ચ ખાતે ગયા હતા. અહીં બેંક મેનેજરે કહ્યું હતુ કે, તમારી લોનની કુલ રકમ રૂ. ૧.૦૫,૧૩૦ જગદીશભાઈએ તેમની એફડીમાંથી કરી દીધેલ છે તો તમે જગદીશભાઈને શું મદદ કરશો તેમ વાત કરતા ફરિયાદીએ કહ્યું હતું કે, મારે પણ ૯૪,૮૭૦ લેવાના છે તેમ વાત કરી તેઓ જતા રહ્યા હતા.બાદમાં જગદીશનો ફોન આવ્યો હતો અને વાત કરી હતી કે, તમારો ચેન લઈ જાવ અને મને પૈસા આપી દો. આમ વિજય કોમર્શિયલ બેંકના વેલ્યુઅર જગદીશભાઈએ બેન્ક અધિકારીની હાજરીમાં ફરિયાદીના સોનાના ચેનની વેલ્યુ રૂપિયા બે લાખ કરી પોતે ખરીદી લીધેલ અને કહ્યું હતું કે તમારી લોનની રકમ ૧.૦૫ લાખ બાદ કરી ૯૪,૮૭૦ એકાઉન્ટમાં જમા કરાવી દેશે. બાદમાં આ જગદીશએ બીજા દિવસે તમારા સોનાની ચેનનું ટચ નીચું આવ્યું છે તેમ કહી ફરિયાદીને લેવાના નીકળતા પૈસા નહીં આપી વિશ્વાસઘાત કર્યો હતો જેથી આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# સોરઠીયા પ્લોટમાં નવેળાના કબજાના મામલે યુવાનની ધોલાઈ

## અવધ પાર્કની ખાલી જમીનનો કબજો કરવા ધોકાવાળી

**અબતક, રાજકોટ**

રાજકોટના થોરાળા મેઈન રોડ સોરઠીયા પ્લોટ માં ઘર પાસે ની જમીન નો કબજો છોડાવવા શ્રમજીવી યુવાન પર ધોકા થી હુમલો કરી માથું ફાડી નાખ્યા નો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ક્રિષ્ના પાર્ક ત્રણ માં રહેતા અને છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવતા રવિભાઈ વાલજીભાઈ પરમાર ૩૩ અને મિલન પરસોત્તમભાઈ ૨૯ ગઈકાલે રાત્રે ૮/૩૦ કલાકે ક્રિષ્ના પાર્ક ૨ માં હતા, ત્યારે ગૌશાળા ચલાવતા હોવાનો દાવો કરતા મનીષભાઈ, કિરીટભાઈ, અને તેના સાથીઓએ આવી ઝઘડો કરી રવિ ભાઈ અને મિલનભાઈ પર લાકડાના ધોકા થી હુમલો કરી માથું ફાડી નાખ્યું હતું. બંનેને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, આ બનાવના કારણોમાં રવિભાઈ ના કાકા રમેશભાઈએ જણાવ્યું હતું કે રવિ જ્યાં રહે છે તેની ઘર પાસે અવધ પાર્કની ખુલ્લી જમીન રવિ ભાઈએ વાળીને તે વાપરે છે આ જમીન નો કબજો લેવા માટે મનીષભાઈ અને તેના સાગ્રિતોએ હુમલો કર્યો હોવાનો જણાવ્યું હતું આ બનાવ અંગે થોરાળા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવની જાણ ભક્તિનગર પોલીસ મથકના થતા પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા સહિતનો કાફલો હોસ્પિટલે દોડી જઈ કાગળો કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# બલી ડાંગર, પ્રભાત હેરભા સહિતનાને નિર્દોષ છોડી મૂકવા સામેની સરકારની અપીલ નામંજૂર

## મહિલા કોલેજ ચોક નજીક કારમાંથી બે લોડેડ પિસ્તોલઅને ૨૮ કાર્ટીસ સાથે ધરપકડ કરી હતી

**અબતક, રાજકોટ**

બલી ડાગર અને સાગરીતો સહિત ચાર શખ્સોને આર્મસ એકટના ગુન્હામાં નિદોર્ષ છોડી મૂકવાના ચુકાદા સામે સરકાર ધ્વારા કરવામાં આવેલી અપીલ સેસન્સ કોર્ટ ફગાવી દેતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ વર્ષ ૨૦૦૮માં શહેરના મહીલા કોલેજ ચોક નજીક કોસ્મો કોમ્પલેક્ષ બિલ્ડીંગ પાસે રોડ ઉપર કાળા કલરની સેન્ટ્રો કારમાં શંકાસ્પદ હિલચાલ હોવાની પોલીસને મળેલી બાતમીના આધારે સ્ટાફ ધસી જય તલાસી લેતા બલદેવ ઉર્ફે બલી ડાંગર પાસેથી લોડેડ પિસ્તોલ અને જીવતા કાર્ટીસ નં.૧૬ અને પરેશ ડાંગર પાસેથી પિસ્તોલ , જીવતા કાર્ટીઝ નં.૧૨ , તેમજ કારમાંથી છરી, તલવાર, ધોકા, હન્ટર વિગેરે હથિયારો સાથે મળી આવેલ હતા. આ બન્ને પિસ્તોલ પ્રકાશ કાનાભાઈ સોનારાએ અને જીવતા કાર્ટીસો પ્રભાત મેરામભાઈ હેરભાએ આપ્યાની કબુલાત આપતા તમામ આરોપીની ધરપકડ કરી હતી. તમામ વિરૂધ્ધ આમર્સ એટક ની કલમ ૨૫(૧-બી) તથા આઈ.પી.સી. કલમ-૧૮૮ તથા ૧૪૪ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલો હતો. તપાસની દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવતા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી.ની કોર્ટમાં તમામ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ હતો. બાદ બન્ને પક્ષોની દલીલો ધ્યાને લઈને કોર્ટ એ ચારેય આરોપીઓને સંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવેલો હતો. ત્યારબાદ એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી. ના હુકમથી નારજ થઈને સરકાર ધ્વારા સેશન્સ કોર્ટમા ચારેય આરોપીઓ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામા આવેલી 'હતી. આરોપીઓના વકીલ દલીલો અને લેટેસ્ટ સુપ્રીમ કોર્ટના ચુકાદા અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ધ્યાને લઈ અદાલતે સરકાર ધ્વારા કરવામાં આવેલી અપીલ નામંજુર કરવામાં આવી છે.

આરોપીઓ વતી એડવોકેટ તરીકે ભગીરથસિંહ ડોડીયા, ગૌરાંગ પી. ગોકાણી, ખોડુભા સાકરીયા, રવિરાજસિંહ જાડેજા,વૈભવ બી. કુંડલીયા, શિવરાજસિંહ જાડેજા અને લીગલ આસીસ્ટન્ટ તરીકે જયદિપ કી. ગઢીયા રોકાયેલ હતા.

# કેકેવી ચોક નજીક નશામાં ધૂત રીક્ષાચાલકે ધમાલ મચાવી : ટ્રાફિક પોલીસની ફરજમાં રૂકાવટ

## ટ્રાફિકને અડચણરૂપ રીક્ષા સાઈડમાં લેવાનું કહેતા જ વડવાજડીનો ચાલકે ઉશ્કેરાઈ બેફામ ગાળો ભાંડી

**અબતક, રાજકોટ**

શહેરના કેકેવી હોલ ચોક પાસે ટ્રાફિક પોલીસ અને વોર્ડનની ફરજમાં રૂકાવટ કરી નશામાં ધૂત રીક્ષા ચાલકે ધમાલ મચાવી હતી. જે મામલે તાલુકા પોલીસ મથકમાં ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટ શહેર ટ્રાફિક પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા દેવેન્દ્રભાઈ અઘેરાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સાગર કેશુ સિંગરખીયા (રહે. વડ વાજડી, રાજકોટ) નું નામ આપતા તાલુકા પોલીસની ટીમે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે ટ્રાફીક વોર્ડન ઉદયભાઈ પાટીલ કે.કે.વી ચોક ખાતે ફરજમાં હોય અને ટ્રાફીક નીયમન કરવાનુ તેઓની પ્રથમ ફરજ હોય જેથી તેઓ બન્ને કે.કે.વી. ચોક ખાતે અમારી ફરજ પર હતા ત્યારે કાલાવડ રોડ પર મોચીના શો-રૂમ પાસે કે.કે.વી. ચોક પાસે એક રીક્ષા અડચણ રૂપ ઉભેલ હોય જેથી તેઓએ રીક્ષા ચાલકને પોતાની રીક્ષા સાઈડમાં લેવા કહેતા રીક્ષા ચાલક તેમની સાથે બોલાચાલી કરવા લાગેલ અને ત્યાંથી નાશી ગયેલ હતો.બાદમાં સાંજના સમયે તે બોલાચાલી કરનાર મજકુર શખ્સ કેફી પ્રવાહી પીધેલ હાલતમાં કે.કે.વી. ચોક ખાતે આવેલ અને ફરીયાદી સાથે ફરજ પર રહેલ ટ્રાફીક વોર્ડન ઉદયભાઈ સાથે બોલાચાલી કરતો હોય જેથી તેઓએ ત્યા જઈ આ ભાઈને સમજાવેલ તો પોતે કહેવા લાગેલ કે, તુ મને અહીયા રીક્ષા કેમ ઉભી રાખવા દેતો નથી, તેમ કહી જેમતેમ બોલાવા લાગેલ અને ગાળો આપી ઝઘડો કરવા લાગેલ હતો. જેથી તેઓએ ૧૦૦ નંબરમાં ફોન કરી પી.સી.આર.ને બોલાવતા પી.સી.આર.ના ઈન્ચાર્જ નીર્મલસિંહ સાથે પણ આ રીક્ષા ચાલક બોલાચાલી ઝઘડો કરવા લાગેલ હતો.

જેથી તુરંત જ તેઓએ બોલાચાલી કરી માથાકુટ ક રતા ઈસમનુ નામ પુછતા પોતે પોતાનુ નામ સાગર કેશુ સીંગરખીયા (ધંધો, રીક્ષા ડ્રાઈવીંગ, ઉ.વ.૩૦, રહે. વડવાજડી ગામ મહાદેવના મંદીરની બાજુમાં) હોવાનું થોથરાતી જીભે જણાવ્યું હતું. તે પોતે શરીરનુ સમતોલન પણ જાળવી શકતો ન હોય અને મોઢામાથી તીવ્ર વાસ આવતી હોય અને કેફી પીણુ દારૂ પીધેલ હોય તેમ જણાઈ આવ્યું હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધો રીક્ષા ચાલક વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

# ત્યારી ડેમ નજીક યુવતીની પજવણી કરી લુખ્ખા તત્વનો નિર્લજ્જ હુમલો

## જન્મદિવસની ઉજવણી કરી પરત ફરતી ૨૦ વર્ષીય યુવતીને જોઈ સીટી મારી, બેફામ ગાળો ભાંડી, જાહેરમાં કપડાં ખેંચ્યા

### ડિસમિસ વડે માર મારનાર આવારા તત્વ વિરુદ્ધ તાલુકા પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

ન્યારી ડેમ નજીક ૨૦ વર્ષીય યુવતીની પજવણી કરી આવારા તત્વ દ્વારા નિર્લજ્જ હુમલો કરાયો હતો. ન્યારી ડેમ ખાતેથી મિત્રો સાથે જન્મદિવસની ઉજવણી કરી પરત ફરી રહેલ ૨૦ વર્ષીય યુવતીને સીટી મારી બેફામ ગાળો આપી જાહેરમાં કપડા પણ ખેંચી મારામારી કરી હતી.બનાવ અંગે રાજકોટમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા શખ્સનું નામ આપતાં તાલુકા પોલીસે બીએનએસ એકટ ૭૪,૭૫(૧),(૪) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ પોલીસને જણાવ્યા મુજબ, ગઈકાલે તેનો જન્મ દિવસ હોય જેથી તે તેમના ત્રણ મિત્રો સાથે બે એક્ટિવામાં ન્યારી ડેમ પર ફોટો શૂટ કરવા અને જન્મ દિવસની ઉજવણી કરવાં માટે ગયાં હતાં. જ્યાંથી તેઓ ચારેય મિત્રો બે એક્ટિવામાં ઘરે જવા માટે પરત ફરી રહ્યાં હતાં ત્યારે તેઓ કાલાવડ રોડ પર ડેકોરા રોડ પાસે પહોંચતા ત્યાં આવેલ એક ગેરેજ પાસે ઉભેલ અજાણ્યાં શખ્સે સીટી મારી હતી.

જેથી તેમની સાથે રહેલ યુવક અજાણ્યાં શખ્સ પાસે જઈ કેમ સીટી મારી તે બાબતે પૂછવા જતા તે શખ્સે તેણીને બીભત્સ ભાસામાં બોલાવી હતી. જેથી ચારેય મિત્રોએ તેમને આવી ભાસામાં વાત ન કરવાનું કહેતાં તે બેફામ ગાળો બોલી વાણી વિલાસ કરવાં લાગ્યો હતો અને મારી છરી ક્યાં છે તેમ કહીં બાજુમાં આવેલ ગેરેજમાંથી ડિસમિસ લઈ આવી માર મારવા લાગી નિર્લજ્જ હુમલો કર્યો હતો. તેમજ તેણીએ પહેરેલ કપડા પણ ખેંચ્યા હતાં. જેથી તે યુવતી બેભાન જેવી થઈ ગઈ હતી.દરમિયાન સાથે રહેલ તેણીના અન્ય મિત્રીએ પોલીસને જાણ કરતાં પોલીસ આવે તે પહેલાં જ આરોપી નાસી છૂટ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# રેલનગરમાં વ્યાજખોરનો રીક્ષાચાલક પર હુમલો

## વ્યાજે લીધેલા પૈસાના હપ્તા ચડી જતા વસુલાત માટે દાદાગીરી

**અબતક, રાજકોટ**

રેલ નગર આસ્થા ચોક માં રહેતા રીક્ષા ચાલક પાસેથી પૈસાની ઉઘરાણી પતાવવા બાળપણના મિત્ર એ પાઈપથી હુમલો કર્યા નો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આસ્થા ચોક માં રહેતા ચિરાગભાઈ રફિકભાઈ બલોચ ૨૭ રિક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે ,બે બાળકો અને પત્ની ના પરિવારની જવાબદારી નિભાવતા ચિરાગભાઈએ ઘર ખર્ચ માટે બાળપણના મિત્ર ધ્રુવ બાવાજી પાસેથી ૧૫,૦૦૦ રૂપિયા વ્યાજવે લીધા હતા અને દર મહિને હપ્તા ભરવાનું નક્કી થયું હતું પરંતુ ધંધો સરખો ચાલતો ન હોવાથી ત્રણ ચાર મહિનાથી હપ્તા ભરાતા ન હોય તે માટે ઉઘરાણી કરવા ધ્રુવ બાવાજી વારંવાર ફોન કરતો હતો અને ફોન ન ઉપાડતા ઘરમાં આવી ધમકી આપતા ચિરાગભાઈ અને તેમના પત્ની સમાધાન માટે સામેથી જતા પોપટ પરા પાસે મામા સાહેબના મંદિર નજીક ધ્રુવ બાવાજી એ ચિરાગભાઈ સાથે ઝઘડો કરી પ્લાસ્ટિકના પાઈપ થી માર મારી માથામાં અને હાથ પગમાં ઈજા કરી હતી ચિરાગભાઈ ને સિવિલ હોસ્પિટલમાં સર્જરી બે માં દાખલ કરવામાં આવ્યા હતા આ અંગે પ્રધુમન નગર પોલીસે તપાસ હાથ ધરી છે

# અમરેલીમાં સિંહો પર સંકટ: ભેદી રોગચાળાથી બે સિંહબાળના મોત

## ૯ સિંહબાળ, ૧ સિંહણનું રેસ્ક્યુ કરાયું, માઈન્સ વિસ્તાર, ઉદ્યોગો અને સિમ વિસ્તારોમાં વનવિભાગ સિંહોની તપાસ કરશે

**અબતક રાજકોટ**

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના કાગવદર નજીક સિમ વિસ્તારમાં સિંહબાળમાં એક ભેદી રોગચાળાની આશંકાએ વનવિભાગમાં ભારે ચિંતા પ્રસરાવી છે. અતિ નબળી હાલતમાં જોવા મળેલા સિંહબાળને બચાવવા વનવિભાગે તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં અત્યાર સુધીમાં ૯ સિંહબાળ અને ૧ સિંહણ સહિત કુલ ૧૦ સિંહોને પાંજરે પૂરવામાં આવ્યા છે. આ ઓપરેશન દરમિયાન બે સિંહબાળના શંકાસ્પદ રીતે મોત થતા વનવિભાગ માટે આ મુદ્દો વધુ ગંભીર બન્યો છે. આખાય ગ્રુપને પાંજરે પૂરી એનિમલ ડોક્ટર દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવશે, અને સેમ્પલ લીધા બાદ જ રોગનું સાચું કારણ બહાર આવી શકે છે.



વનવિભાગને જાણ થઈ હતી કે, જાફરાબાદના કાગવદરની સિમ વિસ્તારમાં કેટલાક સિંહબાળ અતિ નબળી હાલતમાં છે અને તેમને ચાલવામાં પણ તકલીફ પડી રહી છે. આ માહિતી મળતા જ પાલીતાણા શેત્રુંજી ડિવિઝન, જાફરાબાદ રેન્જ વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પ્રારંભિક સ્કેનિંગ કરતા સિંહબાળ ગ્રુપની હાલત અત્યંત નાજુક જણાતાં તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં કુલ ૯ સિંહબાળ અને તેમની સાથે રહેલી ૧ સિંહણને પાંજરે પૂરવામાં આવ્યા છે. પાલીતાણા શેત્રુંજી ડિવિઝન ડીસીએફ ધનનજયકુમાર સાધુએ બે સિંહબાળના મોતના સમાચારની પુષ્ટિ કરી છે. પકડાયેલા તમામ સિંહોને એનિમલ ડોક્ટર દ્વારા તપાસ કરવામાં આવશે અને રોગનું કારણ જાણવા માટે સિંહબાળના સેમ્પલ લેવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

### અમરેલીમાં સિંહોની સંખ્યા વધુ, સુરક્ષાની ચિંતા પણ વધુ

તાજેતરમાં ગુજરાતમાં થયેલી સિંહોની ગણતરી મુજબ, અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા સૌથી વધુ નોંધાઈ છે, જે વન્યજીવ સંરક્ષણ માટે એક સારી બાબત છે. જોકે, કાગવદર નજીક સિંહબાળમાં જોવા મળેલો આ ભેદી રોગચાળો અને બે સિંહબાળના શંકાસ્પદ મોત સિંહોની સુરક્ષા અને તેમના સ્વાસ્થ્યની દેખરેખ અંગે ગંભીર સવાલો ઊભા કરે છે. વનવિભાગ દ્વારા સેમ્પલના રિપોર્ટ અને વધુ સઘન તપાસ બાદ જ આ ભેદી રોગનું સાચું કારણ બહાર આવી શકશે.

### જાફરાબાદ રેન્જમાં અન્ય સિંહોના સ્કેનિંગ શરૂ

આ ઘટનાને પગલે વનવિભાગે ગંભીરતા દાખવીને જાફરાબાદ રેન્જના રેવન્યુ વિસ્તારો સહિત અન્ય સિંહ વસવાટ ધરાવતા વિસ્તારોમાં પણ સિંહોમાં કોઈ બીમારી છે કે કેમ તેની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. માઈન્સ વિસ્તાર, ઉદ્યોગો અને સિમ વિસ્તારોમાં વનવિભાગ સિંહોનું સઘન સ્કેનિંગ કરી રહ્યું છે. મોટા રિંગ પાંજરાનો ઉપયોગ કરીને શંકાસ્પદ સિંહોને પાંજરે પૂરવાની કામગીરી ચાલુ છે. પકડાયેલા સિંહબાળને તપાસ બાદ જો તેઓ સ્વસ્થ જણાશે તો ફરી મુક્ત કરવામાં આવશે તેમ ડીસીએફ ધનનજયકુમાર સાધુએ જણાવ્યું હતું.

# ચેમ્બર દ્વારા નવી ઔદ્યોગિક નીતિ માટે મહત્ત્વપૂર્ણ સૂચનો

**અબ તક રાજકોટ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવે આગામી ઔદ્યોગિક નીતિ-૨૦૨૫ માટે ગુજરાત સરકાર સમક્ષ અનેક મહત્ત્વના સૂચનો રજૂ કર્યા છે. વર્તમાન નીતિની મુદત ૬ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થતી હોવાથી, ગાંધીનગર ખાતે ઉદ્યોગ કમિશનરની અધ્યક્ષતામાં યોજાયેલી ટાસ્ક ફોર્સ કમિટીની બેઠકમાં તેમણે MSME, વેપાર, વાણિજ્યિક અને સેવાક્ષેત્રના વિકાસને લગતા પ્રશ્નો અને ભલામણો રજૂ કર્યા.

મુખ્ય રજૂઆતોમાં માઈક્રો યુનિટ્સ માટે કેપિટલ સબસિડીમાં વધારો, તાલુકાઓની કેટેગરીમાં ફેરફાર, ડિફેન્સ અને એરોસ્પેસ પોલિસીમાં રાજકોટનો સમાવેશ, GIDC પ્લોટના ભાવ ઘટાડવા, રાજકોટમાં MSME ભવનની સ્થાપના, ખઉઅ સ્કીમ હેઠળ સબસિડી વધારવી અને SGST ટેક્સ સબસિડીના તાત્કાલિક અમલીકરણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાજકોટમાં પ્લગ એન્ડ પ્લે GIDC બનાવવી, સેવાક્ષેત્રને પણ ઔદ્યોગિક નીતિનો લાભ આપવો, ODOP હેઠળ વિશેષ સબસિડી આપવી, CLCSS અને PMEGP યોજનાના લાભો ફરી શરૂ કરવા, ક્વોલિટી સર્ટિફિકેશનમાં પેન્ડિંગ ફાઈલોનો નિકાલ કરવો, એમએસએની માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ અને ગ્રામીણ ઉદ્યોગોને વધારાના ઈન્સેન્ટિવ આપવા જેવા મુદ્દાઓ પણ રજૂ કરાયા હતા.

ઉદ્યોગ કમિશનરએ આ તમામ સૂચનો પર સકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવાની ખાતરી આપી હોવાનું રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવે જણાવ્યું છે.

# સાહિત્ય સેતુના પ્રયાસથી કસ્તુરબા વિદ્યાલયમાં ૩૨૦ છાત્રાઓનો સામુહિક વાંચન યજ્ઞ

**અબતક,રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા પ્રવર્તમાન ડીજીટલ યુગમાં નાના મોટા સૌ કોઈ વાંચનથી વિમુખ થઈ રહ્યા છે. ત્યારે વાંચન પ્રવૃતિને વેગ મળે, શહેરીજનો તેમજ દેશના આવતીકાલના નાગરિકો એવા છાત્રો વાંચતા થાય તેવા શુભાશયથી વાંચન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત શહેરના માસ્તર સોસાયટી વિસ્તારમાં આવેલ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત છ દાયકા જૂની કસ્તુરબા વિદ્યાલયમાં સમૂહ વાંચન કાર્યક્રમ યોજવામ આવેલ જેમાં ૩૨૦ થી વધુ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લઈ પોતાને મનગમતું પુસ્તકનું એક કલાક સુધી રસપૂર્વક વાંચન કરેલ.



પુસ્તક વાંચન બાદ તમામ ભાગ લેનાર દીકરીઓએ પોતે વ્યક્તિગત જીવનમાંથી સમય કાઢી નિત્ય પુસ્તકનું વાંચન કરશે તેવો સ્વૈચ્છિક સામૂહિક સંકલ્પ કરેલ.

સાહિત્ય સેતુના સંયોજક અનુપમ દોશીએ વિદ્યાર્થીની બહેનોને જીવનમાં વાંચનનું મહત્વ વાંચનની ઉપયોગિતા વાંચનથી થતા ફાયદા વિશે વાત કરી દરેક બહેનોને નિત્ય અવશ્ય વાંચન કરવા જણાવેલ. કસ્તુરબા વિદ્યાલયના ટ્રસ્ટી હેલીબેન ત્રિવેદીએ વાંચન જાગૃતિ અભિયાનને બિરદાવી શુભકામનાઓ પાઠવેલ.

આ કાર્યક્રમમાં નિવૃત શિક્ષક મહમદ હુસૈન કડીવાર, દિનેશભાઈ ગોવાણી, રમેશ શિશાંગીયા, સોનલબેન સોમૈયા ઉપસ્થિત રહેલ.

શાળાના પ્રિન્સીપાલ જાનકીબેન જોશીએ સૌને આવકારી નિત્ય વાંચનની ટેવ પાડવા જણાવેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રંજનબેન જાદવે કરેલ.

# યુએનએ પહલગામ હુમલા માટે પાકિસ્તાન સમર્થિત ટીઆરએફ સંગઠનને જવાબદાર ઠેરવ્યું

## યુએન સિક્યુરિટી કાઉન્સિલની ૧૨૬૭ પ્રતિબંધ સમિતિનો અહેવાલ ભારત માટે મોટી રાજદ્વારી જીત સમાન, લશ્કર-એ-તૈયબા સાથેના સંબંધો ખુલ્લા પડ્યા

**અબતક રાજકોટ**

જમ્મુ અને કાશ્મીરમાં થયેલા પહેલગામ આતંકવાદી હુમલાને અંજામ આપનાર પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટનો ઉલ્લેખ યુએન સિક્યુરિટી કાઉન્સિલની ૧૨૬૭ પ્રતિબંધ સમિતિના તાજેતરના મોનિટરિંગ ટીમના અહેવાલમાં કરવામાં આવ્યો છે. આ અહેવાલ ભારત માટે એક મોટી રાજદ્વારી જીત સમાન છે, કારણ કે તે લાંબા સમયથી ભારત દ્વારા કરવામાં આવતા દાવાઓને સમર્થન આપે છે કે ટીઆરએફ એ પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાનું પ્રોકસી સંગઠન છે અને તેને પાકિસ્તાન તરફથી સમર્થન મળે છે. આ અહેવાલમાં ૨૨ એપ્રિલના પહેલગામ હુમલામાં ટીઆરએફની સંડોવણી સ્પષ્ટપણે નોંધવામાં આવી છે, જેમાં ૨૬ લોકોના મોત થયા હતા.

યુએનના અહેવાલ મુજબ, પહેલગામ આતંકવાદી હુમલાની જવાબદારી ટીઆરએફ એ બે વાર સ્વીકારી હતી અને ''હુમલા સ્થળનો ફોટો'' પણ પ્રકાશિત કર્યો હતો. આ રિપોર્ટમાં એ નિવેદનો પણ ટાંકવામાં આવ્યા છે કે પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના સમર્થન વિના આ હુમલો શક્ય બન્યો ન હોત. જોકે, ૨૬ એપ્રિલે, ટીઆરએફ એ તેનો દાવો પાછો ખેંચી લીધો હતો, પરંતુ અહેવાલમાં સભ્ય દેશો દ્વારા આપવામાં આવેલી માહિતી સ્પષ્ટપણે દર્શાવે છે કે ટીઆરએફ એ લશ્કર નો જ એક ભાગ છે અથવા તેના સમર્થનથી કાર્ય કરે છે. આ અહેવાલ ૨૦૧૯ પછી પ્રથમ વખત લશ્કર-એ-તૈયબાનો પણ ઉલ્લેખ કરે છે, જે આ આતંકવાદી સંગઠનો વચ્ચેના ગાઢ સંબંધોને ઉજાગર કરે છે.

### ભારત માટે આ રિપોર્ટ શા માટે મહત્વનો?

આ અહેવાલ ભારત માટે એક મોટી રાજદ્વારી જીત છે કારણ કે યુએન સિક્યુરિટી કાઉન્સિલની ૧૨૬૭ પ્રતિબંધ સમિતિના તમામ નિર્ણયો તેના સભ્યો દ્વારા સર્વસંમતિથી અપનાવવામાં આવે છે. મળતી માહિતી અનુસાર, ''મોનિટરિંગ ટીમ રિપોર્ટમાં ટીઆરએફ નો ઉલ્લેખ દર્શાવે છે કે વિશ્વ પાકિસ્તાનના જૂઠાણા અને કપટપૂર્ણ વર્ણનને કેવી રીતે જુએ છે.'' પાકિસ્તાન તેની આતંકવાદી પ્રવૃત્તિઓથી ધ્યાન હટાવવા માટે 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' અને 'પીપલ્સ અગેઈન્સ્ટ ફાસીસ્ટ ફ્રન્ટ' જેવા બિનસાંપ્રદાયિક નામોનો ઉપયોગ કરે છે, પરંતુ આ અહેવાલે પાકિસ્તાનની આ વ્યૂહરચનાને ખુલ્લી પાડી દીધી છે.

### આંતરરાષ્ટ્રીય સહયોગ અને ભવિષ્યની અસરો

ભારતે ડિસેમ્બર ૨૦૨૩ થી સતત મોનીટરીંગ ટીમ ને ટીઆરએફ અને પાકિસ્તાન પ્રાયોજિત અન્ય આતંકવાદી સંગઠનો પર વિગતવાર માહિતી પૂરી પાડી હતી. મે ૨૦૨૪ માં, વિદેશ મંત્રાલયના નેતૃત્વ હેઠળના એક પ્રતિનિધિમંડળે ન્યૂયોર્કમાં મોનીટરીંગ ટીમ અને અન્ય યુએન અધિકારીઓને આતંકવાદી સંગઠનની ગતિવિધિઓ પર એક ડોઝિયર પણ સુપરત કર્યું હતું. આ વર્ષે જુલાઈમાં, યુએસએ પણ ટીઆરએફ ને વિદેશી આતંકવાદી સંગઠન તરીકે નિયુક્ત કર્યું હતું, જે ભારતના દાવાઓને વધુ સમર્થન આપે છે.

ટીઆરએફ, જે ૨૦૧૯ માં લશ્કર-એ-તૈયબાના પ્રોક્સી તરીકે બનાવવામાં આવ્યું હતું અને ૨૦૨૩ માં ભારત દ્વારા તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, તે યુવાનોની ઑનલાઇન ભરતી, આતંકવાદીઓની ઘૂસણખોરી અને પાકિસ્તાનથી જમ્મુ અને કાશ્મીરમાં શસ્ત્રો અને માદક દ્રવ્યોની દાણચોરીમાં સક્રિયપણે સામેલ છે. તેણે જમ્મુ અને કાશ્મીરમાં નાગરિકો, રાજકીય નેતાઓ અને સુરક્ષા દળોને નિશાન બનાવતા અનેક હુમલાઓની જવાબદારી પણ સ્વીકારી હતી. આ આંતરરાષ્ટ્રીય સ્તરે ટીઆરએફ અને તેની સાથે જોડાયેલ સંગઠનો પર દબાણ વધારશે, જે કાશ્મીરમાં શાંતિ અને સુરક્ષા સ્થાપિત કરવામાં મદદરૂપ થઈ શકે છે.

# જમ્મુ- કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ગુજરાતના બે દિવસીય પ્રવાસે

## સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે, કાશ્મીર પ્રવાસનને વેગ આપવાનો મુખ્ય ઉદ્દેશ

**અબતક રાજકોટ**

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા બે દિવસીય ગુજરાતના પ્રવાસે આવ્યા છે. તેમનો આ પ્રવાસ કાશ્મીરમાં પ્રવાસનને પુનર્જીવિત કરવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. આ પ્રવાસ દરમિયાન તેઓ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે, જેમાં સૌથી મહત્વપૂર્ણ કાર્યક્રમ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતનો રહેશે.



મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનો આ ગુજરાત પ્રવાસ જમ્મુ-કાશ્મીરમાં પ્રવાસન ઉદ્યોગને ફરીથી વેગ આપવાના તેમના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. તાજેતરમાં પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ગુજરાતમાંથી કાશ્મીરના પ્રવાસનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. આ પ્રવાસનો મુખ્ય સંદેશ એ છે કે કાશ્મીર પ્રવાસીઓ માટે સુરક્ષિત છે, ખાસ કરીને તાજેતરના હુમલાના ગુનેગારોને ઠાર મારવામાં આવ્યા છે.

તેઓ ગુજરાતના મહત્વપૂર્ણ ટૂર ઓપરેટરો સાથે ગાંધીનગરમાં સંયુક્ત બેઠક યોજશે, જેમાં કાશ્મીરની વર્તમાન સ્થિતિ, તેની સલામતી અને કાશ્મીર તથા ગુજરાત વચ્ચેના પ્રવાસનના મહત્વ અંગે ચર્ચા કરવામાં આવશે. સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી, જે એકતા અને રાષ્ટ્રીય ભાવનાનું પ્રતિક છે, તેની ઓમર અબ્દુલ્લાની મુલાકાત પણ આ પ્રવાસનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ મુલાકાત રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા ઉપરાંત, ગુજરાત અને જમ્મુ-કાશ્મીર વચ્ચેના સાંસ્કૃતિક અને સામાજિક સેતુને પણ મજબૂત બનાવવામાં મદદરૂપ થશે તેવી અપેક્ષા છે. આ પ્રવાસ દરમિયાન, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ગુજરાતના મુખ્યમંત્રી સાથે પણ મુલાકાત કરે તેવી શક્યતા છે.

# લાઈટ હાઉસ પાછળ પ્રેમીયુગલે જાહેરમાં નિર્લજ્જ ચેનચાળા કર્યા

## વોકિંગ કરતા લોકોને અત્યંત ક્ષોભજનક સ્થિતિમાં મૂકી દેનાર પ્રેમી પંખીડા વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરના રૈયારોડ પર પરશુરામ ચોકડી પાસે લાઈટ હાઉસ પાછળ અટલ સરોવર તરફ જવાના રોડ પર રાત્રિના જાહેરમાં એક યુગલ બીભત્સ ચેનચાળા કરતું હોય જેથી અહીંથી વોકિંગમાં જઈ રહેલા ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. જે અંગેની જાણ પોલીસને કર્યા બાદ પોલીસે રાજકોટમાં હરિધવા રોડ પર રહેતા આ શખસ અને હાલ રાજકોટમાં રહેતી મૂળ જૂનાગઢ પંથકની વતની યુવતી વિરુદ્ધ જાહેરમાં અશોભનીય વર્તન કરવા અંગે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. સમગ્ર મામલાની પ્રાપ્ત વિગતો અનુસાર રૈયા રોડ પર પરશુરામ ચોકડીથી લાઈટ હાઉસ પાછળ અટલ સરોવર જવાના રસ્તે જાહેર રોડ પર રાત્રિના અહીં રહેતા લોકો વોકિંગ કરવા માટે નીકળતા હોય છે. દરમિયાન અહીં એક પ્રેમીયુગલ પ્રણય ફાગમાં મગ્ન બની ભાન ભૂલી જાહેરમાં બીબસ્ત ચેનચાળા કરતા હોય જેથી અહીં વોકિંગમાં નીકળનાર લોકો ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. તેમ છતાં આ યુગલ અટક્યું ન હતું. દરમિયાન આ બાબતે પોલીસને જાણ કરવામાં આવતા યુનિવર્સિટી પોલીસનો સ્ટાફ અહીં પહોંચ્યો હતો.

પોલીસે બંનેની પૂછતાછ કરતા યુવક રાજકોટના હરિધવા રોડ પર રહેતો શખ્સ હોવાનું અને યુવતી હાલ રાજકોટમાં રહેતી હોય અને મૂળ જુનાગઢ પંથકના એક ગામની વતની માલુમ પડ્યું હતું. બંને સામે જાહેરમાં બિભત્સ ચેનચાળા કરી અશોભનીય વર્તન કરવા અંગે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રૈયા રોડ લાઈટ હાઉસ કોલોનીમાં સિધ્ધેશ્વર મહાદેવ મૂર્તિ પ્રતિષ્ઠા



**અબતક, રાજકોટ**

રાજકોટમાં રૈયા ખાતે લાઈટ હાઉસ સોસાયટી ખાતે શિવાલયનું નિર્માણ તેમજ શિવપાર્વતી, હનુમાનજી, રામ દરબાર, માં આશાપુર, કાળ ભૈરવ, શીતળામાં, ગણેશજી, દેવીદેવતાઓનો વાજતે ગાજતે હવન હોમે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો.

આ ધર્મોત્સવમાં રાજકોટના પ્રથમ નાગરીક મેયર નયનાબેન પેઢડીયા તથા વિનુભાઈ પેઢડીયા એ પધારી ધર્મોત્સવ અર્ચન પુજન તેમજ શિવ પુજા કરી હતી.

# બાલભવનમાં રાખડી સ્પર્ધામાં ભૂલકાઓએ બનાવી ફેન્સી રાખડીઓ

**અબતક,રાજકોટ**

બાલભવન રાજકોટ દ્વારા દર શનિવારે અવનવા કાર્યક્રમો અને સ્પર્ધાઓનું આયોજન થતું જ હોય છે. શનિવાર તા. ૨૬-૦૭-૨૦૨૫નાં બાલસભ્યો માટે રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૫ થી ૧૦ વર્ષ (એ) ગૃપ અને ૧૧ થી ૧૬ વર્ષ(બી) ગૃપ પ્રમાણે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બન્ને ગૃપનાં ૬૦ જેટલા બાળકોએ વિવિધ સામગ્રીથી નવિનતમ - ફેન્સી રાખડીઓ બનાવી હતી.



સ્પર્ધામાં બન્ને ગૃપમાં ૧ થી ૩ ક્રમાંક પ્રમાણે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. જેમાં ૫ થી ૧૦ વર્ષ ૨ (એ) ગૃપ માં મિસરી વિંછી મિસૂરૂ વિંછી - પ્રથમ, મંથન સંગતાણી- દ્વિતિય, કાવ્યા વાઘેલા - તૃતિય, જ્યારે ૧૧ થી ૧૬ વર્ષ બી ગૃપ માં, મિસરી સેજપાલ પ્રથમ, વિહાન સંઘવી દ્વિતિય, યુગ શાહ - તૃતિય, ક્રમાંક પ્રમાણે વિજેતા જાહેર કરાયા હતા. માનદ્ મંત્રી મનસુખભાઈ જોષી તથા ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી એ વિજેતાઓને શુભેચ્છા આપવાની સાથે બાળકોની હસ્તકલા ને બિરદાવી હતી. નિર્ણાયક ભાવનાબેન જોષી, તૃપ્તિબેન ચૌહાણ, રિશિતાબેન જોષી અને અમિતભાઈ જોષી નાં હસ્તે બાળકોને ઈનામ પ્રમાણપત્ર થી સન્માનિત કરાયા હતા. સ્પર્ધા - કાર્યકમનું સંચાલન ધર્મેન્દ્ર પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનિય છે કે બાલભવનનાં ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ તથા બાલભવન પરિવાર દ્વારા જન્માષ્ટમીનાં સાંસ્કૃતિક તથા મટકી ફોડ કાર્યક્રમની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

# બોલબાલા ટ્રસ્ટ દ્વારા મેગા આયુર્વેદ નિદાન સારવાર કેમ્પમાં ૨૦૦ દર્દીઓએ લીધો લાભ

## શનિવારે જયેશભાઈ ઉપાધ્યાયના જન્મદિવસ નિમિતે નિ:શુલ્ક તુલશીના રોપાનું વિતરણ

**અબતક,રાજકોટ**

બોલબાલા ટ્રસ્ટ છેલ્લા ૩૫ વર્ષથી 'માનવ સેવા એજ પ્રભુ સેવા' સુત્રને આધીન કાર્યરત સંસ્થા રાજકોટ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમ અનેક સેવાકીય પ્રવૃતીઓ કરી રહી છે. જેમાં હાલમાં બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ અને ગારડી હોસ્પિટલ સયુંકત સહયોગ દ્વારા વિશ્વ હેલ્થ દિવસના રોજ કાલાવડ રોડ બોલબાલા બ્રાંચ ખાતે મેગા આર્યુવેદ નિદાન સારવાર અને દવા વિતરણનો નિઃશુલ્ક કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ગારડી હોસ્પિટલના ડો.દર્શનાબેન પંડયા,



ડી. વી. મહેતા, ડોકટર મેનેજમેન્ટ ડોકરટરો, ઈન્ટેન સમિતિ મેમ્બર દ્વારા ૨૦૦ જેટલા દર્દીઓને આ કેમ્પમાં જરૂરી તપાસ, દવા તેમજ માર્ગદર્શનનો નિઃશુલ્ક લાભ મળ્યો હતો.આ મેગા કેમ્પમાં જયભાઈ મહેતા, સુરેશભાઈ પટેલ, હિતેશભાઈ પોપટ, જયેશભાઈ ઉપાધ્યાય સહિતના અનેક લોકો ઉપસ્થિત રહયા હતા. પ્રાતિયા શનિવારે જયેશભાઈ ઉપાધ્યાયના જન્મદિવસ નિમીતે હેમુ ગઢવી હોલ ખાતે પર્યાવરણ પ્રેમી કુમકુમ ગૃપના સહયોગથી ૫૦૦ જેટલા ધર્મલક્ષી તુલસી રોપ નિઃશુલ્ક વિતરણ કરાશે.રાજકોટમાં કાલાવડ રોડ, રૈયા રોડ, સહિતના વિસ્તારના લોકો માટે ''બોલબાલા સેવા સદન'' કાલાવડ રોડ ખાતે અલગ-અલગ આરોગ્ય કેમ્પ, તેમજ બહેનો માટે સ્વાવલંબન પ્રોજેકટ અંતર્ગત ના કાર્ય કરવામાં આવશે તેવુ બોલબાલા ના ટ્રસ્ટી સુનિલભાઈ કોઠારીએ યાદીમાં જણાવેલ છે.

# લોકમેળો પીજીવીસીએલના ૧૭ ટ્રાન્સફોર્મર અને અન્ડર ગ્રાઉન્ડ કેબલથી સજ્જ થશે

## મેળામાં આકસ્મિક લાઈટ ગુલ થવાના પ્રશ્નો કે કોઈ ઈમરજન્સી ઘટના બને તો પોલીસ હેડક્વાર્ટર ગેટ પાસે પીજીવીસીએલનો કંટ્રોલરૂમ તૈનાત રખાશે



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો એટલે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં ભરાતો લોકમેળો. આ લોકમેળો એટલે સૌરાષ્ટ્રની શાન. આ મેળાની મજા માણવા માટે સૌરાષ્ટ્રભરના લોકો અહીંયા ઉમટી પડે છે.રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે તા.૧૪ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન લોકમેળો યોજાશે.રાજકોટ લોકમેળામાં વીજળીની વ્યવસ્થા એક મહત્વપૂર્ણ પાસું છે, કારણ કે મેળામાં સ્ટોલ, યાંત્રિક રાઈડ્સ, લાઈટિંગ, અને અન્ય સુવિધાઓ માટે વીજળીની જરૂર પડે છે.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી વીજળીનું સંચાલન પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કરવામાં આવે છે.જેમાં આ વર્ષે સમગ્રમેળામાં વીજ પુરવઠો દિન દયાળ, જંક્શન અને ટેક્સ્ટડિવિઝનમાંથી પૂરો પાડવામાં આવશે.

ઉપરાંત સમગ્ર મેળામાં ૯૦ કિલોવોલ્ટના ૧૭ ટ્રાન્સફોર્મર, ૫ કિલોવોલ્ટના ૧૦ થી ૧૫ અને ૫૦ કિલોવોલ્ટનું ૧ ટ્રાન્સફોર્મર રાખી વીજ સપ્લાય પુરી પાડવામાં આવશે.મેળામાં આકસ્મિક લાઈટ ગુલ થવાના પ્રશ્નો કે કોઈ ઈમરજન્સી ઘટના બને તો

પોલીસ હેડક્વાર્ટર ગેટ પાસે પીજીવીસીએલનો કંટ્રોલરૂમ તૈનાત રાખવામાં આવશે જેમાં એચટીટુ ડિવિઝન, બેડીનાકા અને અન્ય સબડિવિઝનમાંથી કુલ ૧૦૦થી વધુ કર્મીઓ તૈનાત રાખવામાં આવશે.

લોકમેળામાં લોકોની સાવચેતી માટે પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૧ કેવીના વાયર અંડર ગ્રાઉન્ડ લેવલે નાખવામાં આવશે. અંડર ગ્રાઉન્ડ કેબલ માટે પીજીવીસીએલ દ્વારા મંજૂરી આપવામાં આવી છે તેમ કલેક્ટર તંત્ર અને પીજીવીસીએલ તંત્રમાંથી માહિતી મળી છે.

### લોકમેળામાં બાકી રહેલા સ્ટોલ મેળવવા માટે કાલ સુધી ફોર્મ જમા કરાવી શકાશે

લોકમેળા સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે તા.૧૪/૦૮/૨૫ થી તા.૧૮/૦૮/૨૫ દરમ્યાન યોજાનારા લોકમેળામાં બાકી રહી ગયેલા સ્ટોલ/પ્લોટ મેળવવા માટેની મુદ્દતમાં બે દિવસનો વધારો કરાયેલ છે.

જે મુજબ કેટેગરી એ(ખાણીપીણી મોટી) અને કેટેગરી-બી૧ કોર્નર (ખાણીપીણી) ના સ્ટોલ/પ્લોટ માટેની હરરાજી તથા કેટેગરી- એક્સ(આઈસ્ક્રીમ) કેટેગરી-બી(બી-રમકડા)ના સ્ટોલ/ પ્લોટ માટેના ડ્રો માટે નવા ફોર્મ ભરવા ઈચ્છુક તથા અગાઉ ફોર્મ પરત કરવા રહી ગયેલ હોય, તેઓ તા.૩૦/૦૭/ ૨૦૨૫ તથા તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ કચેરી સમય દરમ્યાન ફોર્મ મેળવી તથા ભરીને પરત આપી શકશે. ઉપરોક્ત કેટેગરીમાં વહીવટી અનુકુળતા મુજબ ફેરફાર કરી શકાશે,તેની તમામ સબંધકર્તાઓએ નોંધ લેવા લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયબ કલેકટર રાજકોટ (શહેર-૧)ની યાદીમાં જણાવાયું છે.

## પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ રૂપી અનોખી ભેટ

# યાદોના અજવાળા: સ્વ. વિજયભાઈ રૂપાણીની જીવનગાથાનું શનિવારથી બે-દિવસીય ભાવવાહી તસવીર પ્રદર્શન

## વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૫ સુધીની ૧૧૧૧ તસવીરોમાં સ્વ. વિજયભાઈ રૂપાણીની અમર યાદો તાજી થશે:અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના અનમોલ રતન, સ્વ. વિજયભાઈ રૂપાણીની અવિસ્મરણીય યાદોને તાજી કરવા માટે તેમના જન્મદિવસ પ્રસંગે, આગામી ૨ અને ૩ ઓગસ્ટ, ૨૦૨૫ (શનિવાર-રવિવાર) ના રોજ રાજકોટ ખાતે એક અનોખા તસવીર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં દેવેન અમરેલી, રમેશ ટંકારીયા સંદીપ બગથરીયા, દિલીપ ગોહેલ સમગ્ર માહિતી પૂરી પાડી હતી , રેસકોર્સ સ્થિત શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી ખાતે યોજનાર આ પ્રદર્શન સવારે ૧૦ થી રાત્રે ૮ કલાક સુધી નગરજનો માટે ખુલ્લું રહેશે.આ બે દિવસીય તસવીર પ્રદર્શનનું ઉદ્ઘાટન તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૫ ને શનિવારે સવારે ૯:૦૦ વાગ્યે સાંસદ પરસોત્તમ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે રૂપાણી પરિવારના સભ્યો, જેમાં સ્વ. વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી, પુત્ર ઋષભભાઈ રૂપાણી અને પુત્રી રાધિકાબેન પણ ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે સાંસદ રામભાઈ મોકરીયા અને મેયર નયનાબેન પેઢડિયા પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.આ પ્રદર્શનમાં ખ્યાતનામ ફોટો જર્નાલિસ્ટ દેવેન અમરેલીયા દ્વારા દિવંગત સ્વ. વિજયભાઈના જીવનની જાણી-અજાણી, ચિત-



તસવીર: શૈલેષ વાડોલીયા

પરિચિત, સુલભ-દુર્લભ ક્ષણોની અવિસ્મરણીય તસવીરોની હારમાળા જોવા મળશે.

આ તસવીરો વિજયભાઈની ગૌરવવંતી જીવનયાત્રાના ઘણા યાદગાર પૃષ્ઠોને ફરીથી જીવંત કરશે.ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી તરીકે, સ્વ.વિજયભાઈ રૂપાણીએ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેમનો સરળ અને નિખાલસ સ્વભાવ તેમને સૌને ગમતા મુઠ્ઠી ઊંચેરા માનવી બનાવતો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ તેમણે ગુજરાતને ભારતનું જ નહીં, વિશ્વનું એક અગ્રણી રાજ્ય બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

જનહિત માટે જીવન સમર્પિત કરનાર આ લોકનેતાને ચિરસ્મરણીય ભાવાંજલિ આપવાના આ સ્તુત્ય પ્રયાસને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ બિરદાવીને સરાહના કરી છે.રાજકોટ માટે આ એક અનેરો પ્રસંગ છે, જે ખરેખર સૌના પોતીકા સ્વ. વિજયભાઈ રૂપાણીને એક સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. નગરજનોને આ પ્રદર્શનની મુલાકાત લેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.



# ‘રાગ’નો ભવ્ય ટ્રાવેલ ફેર: પ્રવાસન ઉદ્યોગ માટે નવો માઈલસ્ટોન

**અબતક રાજકોટ,**

રાજકોટના પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા રેલ એન્ડ એર એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા હોટેલ પ્લેટિનમ ખાતે ભવ્ય ટ્રાવેલ ફેર યોજાયો. સૌરાષ્ટ્રભરના ટ્રાવેલ એજન્ટો માટે આ કાર્યક્રમ અત્યંત ફાયદાકારક નીવડ્યો.આ ફેરમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ડીએમસી, હોટેલિયર્સ અને ટ્રાન્સપોર્ટર્સ મોટી સંખ્યામાં હાજર રહ્યા. દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં હિમાચલ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કાશ્મીર, દુબઈ, નેપાળ અને થાઈલેન્ડ જેવા વિવિધ સ્થળોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રાવેલ ફેરે પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને એક જ છત નીચે તમામ જરૂરી માહિતી અને સંપર્કો પૂરા પાડ્યા.



### એજન્ટો અને ગ્રાહકો બંનેને વધુ પારદર્શિતા અને વિશ્વાસ મળશે :જયેશ કેસરિયા



જયેશ કેસરિયાએ જણાવ્યું હતું કે અત્યાર સુધી રાજકોટના ટ્રાવેલ એજન્ટોને સપ્લાયર્સને મળવા માટે અમદાવાદ કે અન્ય મોટા શહેરો સુધી જવું પડતું હતું, પરંતુ હવે સપ્લાયર્સ ખુદ રાજકોટ આવ્યા છે. આ એક અદ્ભુત શરૂઆત છે, જેનાથી સ્થાનિક એજન્ટોને ઘરઆંગણે જ તમામ જરૂરી માહિતી અને સેવાઓ મળી રહે છે. તેમણે પણ ઑફલાઈન બુકિંગના મહત્ત્વ પર ભાર મૂક્યો, કારણ કે ઓનલાઈન બુકિંગમાં ઘણીવાર પ્રતિભાવ મળતો નથી અને સ્કેમ થવાની શક્યતાઓ પણ વધી જાય છે. આ સીધા સંપર્કથી ટ્રાવેલ એજન્ટો અને ગ્રાહકો બંનેને વધુ પારદર્શિતા અને વિશ્વાસ મળશે. આ કાર્યક્રમ પ્રવાસન ઉદ્યોગમાં સહયોગ અને પારદર્શિતા વધારવામાં મદદરૂપ થશે

### “ટ્રાવેલ એજન્ટો માટે સીધો સંપર્ક, ઑફલાઈન બુકિંગનો ફાયદો”: પંકજ મહેતા



પંકજ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના પંકજ મહેતાએ જણાવ્યું કે, આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ હિતધારકોને એક મંચ પર લાવી વન-ટુ-વન મુલાકાત કરાવવાનો હતો. આનાથી ટ્રાવેલ એજન્ટોને કેરળ, રાજસ્થાન જેવા વિવિધ ડેસ્ટિનેશનના , ડી એમ સી એસ હોટેલિયર્સ અને ટ્રાન્સપોર્ટરો સાથે સીધો સંપર્ક સાધવાનો મોકો મળ્યો, જે ખૂબ જ ફાયદાકારક છે. તેમણે ઑફલાઈન બુકિંગના ફાયદાઓ પર ભાર મૂક્યો, જ્યાં ગ્રાહકોને પોતાના પ્રશ્નોના ત્વરિત ઉત્તર મળે છે, જ્યારે ઓનલાઈન બુકિંગમાં કેટલાક લોકોને ખરાબ અનુભવો થયા છે.

### ઑફલાઈન બુકિંગ જ પ્રવાસનનું ભવિષ્ય: મયંક પાઉ



રેલ એન્ડ એર એસોસિએશન ઓફ ગુજરાત ના પ્રમુખ મયંક પાઉએ ટ્રાવેલ ફેર દરમિયાન જણાવ્યું કે, ઓનલાઈન બુકિંગમાં છેતરપિંડી અને ઓછો પ્રતિભાવ સામાન્ય છે. તેના બદલે, ઑફલાઈન બુકિંગ ગ્રાહકો અને એજન્ટોને રૂબરૂ મળવાની, સંપૂર્ણ સહયોગ મેળવવાની અને વિશ્વસનીયતા પૂરી પાડે છે. રાગ સૌરાષ્ટ્રમાં પ્રવાસન ઉદ્યોગને નવી દિશા આપવા અને વિશ્વસનીયતા વધારવા કટિબદ્ધ છે.

### સૌરાષ્ટ્રના ટ્રાવેલ એજન્ટોને મળ્યો ડોમેસ્ટિક-ઈન્ટરનેશનલ સપ્લાયર્સનો સંગમ

### “ઑફલાઈન બુકિંગ એટલે વ્યક્તિગત સેવા અને વિશ્વાસ“ : ગોપાલ ઉનડકટ



આદર્શ ટ્રાવેલ્સના ગોપાલ ઉનડકટે જણાવ્યું કે, રાજકોટના કાર્યક્રમથી સ્થાનિક ટ્રાવેલ એજન્ટોને ડીએમસી, હોટેલીયર્સ અને ટ્રાન્સપોર્ટરો સાથે સીધો સંપર્ક સાધવાનો મોકો મળ્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ઑફલાઈન બુકિંગમાં ટ્રાવેલ એજન્ટો ગ્રાહકો માટે વ્યક્તિગત સેવા અને માર્ગદર્શન પૂરું પાડે છે, જેથી તે વધુ વિશ્વસનીય અને સંતોષકારક રહે છે. આ ઈવેન્ટ રાજકોટના પ્રવાસન ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

# ઓનલાઈન વેપારના પડકાર સામે એફએમસીજી ડિસ્ટ્રિબ્યુટર્સેએ રણનીતિ ઘડી: ભવિષ્યના વેપાર માટે સજ્જ

## અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી આપી

**અબતક રાજકોટ**

ગુજરાતના એફએમસીજી (ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ) ડિસ્ટ્રિબ્યુટરો દ્વારા કંપનીઓ અને વિતરકો વચ્ચે સુમેળભર્યા સંબંધો સ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી ૨૦ જુલાઈ, ૨૦૨૫ના રોજ હોટેલ એડીબી ખાતે એડીબી એક મહત્વપૂર્ણ ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.બેઠકમાં રાજ્યભરમાંથી ૫૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાસમગ્ર ગુજરાતના વિવિધ શહેરો અને ગામડાઓમાંથી ૫૦૦ થી વધુ પ્રતિનિધિઓ ફેડરેશન ઓફ ગુજરાત ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસિયેશન ના નેજા હેઠળ, રાજકોટ કન્ઝ્યુમર પ્રોડક્ટ ઓર્ગેનાઈઝેશન એસોસિયેશન દ્વારા આયોજિત અને ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની દ્વારા પ્રાયોજિત આ બેઠકમાં એકઠા થયા હતા,અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં જીતુ અદાણી,કિરણ બાટવિયા, નલીન શાહ તેજસ શ્રોફએ સમગ્ર માહિતી પૂરી પાડી. આ ઉપરાંત ફેડરેશનના ચેરમેન અરુણભાઈ પરીખ અને પ્રમુખ દીપકભાઈ પટેલની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજાયો હતો.



તસવીર: શૈલેષ વાડોલીયા

ફેડરેશનના પ્રતિનિધિઓ રજતભાઈ રિવાણી, જીગ્નેશભાઈ શાહ અને જયેશભાઈ દરજી દ્વારા વિવિધ મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ૫.૧% વેપાર વધારો અને ૫.૦% ભાવ વધારો સામેલ છે. કુલ વેપારમાં જનરલ ટ્રેડનો ૭૫% હિસ્સો, મોર્ડન ટ્રેડનો ૧૭% અને ઈ-કોમર્સ તથા ક્વિક કોમર્સનો ૮% હિસ્સો છે. ગુજરાતમાં નું ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક સૌથી વધુ રોજગારી ઉત્પન્ન કરતું ક્ષેત્ર છે. ફક્ત ગુજરાતમાં જ આ વિતરણ વ્યવસ્થા હેઠળ બે લાખથી વધુ વર્કરો, દુકાનદારો, ટ્રાન્સપોર્ટરો અને નાના-મોટા વેપારીઓ કાર્યરત છે. આ વિતરણ શૃંખલાને કારણે જ દરેક નાના-મોટા શહેરો-ગામડાઓમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોંચે છે અને ગુજરાતની અર્થવ્યવસ્થાની વૃદ્ધિમાં સિંહફાળો આપે છે.

કંપની દ્વારા વધુ સ્ટોકનું દબાણ, ડિસ્ટ્રિબ્યુટરને એજન્સી ગુમાવવાનો ડર ,ફૂલ એન્ડ

(અનુ. આઠમા પાને)

### “એક બજાર, એક ભાવ”ની નીતિ અપનાવી ગુજરાતના ખૂણે ખૂણેના ડિસ્ટ્રીબ્યુટર્સને એક ક્ષત્ર હેઠળ લાવવા ભગીરથ પ્રયત્ન

સંમેલનમાં વર્તમાન બજારની વિવિધ સમસ્યાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી એક જ બજારમાં એક જ પ્રોડક્ટ માટે તમામ ચેનલો પર એકસરખા ભાવો અને સ્કીમ્સ હોવી જોઈએ.

જો આ નીતિ અમલમાં નહીં આવે, તો આગામી સમયમાં રિટેલર્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સ વચ્ચે મોટો સંઘર્ષ જોવા મળી શકે છે. હાલમાં જનરલ ટ્રેડનો ધંધો ઘટી રહ્યો છે અને ડિસ્ટ્રિબ્યુટર્સને પણ કંપનીઓ તરફથી વેચાણના દબાણ હેઠળ ઓવરસ્ટોકિંગ અને અંડરકટિંગ જેવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. , જે આખરે સમગ્ર ઈકોસિસ્ટમ માટે નુકસાનકારક સાબિત થશે. સમગ્ર ભારતના વિવિધ રાજ્યના એસોસિયેશનો દ્વારા આ બાબતે સંમતિ સધાઈ છે, અને દરેક રાજ્યમાંથી આ પ્રકારનો પત્ર કંપનીઓને પાઠવવામાં આવશે અને તમામ ડિસ્ટ્રિબ્યુટરોનો અવાજ બુલંદ કરવામાં આવશે.આ ઉપરાંત, ગુજરાતના ખૂણે ખૂણેના ડિસ્ટ્રિબ્યુટરોને એક છત્ર હેઠળ લાવવા માટે ખૂબ અગ્રિમતા આપી ઝોન જવાબદાર વ્યક્તિઓ પ્રયાસ કરે.

## ગુજરાત એફએમસીજી ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસિએશન દ્વારા રાજકોટમાં ચિંતન બેઠક યોજાઈ: કંપનીઓ અને વિતરકો વચ્ચે સુમેળ સાધવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા

# કાલથી ઓવેલમાં અંતિમ ટેસ્ટ : અર્શદીપને ટેસ્ટ કેપ મળવાના ઉજળા સંજોગો



## ધ્રુવ જુરેલને ઋષભ પંતની જગ્યાએ તક મળવાની અપેક્ષાઃ મોહમ્મદ સિરાજ, આકાશદીપ અને અર્શદીપ સિંહ ઝડપી બોલિંગ વિભાગની જવાબદારી સંભાળી શકે

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ સિરીઝ ચાલી રહી છે. આ સિરીઝમાં અત્યાર સુધીમાં ૪ મેચ રમાઈ છે. ઈંગ્લેન્ડે ૨ મેચ જીતી છે, જ્યારે ભારતે જીત મેળવી છે. ૧ મેચ ડ્રો રહી હતી. ઈંગ્લેન્ડ આ સિરીઝમાં ૨-૧થી આગળ છે. ટેસ્ટ સિરીઝમાં ૨-૨થી બરાબર કરવા માટે ભારત માટે કોઈપણ કિંમતે છેલ્લી મેચ જીતવી જરૂરી છે.

પાંચમી ટેસ્ટ મેચ લંડનના કેનિંગ્ટન ઓવલ ખાતે રમાશે. આ મેચમાં ભારતીય ટીમના પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર થવાનો છે.સ્પિન બોલિંગ વિભાગનો ભાર સુંદર, જાડેજા અને કુલદીપ યાદવ પર હોઈ શકે છે. કુલદીપને આ મેચમાં તક મળવાની ધારણા છે. તે જ સમયે, મોહમ્મદ સિરાજ, આકાશદીપ અને અર્શદીપ સિંહ ઝડપી બોલિંગ વિભાગની જવાબદારી સંભાળી શકે છે. બુમરાહને આરામ મળવાની ધારણા છે.ભારત તરફથી યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલ શરૂઆત કરી શકે છે. માન્ચેસ્ટરમાં રમાયેલી ચોથી ટેસ્ટ મેચમાં રાહુલે શાનદાર બેટિંગ કરી હતી અને પહેલી ઈનિંગમાં ૪૬ રન અને બીજી ઈનિંગમાં ૯૦ રન બનાવ્યા હતા.

અત્યાર સુધીમાં તેણે ૮ ઈનિંગમાં ૫૨૯ રન બનાવ્યા છે. જયસ્વાલે છેલ્લી મેચની પહેલી ઈનિંગમાં ૫૮ રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે બીજી ઈનિંગમાં તેનું ખાતું ખુલ્યું ન હતું. આવી સ્થિતિમાં, ઓપનિંગ જોડી બદલવાની શક્યતા ખૂબ ઓછી છે.સાઈ સુદર્શન મિડલ ઓર્ડરમાં નંબર ૩ પર બેટિંગ કરી શકે છે, જ્યારે શુભમન ગિલ નંબર ૪ પર જવાબદારી સંભાળી શકે છે. તેણે આ સિરીઝમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે. ગિલે ચોથી મેચની બીજી ઈનિંગમાં ૧૦૩ રન બનાવ્યા હતા. તે જ સમયે, ધ્રુવ જુરેલને નીચલા મધ્યમ ક્રમમાં ઋષભ પંતની જગ્યાએ તક મળવાની અપેક્ષા છે.

પંત ઈજાને કારણે સિરીઝમાંથી બહાર છે. આ ઉપરાંત, વોશિંગ્ટન સુંદર અને રવિન્દ્ર જાડેજા નીચલા મધ્યમ ક્રમમાં બેટિંગ કરી શકે છે.

## રવિન્દ્ર જાડેજા ટેસ્ટ ક્રિકેટમાં ઓલરાઉન્ડ તરીકે ૧૨૩૫ દિવસથી ટોપ પર

રવિન્દ્ર જાડેજાએ સાથી ખેલાડીઓ સાથે મળીને ભારત અને ઈંગ્લેન્ડની માન્ચેસ્ટર ટેસ્ટને ડ્રો કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જાડેજાના નામે સિદ્ધિ નોંધાયેલી છે તેને કોઈ તોડી શકતું નથી, જાડેજા ૧૨૩૦થી વધુ દિવસોથી આ લિસ્ટમાં નંબર-૧ પર છે. જેનો પરચો ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટમાં પણ જોવા મળ્યો હતો. જ્યારે તેની સામે બેન સ્ટોક્સ પણ આ રેસમાં છે પરંતુ તે જાડેજાથી ઘણો પાછળ છે. રવિન્દ્ર જાડેજા ટેસ્ટ ક્રિકેટમાં શ્રેષ્ઠ ઓલ રાઉન્ડર તરીકે ટોપ પર રહેવાનો રેકોર્ડ બનાવ્યો છે, સૌથી લાંબો સમય સુધી ટેસ્ટમાં ઓલરાઉન્ડર તરીકે શ્રેષ્ઠ સ્થાન પર રહેનારા ખેલાડી તરીકે જાડેજા છે. જાડેજાની સ્પર્ધામાં રહેલા ખેલાડીઓ તેનાથી ઘણાં પાછળ છે. એટલે કહી શકાય કે જાડેજાની ટક્કરમાં હાલ કોઈ ખેલાડી દૂર-દૂર સુધી દેખાતો નથી.

પુરૂષોના ટેસ્ટ ઓલરાઉન્ડર રૈંકિંગમાં રવિન્દ્ર જાડેજા ઘણાં લાંબા સમયથી ટોપ પર છે, આ લિસ્ટમાં જાડેજાનું રેટિંગ ૪૦૯ છે, જ્યારે બીજા નંબરે રહેલો બાંગ્લાદેશનો મહેંદી હસન મિરાઝ ૩૦૫ રેંક સાથે બીજા સ્થાને અને સાઉથ આફ્રિકાનો વિઆન મુલ્ડર ૨૮૪ રૈંકિંગ સાથે ત્રીજા સ્થાન પર છે. આ લિસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો કેપ્ટન પેટ કમિન્સે એક કૂદકો મારીને ૨૭૦ રૈંકિંગ સાથે ચોથા સ્થાન પર છે.

આ લિસ્ટમાં ટોપ-૧૦માં એક માત્ર ભારતીય ખેલાડી રવિન્દ્ર જાડેજા છે, જ્યારે સૌથી વધારે ખેલાડીઓ સાઉથ આફ્રિકાના છે, જેમાં મુલ્ડર, માર્કો યાન્સન, કોર્બિન બૂશ, કગિસો રબાડા અને કેશવ મહારાજનો સમાવેશ થાય છે. જ્યારે ઈંગ્લેન્ડના કેપ્ટન



બેન સ્ટોક્સ સહિત જો રૂટ, ગુસ એટ્કિન્સન, ક્રિશ વોક્સ એમ ૪ ખેલાડીઓનો સમાવેશ થાય છે.

## ગૌતમ બન્યાં ગંભીરઃ પીચને લઈ ગ્રાઉન્ડમેન સાથે ઉગ્ર બોલાચાલી

ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર અને ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડના ચીફ ક્યૂરેટર લી ફોર્ટિસ વચ્ચે બુધવારે કોઈ વાતને લઈને માથાકૂટ જોવા મળી હતી. આ ઘટના છેલ્લી અને પાંચમી ટેસ્ટ મેચ પહેલાની છે.

ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર અને ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડના ચીફ ક્યૂરેટર લી ફોર્ટિસ વચ્ચે બુધવારે કોઈ વાતને લઈને માથાકૂટ જોવા મળી હતી. આ ઘટના છેલ્લી અને પાંચમી ટેસ્ટ મેચ પહેલાની છે, જે ગુરુવારે (૩૧ જુલાઈ)થી લંડનમાં રમાનાર છે. પીટીઆઈ અનુસાર, ગંભીર પિચની પ્રકૃતિને લઈને નારાજ જોવા મળ્યો અને તેણે મેદાન પર પહોંચીને સીધી ક્યૂરેટર સાથે



વાતચીત કરી. બંને વચ્ચે પિચની સ્થિતિ અને વ્યવહારને લઈને અસહમતિ જોવા મળી.

ધ્યાન રહે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સિરીઝની ચોથી ટેસ્ટ માન્ચેસ્ટરમાં ડ્રો રહી હતી. હાલ ઈંગ્લેન્ડ સિરીઝમાં ૨-૧થી આગળ છે અને ભારત પાસે છેલ્લી મેચ જીતીને સિરીઝને ડ્રો કરવાની તક છે. એવામાં ટીમ મેનેજમેન્ટ કોઈપણ પ્રકારની પિચ સંબંધિત સમસ્યા કે અનિશ્ચિતતા નથી ઈચ્છતું. હવે બધાની નજર ઓવલ ટેસ્ટ પર છે, જ્યાં એ જોવું રસપ્રદ રહેશે કે પિચ બેટ્સમેનોનો સાથ આપે છે કે, બોલર્સને ફાયદો કરાવે છે.

સૂત્રો અનુસાર, ગૌતમ ગંભીર અને ઓવલ મેદાનના મુખ્ય ક્યૂરેટર લી ફોર્ટિસ વચ્ચે માથાકૂટ થઈ હતી. જ્યાં ભારત પોતાની પાંચમી ટેસ્ટ મેચ રમનાર છે. ગંભીરને એવું કહેતા સાંભળવામાં આવ્યો કે, 'તમે અહીં માત્ર ગ્રાઉન્ડમેન છો.' આ તમામ દલીલો નેટ્સમાં થઈ, જ્યારે ખેલાડી પોતાના રન-અપ એરિયામાં નિશાન લગાવી રહ્યાં હતા. બાદમાં બેટ્સમેન કોચ સિતાંશુ કોટક આવ્યા અને ક્યૂરેટરને પોતાની સાથે લઈ ગયો અને તેની સાથે વાત કરી, જ્યારે ગંભીર દૂરથી ક્યૂરેટર સાથે ઝઘડી રહ્યો હતો.

## ભારત-ઈંગ્લેન્ડની ટેસ્ટ સિરીઝ ડ્રો થાય તો કોને મળશે ટ્રોફી?

ભારતીય ક્રિકેટ ટીમ હાલ ઈંગ્લેન્ડના પ્રવાસ પર છે. પાંચ ટેસ્ટની સિરીઝની છેલ્લી મેચ ૩૧ જુલાઈથી કેનિંગ્ટન ઓવલમાં રમાશે. છેલ્લી ટેસ્ટ મેચ માટે બંને ટીમ કેનિંગ્ટન પહોંચીને પ્રેક્ટિસ શરૂ કરી ચૂકી છે. ભારતીય ટીમ આ ટેસ્ટમાં જીતીને સિરીઝને બરાબરી પર પૂરી કરવા જ્યારે ઈંગ્લેન્ડ આ જીત સાથે સિરીઝ પોતાના નામે કરવા મેદાને ઉતરશે. જો ભારતીય ટીમ પાંચમી ટેસ્ટ મેચ જીતી જાય તો સિરીઝ ડ્રો થાય એવામાં એન્ડરસન તેંડુલકર ટ્રોફી કોના ફાળે જશે એ મહત્વનો પ્રશ્ન છે.



નિયમાનુસાર જ્યારે કોઈ ટેસ્ટ સિરીઝ બે ટીમો વચ્ચે ડ્રો થાય છે તો ટ્રોફી એ ટીમ પાસે જ રહે છે જેણે ગત વખતે ટ્રોફી જીતી હોય. જેમ કે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી એન્ડરસન-તેંડુલકર ટ્રોફીનું નામ પહેલા પટૌડી ટ્રોફી હતું. ભારત અને ઈંગ્લેન્ડની ટીમો ગત વખતે ૨૦૨૧-૨૨માં પટૌડી ટ્રોફી માટે મેદાને ઉતરી હતી. ત્યારે સિરીઝ ડ્રો થઈ હતી. પરંતુ તે પહેલા ૨૦૧૮માં જ્યારે બંને ટીમો વચ્ચે સિરીઝ રમાઈ ત્યારે પરિણામ ઈંગ્લેન્ડ તરફી હતું, ઈંગ્લેન્ડે ૪-૧થી સિરીઝ જીતી હતી. ત્યારથી આ ટ્રોફી ઈંગ્લેન્ડ પાસે જ છે. જો વર્તમાન સિરીઝ ડ્રો થઈ તો ટ્રોફી ઈંગ્લેન્ડ પાસે જ રહેશે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે જો કેનિંગ્ટન ટેસ્ટ ડ્રો થાય તો ફરી ભારત સિરીઝ હારી જશે. કેમ કે ઈંગ્લેન્ડ પહેલા જ સિરીઝમાં ભારતથી ઉપર છે. ઈંગ્લેન્ડને જો કેનિંગ્ટનમાં જીત મળી તો તે ૩-૧થી સિરીઝ જીતી જશે. જો સિરીઝ ૨-૨થી ડ્રો થાય તો પણ ટ્રોફી ઈંગ્લેન્ડના કબજામાં જ રહેશે.

## ઓસ્ટ્રેલિયાએ ૮-૦થી વેસ્ટ ઈન્ડિઝમાં જીતનો વિક્રમ સ્થાપ્યો

**અબતક, નવી દિલ્હી**

ઑસ્ટ્રેલિયાએ સોમવારે અહીં વેસ્ટ ઈન્ડીઝને પાંચમી અને છેલ્લી ટી-૨૦માં ત્રણ વિકેટ અને ૧૮ બોલ બાકી રાખીને હરાવ્યું એ સાથે કાંગારૂઓએ ટી-૨૦ ફોર્મેટમાં પોતાના દેશ માટે નવો વિક્રમ રચ્યો હતો.

ઑસ્ટ્રેલિયાએ ક્રિકેટ ઈતિહાસમાં પહેલી જ વખત વિદેશી ધરતી પર રમેલી તમામ મેચોમાં વિજય મેળવ્યો. કેરિબિયન ધરતી પર ઑસ્ટ્રેલિયનોએ પહેલાં તો ટેસ્ટ સિરીઝ ૩-૦થી જીતી લીધી હતી અને હવે ટી-૨૦ શ્રેણીમાં ૫-૦થી ક્લીન સ્વીપ કરી છે.




ઑસ્ટ્રેલિયા કોઈ એક દેશના પ્રવાસમાં આઠ મેચ રમ્યું હોય અને એ તમામ આઠ મેચમાં વિજય મેળવ્યો હોય એવું પહેલી જ વખત બન્યું છે. આવા કિસ્સાઓની રેકોર્ડ બુકમાં ભારતનો વિશ્વ વિક્રમ છે. ૨૦૧૭માં શ્રીલંકાના પ્રવાસમાં ભારતીય ટીમ ત્રણ ટેસ્ટની સિરીઝ ૩-૦થી, પાંચ વન-ડેની સિરીઝ ૫-૦થી અને એક ટી-૨૦ની શ્રેણી ૧-૦ થી, એમ કુલ મળીને આખા પ્રવાસમાં ભારતે ૯-૦થી જીત હાંસલ કરી હતી. આ રેકોર્ડ્સમાં ઑસ્ટ્રેલિયા હવે બીજા નંબરે છે.

કોઈ ટીમે ટી-૨૦ સિરીઝ ૫-૦થી જીતી લીધી હોય એવું બીજી જ વખત બન્યું છે. ઑસ્ટ્રેલિયાની પહેલાં છ વર્ષ પૂર્વે ભારતે ન્યૂ ઝીલેન્ડમાં ટી-૨૦ શ્રેણી ૫-૦થી જીતી લીધી હતી.

મિચલ માર્શના સુકાનમાં ઑસ્ટ્રેલિયાએ સોમવારે અહીં વેસ્ટ ઈન્ડિઝ સામેની પાંચમી ટી-૨૦માં ટોસ જીતીને ફીલ્ડિંગ પસંદ કરી હતી. શાઈ હોપની ટીમે શિમરોન હેટમાયર (બાવન રન, ૩૧ બોલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી ૧૯.૪ ઓવરમાં ૧૭૦ રન કર્યા હતા. ફાસ્ટ બોલર ડ્વેઈન ડ્વારશૂઈસે ત્રણ વિકેટ અને નેથન એલિસે બે વિકેટ લીધી હતી.ઑસ્ટ્રેલિયાએ ૧૭ ઓવરમાં સાત વિકેટે ૧૭૩ રન કરીને વિજય મેળવી લીધો હતો જેમાં મિચલ ઓવેન (૩૭ રન, ૧૭ બોલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. વેસ્ટ ઈન્ડિઝ વતી અકીલ હોસૈને સૌથી વધુ ત્રણ વિકેટ મેળવી હતી.

## કેકેઆરને ચેમ્પિયન બનાવનાર કોચ ચંદ્રકાન્ત પંડિતની ટીમમાંથી વિદાય

**અબતક, નવી દિલ્હી**

કોલકાતા નાઈટ રાઈડર્સ ફ્રેન્ચાઈઝી ત્રણ સીઝન બાદ હવે મુખ્ય કોચ ચંદ્રકાન્ત પંડિત થી અલગ થઈ રહ્યું છે. પંડિત ૨૦૨૨માં કેકેઆર સાથે જોડાયા હતા. ત્યારે ભૂતપૂર્વ કિવી બેટ્સમેન બ્રેન્ડન મેકલમને ઈંગ્લેન્ડની ટીમના હેડ-કોચ તરીકે નીમવામાં આવ્યા ત્યારે પંડિતની નિયુક્તિ કેકેઆરમાં તેના સ્થાને થઈ હતી.

૨૦૨૪માં શ્રેયસ ઐયરની કેપ્ટન્સીમાં કેકેઆરની ટીમ આઈપીએલ ચેમ્પિયન બની ત્યારે પંડિત આ ટીમના હેડ-કોચ હતા. કેકેઆરે ૨૦૨૫માં શ્રેયસને તો જાકારો આપી જ દીધો હતો, હવે પંડિતને પણ ગુડબાય કરવી પડી છે. શ્રેયસના સુકાનમાં પંજાબ કિંગ્સની ટીમ આ વખતની આઈપીએલમાં રનર-અપ રહી હતી.કેકેઆરના ફ્રેન્ચાઈઝીએ મંગળવારે સોશિયલ મીડિયામાં જાણકારી આપતા જણાવ્યું હતું કે 'ચંદ્રકાન્ત પંડિત હવે કોઈ નવા અવસર શોધી રહ્યા છે અને કેકેઆર સાથે મુખ્ય કોચ તરીકેની ભૂમિકા જાળવી રાખવા નથી માગતા. અમે તેમના અમૂલ્ય યોગદાન બદલ આભારી છીએ. તેમના કોચિંગમાં કેકેઆરની ટીમ ૨૦૨૪માં ટ્રોફી જીતી હતી અને તેમના જ કોચિંગમાં ટીમ મજબૂત પણ બની છે. તેઓ ટીમ પર અનેરો પ્રભાવ છોડી રહ્યા છે. અમે તેમને ભવિષ્ય માટે શુભકામના આપીએ છીએ.'



કેકેઆરના ટવીટમાં ચંદ્રકાન્ત પંડિત માટે જણાવાયું હતું કે 'તમે અમારા માટે હંમેશાં ગૌરવપૂર્ણ રહેશો. હંમેશાં અમારા સેનાપતિ ગણાશો. ચંદુ સર, કોલકાતાને હંમેશાં તમારા ઘર જેવું જ ગણજો.'

# ગુજરાત બનશે વધુ હરિયાળું: રોડ સાઈડ-કોસ્ટલ હાઈવે પર કરાશે ૭.૬૩ લાખ વૃક્ષોનું વાવેતર

## ગ્લોબલ વોર્મિંગ સામે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો ગુજરાતનો નવતર પ્રયાસ, લોક ભાગીદારીથી પી.પી.પી. ધોરણે ૭.૬૩ લાખ રોપા વવાશે

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ગ્રીન કવર વધારીને પર્યાવરણ જાળવણી માટે કરેલા આહવાનને પગલે વન વિભાગે કચ્છ સૌરાષ્ટ્ર સહિત બધા જિલ્લાઓમાં રોડ સાઈડ અને કોસ્ટલ હાઈવે પર રોડની બેય બાજુની તેમજ અન્ય ખાલી જગ્યાઓએ સઘન રોપા વાવેતરનો નવતર અભિગમ અપનાવ્યો છે.

આ હેતુસર વન વિભાગ લોક ભાગીદારીથી પી.પી.પી. ધોરણે અંદાજે ૭.૬૩ લાખ



રોપા વાવશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વન પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વન વિભાગે આ રોપા વાવેતર અંગે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા સાથે ગાંધીનગરમાં બુધવારે એમ.ઓ.યુ. કર્યા હતા. ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના પડકારોના તારણરૂપ ઉપાય તરીકે ગ્રીન કવર વધારવા અને વધુને વધુ વૃક્ષો વાવવા દેશવાસીઓને પ્રેરણા આપેલી છે.

આ યોજના અંતર્ગત રોડની બેય તરફ વૃક્ષોના વાવેતરથી મોટા પાયે હરિયાળી થવાના પરિણામે ઈકોલોજી અને એન્વાયરમેન્ટ પ્રોટેકશન સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ પણ સિદ્ધ કરી શકાશેવન વિભાગે આવા રોડ સાઈડ પ્લાન્ટેશનમાં ૧૦ડ૧૦ મીટરના અંતરે ૪૫ ડ ૪૫ ડ ૪૫ સેન્ટીમિટરના ખાડા ખોદીને ૮ ફિટ ઉંચાઈના રોપા તથા વડ, પીપળો જેવા વૃક્ષો પી.પી.પી. ધોરણે વાવવાનો વ્યુહ અપનાવ્યો છેહરિતવન પથ યોજના અંતર્ગત આવા વૃક્ષોનું વાવેતર કરવા માટે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ- સદભાવના વૃદ્ધાશ્રમ અને વન વિભાગ વચ્ચે દ્વારકાથી સોમનાથ તથા અન્ય રોડ સાઈડના એમ ૪૦ હજાર રોપાઓના વાવેતર માટે એમ.ઓ.યુ. થયેલા હતા.

રાજ્યના જિલ્લાઓમાં રોડ સાઈડ અને કોસ્ટલ હાઈવે પર ખાલી રહેલા રોડની બે તરફ અને અન્ય ખાલી જગ્યાએ ૭.૬૩ લાખ રોપાઓ ટ્રી ગાર્ડ સાથે વાવશે. વન વિભાગ અને માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ-સદભાવના વૃદ્ધાશ્રમ વચ્ચે આ એમ.ઓ.યુ. થયા તે અવસરે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે.દાસ, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ ડો.એ.પી.સિંગ તથા અગ્ર મુખ્ય વન સંરક્ષક આર. કે. સુગુર, માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ-સદભાવના વૃદ્ધાશ્રમના વિજય ડોબરિયા અને મિતલ ખેતાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતને હરિયાળુ બનાવવા વન વિભાગ અને સદભાવના વૃદ્ધાશ્રમ વચ્ચે એમઓયુ

ગાંધીનગરમાં યોજાયેલા આ મહત્વપૂર્ણ એમ.ઓ.યુ. (મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ) હસ્તાક્ષર સમારોહમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ એમ.ઓ.યુ. ગુજરાતમાં ગ્રીન કવર વધારવાના વન વિભાગના ''હરિત વન પથ યોજના'' અંતર્ગત કરવામાં આવ્યો છે, જેમાં માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ - સદભાવના વૃદ્ધાશ્રમ લોકભાગીદારીથી ૭.૬૩ લાખ રોપાઓના વાવેતરમાં સહયોગ આપશે. કે રાજ્ય સરકાર અને સામાજિક સંસ્થાઓ પર્યાવરણ સંરક્ષણ માટે કટિબદ્ધ છે અને આવા પીપીપી (પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ) મોડેલ દ્વારા રાજ્યમાં વૃક્ષારોપણને વેગ મળશે.

## 'ક્લીન અને ગ્રીન સિટી'ના નિર્માણમાં ૫૧% લક્ષ્યાંક સિદ્ધઃ મુખ્યમંત્રી

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં ''મિશન ફોર મિલિયન ટ્રિઝ ૨૦૨૫'' અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે કેબિનેટ મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબેન જૈન, મ્યુનિસિપલ કમિશનર બંછાનીધી પાની, સ્થાનિક ધારાસભ્યો અને મહાનગરપાલિકાના પદાધિકારીઓ પણ જોડાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ, અમદાવાદ શહેર સ્વચ્છતામાં દેશનું અગ્રેસર શહેર બન્યું છે અને હવે ''ક્લીન સિટી''ની સાથે ''ગ્રીન સિટી'' બનવાની દિશામાં પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રીના દિશા નિર્દેશનમાં ૪૦ લાખ વૃક્ષો વાવવાનું ''મિશન ફોર મિલિયન ટ્રિઝ ૨૦૨૫'' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

આ મિશન અંતર્ગત, તા. ૨૯-૦૭-૨૦૨૫ સુધીમાં કુલ ૨૦,૪૨,૬૮૯ વૃક્ષો રોપવામાં આવ્યા છે, જે ૪૦ લાખના લક્ષ્યાંકની સામે ૫૧% વૃક્ષારોપણની સિદ્ધિ દર્શાવે છે. આ ઉપરાંત, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે એક અનોખી પહેલ પણ કરવામાં આવી છેઃ જે નાગરિકો એએમસી સેવા એપ પર રજિસ્ટ્રેશન કરાવશે, તેમને મહાનગરપાલિકાની ટીમ ઘર આંગણે જઈને વિનામૂલ્યે વૃક્ષારોપણ કરી આપશે. આ પ્રયાસો અમદાવાદને ખરા અર્થમાં હરિયાળું અને સ્વચ્છ બનાવવામાં મદદરૂપ થશે.

# બરકતીનગરમાં શ્રમિકની હત્યામાં બે શખ્સોને આજીવન કેદ

**આરોપીઓ સભ્ય સમાજમાં ખુલ્લેઆમ ફરે તો માનવજીવન માટે ખુબ જ જોખમરૂપ: સરકારી વકીલ**

**રૂ.૫,૨૦ લાખ દંડ ફટકાવેલ, આરોપી વતી રકમ કલેકટર દ્વારા મૃતકના પત્ની અને બાળકોને ચુકવવાનો હુકમ**

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ નજીક કોઠારીયા સોલવન્ટ વિસ્તારના બરકતી નગર માં આઠ વર્ષ પૂર્વે જુના ઝઘડા નો ખાર રાખી પરપ્રાંતિય શ્રમિકની કરપીણ હત્યા નીપજાવવાના બનાવનો કેસ ચાલી જતા અદાલતે સાગર બગથરીયા અને કિશન વાંજાને આજીવન કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ મૂળ ઉત્તર પ્રદેશના બલદેવ નગરના વતની અને રાજકોટ શહેર ખાતે પેટીયુ રડવા આવેલા મેસર અલી યાકુબ અલી પિંજારા નામના શ્રમિક યુવકની ગત તારીખ ૧૭ ૧૦ ૨૦૧૮ ના રોજ ગોંડલ રોડ પર કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં આવેલા બરકતીનગર શેરી નંબર ૪


રક્ષિત કલોલા - સરકારી વકીલ


સમીર ખીરા - સરકારી વકીલ

માં સાગર બગથરીયા અને કિશન વાજા નામના શખ્સે છરી વડે હુમલો કરી હત્યા કર્યાની મૃતકના ભાઈ શમશાદ અલી યાકુબઅલી પિંજારાએ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને વિરુદ્ધ હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી સાગર પ્રવીણ બખથરીયા અને કિસન મોહન રાજા ની ધરપકડ કરી પ્રાથમિક તપાસમાં મૃતક મેસર અલી ભાડાના મકાનમાં રહી રીક્ષા ચલાવી બાળકો ને પત્નીનું જીવન નિર્વાહ ચલાવતો હતો તેને સાગર બખથરીયા કિશન વાંઝા અને વિપુલ સાથે અગાઉ કોઈ મુદ્દે તકરાર થઈ હોય જેનો ખાર રાખી ઝઘડો કરી અને મોતને ઘાટ ઉતાર્યાનુ ફરિયાદમાં જણાવ્યું હતું. તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યા હતા. બાદ ચાર્જશીટ થતા સેશન્સ કોર્ટમાં કેસ ચાલવા ઉપર આવતા સદર કેસમાં મુળ ફરીયાદી અને અન્ય સાહેદોની જુબાની સરકારી વકીલ રક્ષિતભાઈ કલોલા દ્વારા લેવામાં આવેલી તમામ સાહેદોએ ફરીયાદને સમર્થન આપેલ. બાદ સરકારી વકીલ સમીરભાઈ ખીરા એ આખરી દલીલમા ''આરોપીઓએ ઝનુની રીતે મૈશરઅલીની જુની અદાવતનો ખાર રાખી છરીના આડેધડ ઘા મારી મૃત્યુ નીપજાવેલ હોય આરોપીઓનો પ્રથમ દર્શનીય ગુન્હો હોય આવા આરોપીઓ સભ્ય સમાજમાં ખુલ્લેઆમ ફરે તો માનવજીવન માટે ખુબ જ જોખમરૂપ હોય જેથી આરોપીઓને આજીવન કેદની સજા ફરમાવવામાં આવે.'' સરકારી વકીલની દલીલો સાંભળી સાગર પ્રવિણભાઈ બગથરીયા અને કીશન મોહન વાંજા ને આઈ.પી.સી. કલમ ૩૦૨ ગુન્હો માની આજીવન કેદની સજા અને બંને આરોપીઓને રૂા. ૨,૬૦,૦૦૦ મળી કુલ રૂા. ૫,૨૦,૦૦૦નો દંડ ફટકાવેલ અને સાથે એવો પણ હુકમ ફરમાવેલો કે સદર રકમ રૂા. ૫.૨૦ લાખ આરોપીઓ વતી રાજકોટ ના કલેકટર દ્વારા મરણ જનાર મૈશરઅલી ના પત્ની અને બાળકોને ચુકવવાનો હુકમ ફરમાવેલો છે. આ કામમાં સરકાર પક્ષે સરકારી વકીલ રક્ષિત કલોલા તથા સમીરભાઈ ખીરા રોકાયેલા.

# જીવરાજપાર્ક સ્થિત એપાર્ટમેન્ટના રૂમમાંથી ધોળા દિવસે એક લાખની મતાની ચોરી

**નેપાળી પરિવારની મહિલા નજીકના એપાર્ટમેન્ટમાં સાફ સફાઈ કરવા જતાં પાછળથી તસ્કરો હાથફેરો કરી ગયા : તાલુકા પોલીસમાં ગુનો**

**અબતક, રાજકોટ**

શહેરના જીવરાજપાર્કમાં આવેલ સિદ્ધિ કોપર એપાર્ટમેન્ટના નેપાળી પરિવારના રૂમમાંથી ધોળા દિવસે રૂ. ૫૦ હજારનું મંગળસૂત્ર, રૂ. ૪૫ હજારની રોકડ, નેપાળી કરન્સીની ધોળા દિવસે ચોરી કરી લેવામાં આવી છે. મામલામાં તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો છે.

જીવરાજ પાર્કમાં સિદ્ધિ કોપર એપાર્ટમેન્ટના સી વિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર ખાતેના રૂમમાં રહેતા અને મોટા મવાના વાઇટ વેલી રેસ્ટોરેન્ટમાં મેનેજર તરીકે નોકરી કરતા ૩૮ વર્ષીય નેપાળી યુવાન લોકબહાદુર યમલાલ ખાડકાએ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારી પત્નિ લીલા સાથે અહીં રહું છું. હું રેસ્ટોરેન્ટમાં જ્યારે પત્ની સીધ્ધી કોપર એપાર્ટમેન્ટ ખાતે તથા આજુબાજુમાં સાફ સફાઈનું કામ કરે છે. ગઈ તા. ૨૭/૦૭/૨૦૨૫ ના રોજ સવારના આશરે દસેક વાગ્યે હું મારી નોકરી ઉપર જવા ઘરેથી નીકળી ગયેલ હતો. જ્યારે પત્નિ લીલા ઘરે એકલી હાજર હતી. ત્યાર બપોરના આશરે બે વાગ્યે પત્નિ લીલાનો મને ફોન આવેલ કે, આપણા ઘરે ચોરી થયેલ છે. જેથી હું તાત્કાલિક ઘરે દોડી જતાં પત્નીએ જણાવેલ કે, તે બપોરના આશરે સાડા બાર વાગ્યે અમારા રૂમને આંકડિયો લગાવી નજીકમાં આવેલ એપાર્ટમેન્ટ ખાતે ઘરકામ કરવા ગયેલ હતી. બાદ બપોરના આશરે દોઢ વાગ્યે પરત ઘરે આવી જોયેલ તો અમારા રૂમમાં રાખેલ એક પેટી જેમાંમારી પત્નિનું સોનાની આશરે પોણા તોલાની પરત વાળુ મંગલસુત્ર જેની કિંમત રૂ. ૫૦ હજાર, રોકડા રૂ. ૪૫ હજાર તથા નેપાળી કરન્સીના રોકડા રૂ. ૫૫૦ મુકેલ હતા તે પેટી કોઈ ચોરી ગયેલ હતુ. જે મામલે નેપાળી યુવાનનું ફરિયાદ પરથી તાલુકા પોલીસની ટીમે ગુનો નોંધી સીસીટીવીના આધારે તસ્કરની શોધખોળ શરૂ કરી હતી. મામલાની તપાસ હેડ કોન્સ્ટેબલ અજયભાઈ ભુંડિયા ચલાવી રહ્યા છે.

# શહેરમાં શ્રાવણીયા જુગારના પાટલા પર પોલીસની ધોંસ

**ગણેશ નગર-રાજગઢ માંથી બે મહિલા સહિત એક ડઝન જુગારીઓ ઝડપાયા**

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં શ્રાવણીયા જુગારના પાટલા પર પોલીસે આકરી કાર્યવાહી હાથ ધરી બી ડિવિઝન પોલીસ અને કુવાડવા રોડ પોલીસેઅલગ અલગ બે દરોડા પાડી બે મહિલા સહિત ૧૩ શખ સોની ધરપકડ કરી જુગારના પટમાંથી ૧૭૦૦૦ ની રોકડ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ વિગત મુજબ શહેરમાં દારૂ અને જુગારની બધી ડામી દેવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે

બી ડિવિઝન પીએસઆઈ જે આર સોલંકી ના માર્ગદર્શન હેઠળ સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે જુના મોરબી રોડ ગણેશ નગર શેરી નંબર ૫ લોરંગદેવ કૃપા મકાનની બાજુમાં હનુમાનજીની ડેરી વાળા જીતેન્દ્ર ઉર્ફે જીતો પૂજા થારૂ ના ઘરમાં ચાલતા જુગાર પર દરોડો પાડી ઘરધણી જીતેન્દ્ર, મહેશ દેવજી પરમાર, દિપક પુનમભાઈ વિસર્યા, આરતીબેન દીપકભાઈ વિસર્યા, નિમુબેન મહેશભાઈ પરમાર, ને જુગાર રમતા ૪૫ ૬૦ ની રોકડ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી રાજદીપભાઈ પટગીર પોલીસ કોન્સ્ટેબલે ફરિયાદી બની ગુનો નોંધાવ્યો હતો, જુગારના અન્ય દરોડામાં કુવાડવા રોડ પોલીસે બેડી ખોરાણા રોડ પર રાજગઢ માં જાહેરમાં જુગાર રમતા કાળુ છોટુ ભરદ્વાર, મયુરસિંહ કનકસિંહ સેલરા , રણજીત જીવણ જરીયા, પ્રવીણ પરસોત્તમભાઈ જરીયા, ચિરાગ અરવિંદ જરીયા, અજય છોટા લાલ જરીયા, રવિ શિવલાલ જરીયા, ભાવેશ મુકેશ જરીયા ને જુગાર રમતા ૧૨,૩૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા છે. આ કામગીરી એએસઆઈ કે વી જાડેજા અને કોન્સ્ટેબલ કુશાલભાઈ સાડીલ્ય કુમાર જોશી સહિતના સ્ટાફે ફરજ બજાવી હતી.

# લાખાજીરોડ પર કપડાંના વેપારી બંધુ પર ત્રિપુટીનો હુમલો

**દુકાન પાસે નડતરરૂપ સામાન નહિ રાખવાણી ટકોર કરતા જસ્સી ક્રિએશન નામની દુકાનમાં કામ કરતા શખ્સોએ ડમી સ્ટેચ્યુના હાથ વડે માર માર્યો : ખૂનની ધમકી**

**અબતક, રાજકોટ**

શહેરના લાખાજીરાજ રોડ પર લેડીઝ કાપડની દુકાન ધરાવનાર વેપારી બંધુને બાજુમાં આવેલી દુકાને કામ કરનાર ત્રણ શખ્સોએ મારમાર્યો હતો. જેમાં અહીં પ્લાસ્ટિકના સ્ટેચ્યુમાંથી હાથ કાઢી આ હાથ વડે વેપારીને માર માર્યો હતો. બાજુની દુકાનવાળાનો સામાન વેપારીની દુકાન સામે રાખતા હોય જેથી તેને આ બાબતે સમજાવતા હુમલો કર્યો હતો. એટલું જ નહીં ધમકી આપી હતી કે, સામાન અહીં જ રહેશે હવે ઝઘડો કરશો તો જાનથી મારી નાખીશું અને પોલીસ ફરિયાદ કરી તો એટ્રોસિટીની ફરિયાદ કરીશ. જેથી આ અંગે વેપારીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, પેલેસ રોડ પર વર્ધમાનનગર શેરી નંબર-૧ માં વર્ધમાન એપાર્ટમેન્ટ સી-૧૯ માં રહેતા વેપારી યશભાઈ અજયભાઈ દોશી (ઉ.વ ૨૮) દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નવલ પરમાર, જય અને સાગર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને લાખાજીરાજ રોડ પર પ્રણામી મંદિરની બાજુમાં રોનક એનેક્સ નામની લેડીઝ કપડાની દુકાન આવેલી છે. જ્યાં તે તથા તેમનો મોટો ભાઈ બ્રિજેશભાઈ અને તેના પત્ની નેહાબેન અને ફરિયાદીના માતા બીનાબેન બેસી વેપાર કરે છે. અહીં બાજુમાં જ નીતિનભાઈની જસ્સી ક્રિએશન નામની દુકાન આવેલી છે. ગત તા. ૧૫/ ૭ ના રાત્રીના આશરે આઠેક વાગ્યે ફરિયાદી તથા તેમના ભાઈ બ્રિજેશભાઈ તેમના ભાભી નેહાબેન અને માતા બીનાબેન દુકાને હતા. દુકાનની સામે જસ્સી ક્રિએશનનો સામાન રાખતા હોય અને તેના વાહનો પાર્ક કરતા હોય જેથી બ્રિજેશભાઈ તેમને સમજાવવા માટે ગયા હતા કે, તમારો સામાન અમારી દુકાનથી આગળ લઈ લેજો અમે નડતરરૂપ થાય છે. જેથી બાજુની દુકાનમાં કામ કરનાર નવલ, જય અને સાગરે બ્રિજેશભાઈ સાથે ઝઘડો કરી માથાકૂટ કરી ગાળો આપી હતી. શેરીમાં દેકારો થવા લાગતા અહીં લોકો એકત્ર થયા હતા. દરમિયાન ફરિયાદી અહીં જઈ ઝઘડો ન કરવાનું કહેતા તેને પણ ગાળો આપી હતી. યુવાને ગાળો આપવાની ના કહેતા ઉશ્કેરાઈ સાગર અને જયએ ઢીકાપાટુનો મારમાર્યો હતો. જેથી તેના મોટાભાઈ બ્રિજેશ છોડાવવા વચ્ચે પડતા જય અને સાગરે અહીં રોડ પર દુકાન બહાર પ્લાસ્ટિકના ડમી સ્ટેચ્યુમાંથી પ્લાસ્ટિકનો હાથ કાઢી તેના વડે બ્રિજેશભાઈને માર માર્યો હતો. આ સમયે ફરિયાદીના ભાભી અને માતા આવી જતા તેમને છોડાવ્યા હતા. જયે કહ્યું હતું કે અમારો સામાન અહીંયા જ રહેશે અને હવે ઝઘડો કરશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. સાથોસાથ એમ પણ કહ્યું હતું કે, પોલીસ ફરિયાદ કરશો તો એટ્રોસિટીની ફરિયાદ કરીશ. દરમિયાન ૧૦૦ નંબર પર કોલ કરતા પોલીસની ગાડી આવી હતી. પરંતુ વેપારીએ ધમકીથી ડરી જઈ તે સમયે ફરિયાદ કરી ન હતી. બાદમાં આ બાબતે તેમણે આ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# તું રૈયા ચોકડી આવી જા, લોનનો હિસાબ સમજવો છે કહી ફાયનાન્સરને ખૂનની ધમકી

**રૈયા ગામના ફાયનાન્સર પાસેથી બનેવીએ લીધેલા રૂ. ૧.૬૦ લાખના હપ્તા બાબતે સાળા અને તેના મિત્રે ફોન પર બેફામ ગાળો ભાંડતા યુનિવર્સીટી પોલીસમાં ગુનો**

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાગામના ફાયનાન્સરને ફોન કરી તું રૈયા ચોકડી ખાતે આવી જા, આજે લોનનો હિસાબ સમજી જ લેવો છે કહી બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપનાર બે શખ્સો વિરુદ્ધ યુનિવર્સીટી પોલીસમાં ગુનો નોંધાયો છે. રૈયાગામના ખોડિયાર મંદિર સામે શેરી નંબર-૨ માં રહેતા ૫૪ વર્ષીય પ્રૌઢ ફાયનાન્સર મનીષકુમાર ધીરજલાલ દવેએ યુનિવર્સીટી પોલિસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નિકુંજ ઉનડકટ અને તેના મિત્રનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું શ્રી ગુરૂકૃપા એટરપ્રાઈઝ ફાયનાન્સ લોન ધીરાણનુ કામકાજ કરૂ છુ તથા તેની ઓફીસ રૈયાગામ ખાતે આવેલી છે. ગત તા. ૧૯/૧૦/૨૦૨૪ ના રોજ અશ્વીનભાઈ માખેચાનાએ મારી ઓફિસ શ્રી ગુરુકુપા એંટરપ્રાઈઝ ફાયનાન્સ ખાતેથી રૂ.૧.૬૦ લાખની લોન કરાવેલી હતી. બાદ લોનના હપ્તાઓ અશ્વીનભાઈ માખેચાએ આજદીન સુધી સમયસર ભર્યા હતા. લોનની રકમ નિકુંજભાઈ તથા અશ્વીનભાઈએ સરખા ભાગે વેચેલી હતી. આમ અશ્વીનભાઈએ તેના સાળા નિકુંજભાઈને લોનના હપ્તા ચુકવવા માટે જણાવેલ હતુ અને તે બંને વચ્ચે લોનના હિસાબ બાબતે વિવાદ ચાલતો હતો. ગત તા. ૧૭/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે સાડા નવેક વાગ્યે હુ મારા ઘરે હતો. ત્યારે મારા મોબાઈલ પર નિકુંજભાઈ ઉનડકટનો ફોન આવેલો કે, તુ અહીયા રૈયા ચોકડી આવ લોનનો હિસાબ સમજવો છે તેમ કહીને નિકુંજભાઈએ ફોનમા ગાળો આપી હતી. મે ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયેલ હતો અને તેના ફોનમાંથી જ નિકુંજના કોઈ મિત્રએ પણ મને ગાળો આપી હતી. બાદમા નિકુંજભાઈએ ફોનમા મને કહેલ કે, તુ હવે સામો ક્યાય મળતો નહી, નહીતર તને જાનથી મારી નાખીશ તેવી ધમકી અપેલી હતી. બાદ મા ફોન કાપી નાખેલ હતો. મામલામાં પ્રૌઢ ફાયનાન્સરની ફરિયાદ પરથી યુનિવર્સીટી પોલીસે નિકુંજ ઉનડકટ અને તેના મિત્ર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અવધના ઢાળ પાસે નસેડી છેલબટાવ ટોળકીનો માતા પુત્ર પર હુમલો

**જાહેરમાં મસ્તી કરતા ટોળાને ટપારવાનું યુવાનને ભારે પડ્યું**

**અબતક, રાજકોટ**

તું તારું કર... ની ઉક્તિ મુજબ અવધના ઢાળ પાસે નસેડી હોય એવી તોફાની ટોળકી ની મસ્તી મજાક માં વચ્ચે પડેલ યુવાન અને તેની માતા પર ધોકા વાળી થયાનો બનાવ નોંધાયો છે.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ આંબેડકર આવાસ કાલાવડ રોડ અવધના ઢાળ પાસે રહેતા ગીતાબેન ત્રિભુવનભાઈ સોલંકી અવધના ઢાળિયા પાસે હતા, ત્યારે પોતે ખુશીબેન ભરવાડ હોવાનું જણાવતી યુવતી અને તેની સાથેના માણસોએ ઝઘડો કરી ગીતાબેન અને તેના પુત્ર વિજય પર લાકડા ના ધોકા થી હુમલો કરી હાથ પગ અને માથામાં ઈજા કરતા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દવાખાને લાવનાર પરિમલભાઈએ આ બનાવ ના કારણોમાં જણાવ્યું હતું કે અવધના ઢાળ પાસે થોડું વળીને મસ્તી કરી રહેલા લોકોને ખુશી બેનના ધોરણ ૧૦માં ભણતા પુત્ર વિજય એ મસ્તી ન કરવાનું કહેતા ટોળકી એવિજયને માર મારવાનું શરૂ કરતા તેની માતા ગીતાબેન વચમાં પડતા બંને માતા પુત્રો પર લાકડાના ધોકા થી હુમલો થયો હતો આ અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પડધરી નજીક કાર પાછળ બાઈક ઘૂસી જતા રાજકોટના આરટીઓ એજન્ટનું મોત

**ધ્રોલ ફઈને ત્યાં ધાર્મિક પ્રસંગમાં હાજરી આપી રાજકોટ આવતા યુવાનને રસ્તામાં કાળ ભેટી ગયો**

**અબતક, રાજકોટ**

રાજકોટ પંથકમાં રાજમાર્ગો ગોજારા બન્યા હોય તેમ નિરંતર જીવલેણ અકસ્માતની ઘટનાઓમાં વધુ એકનો ઉમેરો થયો હોય ષયળફ પડધરી નજીક ખામટા ગામની સીમમાં રાજકોટના આરટીઓ એજન્ટ યુવાનની બાઈક મોટર પાછળ ઘૂસી જતા યુવાનનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મવડીમાં રહેતા અને આરટીઓ એજન્ટ તરીકે યુનિવર્સિટી રોડ પર પીયુસી કેન્દ્ર ચલાવતા વિક્રાંત કિશોરભાઈ તળપદા ૨૮ગઈકાલે સાંજે ફઈને ત્યાં ધાર્મિક પ્રસંગ આટોપી ધ્રોલ થી બાઈક પર રાજકોટ આવતો હતો ત્યારે ખામટા ગામની સીમમાં બાઈક આગળ જતી કારમાં ઘૂસી જતા સર્જાયેલા અકસ્માતમાં વિક્રાંત નું મૃત્યુ નીપજ્યું હતું બનાવના પગલે રાહદારી લોકોએ યુવાનના ફોન પરથી પરિવારજનોને ફોન કરતા વિક્રાંતના મામા મનોજભાઈ ને અકસ્માતની જાણ થતા તાત્કાલિક સિવિલમાં પહોંચી ગયા હતા ,વિક્રાંત ના પપ્પા મૃત્યુ બાદ ઘરનો આધાર હતો બે ભાઈ માં સૌથી મોટા અપરણિત વિક્રાંતના અવસાનથી પરિવારે આધાર સ્તંભ ગુમાવતા પરિવારમાં શોક છવાયો હતો આ અંગે પડધરી પોલીસે તપાસ હાથ ધરી છે

# અશોક ગાર્ડન નજીક કારખાનાની ઓરડીમાંથી ત્રણ મોબાઈલ ઉઠાવી જનાર તસ્કર ઝડપાયો

**મવડીના હિસ્ટ્રીશીટર મેહુલ ઉર્ફે ભૂરીને દબોચી રૂ.૪૦,૫૦૦ના મોબાઈલ કબ્જે લેવાયા: માલવિયાનગર પોલીસની કાર્યવાહી**

**અબતક, રાજકોટ**

શહેરના અશોક ગાર્ડન નજીક આવેલ કારખાનાની ઓરડીમાંથી નિંદ્રાધીન શ્રમીકોના રૂ. ૪૦,૫૦૦ ની કિંમતના ત્રણ મોબાઈલ ઉઠાવી જનાર હિસ્ટ્રીશીટરને માલવિયા નગર પોલીસે ઝડપી પાડી તમામ મોબાઈલ રિકવર કરી લીધા છે.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો અશોક ગાર્ડન પાસે મણિનગર મેઈન રોડ પર પિતૃ કૃપા કારખાનામાં રહેતાં અને મૂળ બિહારના વતની જોગિન્દ્ર નિફિકિર બિન (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૭ ના રાત્રીના અગીયારેક વાગ્યા આસપાસ તેઓ કારખાનાનો મેઈન ગેટને અંદરથી લોક કરી તેનો મિત્ર બુધનકુમાર સાથે તેઓની ઓરડીમાં મોબાઈલ ફોન તેમની પાસે રાખીને સુઈ ગયેલ હતા. સવારે આઠેક વાગ્યે તે જાગેલ અને જોયેલ તો ઓરડીમા તેમનો મોબાઈલ ફોન જોવામાં આવેલ નહી બાદમાં તેમની સાથે રહેતા બુધનકુમારને જગાડેલ અને કહેલ કે, મારો મોબાઈલ ફોન જોવામા આવતો નથી. તે દરમિયાન બુધનકુમારે તેનો ફોન શોધવા લાગેલ તો તેનો મોબાઈલ ફોન પણ જોવામા આવેલ નહી બાદમા બંન્ને જણા નિચેની ઓરડીમાં રહેતા અન્ય મિત્ર રોહિતકુમાર દુર્ગા પ્રસાદને જગાડેલ અને તેને કહેલ કે, અમારા બંન્નેના મોબાઇલ ફોન જોવામા આવતા નથી તો રોહિતકુમારે પણ તેની ઓરડીમાં રાખેલ મોબાઈલ શોધખોળ કરેલ તો તેનો મોબાઇલ ફોન પણ જોવામા આવેલ નહી. જેથી રૂ.૪૦,૫૦૦ ની કિંમતના ત્રણ મોબાઈલની ચોરી અંગે માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. બનાવને પગલે માલવિયાનગર પોલીસ મથકના પીઆઈ જે આર દેસાઈના સીધા માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી ફૂટેજ તેમજ ગુનેગારોને ચેક કરવા સહિતની કામગીરી શરૂ કરવામાં આવી હતી. દરમિયાન પેટ્રોલિંગમાં રહેલી પીએસઆઈ એમ જે ધાધલ



ટીમના હેડ કોન્સ્ટેબલ ચિત્રકેતુસિંહ ઝાલા, કોન્સ્ટેબલ મનીષભાઈ સોઢીયા અને જયદીપસિંહ ભટ્ટીને સંયુક્ત રીતે હકીકત મળી હતી કે, મોબાઈલની ચોરીને હિસ્ટ્રીશીટર મેહુલ ઉર્ફે ભૂરીએ અંજામ આપ્યો છે અને હાલ તે મણીનગર મેઈન રોડ પર અશોક ટુલ્સ કારખાના સામે બાંકડા પર બેઠો છે. જેથી તાત્કાલિક માલવીયાનગર પોલીસની ટીમ બાતમીવાળા સ્થળે દોડી ગઈ હતી અને મેહુલ ઉર્ફે ભૂરી ઉર્ફે ધનજીભાઈ જેઠવા (ઉ.વ. ૨૭ રહે. કૈલાશનગર શેરી નંબર-૨, મવડી રોડ, રાજકોટ)ની ધરપકડ કરી ચોરીમાં ગયેલ રૂ. ૪૦,૫૦૦ ની કિંમતના ત્રણેય મોબાઈલ કબજે લેવાયા હતા. ઉલ્લેખનીય બાબત છે કે, ઝડપાયેલ શખ્સ વિરુદ્ધ ચોરી,હુમલા સહિતના ૩૨ ગુના અલગ અલગ પોલીસ મથકમાં નોંધાયેલા છે. તેમજ મેહુલ ઉર્ફે ભૂરી એકવાર પાસાના પાંજરે પણ પુરાઈ ચૂક્યો છે.

આ કામગીરીમાં પીઆઈ જે આર દેસાઈ, પીએસઆઈ એમ જે ધાધલ, એએસઆઈ હિરેનભાઈ પરમાર, કેતનભાઈ શેખલીયા, હેડ કોન્સ્ટેબલ અજયભાઈ વીકમા, ચિત્રકેતુસિંહ ઝાલા, કોન્સ્ટેબલ મનીષભાઈ સોઢીયા, ભાવેશભાઈ ગઢવી, જયદીપસિંહ ભટ્ટી, અમરદીપસિંહ જાડેજા સહિતના રોકાયા હતા.

# તહેવારો પૂર્વે, દારૂના ધંધાથી પર શહેર પોલીસની તવાઈ

**શ્યામ નગર, ખોડીયાર નગર અને યુનિવર્સિટી રોડ હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં દરોડો પાડી વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો, બે શખ્સની ધરપકડઃ એક ફરાર**

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા ત્રણ સ્થળોએ વિદેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં શ્યામ નગર ,ભગવતસિંહજી ગાર્ડન અને ખોડીયાર નગરમાં સ્થાનિક પોલીસે દરોડા પાડી ૪૦ બોટલ વિદેશી દારૂ કબજે કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી ધોરણ શની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ શહેરમાં દારૂબંધીનો કડક અમલ કરવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ આપેલી સૂચનાને પગલે માલવયા નગર પોલીસે વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું નાના માવા રોડ પર આવેલી શ્યામ નગર શેરી નં,૨ સસ્તા અનાજ ના દુકાનની બાજુમાં જય ધેલાભાઈ મકવાણા ના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની મળેલી માતમીના આધારે ટાફે દરોડો પાડી ઘરમાંથી છ બોટલ ૭૮૦૦, અને ૧૩ ચપલા કિંમત રૂપિયા ૧૩૦૦ મળી કુલ ૯૧૦૦ક્ષજ્ઞ મુદ્દા માલ કબજે કર્યો હતો. દરોડાની ગંધ આવી જતા ઘરધણી જય મકવાણા ભાગી ગયો હતો. આ દરોડા ની કામગીરી હેડ કોન્સ્ટેબલ અને એ,બી વીકમાં અને કોન્સ્ટેબલ જયદીપસિંહ ભટ્ટી કરી હતી. જ્યારે યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે યુનિવર્સિટી રોડ પર આવેલા ભગવતસિંહ ગાર્ડન પાછળ ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતો પ્રતીક ઉર્ફે પીજો મિલન પકોડીયા નામનો ક્વાર્ટર માં દારૂનું વેચાણ કરતો હોવાની મળેલી બાતમીના આધારે ભેદ કોન્સ્ટેબલ વિરામદેવસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ મેસૂરભાઈ કુંભારવાડીયા સહિતના સ્ટાફે કરોડો પાડી ૧૫૬૦૦ ની કિંમત નો ૧૨ બોટલ દારૂ સાથે પ્રતિક ઉર્ફે પીજો કોળીની ધરપકડ કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી છે. થોરાળા પોલીસ મથકની હદમાં આવેલ ખોડીયાર નગર મેઈન રોડ ઘનશ્યામ ટેલર ની બાજુમાં ભરતસિંહ રણજીતસિંહ ઝાલા ના બંધ મકાનમાં પોલીસે રેડ કરી શરાબના નવ ચપલા ઝડપી હાથ ન આવેલા ભરતસિંહ ને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન અંગે જાગૃતિ કાર્યક્રમ



**અબતક,રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન અંગે જાગૃતિ કાર્યક્રમ ના ભાગ રૂપે રાજકોટના વિવિધ જગ્યાએ ૧૫૧ બેનર લગાવી સમાજમાં વધુને વધુ જાગૃતિ થાય તે અંગે પ્રયત્ન થઈ રહ્યા છે. જેમાં ૧૫૧ કરતા વધુ બેનરો રાજકોટના વિવિધ ચોક, ચાર રસ્તાઓ જાહેર જગ્યાઓ ઉપર લગાડેલ છે. રાજુભાઈ ઠાકર નો સહયોગ મળેલ છે. જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૭૨૦ ચક્ષુદાન, ૩૮ સ્કીન ડોનેશન તથા ૬૧ દેહદાન થયેલ છે. વધુ જાણકારી માટે સંપર્ક કરો ચેરમેન - ઉમેશ મહેતા ૯૪૨૮૫૦૬૦૧૧

# ભગવતીપરાની ૧૭ વર્ષીય સગીરા ભેદી રીતે લાપતા

**પુત્રીના ઈન્સ્ટાગ્રામમાંથી એક યુવકની રિલ્સ મળી આવતા ભગાડી ગયાની આશંકા: બી ડિવિઝન પોલીસમાં અપહરણનો ગુનો**

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણી ભેદી રીતે ગુમ થઈ જતા પરિવારજનોએ શોધખોળ કરી હતી. પરંતુ સગીરાનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. બાદ પરિજનોએ તરૂણીનું ઈન્સ્ટાગ્રામ જોતા તેમાં એક યુવકની રીલ્સ મળતા આ યુવક જ અપહરણ કરી ગયાની શંકા વ્યકત કરી તેના પિતાએ બી-ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તરૂણીના પિતાએ પોલીસને જણાવ્યું હતું કે, તે મજુરી કામ કરે છે. તેને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. પત્ની સંતાનોને તેની પાસે મૂકી અન્ય સ્થળે રહેવા જતી રહી છે. ગઈ તા.૨૮નાં તરૂણી ઘરેથી તેના સંબંધીના ઘરે પ્લાસ્ટીકનું બેરલ લેવા જવાનું કહી નિકળ્યા બાદ લાપતા બની હતી. જેની શોધખોળ કરવા છતા કોઈ પત્તો લાગ્યો ન હતો. અંતે ફરિયાદ નોંધાવતા બી-ડીવીઝન પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કર્યો હતો. બીજી તરફ તરૂણીની ઈન્સ્ટાગ્રામ આઈડી પરિવારજનોએ જોતા તેમા એક યુવકની રીલ મુકેલી હતી. જેથી તે યુવક જ તરૂણીને ભગાડી ગયાની શંકા પરિવારજનોએ વ્યકત કરતા પોલીસે તપાસ શરૂ કરી છે.

૭૧ વિધાનસભાના ધારાસભ્ય

# "ભાનુબેન બાબરિયા ગુમ થયેલ છે": ત્રંબામાં પોસ્ટરો લાગ્યા

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના એક માત્ર મહિલા કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરિયા સામે મતદારોનો રોષ સતત વધી રહ્યો છે. ત્રંબા ગામ ખાતે રોષે ભરાયેલા લોકોએ ૭૧ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ભાનુબેન બાબરિયા ગુમ થયા હોવાના બેનરો ગામમાં લગાવી દીધા છે. આ ઉપરાંત ગામના પાદરમાંજ ભાજપના કોઈ નેતાઓને ગામમાં પગ મૂકવો નહી તેવા પોસ્ટરો લગાવી દેતા ભારે ખળભળાટ મચી જવા પામી છે.

ત્રંબાના ગ્રામજનોએ એવો આક્ષેપ લગાવ્યા હતા કે ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીમાં વિજેતા બન્યાબાદ અને કેબીનેટ મંત્રી બન્યા બાદ છેલ્લા અઢી વર્ષમાં એક પણ વખત ગામમાં ડોકાયા નથી. ત્રંબાના પૌરાણીક એવા ત્રિવેણી સંગમનો પુલ અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાય ગયો છે. આ પૂલને રિપેર કરવા તથા ત્રિવેણી સંગમ ખાતે સુવિધા વધારો કરવાની માંગણી છેલ્લા ઘણા વર્ષોથી ગ્રામજનો દ્વારા રાજ્ય

(અનુ. આઠમા પાને)







તસવીરઃ અમિત મકવાણા

ભાજપના નેતાઓએ ગામમાં પ્રવેશ ન કરવો તેવા પણ બોર્ડ લગાવી દેવાયા

## ભાનુબેન મળે તેને રૂ.૨૧,૦૦૦નું ઈનામ: ગ્રામજનોની ઓફર

કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા ગુમ થયા હોવાના બેનરો રાજકોટની ભાગોળે આવેલા ત્રંબા ગામના લોકોએ લગાવ્યા છે સાથોસાથ તેઓએ એવા પણ પોસ્ટરો લગાવ્યા છે કે ભાજપના એકપણ નેતાએ ગામમાં પગ મૂકવો નહિં સાથોસાથ ગ્રામજનોએ એવી પણ ઓફર આપી છે કે જો કોઈ ત્રંબાવાસીને ભાનુબેન બાબરિયા દેખાય કે મળે તો તેને ૨૧,૦૦૦નું ઈનામ આપવામાં આવશે. ચુંટાયા બાદ પોતાના મત વિસ્તારની મુલાકાત ન લેનારા ભાનુબેન સામે મતદારોનો રોષ સતત વધી રહ્યો છે.

# અલકાયદાની મહિલા આતંકી સમા પરવીનને બેંગ્લોરથી દબોચી લેતી ગુજરાત એટીએસ

## એક સપ્તાહ પહેલા જ અલકાયદાના ચાર આતંકીની ધરપકડ કરાયા બાદ એટીએસને વધુ એક સફળતાઃ સમા પરવીન સોશિયલ મીડિયા પર કટ્ટરવાદી સામગ્રી શેર કરવાની હતી તેમજ ઈન્સ્ટાગ્રામ પર આતંકવાદી સંગઠનોની વિચારધારાને પ્રોત્સાહન આપતી હતી



**અબતક, અમદાવાદ**

ગુજરાત એટીએસએ અલકાયદા સાથે સંકળાયેલી બેંગાલુરુની સમા પરવીનની ધરપકડ કરી છે. આ પહેલા ૨૩ જુલાઈએ ૪ અલકાયદાના ચાર આતંકીની ધરપકડ કરી હતી.

૨૩ જુલાઈએ ઝડપાયેલા ચાર આતંકીમાં બે અમદાવાદ અને મોડાસાના, જ્યારે બે વ્યક્તિ દિલ્હી અને નોઈડાની હોવાનું સામે આવ્યું હતું. અલકાયદાના દક્ષિણ એશિયા ક્ષેત્ર સાથે જોડાયેલા અલકાયદા ઈન ઈન્ડિયા સબકોન્ટિનન્ટની વિચારધારાનો પ્રચાર-પ્રસાર કરતા હતા. તેઓ સોશિયલ મીડિયા અને કેટલીક સસ્પેકટ એપ્લિકેશન દ્વારા અલકાયદાની વિચારધારા સાથે જોડાઈને એને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હતા.

ગુજરાત એટીએસએ ૧૦ જૂન, ૨૦૨૫ના રોજ ચોક્કસ માહિતી મળી હતી કે ભારતમાં

(અનુ. આઠમા પાને)

## જમ્મુ-કાશ્મીરના પૂંછમાં બે આતંકીઓ ઠારઃ સેનાનું સર્ચ ઓપરેશન યથાવત

જમ્મુ-કાશ્મીરના પૂંછ સેક્ટરમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. સેનાના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં આતંકવાદીઓ પ્રવૃત્તિઓ જોવા મળી હતી, જેના પગલે ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસે સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું. આ દરમિયાન આતંકવાદીઓએ સુરક્ષા દળોની ટીમ પર ગોળીબાર કર્યો. તેના જવાબમાં સુરક્ષા દળોની ટીમે અથડામણમાં બંને આતંકવાદીઓને ઠાર કર્યા. સુરક્ષા દળોએ વધુમાં જણાવ્યું કે દેગવાર સેક્ટરમાં એલઓસી નજીક શંકાસ્પદ પ્રવૃત્તિઓની માહિતી મળી હતી. જેના આધારે સેનાએ તરત જ વિસ્તારને ઘેરી લીધો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. ઓપરેશન

(અનુ. આઠમા પાને)



## આઈપીઓમાં રોકાણ કરી ઉંચું વળતર આપવાની લાલચે

# ગુજરાત, મુંબઈ અને ઓડિશાના ૪૯ રોકાણકારો સાથે રૂ. ૪.૪૬ કરોડની છેતરપિંડી

## રાજકોટના કુવાડવા રોડ પર આવેલ શિવપરામાં રહેતા રોહિત રોરીયાએ પ્રથમ રોકાણ પેટે સારૂ વળતર આપી ફસાવ્યા : બાદમાં કરોડોની રકમ મેળવી ભૂગર્ભમાં ઉતરી ગયો

**અબતક, રાજકોટ**

જીવનમાં કોઈ શોર્ટકટ નથી હોતો તેમાં પૈસા રળવાનો પણ કોઈ શોર્ટકટ હોતો નથી. જે લોકો શોર્ટકટથી નાણાં કમાવવા જાય તેમાં મોટાભાગના લોકોને ભેજાબાજોનો ભેંટો થઈ જતો હોય છે અને પરિણામે નાણાં ગુમાવવાનો વારો આવતો હોય છે. તેવો જ એક બનાવ રાજકોટમાં સામે આવ્યો છે. શહેરના કુવાડવા રોડ પર શિવપરામાં રહેતો રોહિત રોરીયાએ લોકોને આઈપીઓમાં ઊંચા વળતરની લાલચે રાજકોટ સહિત ગુજરાત ભરના ૪૯ લોકો સાથે ૪.૪૬ કરોડની છેતરપીંડી આચરતા ગુનો નોંધાયો હતો. જેમાં રાજકોટના ૨૭ સહિત અમદાવાદ, ગોંડલ, જૂનાગઢ, જામનગર, બોટાદની યુવતીઓ સહિતના લોકોએ મરણમૂડી ગુમાવવાનો વારો આવ્યો હતો.

બનાવ અંગે રાજકોટમાં રામેશ્વર હોલની બાજુમાં રામેશ્વર પાર્ક-૧ માં રહેતાં કલ્પેશભાઈ દિનેશભાઈ બુસા (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રોહિત રમેશ રોરીયા (રહે. શિવપરા, જુના જકાતનાકા પાસે, કુવાડવા રોડ, રાજકોટ) નું નામ આપતાં યુની. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કિચનવેર એપ્લાઈન્સનું ટ્રેડિંગ કરે છે. તેમના મિત્ર કૌશીકભાઈ હર્ષદરાય સોનેજી નાઓ મારફત રોહિત રોરિયા સાથે ફોન ઉપર વાતચીત કરી તેઓને આઈપીઓ ભરવા અને રોકાણ

(અનુ. આઠમા પાને)

**રાજકોટ શહેરના ૨૭, ગોંડલ-કોટડાસાંગાણીના બે, અમદાવાદના ૧૪, મુંબઈના બે, જામનગર-જૂનાગઢના બે, બોટાદના અને મુંબઈના રોકાણકારો ઠગાઈનો ભોગ બન્યા : ભેજાબાજ વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસમાં ગુનો**

### રાજ્યભરમાંથી ઠગાઈનો ભોગ બનેલા રોકાણકારોની યાદી

વિમલભાઈ રવજીભાઈ સમાણી (રહે. રાજકોટ) ના રૂ. ૧૪,૨૮,૫૭૪, ધ્વનીબેન વિમલભાઈ રામાણી (રહે.રાજકોટ) ના રૂ. ૨૪,૭૬,૭૫૦, પશ્વીબેન વિમલભાઈ રામાણી (રહે, રાજકોટ) ના રૂ. ૧૫.૬૦, ચિરાગભાઈ મનહરલાલ છાટબાર (રહે, રાજકોટ) ના રૂ. ૫,૮૨,૫૦૦, ભાવીનીબેન ચંદ્રકાંતભાઈ સોનેજી (રહે.રાજકોટ) ના રૂ. ૩,૪૮,૭૫૦, દર્શનભાઈ કાબુભાઈ ચુડાસમા (રહે. રાજકોટ) ના રૂ. ૫.૧૬ લાખ, ધવલભાઈ મનસુખલાલ મહેતા, (રહે.રાજકોટ)ના રૂ. ૪.૭૬ લાખ, મહેશભાઈ નાનાલાલા મહેતા (રહે.રાજકોટ) ના રૂ.૯૪ હજાર, વિમેશભાઈ પ્રવિણચંદ્ર શાહ (રહે. રાજકોટ) ના રૂ. ૩,૬૯.૮૭૫, ધર્મિષ્ઠાબેન વિમેશભાઈ પ્રવિણચંદ્ર શાહ (રહે. રાજકોટ) ના રૂ. ૧,૦૪,૫૦૦, નવનીતભાઈ જમનાદાસ વાગડીયા (રહે. રાજકોટ), ના રૂ. ૯,૬૮ હજાર, કુમારભાઈ કિરનભાઈ બોસમિયા (રહે. રાજકોટ) ના રૂ.૧૩.૬૫ લાખ, દલસુખભાઈ પરબતભાઈ ગોંડલીયા (રહે. રાજકોટ) ના રૂ. ૧૭.૨૬ લાખ, આકાશભાઈ ભરતભાઈ ચિત્રોડા (રહે.રાજકોટ) ના રૂ. ૩૮.૧૨૫, સ્વેતાબેન વિવેકભાઈ જેઠવા (રહે.રાજકોટ) ના રૂ. ૬,૦૪,૫૦૦, નિતીનભાઈ શિવકુમાર પાંડે, (રહે.રાજકોટ) ના રૂ.૩,૫૩,૨૫૩, રાજવિબેન વિરેનભાઈ કાલાવાડીયા (રહે.રાજકોટ) ના રૂ.૧.૪૭,૫૦૦, અંકીતભાઈ દલસુખભાઈ ગોંડલીયા (રહે. રાજકોટ) ના રૂ. ૭,૬૭,૯૯૯, રિંકલ હર્શદભાઈ મેર (રહે.રાજકોટ) ના રૂ. ૧,૧૧,૮૭૫ જીજ્ઞેશભાઈ દિલીપભાઈ સોનેજી (રહે. રાજકોટ) ના રૂ.૬,૩૪,૯૦૦, એમ.પ્રસાદ રહે. જલેશ્વરપુર ગામ, (ઓડીસા) ના રૂ.૧,૨૮,૬૮૩, શિલ્પાબેન હાર્દિકભાઈ કોઠારી (રહે.રાજકોટ) ના રૂ. ૮૯,૬૨૬, મહેશભાઈ કિશોરભાઈ જાદવ ( રહે.રાજકોટ) ના રૂ.૧૦.૧૬ લાખ, પરેશભાઈ રામજીભાઈ માવાણી, (રહે.રાજકોટ) ના રૂ.૩,૧૬,૭૪૯, અલ્પેશભાઈ કૈલાશભાઈ આતકરી

(અનુ. આઠમા પાને)

# રાજકોટમાં નિર્મલ મેડિકલ એજન્સીમાંથી ડુપ્લીકેટ સ્પુરીયસ દવાઓ પકડાઇ



## રાજકોટ ઉપરાંત અમદાવાદ, સુરત અને વડોદરામાંથી ૧૭ લાખની ડુપ્લીકેટ દવાઓ મળી આવી

**અબતક, રાજકોટ**

નાગરિકોને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં ડુપ્લિકેટ-સ્પુરીયસ દવાઓ વેચતાં ઈસમોના ઘરે અને મેડિકલ એજન્સીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં અંદાજે રૂ. ૧૭ લાખની કિંમતની ડુપ્લિકેટ-સ્પુરીયસ એલોપેથીક દવાઓ જપ્ત કરવામાં આવી હતી તેમજ ૨૦ દવાના નમુનાઓ લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા હતા.

આ અંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડો. એચ. જી. કોશીયાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં તંત્રના આઇ.બી. ફ્લાઈન્ગ સ્કવોડને મળેલી માહિતી મુજબ અમદાવાદ ખાતે રહેતા અરૂણસિંહ અમેરા - ૨૦, રાજનગર સોસાયટી, વટવાના રહેઠાણ પર આઈ.બી.ની ટીમે વહેલી સવારે દરોડો પાડતાં ખુબ મોટા પ્રમાણમાં સ્પુરીયસ-ડુપ્લિકેટ દવાઓનો જથ્થો પકડી પડ્યો હતો.

આ ઉપરાંત નિલેશ હરીલાલ ઠક્કર - બી-૭, ચુનીલાલ પાર્ક, સીટીએમ ચાર રસ્તા પાસે,

(અનુ. આઠમા પાને)

# મોટી ટાંકી ચોકમાં પાંચ ઝોન પૈકી સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૫૫.૦૯ ટકા વરસાદ

## દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૬.૬૩ ટકા પાણી પડયુંઃ ઉત્તર ગુજરાતમાં ૬૫.૨૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૬૪.૮૨ ટકા, અને કચ્છમાં ૬૪.૧૬ ટકા વરસાદ

**અબતક, રાજકોટ**

રાજયમા આજ સુધીમાં ચોમાસાની સીઝનનો ૬૨.૮૧ ટકા વરસાદ વરસી ગયો છે. પાંચ ઝોન પૈકી સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૫૫.૦૯ ટકા જ વરસાદ પડયો છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં હવે પાકને વરસાદની તાતી છે.છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના માત્ર ૯૫ તાલુકાઓમાં વરસાદ પડયો હતો.

ચોમાસાના આરંભે શરૂઆતના એક મહિનામાં સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ અનરાધાર હેત વરસાવ્યુ હતુ. પરંતુ હવે સૌરાષ્ટ્રમાં વરસાદની ખેંચ વર્તાય રહી છે. આજ સુધીમાં ૬૨.૮૧ ટકા વરસાદ પડયો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૬.૬૩ ટકા વરસાદ પડયો છે. જયારે ઉત્તર ગુજરતામાં ૬૫.૨૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૬૪.૨૮ ટકા, અને કચ્છમાં ૬૪.૧૬ ટકા પાણી પડી ગયું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૯૫ તાલુકાઓમાં વરસાદ પડયો છે. જેમાં કપરાડામાં સૌથી વધુ ૫૪ મીમી પાણી પડયું છે. આ ઉપરાંત વધઈમાં ૪૫ મીમી, ડાંગ આહવામાં ૪૪ મીમી, ખેરગામમાં ૪૩ મીમી વાસેદામાં ૪૧ મીમી, ધરમપુરમાં ૩૭ મીમી, સુબીરમાં ૨૯ મીમી, વલસાડમાં ૨૯ મીમી, વાપીમાં ૨૩ મીમી, વરસાદ વરસ્યો છે. આજથી રાજયભરમાં વરસાદનું જોર ઘટી જશે.

રાજયની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં ઉપરવાસના વિસ્તારોમાં પડી રહેલા ભારે વરસાદના કારણે પાણીની ધીંગી આવક થવા પામી છે. સરદાર સરોવર ડેમ ૬૫.૯૭ ટકા ભરાય ગયો છે. હાલ ડેમમાં ૨૨૦૪૦૮

(અનુ. આઠમા પાને)

# ગીરમાં સાવજ વીરૂ બાદ જયની ડણક પણ શાંત

## દંતકથા સમાન સિંહ જોડી જય-વિરૂ ભલે ન રહ્યા પણ તેમની આત્મા ગીરમાં સતત ગુંજતી રહેશે



**અબતક, રાજકોટ**

ગીરની શાન સમી દંતકથા સમાન સાવજની જોડી જય અને વિરૂની ડણક હવે નહીં સંભળાય, વિરૂના અવસાન બાદ જયે પણ પ્રાણ છોડી દીધા છે.

એકાદ મહિના પહેલાં વીરૂના અને મંગળવારે જયના અવસાન સાથે, ગીરની જય-વીરૂની જોડી તુટી હતી. ગુજરાત સરકારના વનવિભાગના અધિકારીઓ અને પશુચિકિત્સકોના અથાગ પ્રયાસ પછી પણ જય-વીરુની જોડી તેમને થયેલી ઈજાઓમાંથી બહાર આવી શકી નહીં અને મૃત્યુને ભેટી. જયની સારવાર માટે વનતારાની ટીમ પણ ગીરમાં બે દિવસ રોકાઈ હતી, પરંતુ કમનસીબે તેઓ ઈચ્છીત પરીણામ મેળવી શક્યા નહીં.

ભારે હ્રદય સાથે વન્યજીવપ્રેમી પરિમલ નથવાણીએ દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે જયના અવસાનથી ઘણું જ દુઃખ થઈ રહ્યું છે. ખૂબ જ લાંબી અને

(અનુ. આઠમા પાને)